# શ્રી પ્રભાશંકર પટ્ટણી

## વ્યક્તિત્વ દર્શન



હરિઃૐ આશ્રમ પ્રેરિત શ્રીઅરવિંદ સ્મારક ગ્રંથમાળા પુસ્તક : ૧

# પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન (ખંડ-૧)

# સર પ્રભાશંકર પટ્ટણીના જીવનની છેલ્લી મુસાફરી (ખંડ-૨)

# સર પ્રભાશંકર પટ્ટણી વિરચિત પદ્યકૃતિઓ (ખંડ-૩)

: લેખક :

મુકુંદરાય વિજયશંકર પારાશર્ય
જયંતીલાલ મોરારજી મહેતા
સર પ્રભાશંકર પટ્ટણી

હરિવાણી ટ્રસ્ટ પ્રકાશન, અમદાવાદ

સૌજન્ય : હરિઃૐ આશ્રમ, સુરત

- **પ્રકાશક : ટ્રસ્ટીમંડળ,**
  હરિવાણી ટ્રસ્ટ, અમદાવાદ-૩૮૦૦૦૭



© મુકુંદરાય વિજયશંકર પારાશર્ય



| આવૃત્તિ | વર્ષ | પ્રત | પ્રકાશક |
|---|---|---|---|
| પ્રથમ | ૧૯૮૩ | ૧૦૦૦ | ગુજરાતી સાહિત્ય પરિષદ |
| બીજી | ૨૦૦૨ | ૧૦૦૦ | ગુજરાતી સાહિત્ય પરિષદ |
| ત્રીજી | ૨૦૦૫ | ૨૦૦૦ | ગુજરાતી સાહિત્ય પરિષદ |
| ચોથી | ૨૦૨૩ | ૨૦૦૦ | હરિવાણી ટ્રસ્ટ,<br>સૌજન્ય :<br>હરિઃૐ આશ્રમ, સુરત |

- **પૃષ્ઠ :** 44+૩૩૬=૩૮૦
- **કિંમત : રૂ. ૫૦/-**
- **પ્રાપ્તિસ્થાન :**
  હરિવાણી ટ્રસ્ટ, અમદાવાદ, મો. ૯૪૨૭૫૫૪૩૯૧
  હરિઃૐ આશ્રમ, સુરત, મો. ૯૭૨૭૭૩૩૪૦૦
  હરિઃૐ આશ્રમ, નડિયાદ, મો. ૭૮૭૮૦૪૬૨૮૮
- **મુદ્રણશુદ્ધિ : જયંતીભાઈ જાની,** મો. ૯૪૦૯૨૦૩૦૫૩
- **ડિઝાઈનર : મયૂર જાની,** મો. ૯૪૨૮૪૦૪૪૪૩
- **ટાઈપસેટિંગ : અર્થ કૉમ્પ્યૂટર,**
  ૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
  ઈન્કમટૅક્સ, અમદાવાદ-૧૪, મો. ૯૩૨૭૦૩૬૪૧૪
  Email : kanubhai.arth@gmail.com
- **મુદ્રક : સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ.**
  સિટી મિલ કંપાઉંડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨
  ફોન : (૦૭૯) ૨૫૪૬ ૯૧૦૧

# શ્રી પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન

**ખંડ - ૧**

## અર્પણ

જે નિયંતાની પ્રસન્નતા માટે
'કરજદારી ભરી દેવાની' વૃત્તિથી
પ્રભાશંકર જીવ્યા
તેને
તથા જેના હિત માટે કરી છૂટ્યા
તેમને અંતઃકરણપૂર્વક
અર્પણ

તા. ૪-૮-૧૯૮૩ **મુકુંદરાય વિજયશંકર પારાશર્ય**
ભાવનગર

# પ્રકાશકનું નિવેદન
## (પ્રથમ આવૃત્તિ)

હરિઃૐ આશ્રમ તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ.૧૫,૦૦૦/-નું દાન વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલા ઉત્તમ મૌલિક ગ્રંથ અથવા જનહૃદયમાં ઉચ્ચ પ્રેરણા જગવી શકે એવી ઉત્તમ ભાવનાત્મક અને મૌલિક સાહિત્યકૃતિ અથવા પરાક્રમ, સાહસ, ધૈર્ય, ત્યાગ, ઉદારતા, સહિષ્ણુતા આદિ ગુણોને દૃઢાવનારી મૌલિક વાર્તાઓનો ઉત્તમ સંગ્રહ – આમાંથી જે કોઈ કૃતિ નિર્ણાયક સમિતિના અભિપ્રાય પ્રમાણે સર્વશ્રેષ્ઠ ઠરેલી હોય તેના લેખકને સાહિત્ય પરિષદે આ રકમના વ્યાજમાંથી શ્રીઅરવિંદ સુવર્ણચંદ્રક પ્રદાન કરવું. જે વર્ષે ચંદ્રક પ્રદાન ન થઈ શક્યું હોય તે વર્ષે વધેલી રકમ ભક્તિ, તત્ત્વજ્ઞાન, ગુણ, ભાવ અને જીવનવિકાસક વિચારપોષક સાહિત્ય અધિકૃત લેખક પાસે તૈયાર કરાવીને પુસ્તકરૂપે પ્રગટ કરવા વાપરવી એમ ઠરાવાયું છે. તે મુજબ શ્રી મુકુંદરાય પારાશર્યનું આ પુસ્તક શ્રીઅરવિંદ સ્મારક ગ્રંથમાળા શ્રેણીના પ્રથમ પુસ્તક તરીકે પ્રસિદ્ધ કરતાં અમોને આનંદ થાય છે. મૂળ દાન યોજનામાં રચનાત્મક વિકલ્પ કરવા દેવા બદલ અમે હરિઃૐ આશ્રમના ઘણા જ આભારી છીએ.

અમારાં અગાઉનાં પ્રકાશનોની પેઠે આ પુસ્તક પણ સૌને ગમશે એવો વિશ્વાસ છે.

**રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ**
**પ્રફુલ્લ ભારતીય, ધીરુબહેન પટેલ**
મંત્રીઓ
ગુજરાતી સાહિત્ય પરિષદ

અમદાવાદ
તા. ૨૭-૪-૧૯૮૩

# પશ્ચાદ્‌ભૂમિકા

યુગ ખૂબ ઝડપથી પસાર થઈ જાય છે. હજુ તો જાણે ગઈ કાલે જ ગાંધીજીના પ્રભાવ નીચે રાષ્ટ્રની આઝાદીનો સંગ્રામ ચાલતો હતો. વળી, એ ત્વરિત ગતિથી પસાર થતા યુગમાં પલટાઓ પણ ત્વરિત ગતિના અને વિશાળ કદના જન્મતા જાય છે. એ ગાંધીયુગની કેટલીક પ્રભાવક વ્યક્તિઓમાંના એક શ્રી પ્રભાશંકર પટ્ટણી હતા. એમનામાં જે દૂરંદેશીપણું, હૈયાઉકલત, પરિપક્વ શાણપણ, નિસ્પૃહતા, અધિકારપદની ખેવનાનો અભાવ, માનવસ્વભાવની ઝીણી સૂઝ, પરસ્પરના સૂક્ષ્મ સંબંધો, સત્યમાર્ગે ચાલવાની કઠિન તપસ્યા અને એનાથી પણ વિશેષ જીવનમાં ઇંદ્રિયગમ્ય થયેલી ધ્રુવતારક સમી આધ્યાત્મિક જીવનદૃષ્ટિ અને તેને પરિણામે નિષ્કિંચન બનવા સુધીની દાનવીરવૃત્તિ એવું બધું ભાગ્યે જ એમના સમકાલીનોમાં એકસાથે હતું.

પૂજ્ય શ્રીમોટાને શ્રી પ્રભાશંકરના જીવનનું સવિશેષ આકર્ષણ હતું. એટલે જ એમના જીવનચરિત્રને પ્રગટ કરવાની ખૂબ ઉત્કટ ઇચ્છા એમણે દર્શાવેલી. શ્રી મુકુંદભાઈ પારાશર્યને એ અંગે લખવાની બેત્રણ વાર વિનંતી કરેલી. શ્રી મુકુંદભાઈના સંનિષ્ઠ પ્રયાસ છતાં એમની નાદુરસ્ત તબિયત, કૌટુંબિક પ્રતિકૂળ સંજોગો એ ઇચ્છા બર લાવવામાં વિઘ્નરૂપ નીવડ્યા. શ્રી પ્રભાશંકરે એમનું જીવનચરિત્ર ન લખાય એવી ઇચ્છા પ્રબળપણે વ્યક્ત કરેલી, તેને વફાદાર રહેવાનું વલણ ઊંડે ઊંડે મુકુંદભાઈનામાં હોય એ કારણે પણ ન લખી શકાયું હોય.

પૂજ્ય શ્રીમોટાના દેહવિલય બાદ મેં પણ શ્રી મુકુંદભાઈને આ બાબતની યાદ પ્રસંગોપાત્ત આપી હતી. તેમાં 'કુમાર'માં શ્રી પટ્ટણીજી વિશેના કેટલાક પ્રસંગોની એમની લેખમાળાએ

મારી ઇચ્છા ઉત્કટ બનાવી, આખરે એ ઇચ્છાએ સાકાર સ્વરૂપ ધારણ કર્યું. અત્યંત કપરી શારીરિક સ્થિતિ અને સાંસારિક ઉપાધિઓ વચ્ચે પણ શ્રી મુકુંદભાઈ એ કરી શક્યા. હું એમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. અને એ કામ થઈ શક્યું તેનો આનંદ વ્યક્ત કરું છું.

રાજ્યવહીવટ અને રાજકીય પ્રસંગોથી જીવનચરિત્રને ભારેખમ ન બનાવી દેતાં માત્ર માનવજીવનને પ્રેરણારૂપ એવા ઉદાત્ત પ્રસંગોને જ સાંકળવાનું કરીને શ્રી મુકુંદભાઈએ ઔચિત્ય દાખવ્યું છે, તે પ્રશંસનીય છે. અને એ અમારી ઇચ્છાને વધુ અનુરૂપ હોવાથી અમને આવકારદાયક નીવડ્યું છે. એ માટે પણ એમનો આભાર માનું છું.

હરિઃૐ આશ્રમ તરફથી ચોક્કસ પ્રકારના સાહિત્યસર્જન માટે જે કૃતિ યોગ્ય ઠરે તેને શ્રીઅરવિંદ સુવર્ણચંદ્રક એનાયત કરવા માટેનું એક દાનટ્રસ્ટ ગુજરાતી સાહિત્ય પરિષદને આપવામાં આવેલું છે. એને લાયક કૃતિ દર વર્ષે મળે જ એવું હોતું નથી. એટલે તેવા સંજોગોમાં કોઈક સારા લેખકને આમંત્રણ આપીને એવું સાહિત્ય પ્રગટ કરવાની જોગવાઈ દાનટ્રસ્ટમાં છે. આથી, અમે ગુજરાતી સાહિત્ય પરિષદને **'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન'** પ્રગટ કરવાનું સૂચવ્યું, તે અંગે ગુજરાતી સાહિત્ય પરિષદે સંમતિ આપી, એ બદલ એના સંચાલકોનો પણ હૃદયથી આભાર માનીએ છીએ.

આશા છે કે વિગત યુગના મહારથીઓમાંના એક એવા પટ્ટણીજીના જીવનમાંથી નવી પેઢીને પ્રેરણા મળ્યા કરશે. કોઈકના જીવનને સહેજ ઊંચું લાવવામાં પણ એ ફળીભૂત થશે તો અમારો આશય સાર્થક નીવડશે.

તા. ૨૧-૩-૧૯૮૩ **નંદુભાઈ શાહ,** મૅનેજિંગ ટ્રસ્ટી,
રામનવમી હરિઃૐ આશ્રમ, નડિયાદ, સુરત

# વ્યક્તિત્વદર્શનની નીતિ-રીતિ

જેમને સાહિત્ય તથા ઈતિહાસમાં રસ હોવા ઉપરાંત, વ્યક્તિગત કે સામાજિક જીવનમાં સર્વનું હિત થાય તેવી ભાવનાવાળો સૌજન્યપૂર્ણ વહેવાર આવશ્યક લાગે છે અને તેથી તેના તરફ જેને આદર છે, તેવાં નૈતિક મૂલ્યોનો સમાદર કરનાર મર્મજ્ઞ જનતાને ચરણે આ પુસ્તક ધરું છું.

પ્રભાશંકરના જીવનચરિત્રની માગ ઘણી અને ઘણાં તરફથી હતી, પણ એમનું જીવનચરિત્ર કોઈએ લખ્યું નથી, કોઈ લખી શક્યું નથી. અહીં પણ હેતુ તેમનું જીવનચરિત્ર લખવાનો નથી. પોતાનું જીવનચરિત્ર લખાય તેવી પ્રભાશંકરને પોતાને જ બિલકુલ ઇચ્છા ન હતી. ઊલટું, એ એથી વિરુદ્ધ હતા. ગવર્નમેન્ટ રેસિડન્ટ સર સ્ટુઅર્ટ ફ્રેઝર જે પ્રભાશંકરના ગાઢ પરિચયમાં અને પરિણામે મૈત્રીસંબંધમાં હતા તેમણે આપમેળે પ્રભાશંકર વિશે ઘણી માહિતી એકઠી કરેલી અને પૂરું જીવનચરિત્ર લખી છપાવવા ખૂટતી તથા વિશેષ માહિતી મેળવવા તેમણે પ્રભાશંકરને તે પૂરી પાડવા માગણી કરી.

પ્રભાશંકરે તેમને કારણો સમજાવી ના કહી અને સર ફ્રેઝરે એ ચરિત્ર લખી છપાવ્યું નહિ. એ રીતે 'ઇંડિયન રિવ્યૂ'ના તંત્રી લબ્ધપ્રતિષ્ઠિત શ્રી નરેશે પણ સ્વેચ્છાએ એ દિશામાં સારો એવો યત્ન કરેલો, પણ પ્રભાશંકરની ઇચ્છાને માન આપી એમણે જીવનચરિત્ર કે તેમના પ્રસંગોની નોંધ, કશું પ્રગટ ન કર્યું. ઇંગ્લૅંડ તથા યુરોપના નામાંકિત ચરિત્ર લેખકોએ પ્રભાશંકરનું જીવનચરિત્ર લખી દેવા સામેથી કહેલું, પણ પ્રભાશંકરે ના જ કહેલી. મિ. ડબલ્યૂ સ્ટેડે પ્રભાશંકરને તેમના જેવાના ઉમદા જીવનચરિત્રથી બીજાઓને માર્ગદર્શન તથા પ્રેરણા મળે એવી સામાજિક હિતની

દષ્ટિએ જીવનચરિત્ર લખાય તેની યોગ્યતા સમજાવી ત્યારે તેના ઉત્તરમાં પ્રભાશંકરે કહ્યું કે દરેકના ઘરમાં બાઈબલનો ધર્મગ્રંથ છે. છતાં, તેનાથીયે જ્યારે લોકો સુધરતા નથી ત્યારે મારા જેવાના જીવનવૃત્તાંતના પુસ્તકનો શો ઉપયોગ થવાનો હતો ?

એક બાલમિત્રે પ્રભાશંકરને જીવનવૃત્તાંત, છેવટે ટૂંકું પણ લખી છપાવવા પુછાવેલું. ઉત્તરમાં પ્રભાશંકરે લખેલું : 'પ્રથમ તો એ વૃત્તાંત એવું થોડું જ છે કે જે જનોપયોગી હોય ? જેમ પોતાનું મોઢું અરીસામાં જોઈને માણસ રાજી થાય છે, તેમ પોતા વિશે વાંચી રાજી થવા લખાવવું હોય એની વાત જુદી છે. જેનું જીવનચરિત્ર લખવું હોય તેને, એ લખનારે પોતાનો લખવાનો ઈરાદો પ્રકટ ન થઈ જાય તે રીતે અને રાગદ્વેષ છોડી સાવ તટસ્થ બની જોયા કરવો જોઈએ. એ પુત્ર તરીકે, પતિ તરીકે, મિત્ર તરીકે, સ્વામી તરીકે, સેવક તરીકે, તે દરેક સાથે અને સહુ સાથે કઈ રીતે બોલે છે, વર્તે છે, તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. તો એ માણસ શું છે એ કંઈક જાણી શકાય. હાલ તો એવું બને છે કે જેનું વૃત્તાંત લખવું હોય તેની જ પાસેથી લખનાર સામગ્રી મેળવે છે અને લખાવાને ઉત્સુક મનુષ્ય તે આપે છે.'

પૂજ્ય ગાંધીજી પરના તા. ૨૯-૩-૧૯૩૩ના પત્રમાં પ્રભાશંકરે લખ્યું: **'આખી મારી જિંદગીમાં હું છાપાંથી ડરતો રહ્યો છું. મારી ટીકાઓની બીક મને કદી લાગી નથી, પણ કાંઈ સારું છપાય તેનાથી હું દૂર રહેવા ઈચ્છું છું.'**

એક કુટુંબીને તેમણે કહેલું: 'ધંધાદારી જીવનચરિત્ર લખનારાઓને મેં કહેલું છે કે મારા જન્મ પહેલાંથી આજ સુધીના મારા કુટુંબને તથા મારા આખા જીવનને, મારા જમાનાને અને જે સંયોગોમાં સામાન્યમાંથી આજની સ્થિતિએ હું પહોંચ્યો તેને તથા જે જે મુશ્કેલીઓમાંથી હું જે જે રીતે

પસાર થયો તથા તે પ્રત્યેક પ્રસંગે મારા પરિચયમાં આવનાર નાનામોટા, સારાનરસા, મિત્ર કે મને દુશ્મન ગણનારા વગેરે સાથે હું જે રીતે વર્ત્યો તે સર્વને આપમેળે જે સમજી શક્યા હોય તે જ મારું જીવનચારિત્ર લખી શકે, નહિ તો મારાં કેટલાંક કામોની નોંધ લઈ શકાય, મારી પ્રશંસાનું પુસ્તક કદાચ લખી શકાય, પણ જીવનચરિત્ર લખી શકાય નહિ.' 'આવો કોઈ મળી આવે તો આપ એમાં મદદ કરો કે નહિ ?' એવા પ્રશ્નના ઉત્તરમાં તેમણે કહેલુંઃ 'એ કદીયે હું ન કરું.'

એક વખત એમના એક સ્વજને પૂછ્યું : 'પેલા અંગ્રેજ અમલદાર જે આપને દુશ્મન ગણીને વર્તતા હતા, તે હવે આપને કેમ મિત્ર ગણીને વર્તે છે ? આપે એવું તેમનું શું કરી આપ્યું ?' એમનો ઉત્તર હતોઃ 'મને એ દુશ્મન ગણતા હતા એમ કહેવું એ આપણી કલ્પના છે. એ મને ત્યારે ઓળખતા ન હતા, તે સ્વભાવ મુજબ અને પોતે અધિકારી હતા તેથી એ રીતે વર્તતા હતા. પછી કામ પડતાં એમણે મને ઓળખ્યો. બાકી, મેં કાંઈ કર્યું નથી.'

'સાવ એવું તો ન હોય, પણ જો આપ કહો તો એક નોંધપાત્ર ધડો લેવા જેવો પ્રસંગ બને.' પ્રભાશંકરે કહ્યુંઃ 'કાગળ પરની નોંધ નકામી છે. હું શું છું, કેવો છું એ વાત મારે જોવી જોઈએ, કારણ કે **મારું જે ધ્યેય છે તે સિદ્ધ કરવા માટેનું હું સાધન છું. ધ્યેયનું મહત્ત્વ છે, મારું નહિ. દરેક ધ્યેયનિષ્ઠ માણસે સાધનશુદ્ધિ તો રાખવી જ જોઈએ.** આથી, જે કામમાં સામા માણસમાં જો કાંઈ દોષ લાગે તો તે ઢાંકી તેના સદ્‌ગુણો વિકસાવવા પ્રયત્ન કર્યા હોય તે કામ થતું હોય ત્યારે કે થઈ રહ્યા પછીયે તેના ખરા રૂપમાં જો કોઈ જાણે અને એ વાત ફેલાય તો મૂળ પ્રયત્નનો હેતુ નિષ્ફળ જાય છે. **સામો માણસ ગમે તેવો સમાજવિરોધી વૃત્તિ-પ્રવૃત્તિ**

**કરતો હોય તેનું સ્વમાન જળવાય, તેના અહંભાવને આંચ ન આવે એ રીતે તે સન્માર્ગે આપમેળે જીવવા પ્રેરાય તેવું આપણું વર્તન હોવું જોઈએ.** માણસ પોતે માણસ પેઠે જીવે અને બીજાને માણસ પેઠે જીવતા કરે એ મુખ્ય વાત છે, એ વાત છાની રહે તેમાં જ મજા છે. તમને ભર્તૃહરિના આ શ્લોકની ખબર હશેઃ

'पापन्निवारयति योजयते हिताय
गुह्यं च गूहति गुणान् प्रकटीकरोति ।
आपद्गतं न च जहाति ददाति काले
सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ॥'

(અર્થ : 'પાપાચરણમાંથી વારે છે, તેના હિતના કાર્યમાં યોજે છે, અહિતકારક એવા મિત્રનાં જે વાણીવર્તન હોય તે ઢાંકે છે અને સામા માણસમાં રહેલ સદ્ગુણોના બીજનો વિકાસ થાય તેવી યોજના કરે છે, આપત્તિકાળે ત્યજી દેતો નથી, પણ તે તે પ્રસંગે દુઃખમુક્તિ માટે બને તે આપી છૂટે છે, સન્મિત્રનાં આ લક્ષણો છે એમ સજ્જનો કહે છે.')

'આ શ્લોકમાં કહ્યા પ્રમાણે સર્વના મિત્ર તરીકે વર્તવા હું મથું છું.'

આવા સ્વભાવના પ્રભાશંકરની કાર્યપદ્ધતિ પણ સવિશેષપણે મહત્ત્વનાં કાર્યોમાં કેવળ કાગળ ઉપર મૂકીને કામ કરવાની ન હતી. રૂબરૂ એકાંતમાં મળીને કામ કરવાની હતી. સર જોન મોર્લીને, મોંટેગ્યુને, વડા પ્રધાન મેકડોનલ્ડ તથા બાલ્ડવિનને, મહાત્મા ગાંધીજીને, વાઈસરૉય લૉર્ડ ઈર્વિન તથા વૅલિંગ્ડનને તથા એવા નાનામોટા અનેકને તેઓ એકાંતમાં ઘણીવાર મળેલા. એવી વાતો શું હતી તે તેઓ મળનારા જ પરસ્પર જાણતા. જ્યારે અવિશ્વસનીય માણસ સાથે કામ

પાડવાનું થાય ત્યારે તેમના કોઈ વિશ્વાસુ ગૃહસ્થને તથા જેમના વતી કામ કરવા ગયા હોય તેમના કોઈ વિશ્વાસુ ગૃહસ્થને સાથે રાખતા કે જેથી પાછળથી ગેરસમજને કારણે વિપરીત પરિણામ ન આવે. આમ, બીજાના દોષ ઢાંકીને કરેલાં કાર્યો જે કોઈ થોડા માણસો જાણતા તે તો કાળવશ થઈ ગયા. તેમાંના થોડા પાસેથી મહાયત્ને મને થોડુંક જાણવા મળ્યું છે, પણ જે વાત પ્રભાશંકરે તથા તેમના પરિચિત સ્વજને ઢાંકી તે વાત આજ બે પેઢી થઈ ગઈ હોવા છતાં નામોલ્લેખ સાથે હું ઉઘાડી પાડું નહિ. (અપસવ્યનું નકારાત્મક કામ મારે હાથે ન બનો.)

એમનું સર્વાંગ જીવનચરિત્ર લખવાનાં સાધનોનો ઝડપથી નાશ થઈ રહ્યો છે. એમનો સ્વભાવ, વ્યક્તિત્વ, કાર્યપદ્ધતિ, એ જોવાં-સમજવાં જેવાં ખરાં, એવો ખ્યાલ મને વર્ષોથી રહ્યો છે, કારણ કે માણસ માણસ વચ્ચેના યોગ્ય વહેવાર-વિનિયોગનાં ઘણાં મૂળ તત્ત્વો તે દ્વારા પ્રકટ થાય છે. વૈયક્તિક તેમ જ સામાજિક માનવજીવનના ઉન્નતિકરણના સિદ્ધાંતો, મૂળભૂત સિદ્ધાંતોરૂપે સમજવા બહુજન માટે સરળ નથી. દૃષ્ટાંતો દ્વારા એ સિદ્ધાંતો સરળતાથી વિશદરૂપે સમજાય છે. પાયાનું મહત્ત્વ સિદ્ધાંતોનું છે, પણ એ સિદ્ધાંત સમજીને આચારમાં મૂકવા માટે દૃષ્ટાંતો સહાયરૂપ થઈ પડે છે. એટલા પૂરતું તેમનું ઔચિત્ય છે. પ્રભાશંકરના ૧૯૩૮માં અવસાન પછી પાંચ છ વર્ષે મને થયું કે એમને વિશે બને તેટલી માહિતી મેળવવી જેથી મને અને કુટુંબીજનોને તે વહેવાર કેળવવામાં ઉપયોગી થાય. એ માહિતી મેળવવા એમના મોટા પુત્ર અનંતરાયને (૧૮૮૭-૧૯૫૮) મેં પૂછ્યું. તેમણે જવાબ આપ્યો કે પોતાનું જીવનચરિત્ર લખાય તેથી બાપુજી વિરુદ્ધ હતા. વળી, તેમણે મને આજ્ઞા કરી છે કે તારે કાંઈ લખવું નહિ તેમ કોઈ

લખે તો તેને મદદ કરવી નહિ.

મેં કહ્યું કે આપ એ આજ્ઞા પુત્ર તરીકે પાળવા માગો છો, પણ આપ બીજી રીતે જુઓ. હાલ તેમની હયાતી નથી. તેથી, તેમનાં વખાણ કે નિંદા પોતાને વાંચવાં પડે તેવું થવાનું નથી. આપણા કુટુંબમાં જ અમે કેટલાં છોકરાં છીએ ? અમને દાદા વિશે થોડીકે ક્યાં ખબર છે ? જીવનના સિદ્ધાંતોની વાતો રામાયણ મહાભારતના તથા ઈતિહાસનાં દૃષ્ટાંતો દ્વારા દાદા કહેતા તે સાંભળી છે, પણ એ સિદ્ધાંતોને પોતે આ જમાનામાં કઈ રીતે આચરતા તેની અમને ખબર નથી. એમના જીવનમાંથી ધડો લેવાય એ શું ઈચ્છવા યોગ્ય નથી ?

મને બોલતો અટકાવી અનંતરાયભાઈએ કહ્યું કે તો તું એમને પોતાને જઈને પૂછી આવ. મેં કહ્યું કે 'હું પૂછવા તો જઉં પણ પાછો આવીને લખી ન શકું તેમ એમણે 'હા' કહી હોય તે આપને મદદ કરવા કહી ન શકું.'

'તો બસ.' તેમણે કહ્યું : 'હું તને કે કોઈને કાંઈ મદદ નહિ કરું.'

આમ છતાં અનંતરાયભાઈ તથા મારા પિતા મળતા અને તેવે વખતે મારી હાજરી હોય ત્યારે બનતા બનાવોની ચર્ચા નીકળતી, તેવા તેવા પ્રસંગે દાદાનાં (પ્રભાશંકરનાં) દૃષ્ટિબિંદુ તથા વર્તન કેવાં રહેતાં, તે વાત થતી. પછીથી, ૧૯૦૨માં પ્રભાશંકર દીવાન થયા ત્યાં સુધી જાતે ડાયરી લખતા. તે ડાયરી (૧૯૦૨ થી ૧૯૧૨ની ડાયરી શ્રી રણજિતરામ વાવાભાઈ મહેતા તેમના અંગત સેક્રેટરી હતા તેમણે લખેલી), થોડા અંગત પત્રો, ફાઈલો જોવા મળ્યાં તથા પ્રભાશંકરના અંતેવાસીઓ પાસેથી વિગતો જાણવા મળતાં, ખૂટતા અંકોડા હાથ લાગતાં

હકીકતો વધુ વિશ્વસનીય બની.

૧૯૫૮માં અવસાન પહેલાં થોડા દિવસે અનંતરાયભાઈએ 'ભાવનગર સમાચાર'ના તંત્રી શ્રી જયંતીલાલ મોરારજી મહેતા* જે પ્રભાશંકરનાં છેલ્લાં પંદરેક વર્ષ તેમની પાસે રહેલા. તેમણે કહેલું કે મેં મુકુંદને ના કહી, પણ મારા વિશે અને બાપુજી વિશે એ લખી શકે તેવો છે. મેં થોડુંક, સાદી હકીકતો વિશે વંચાવ્યું છે. આ હકીકત જયંતીલાલભાઈ ત્યાંથી ઘેર જતાં વચમાં મને કહી ગયા હતા.

પ્રભાશંકર વિશે કે અનંતરાયભાઈ વિશે લખવાની મારી પાત્રતા છે, એવું તો હજી મને લાગતું જ નથી. જે કંઈ એમને વિશે જોયું, વાંચ્યું, સાંભળ્યું તે પછીથી એ લાગણી વધુ થાય છે. વ્યક્તિ વિશે વિશેષ લખવાની પાત્રતા મેળવવા કેટલું અને કેવી રીતે સજ્જ થવું ઘટે તેનો મને ખ્યાલ છે. હકીકતોની પૂરી માહિતી, ઇતિહાસનું તથા માનવસ્વભાવનું જ્ઞાન, અર્થશાસ્ત્ર, ધર્મ, રાજકરણ વગેરે વિષયોની સ્પષ્ટ સમજ, ઉપરાંત, લેખકના સ્વભાવમાં સત્યપરાયણતા, રાગદ્વેષથી પરની તટસ્થતા તથા સર્વના હિતની ભાવના પાયામાં હોવાં જોઈએ. આ આવશ્યકતાઓ યત્ન છતાં હું પૂરી સિદ્ધ કરી શક્યો છું તેવો સંતોષ મને નથી. તેમ છતાં પ્રભાશંકર વિશે કશુંકે લખવાની અનંતરાયભાઈ તરફથી એક રીતે મંજૂરી મળ્યાનો મને સંતોષ છે. જો એટલી મંજૂરી ન હોત તો હું કુટુંબ પૂરતું લખત ખરો, પણ છપાવી જાહેરમાં મૂકત નહિ.

પ્રભાશંકરના વ્યક્તિત્વનું દર્શન કરાવવાનો આ કિંચિત્ યત્ન છે. એમની સિદ્ધિઓની સાલવાર નોંધ આમાં નથી. તેમના

---

* છેલ્લી મુસાફરીના લેખક

લાંબા જીવનમાં અનેક અને વિવિધ ક્ષેત્રે નાનાંમોટાં ઘણાં કાર્યો થયાં. તે કાર્યોના સવિસ્તાર આલેખનની દૃષ્ટિ અહીં રાખી નથી. અહીં એમના કેવળ સ્વભાવદર્શનની કોશિશ છે. એમ કરવામાંયે એમના અસંખ્ય એવા પ્રસંગો જાણું છું કે જેમાંથી મહત્ત્વના કહેવાય તેવા પ્રસંગો તારવીને લખી શક્યો હોત તો તે યોગ્ય જણાત, પણ તે બે કારણોસર થઈ ન શક્યું : (૧) પ્રસંગોની ચોકસાઈ કરવા માટે જોઈતા પુરાવાનો ક્યાંક ક્યાંક અભાવ અને (૨) એવા પુરાવા મળ્યા છતાં જ્યાં પ્રભાશંકરે બધું ઢાંક્યું છે ત્યાં તેમની ઇચ્છાને વશ વર્તવાની લાગણી. મેં સત્યકથાઓ લખી છે. માનવોચિત હીર જેમાં સ્વાભાવિક હોય અગર પ્રસંગ મળતાં તે પ્રકટ થાય અને આજીવન ટકી રહે તેવાં પાત્રોનું આલેખન મને ગમે છે. માનવોચિત હીર જેમાં સ્વાભાવિક હોય એવાં પાત્રોને ક્યારેક અનિવાર્યપણે, અનિચ્છાએ, અજાણે બીજી વ્યક્તિ કે વ્યક્તિઓ સાથે સંઘર્ષમાં ઊતરવું પડ્યું હોય, એ સ્થિતિમાં સામેની વ્યક્તિ સર્વાંશે અધમ તો હોય નહિ. સામાન્ય રીતે સ્વાર્થનો વિરોધ, પોતાના સિદ્ધાંત માટેનો અત્યાગ્રહ, સંઘર્ષ ઊભા કરે છે ત્યારે તેવી વ્યક્તિ સારપ અને સ્વમાન વિશેની પોતાની માન્યતાથી, આવેશથી, ઓછી કે ખોટી સમજણ યા માહિતીથી કે તાત્કાલિક સ્વાર્થથી જે કંઈ અધમ, અયોગ્ય વર્તન કરી બેસે કે બુદ્ધિપુરઃસર યોજનાબદ્ધ કરે તે સમગ્ર સંઘર્ષનું, તેની ભૂમિકા સહિતનું નિરૂપણ થાય તો મૂળ પાત્રનું હીર સ્પષ્ટ નિરૂપી શકાય, તેવી એક માન્યતા છે. એ માન્યતા સાચી ઉપરાંત યોગ્ય હશે. રામાયણ તથા મહાભારતના દાખલા આપી ઐતિહાસિક તથ્યનું સર્વાંશે નિરૂપણ આવશ્યક છે, એમ કહેનારનો હું વિરોધ કરતો નથી. એવા કોઈ વિરોધની મને વૃત્તિ જ નથી. મને એવું લાગ્યા

કરે છે કે સંઘર્ષના નિરૂપણમાંયે અસામાજિક સ્વાર્થપૂર્ણ વર્તન કરતી વ્યક્તિની વિગત લેખક રાગદ્વેષથી પર થઈ નિરૂપે તે ઉપરાંત, સમગ્ર વર્તન ગમે તેટલું અયોગ્ય હોય તોય સંઘર્ષના નિરૂપણમાં આવશ્યક હોય તેટલું જ અને તે પણ ગાળીને બને તેટલું ઓછું નિરૂપે તો સારું. સંઘર્ષમાં બન્ને પક્ષે પોતાનો વંશવિસ્તાર હોય અને તેના સગાંસંબંધી, પ્રશંસકો, અનુયાયીઓની પણ વંશપરંપરા હોય, તેમાંથી કોઈનાયે દિલમાં ખટરાગ ઊભો થઈ તેની પાસે અયોગ્ય વર્તન ન કરાવી બેસે તે ઇષ્ટ, વર્તનનું જનક ખટરાગનું બીજ જ ન નંખાય તે વધુ ઇષ્ટ, એ પ્રકારની દૃષ્ટિ લેખકમાં હોય તો સારું. આવાં નિરૂપણને પરિણામે માનવોચિત હીરવાળા પાત્રનું વર્તન કે વ્યક્તિત્વ પૂરું સમુજ્જ્વળ ન બને એ સામાજિક હિતમાં ઊણપ છે તેમ છતાં એ પાત્રનું સમુજ્જ્વળ દર્શન કરાવવા જવામાંથી જો સામા પાત્રમાં કે તેની વંશપરંપરામાં કે ત્રાહિત તટસ્થ વાચકના મનમાં ખટરાગ બળ કરે કે સમુદભવે તો એકંદરે તે સામાજિક હિતની વધારે હાનિ છે. માનવોચિત હીરવાળી વ્યક્તિ પ્રત્યે સ્નેહ અને આદર વિશેષ હોય તે ખરું, છતાં માનવ એક જાતિ છે અને પ્રત્યેક માનવ સ્વજન છે એ ભાવનાનો લોપ લેખકમાં ન થવો ઘટે. જેમ પોતાનું કુટુંબ - તેમ સમગ્ર માનવસમાજ સુખ અને સંપમાં રહી શકે એમ કરવા યથાશક્તિ મથવું તે દરેકની ફરજ છે.

સત્યનિરૂપણ એટલે સારું, ખરાબ, જે જેવું હોય તેનું તે રૂપે અશેષ નિરૂપણ, એવું ઘણાંને લાગતું હશે, મને નથી લાગતું, મારી દૃષ્ટિ એવી છે કે હકીકત એટલે વાસ્તવિકતા, તે જ સત્ય, એટલું જ બસ નથી. માનવનું અંતિમ લક્ષ્ય દૃશ્ય વાસ્તવિકતાના સ્વીકારની ઉપરવટ જઈ આત્યંતિક શ્રેય

સાધવાનું છે, કેવળ ભૌતિક દૃષ્ટિએ પણ સમગ્ર માનવજાતમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ સાધવાનું છે. જે સાધવું છે તે અદૃશ્ય વાસ્તવિક છે, જે અદૃષ્ટરૂપે અંતઃકરણમાં રહી દૃશ્ય વાસ્તવિકતામાંથી અનુભવ, અનુમાન અને કલ્પના દ્વારા અદૃશ્ય વાસ્તવિકતાને દૃશ્ય મૂર્તિમંત કરવા મનુષ્યમાં પુરુષાર્થનું બળ પ્રેરે છે. એ માનવનું જીવનલક્ષ્ય છે. સારું-ખરાબ, યોગ્ય-અયોગ્ય, કાયદેસર-ગેરકાયદેસર, એવા ભેદ પણ એ શ્રેયને લક્ષ્યમાં રાખવાથી જ ઊભા થાય છે. એટલે જે હકીકતનું દર્શન અને નિરૂપણ ભૂતમાત્રના હિતની ભાવનાથી પ્રેરાયેલું હોય, સાથે તે માનવને ઉચિત ન હોય તેવી બાબતના અંશોને ઓછા કરી, ગાળી તૈયાર થયું હોય તે સત્ય. એ અવિકારી સનાતન સત્ય છે. આપણે નિર્વસ્ત્ર જન્મ્યાં છીએ તે હકીકત છે, સત્ય છે. છતાં આપણે નિર્વસ્ત્ર ફરતાં નથી. પ્રત્યેક નાગાબાવા કરતાં વસ્ત્રોપવસ્ત્રોધારી ગાંધીજી ઓછા સત્યનિષ્ઠ એમ મને નથી લાગ્યું. **ऋृतं वदिष्यामि ।**

રાગદ્વેષથી હું પર છું એમ કહી શકતો નથી. છતાં ઉપર જણાવી તેવી લેખકના આદર્શની દૃષ્ટિ હોવાથી કથામાં સામી વ્યક્તિનાં સ્વભાવ-ઊણપ વિશે કે હીન વર્તન વિશે સાંગોપાંગ ઉલ્લેખ કરવો એ મને મારે માટે હીણું લાગે છે. મારી આ દૃષ્ટિ મુજબ હું વર્તી શક્યો છું, એવુંય નથી. તદપિ મારી આંતરિક વાત બાજુ પર રાખીને કહું તો મારી સરસ્વતીદેવીની ઉપાસનામાં એવું કાંઈ લખવું એ આંતરબાહ્ય ઊણપ છે એમ અનુભવું છું. પૂજા—ઉપાસનામાં જે સામગ્રી ઉપયોગી હોય તે જ ગ્રાહ્ય છે. બીજી ગમે તેટલી મૂલ્યવાન હોય તોય વર્જ્ય છે. આથી, મારી સત્યકથાઓમાંથી (૧) મસ્ત કવિની જનેતા, (૨)

રેવાવહુ, (૩) વેવિશાળ, (૪) દેવજીભાભા, (૫) પ્રજ્ઞાચક્ષુ પુરુષોત્તમકાકા, (૬) બાવા પ્રેમદાસજી, (૭) જાગો પટેલ, (૮) નબૂ વગેરે સત્યકથાઓ મને જેવી ગમે છે તેવી મારી વડીલો વિશે હોવા છતાં (૧) બે ભાઈઓ, (૨) આ પુસ્તકમાં આવતો 'કાકો—ભત્રીજો' લેખ કે (૩) રેસિડન્ટ મિ. કીલી સાથેના પ્રસંગની કથા, મને ગમતી નથી. વિશેષમાં, મારા આ વલણને કારણે જે કાંઈ ઊણપ જણાય છે, તે બદલ હું ક્ષમા માગી લઉં છું.

'કુમાર' માસિકમાં મારી સત્યકથાઓ છપાતી તેમાંથી પ્રભાશંકર પટ્ટણી વિશેના ત્રણ ચાર લેખો વાંચ્યા પછી હરિઃૐ આશ્રમવાળા પૂજ્ય શ્રીમોટાએ મને પટ્ટણીજીનું જીવનચરિત્ર લખી દેવા કહ્યું. જીવનચરિત્ર ન બને તો એમના જીવનમાંથી ઉમદા પ્રેરક પ્રસંગોનો લેખસંગ્રહ તૈયાર કરવા કહ્યું. તેઓશ્રીની ઇચ્છાને માન આપવું એ ધર્મ સમજી મેં કાર્ય સ્વીકાર્યું. એ કાર્ય એકધારું અને એકાગ્રતાથી કરવાની અનુકૂળતા મને મળી નહિ. પ્રભાશંકર વિશે થોડા વધુ લેખો લખાયા. એક જ સામયિકમાં અસ્ખલિત લેખમાળારૂપે નહિ, પણ લાંબે ટૂંકે ગાળે સ્વતંત્ર લેખરૂપે પ્રકટ થતા હોવાથી તે તે લેખમાં આવશ્યક ગણી લખેલી વાત પછીના લેખમાં પુનરાવર્તન પામી છે. લેખોનો તે દોષ આ સંગ્રહ તૈયાર કરતી વખતે હું દૂર કરી શક્યો નથી. સદ્ગત બચુભાઈ રાવતે સ્નેહભરી વારંવાર ઉઘરાણી કરી લેખો લખાવ્યા છે. એ લેખો આ સંગ્રહમાં છાપવા દેવા બદલ 'કુમાર'ના તંત્રીશ્રીનો હું આભારી છું.

આ કાર્યમાં મને સંસ્થાઓ તથા અનેક સજ્જનોની સહાય મળી છે. તે દરેકનો નામોલ્લેખ સાથે આભાર વ્યક્ત કરી

શકતો નથી. આમાં એવાં સજ્જનો તથા સન્નારીઓ છે, જેઓ યથેચ્છા વિના સત્કર્મ કરી સંતોષ અનુભવતાં જીવ્યાં હોય અને જીવતાં હોય. તેમનો શાબ્દિક આભાર શું માનું ?

મારી દૃષ્ટિ સમક્ષ એ વાચકો છે જે પોતે છે તેથી વધુ સારા થવા સજ્જન તરીકેનો આત્મસંતોષ લઈ શકે તેવા થવા લોકહિત માટે કંઈક કરી છૂટવાની ઈચ્છાને સક્રિય બનાવતા રહ્યા છે. એમને આમાંથી કંઈક ઉપયોગી જણાશે તો મારો શ્રમ અને પૂજ્ય શ્રીમોટાની ભાવના સફળ થયાં ગણીશ. પૂજ્ય શ્રીમોટા બ્રહ્મલીન થયા પછી એમના અંતેવાસી મુરબ્બી શ્રી નંદુભાઈ શાહે મને આ કાર્ય પૂરું કરવા સ્નેહભાવે પ્રેરણા આપ્યા કરી છે. તે તેમની પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની ભક્તિનું તથા લોકહિત માટે કાર્ય કરી છૂટવાની ભાવનાનું સહિયારું પરિણામ છે. યથામતિ-યથાશક્તિ કર્તવ્ય કરી છૂટવું એટલું જ મનુષ્યથી બની શકે છે. કરાતું કાર્ય સારી રીતે પૂરું થશે કે કેમ અને તેનું ઈષ્ટ પરિણામ આવી તેનું ફળ કોને કેટલું ઉપયોગી થશે તે ઈશ્વરાધીન છે, પરંતુ નિયંતાનું વિધાન મંગલમય છે અને એ સર્વનું અકારણ કલ્યાણ જ કરે છે, એ ભાવના–નિષ્ઠા જીવનનો આધાર છે અને ઘણું મોટું પરિબળ છે. **अस्तु शम् ॥**

**મુકુંદરાય વિજયશંકર પારાશર્ય**

૧૧૯૪, ભરતકુંજ,
કૃષ્ણનગર, ભાવનગર-૧
તા. ૯-૩-૧૯૮૧

❑

# સર પ્રભાશંકર પટ્ટણીના જીવનની છેલ્લી મુસાફરી

## ખંડ - ૨

## અર્પણ

'પ્રભાશંકર પટ્ટણીના વ્યક્તિત્વદર્શન'
પુસ્તકના લેખક
શ્રી મુકુંદરાય પારાશર્યે પુસ્તકના
અર્પણમાં લખ્યું છે :
'જે નિયંતાની પ્રસન્નતા માટે
'કરજદારી ભરી દેવાની' વૃત્તિથી
પ્રભાશંકર જીવ્યા તેને તથા
જેના હિત માટે કરી છૂટ્યા
તેમને અંતઃકરણપૂર્વક અર્પણ.'
એ જ રીતે આ
**'છેલ્લી મુસાફરી'**ની
આ આવૃત્તિ પણ તેમને જ અર્પણ.

તા. ૬-૪-૨૦૧૨ — **જયવંત શશિકાંત પટ્ટણી**
હનુમાન જયંતી — મૅનેજિંગ ટ્રસ્ટી
ભાવનગર — સર પ્રભાશંકર પટ્ટણી ઓપન વિન્ડો
ચૅરિટેબલ ટ્રસ્ટ, ભાવનગર

## છેલ્લી મુસાફરી (આપણા માટે 'પહેલી મુસાફરી')

## દ્વિતીય આવૃત્તિ વેળાએ...

આ પુસ્તકમાં સર પટ્ટણીએ કહેલી વાતો તેમના હૃદયના ઉદ્‌ગાર છે, એક અધિકારીની ભાષા ક્યાંય નજરે નહિ પડે.

સૌરાષ્ટ્રમાં મોરબી ગામમાં ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં જન્મી, મૅટ્રિક સુધીનો અભ્યાસ કરી, સામાન્ય શિક્ષકપદથી પ્રારંભ કરીને, જૂના ભાવનગર રાજ્યના દીવાનપદ તથા ઍડ્‌મિનિસ્ટ્રેટરના પદને શોભાવનાર, હિંદના દેશી રાજ્યોના માનવંતા સલાહકાર બનનાર, બ્રિટિશ સલ્તનતનો પરમ વિશ્વાસ મેળવી ઇંડિયા કાઉન્સિલ તથા લીગ ઑફ નેશન્સમાં સ્થાન ભોગવનાર અને દેશના સ્વાતંત્ર્ય માટે પૂજ્ય ગાંધીજીના અંગત મિત્ર રહી કાર્ય કરનાર સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી (તા. ૧૫-૪-૧૮૬૨ થી તા. ૧૬-૨-૧૯૩૮)ની પોણોસો વર્ષની કારકિર્દીમાં તેમની કાર્યસિદ્ધિઓ અસંખ્ય છે. એમનાં બુદ્ધિપ્રતિભા તથા કાર્યશક્તિ અત્યંત આકર્ષક હતાં. તેમની આશ્ચર્યકારક અનેક સિદ્ધિઓ નોંધી શકાય.

તેમના જીવનના અંતિમ ચરણના માત્ર ૪૨ દિવસ (આપેલી તારીખોનો વિચાર કરીએ તો માત્ર ૨૧ દિવસ)નો ચિતાર **'છેલ્લી મુસાફરી'**માં આપવામાં આવ્યો છે. તેમનું માનસસંતાન તેવી 'ખેડૂત ઋણ નાબૂદી યોજના' વિશ્વમાં સૌ પ્રથમ ભાવનગર રાજ્યમાં અમલમાં મૂક્યા પછી ખેડૂતોને રાજ્યના અને શાહુકારોના દેવામાંથી મુક્ત કરેલા, પણ એ પછી આ ખેડૂતો પાછા દેવામાં નથી પડ્યાને ? એ તપાસવા

માટે, અને ફરીથી દેવું ન કરવા સમજાવવા માટે, ગ્રામપંચાયત અને સહકારી મંડળીઓના લાભ, ઢોરઉછેર, આધુનિક સાધનોના ઉપયોગ દ્વારા ખેતીની સુધારણા વગેરે મહત્ત્વની વાતો ગ્રામજનોને સમજાવવા તેમણે ભાવનગરના અંતરિયાળ વિસ્તારનો પ્રવાસ ખેડ્યો. In the name of the King - તેમણે રાજા તેના પ્રજાજનોને કેટલા ચાહે છે અને ગ્રામ્યજનોના પરસ્પર હિતમાં અને રાજ્યની સમૃદ્ધિ માટે વાતો કરી. તેમના આ પ્રવાસમાં એક એક દિવસની નોંધ તેમના અંગત મદદનીશ તેવા શ્રી જયંતીલાલ મોરારજી મહેતાએ ટપકાવેલી.

ગ્રામપંચાયત, સહકારી મંડળીઓ, પશુસુધારણા અને ખેતીસુધારણા, ભેંસોને બદલે ગાયોનો ઉપયોગ વગેરે અનેક ઉપાયો દ્વારા ગામડાંઓ સ્વાવલંબી બને અને એક રાજ્યની અંદર કેવી સરસ રીતે **'પૂર્ણ ગ્રામસ્વરાજ'** સ્થાપી શકાય તેની વાતો ગ્રામજનો સાથે તેમણે હૃદયમાં ઊતરી જાય તે રીતે કરી છે. આજના યુગમાં પણ આ વાતો કેટલી પ્રસ્તુત અને સરળતાથી અમલમાં મૂકી શકાય તેવી છે, તે આપણી સમક્ષ તેમણે મૂકી આપ્યું છે. પોતાની પાસે પોતાના આયુષ્યના ઝાઝા દિવસો રહ્યા નથી તે જાણવા છતાં જીવનના છેલ્લા શ્વાસ સુધી કાર્યરત રહ્યા અને ભાવનગર પાસેના શિહોર ગામે અવસાન પામ્યા. અનેક વાતો, વિચારોનું પુનરાવર્તન અત્યારે આપણને વાંચતાં જણાશે, પણ પોતાની પાસેનો ઓછો સમય અને રાજ્યનો વ્યાપ જોતાં આ જરૂરી હતું, બધી વાતોમાં એકવાક્યતા અને એકસૂત્રતા હતાં અને સ્ફટિક જેવા વિચારો લોકોનાં મનમાં ઊતરી જતા હતા. આ સમય દરમિયાન

યોજાયેલી હરિપુરા (બારડોલી) કૉંગ્રેસમાં પોતાને હાજરી આપવા ખૂબ જ ઇચ્છા હતી અને તે માટે પોતાના ખર્ચે હરિપુરા નજીક હવાઈપટ્ટી પણ બંધાવવાનું આયોજન કરેલું. પટ્ટણીજીની સાથે પ્રવાસમાં તેમના પૌત્ર શ્રી મહેશભાઈ અ. પટ્ટણીએ (જેમનો એક નાનો લેખ આ પુસ્તકમાં મૂક્યો છે) એક વાત કરેલી કે દાદાજીને શિહોરમાં આ સમયે તેમના ખૂબ જ અંગત મિત્રનો હરિપુરાથી તાર મળ્યો 'ઇચ્છું છું, તમે હરિપુરા કૉંગ્રેસમાં ન આવો તો સારું.' દાદાજીએ વાંચીને તાર ફાડી નાખ્યો, એમ કહીને કે 'મારા મિત્રની લાચારી કે તેમની નબળાઈનો એક પણ પુરાવો હું છોડવા નથી માગતો.'

સર પટ્ટણીના ૧૫૦મા જન્મજયંતી વર્ષને ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન નીચે મનાવી રહ્યું છે, તે માટે શ્રી નરેન્દ્રભાઈનો આભાર માનીએ છીએ અને આ દરમિયાન આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે તેનો ખરો યશ આ વિગતો તૈયાર કરનાર સદ્‌ગત શ્રી જયંતીલાલ મોરારજી મહેતાને જાય છે કે જેમણે પટ્ટણીજીના જીવનનાં પારદર્શક તત્ત્વો, વાતો અને તેમના અંતરાત્માને નજીકથી જાણ્યાં છે અને તેથી ઝીણવટભરી નોંધ ટપકાવી છે. આ બીજી આવૃત્તિને તૈયાર કરતી વખતે જરૂરી માહિતી પૂરી પાડવા માટે શ્રી જયંતીલાલ મોરારજી મહેતાના પુત્રરત્ન ડૉ. મહેશભાઈનો, ફોટોગ્રાફ્સ વગેરે અન્ય સામગ્રી માટે સર પટ્ટણીના પૌત્ર શ્રી જયકાંતભાઈ અને તેમના પુત્ર શ્રી સંજયભાઈનો, સર પટ્ટણીના અન્ય પ્રપૌત્ર શ્રી જયવંતભાઈ અને તેમનાં ધર્મપત્ની સૌ. રૂપાબહેનનો આભાર માનીએ છીએ.

સર પટ્ટણીના જીવન અને કવનને આપણે પ્રજા સમક્ષ સતત મૂકતાં રહેવાનો ટ્રસ્ટનો એક હેતુ છે અને આવા સાહિત્યનું ઐતિહાસિક મૂલ્ય હોવાથી બદલાતી જતી પેઢીના લાભ માટે પણ પ્રજા સમક્ષ મૂકતાં રહેવું જોઈએ.

સર પટ્ટણીના અવસાન પરત્વે તેમને 'અંજલિ' આપતી જૂના ભાવનગર રાજ્યના રાજ્યકવિ હરદાનભાઈ પીંગળજીભાઈ ગઢવીની કાવ્યરચનાઓ પણ સદ્‌ગતના પુત્રરત્ન શ્રી રવિરાજભાઈના સૌજન્યથી આપી છે. તેવી જ રીતે જૂના ભાવનગર રાજ્યની પ્રાથમિક શાળાના અભ્યાસક્રમના ગુજરાતી વિષયના પાઠ્યપુસ્તકમાંથી એક લેખ **'ઉઘાડી રાખજો બારી'** આ પુસ્તકમાં સાભાર મૂક્યો છે. આશરે ૬૦ વર્ષ પછી પ્રકાશિત થઈ રહેલી આ બીજી આવૃત્તિનું સંપાદન કાર્ય કરવામાં એક વિશેષ આનંદ અનુભવ્યો છે.

તા. ૩૧ માર્ચ, ૨૦૧૨ **પીયૂષ પારાશર્ય**
શનિવાર (ટ્રસ્ટી)
ભાવનગર. સર પ્રભાશંકર પટ્ટણી ઓપન વિન્ડો
ચૅરિટેબલ ટ્રસ્ટ, ભાવનગર

**નોંધ :** મૂળ પુસ્તકમાંથી ટૂંકાવીને સંક્ષિપ્ત સ્વરૂપે આ નોંધ તેના મૂળ શબ્દોમાં જ રજૂ કરવામાં આવી છે. (સંપાદક : ટ્રસ્ટીમંડળ, હરિઃૐ આશ્રમ, સુરત)

# સર પ્રભાશંકર પટ્ટણી - થોડી પૂરક માહિતી

'પ્રભાશંકર પટ્ટણી – વ્યક્તિત્વદર્શન' એ મારા પિતાશ્રી સ્વ. મુકુંદરાય પારાશર્ય દ્વારા લખાયેલા પુસ્તકની ત્રણ આવૃત્તિઓ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત થયેલી અને ત્રીજી આવૃત્તિ પૂજ્ય શ્રીમોટાના અનુયાયી શ્રી જયરણછોડ સેવકના આર્થિક સહયોગથી થયેલી. જેઓને આ પુસ્તક અમેરિકામાં કોઈ એક સાંજે છ વાગ્યા પછી મળ્યું અને તરત વાંચવાનું શરૂ કર્યું અને છેક સવાર સુધી એક બેઠકે તેમણે પૂરું કર્યું. એવી પકડ આ પુસ્તકે જમાવેલી. સેવકજીના જણાવ્યા પ્રમાણે રાત્રિનું ભોજન પણ તેઓ ચૂકી ગયેલા અને તે પુસ્તકના પ્રભાવથી તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદને સારી એવી રકમનું અનુદાન આપીને ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરવા કહેલું, એ ભાવનાથી કે આ પુસ્તકની એક એક પ્રત તમામ પરિવારમાં જવી જોઈએ. 'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન' પુસ્તકનો વધારે પ્રસાર અને પ્રચાર થાય તે હેતુથી હરિઃૐ આશ્રમ, સુરત દ્વારા તેનું પુનઃપ્રકાશન કરવા પ્રસ્તાવ મળ્યો છે, તેમાં મારી સંમતિ તો હોય જ, પણ સાથે તેમના જીવન વિશેની જે કંઈ મને જાણકારી છે, તે આપવા મને જણાવવામાં આવ્યું છે અને તેથી આ લખાણ લખવાનો એ જ માત્ર હેતુ છે. સર પ્રભાશંકર પટ્ટણીએ પોતાનું જીવનચરિત્ર લખવા ના કહેલી અને જણાવેલું કે જો તમે તેમ કરવાના હો તો તેમાં મેં જેને છાવરવા કે ઢાંકવાના પ્રયાસો કર્યા છે તે પણ આવી જાય અને તેમ હું કરવા નહિ દઉં. તેમણે લખેલાં અને પ્રકાશિત કરેલાં પુસ્તકોમાં તેમણે તેમનું નામ ક્યારેય લખવા દીધું ન હતું, પણ

લાંબાગાળે તેમની ચોથી પેઢીના અમને સૌને એમ થયું કે ડૉક્યુમેન્ટેશનની દૃષ્ટિએ તેમના જ નામે પુસ્તકો પ્રકાશિત થાય એ બહુ જરૂરી છે. દંતાલીવાળા સ્વામી સચ્ચિદાનંદે પણ મારા પિતાશ્રીના પુસ્તક પરથી પ્રભાશંકર પટ્ટણી ઉપર એક પુસ્તક લખ્યું છે અને તેમાં સરસ વાત જણાવી છે કે ગુજરાતે વિશ્વને ત્રણ મહાન સપૂતો આપ્યા છે, તેમાં મહાત્મા ગાંધી, દયાનંદ સરસ્વતી અને પ્રભાશંકર પટ્ટણી, પરંતુ પટ્ટણીજીનો કોઈ પ્રચાર થયો નથી. તેથી, આજની પ્રજાને ખબર નથી કે તેમનું કેવું મોટું પ્રદાન હતું ! આવા સારા હેતુથી સ્વામી સચ્ચિદાનંદે એ પુસ્તકની ૬૦૦૦ નકલો છપાવી હતી.

પણ ઈતિહાસની દૃષ્ટિએ અને અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે સર પટ્ટણીના વિરલ વ્યક્તિત્વ જેવી કોઈ વ્યક્તિ ભારતમાં છેલ્લાં ૩૦૦ વર્ષમાં જોવા મળતી નથી કે જેને બ્રિટિશ સલ્તનત સાથે સારા સંબંધો હતા, એક તરફ ભારતના વાઈસરૉય પણ તેમને માનની દૃષ્ટિએ જોતા અને માન આપતા અને બીજી તરફ તેઓ મહાત્મા ગાંધીજીના પણ ફ્રેન્ડ, ફિલૉસોફર અને ગાઈડ બની રહ્યા. ગાંધીજીના એ અંધભક્ત ન હતા અને સમય આવ્યે સત્ય હકીકત પણ કહી દેતા. **પટ્ટણીજીનું તા. ૧૬-૨-૧૯૩૮ના દિવસે અવસાન થયું ત્યારે પૂજ્ય ગાંધીજીએ લખ્યું, 'He has lived nobly and died nobly.'** જીવનપર્યંત તેમણે પ્રજાના કલ્યાણાર્થે સેવા તો કરી જ પણ અંતિમ ચરણમાં વસૂલાતી અધિકારી તરીકેનો તદ્દન નાનો હોદ્દો પણ સ્વીકાર્યો અને પોતાનું હૃદય ધીરે ધીરે નબળું પડતું હોવા છતાં અને પોતાનો અંત સાવ નજીક આવી રહ્યો છે એ જાણવા

છતાં કાર્યરત રહ્યા અને આ બધું જાણવાથી પૂજ્ય ગાંધીજીએ લખ્યું, 'He died nobly'. ખેડૂત ઋણ નાબૂદી યોજના એ પ્રભાશંકરની પોતે ઘડી કાઢેલી યોજના હતી, જે અંતર્ગત ભાવનગર રાજ્યે રૂ. ૨ કરોડ જેવી મોટી રકમ ખાનગી શાહુકારોને ચૂકવીને ખેડૂતોનાં જીવન ઋણમુક્ત કર્યાં હતાં, પણ એ ખેડૂતો પાછા દેવામાં નથી પડ્યાને ? તેની તપાસ કરવા અને તેમ કરતાં અટકાવવા અને લગ્ન-મરણ પ્રસંગે ઓછા ખર્ચાઓ કરવા માટે ભાવનગર રાજ્યનાં ગામડાંઓમાં ફર્યા. ખેડૂતોને સમજાવ્યા અને આ સેવા કરતાં કરતાં જ તેમનો દેહ તા. ૧૬-૨-૧૯૩૮ના દિવસે સવારે ૯-૦૩ સમયે પડી ગયો. જોવાનું એ છે કે તેમને વસૂલાતી અધિકારી બનાવવા અંગેનો ભાવનગર રાજ્યનો તા. ૧૭-૧૨-૧૯૩૭નો ઠરાવ નંબર-૭ અમલમાં હતો અને તેના એક વર્ષ અને બે મહિનામાં જ તેમનું અવસાન થયું. તેઓ કહેતા કે **'ખેડૂતો અને વેપારીઓ વચ્ચે લેણિયાત-દેણિયાતનો નહિ પણ મિત્રાચારીનો સંબંધ જોઈએ.'** તે સમયમાં બૅંક કે તેની શાખાઓ તો હતી નહિ તેથી ખેડૂતોનો મદાર ખાનગી ધીરધાર કરનાર શાહુકારો ઉપર જ રહેતો. એવા સમયમાં સમગ્ર રાજ્યના શાહુકારોને ગોતી ગોતીને પૈસા ચૂકવી આપ્યા.

**'છેલ્લી મુસાફરી'** એ પ્રભાશંકર પટ્ટણીએ તા. ૬-૧-૧૯૩૮થી તા. ૧૬-૨-૧૯૩૮ સુધી કરેલી મુસાફરીનો ચિતાર છે અને તેના લખનાર છે તેમના મદદનીશ પત્રકાર શ્રી જયંતીલાલ મોરારજી મહેતા. આ પુસ્તકે નીતિમત્તાને વરેલા અનેક લોકોને પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યું છે.

પટ્ટણીજીના હકારાત્મક અભિગમનું અહીં તાદૃશ ચિત્ર જોવા મળે છે. ખરેખર તો પૂર્ણ ગ્રામસ્વરાજ્ય, પંચાયતીરાજ્ય અને આત્મનિર્ભરતા અંગે વ્યવસ્થિત વાત કરતું આ પુસ્તક એક ભગવદ્‌ગીતા સમાન છે.

## મિત્રની લાચારીનો પુરાવો નથી રાખવો

પૂજ્ય પટ્ટણીની એવી ઈચ્છા હતી કે બારડોલી પાસેના હરિપુરા ગામે ભરાનાર કૉંગ્રેસના અધિવેશનમાં પોતે હાજરી આપી શકે. 'સ્વાતંત્ર્યસંગ્રામમાં આપણે બધાં સાથે જ છીએ' તેવી ભાવનાથી ગાંધીજીને પૂરા અવગત કરેલા અને વલ્લભભાઈ પટેલની પૂરી સમજણથી આયોજન કરેલું. જેમાં પટ્ટણીજીએ જણાવેલું કે 'મારી તબિયત સારી ન હોવાથી હું મોટર રસ્તે હરિપુરા નહિ આવી શકું તો મને પ્લેન મારફત હરિપુરા આવવાની મંજૂરી આપશો.' આ માટે હરિપુરામાં પ્લેન ઊતરી શકે તે માટે ભાવનગર રાજ્ય દ્વારા હરિપુરામાં એક સ્ટ્રીપ પણ તૈયાર કરવામાં આવેલી. આ સમયે જ કૉંગ્રેસ કારોબારી દ્વારા ઠરાવ કરાવવામાં આવ્યો હશે કે બ્રિટિશ સલ્તનતના નોકર હોય કે તેના આશ્રિત હોય તેવા કોઈને કૉંગ્રેસ અધિવેશનમાં આવવા ન દેવા. કૉંગ્રેસ એટલે માત્ર ગાંધીજી તો નહિ જ ને ? ગાંધીજીએ પટ્ટણીજીને સંદેશો મોકલ્યો, 'I wish you skip Haripura convention' 'મારી ઈચ્છા છે કે તમે હરિપુરાના અધિવેશનમાં નહિ આવો.' પટ્ટણીને આ સંદેશો મળ્યો ત્યારે મારા પિત્રાઈ ભાઈ અને પ્રભાશંકરના પૌત્ર શ્રી મહેશભાઈ પટ્ટણી ઉપસ્થિત હતા. પટ્ટણીજીએ આ સંદેશો વાંચીને તરત ફાડી નાખ્યો અને બોલ્યા,

**'મારા મિત્રની લાચારી કે તેમની નબળાઈનો એક પણ પુરાવો છોડવા નથી માગતો.'** આ એક એવી ઊંચાઈના માણસ હતા કે આજે તેના વિશે વાત કરીએ તો અજાયબ જ લાગે. દરેકના હિત માટે અને લાભ માટે જ હંમેશાં વિચારતા રહ્યા.

## કુશળ અર્થશાસ્ત્રી

ભાવનગર રાજ્યના દીવાન તરીકે તા. ૮-૨-૧૯૦૨ના દિવસે કાર્યભાર સંભાળ્યો ત્યારે ભાવનગર રાજ્ય માથે રૂ. ૨૦ લાખનું દેવું હતું. પોતે દીવાન બન્યાના ૫૦મા દિવસે 'ભાવનગર દરબાર બૅંક'ની સ્થાપના કરી અને પબ્લિક બૉન્ડ બહાર પાડ્યાં જે ટૂંક સમયમાં oversubscribe (જરૂરત કરતાં વધુ રકમનું ભરણું) થઈ જતાં રૂ. ૨૦ લાખ ચૂકવી આપ્યા અને ભાવનગર રાજ્યને ઋણમુક્ત કર્યું અને ૧૯૪૭માં જ્યારે દેશ આઝાદ થયો ત્યારે ભાવનગર રાજ્યે તેની ટ્રેઝરીમાં રૂ. ૧૮ કરોડ સરપ્લસ બતાવેલા. આવો પારદર્શક વહીવટ ભાવનગર રાજ્યનો હતો.

ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયમાં પ્રભાશંકર પટ્ટણીની ૧૫૦મી જન્મજયંતી (વર્ષ ૨૦૧૨) ભાવનગરમાં મનાવવામાં આવી ત્યારે પ્રભાશંકર પટ્ટણી દ્વારા લખાયેલાં અને તેમના ઉપર લખાયેલાં પુસ્તકોનું પુનઃપ્રકાશન કરવામાં આવેલું. એક પુસ્તકનું અનાવરણ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. ભાવનગર બંદરને બ્રિટિશ બંદરોને હોય તેવા અધિકારો મળી જતાં, એક સમયે ભાવનગર બંદરની આવક મુંબઈના બંદરની આવક કરતાં વધી ગયેલી અને તે વખતના ઇતિહાસવિદ્ શ્રી આર. એસ. થૈયુરે તેમના

એક લેખ 'Achievements of Indian Raj' 'ભારતના રાજ્યોની સિદ્ધિઓ'માં લખ્યું છે કે ભાવનગર રાજ્યની આવક એશિયાના રાજ્યોમાં જાપાનથી બીજા નંબરની હતી અને તે પણ દારૂ ઉપરની જકાત વિના, કારણ કે ભાવનગર રાજ્યમાં દારૂબંધી હતી. તેથી, તેના ઉપરથી કોઈ રેવન્યૂ મળતી ન હતી. સરનો ખિતાબ તેમને ઈ.સ. ૧૯૧૫માં મળ્યો હતો, પણ તેમની સિદ્ધિઓ અનેક હતી અને એ તમામને સાલવાર નોંધવામાં આવે તો એક મોટા પુસ્તક કરતાં પણ વધારે સામગ્રી મળી રહે.

અસ્પૃશ્યતા નિવારણ માટે પૂજ્ય ગાંધીજીનો અભિગમ સર્વવિદિત છે. એટલે તેના અનુસંધાને તેમણે પટ્ટણીજીને પત્ર લખ્યો કે ભાવનગર રાજ્યમાં તમારે સર્ક્યુલર કાઢવો અને બધી શાળાઓને જણાવવું કે હવેથી ભાવનગર રાજ્યની દરેક શાળાઓમાં હરિજનોનાં સંતાનોને પ્રવેશ મળી શકે છે. પટ્ટણીજીએ ગાંધીજીને જણાવ્યું કે આ સર્ક્યુલરથી એવું લાગે કે આજ સુધી હરિજનોનાં સંતાનોને શાળામાં પ્રવેશ આપવામાં આવતો ન હતો. જ્યારે હરિજનોનાં સંતાનોને પણ શાળાઓમાં પ્રવેશ તો મળતો જ હતો, ભેદભાવની કોઈ રીતિ જ ન હતી અને લોકોને સર્ક્યુલર વિના પણ કામ કરવાની ટેવ પાડવી જોઈએ.

એક તબક્કે પૂજ્ય ગાંધીજીએ શાળાઓ અને કૉલેજના શિક્ષણનો બહિષ્કાર કરવા પ્રજાને આદેશ આપ્યો હતો. પટ્ટણીજીએ પૂજ્ય ગાંધીજીને નમ્રતાથી જણાવ્યું કે 'આપ આપની રીતે સાચા હશો પણ ટૂંક સમયમાં આપણો દેશ સ્વતંત્ર થવાનો છે (ત્યારના વાતાવરણ પ્રમાણે ઈ.સ. ૧૯૩૫માં ભારત સ્વતંત્ર બને તેનાં સંયોગો અને અનુમાન હતાં) ત્યારે

દેશને વ્યવસ્થિત રીતે ચલાવવા ભણેલાં પુરુષો અને સ્ત્રીઓની જરૂર પડશે. એટલે મારા રાજ્યનું કામ મારી રીતે કરવા છૂટ આપો.' એ પછી પટ્ટણીજીએ અનેક વિદ્યાર્થીઓને શોધી શોધીને અમેરિકાની એમ.આઈ.ટી. બોસ્ટન અને નૉર્થ કેરોલિના વગેરે અનેક યુનિવર્સિટીઓમાં અભ્યાસ માટે U.S.A. મોકલ્યા હતા. તેમાં નૌતમભાઈ ભટ્ટ (જેમને ભારત દેશ સ્વતંત્ર બન્યા પછી પદ્મશ્રીનો ઇલકાબ આપવામાં આવેલ), પ્રથમ સરકાર કમિશનના ચૅરમૅન ડૉ. અનંત પંડ્યા (પ્રખર એન્જિનિયર જેમણે સ્વતંત્ર ભારતના વિવિધ dams (નદી ઉપરના બંધો) tunnels (પર્વતની નીચેથી જવાના બોગદાઓ-રસ્તા), ports (દરિયાના બંદરો)ના નિર્માણની યોજનાઓ બનાવી, હિંદુસ્તાન એરક્રાફ્ટ લિ.ના પ્રથમ વડા તરીકે જેમણે ભારતીય બનાવટનું પ્રથમ તાલીમાર્થી વિમાન બનાવવાની યોજના ઘડી હતી), કૃષ્ણલાલ શ્રીધરાણી (પ્રખ્યાત સ્વાતંત્ર્ય સેનાની, કવિ, સાહિત્યકાર, પત્રકાર - જેમને રણજિતરામ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા હતા), આર. એસ. ભટ્ટ યુ.ટી.આઈ. (યુનિટ ટ્રસ્ટ ઑફ ઇંડિયાના સ્થાપક ચૅરમૅન) તથા અન્યોનો સમાવેશ થાય છે.

## ગાંધીજીનું તૈલચિત્ર

પટ્ટણીજી કેટલા દીર્ઘદ્રષ્ટા હતા તેનો આપણને એ હકીકતથી ખ્યાલ આવે છે કે ૧૯૩૨માં બીજી ગોળમેજી પરિષદ (તા. ૧૬-૯-૧૯૩૨ થી તા. ૨૦-૯-૧૯૩૨) લંડનમાં ભરાયેલી ત્યારે પટ્ટણીજીએ પૂજ્ય ગાંધીજીને કહ્યું કે 'અમને ન ગમતાં કેટલાંય કામ તમે અમારી પાસે કરાવો છો તો તમને ન ગમતું અમારું એક કામ કરી આપો. મારે મારા અંગત ઉપયોગ માટે આપનું લાઈફ સાઈઝનું ચિત્ર કરાવવું છે.' ગાંધીજી

સહમત થયા અને લાગલાગટ આઠ દિવસ સુધી તેમણે સિટિંગ આપ્યાં અને બ્રિટનના પ્રખ્યાત પૉટ્રેટ ચિત્રકાર (આબેહૂબ છબી બનાવનાર ચિત્રકાર) ઓસ્વાલ્ડ બિલીએ (જેને પાછળથી સરનો ઈલકાબ અપાયેલો) ગાંધીજીનું તૈલચિત્ર તૈયાર કરી આપ્યું. ૧૯૩૮માં પોતાનું સ્વાસ્થ્ય કથળતાં સર પટ્ટણીએ પોતાના પુત્ર અનંતરાયને બોલાવી કહ્યું કે ‘દેશ સ્વતંત્ર થશે ત્યારે હું નહિ હોઉં પણ તું હોઈશ એટલે તારે એ કામ કરવાનું છે કે આ બૉક્સમાં ગાંધીજીનું ચિત્ર છે, એ આપણી પાર્લમેન્ટના મકાનની દીવાલ ઉપર મુકાવવાનું છે.’ આપણો દેશ તા. ૧૫ ઑગસ્ટ, ૧૯૪૭ના દિવસે સ્વતંત્ર થયો અને બંધારણ સભા જ્યારે સેશનમાં હતી ત્યારે તા. ૨૮-૮-૧૯૪૭ના દિવસે ડૉ. રાજેન્દ્રપ્રસાદના વરદ હસ્તે એ તૈલચિત્રનું અનાવરણ કરવામાં આવેલું. ગાંધીજીનો એ પોઝ એક સિગ્નેચર પોઝ બની ગયો છે અને આજે તેનો સરસ ઉપયોગ બધાં કરી રહ્યાં છે. અનાવરણના આ પ્રસંગે અનંતરાય પટ્ટણીએ અને ડૉ. રાજેન્દ્રપ્રસાદે આપેલાં વક્તવ્યો ખૂબ જ મનનીય છે. સગપણમાં અનંતરાય પટ્ટણી મારા કાકા થાય એટલે અમે તેમને બાપુકાકા કહેતા. હું ૧૬ વર્ષનો હતો ત્યાં સુધી એ જીવતા હતા. એટલે તેમને કોઈ પણ ઉપદેશ આપ્યો ન હોવા છતાં તેમની પાસેથી હું ઘણું શીખ્યો છું. જેમાં leadership (નેતૃત્વશક્તિ) અને obedience (આજ્ઞાપાલન) અને સ્વાવલંબનના કુદરતી પાઠો શીખવા મળેલા.

તા. ૨૦-૯-૨૦૨૨ **પીયૂષ મુકુંદભાઈ પારાશર્ય**

વડોદરા

હરિઃૐ

# પ્રકાશકનું નિવેદન (ચોથી સંવર્ધિત આવૃત્તિ)

પરમ પૂજ્ય શ્રીમોટાના અક્ષરદેહના પ્રસારની સાથોસાથ અન્ય સાધુસંતોના શબ્દદેહનું પ્રકાશન છેલ્લા ત્રણેક દાયકાથી 'હરિવાણી ટ્રસ્ટ', અમદાવાદ તેના માધ્યમ 'હરિભાવ'ના સામયિક દ્વારા પ્રકાશનનું કાર્ય કરી રહેલ છે. તે ઉપરાંત, સમયાંતરે ગુણ અને ભાવ વિકાસક એવી પુસ્તિકાઓનું તેમ જ ક્યારેક પુસ્તકોનું પ્રકાશનનું કાર્ય પણ કરે છે.

હરિઃૐ આશ્રમ, સુરતને ભાવનગરના દીવાન એવા દૈવી ગુણો ધરાવતા 'પ્રભાશંકર પટ્ટણી-વ્યક્તિત્વદર્શન' કે જેનું પ્રકાશન ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા સને ૧૯૮૩માં હરિઃૐ આશ્રમ પ્રેરિત પ્રકાશન કરાયું હતું, તેનું પુનઃપ્રકાશન કરવાનો ભાવ થયો હતો, પરંતુ પૂજ્ય શ્રીમોટાના સાહિત્ય સિવાય અન્ય કોઈ સાહિત્યનું પ્રકાશન ન કરવાની હરિઃૐ આશ્રમ, સુરતની નીતિ હોવાથી 'હરિવાણી ટ્રસ્ટ'ને આ પુસ્તકનું પુનઃપ્રકાશન કરવાની વિનંતી કરી હતી, જેને 'હરિવાણી ટ્રસ્ટે' અનુમોદન આપ્યું હતું, આ પ્રકાશનનો આર્થિક સહયોગ હરિઃૐ આશ્રમ, સુરત તરફથી મળેલ છે. 'પ્રભાશંકર પટ્ટણી'ના અગાઉના પ્રકાશનમાંથી 'હરિભાવ'માં કેટલાક પ્રસંગોનું પ્રકાશન થયેલ છે.

આ પુસ્તકના પુનઃપ્રકાશનની અનુમતિ અને તેને આનુષંગિક કાર્યવાહી 'હરિઃૐ આશ્રમ', સુરત દ્વારા કરાઈ છે. જે ઉલ્લેખનીય છે. 'પ્રભાશંકર પટ્ટણી'ના આ પુનઃપ્રકાશનમાંથી સમાજને ગુણ અને ભાવના વિકાસનું ભાથું નિઃશંક મળી રહેશે એવી અમોને શ્રદ્ધા છે. આ પુનઃપ્રકાશન સાથે સંકળાયેલ સર્વ પ્રત્યે આભારની ભાવના હૃદયપૂર્વક વ્યક્ત કરીએ છીએ.

તા. ૧૪-૧૧-૨૦૨૩ **ટ્રસ્ટીમંડળ,**
નૂતન વર્ષ, સંવત ૨૦૮૦ હરિવાણી ટ્રસ્ટ
અમદાવાદ

હરિઃૐ

# હરિઃૐ આશ્રમ, સુરતનું નિવેદન

## (ચોથી સંવર્ધિત આવૃત્તિ)

પૂજ્ય શ્રીમોટાએ ગુજરાતના મહામાનવ પ્રભાશંકર પટ્ટણીનું જીવનચરિત્ર પ્રકાશિત કરવાની ઉત્કટ ઇચ્છા વ્યક્ત કરેલ અને તે અંગે શ્રી મુકુંદરાય વિજયશંકર પારાશર્યને કામ સોંપેલ, પરંતુ કોઈ અગમ્ય કારણોસર તે કાર્ય પૂજ્યશ્રીની હયાતીમાં પૂર્ણ થઈ શકેલ નહિ. ત્યાર બાદ આ કાર્ય શ્રી મુકુંદરાય વિજયશંકર પારાશર્યની મહેનતથી, ગુજરાતી સાહિત્ય પરિષદ અને હરિઃૐ આશ્રમના સહયોગથી વર્ષ ૧૯૮૩માં પૂર્ણ થયું અને **'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન'** નામથી પુસ્તકની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન થયું અને સમાજને ઉત્કૃષ્ટ જીવનચરિત્રની પ્રાપ્તિ થઈ. વર્ષ ૨૦૦૨માં આ પુસ્તક પુનઃપ્રકાશન પામ્યું. આમ, બીજી આવૃત્તિનું પ્રકાશન થયું. ત્યાર બાદ પૂજ્ય શ્રીમોટાના ભક્ત શ્રી જયરણછોડ સેવકના સહયોગથી ત્રીજી આવૃત્તિનું પ્રકાશન થયું અને હવે હરિઃૐ આશ્રમ, સુરતના સહયોગ થકી આ ચોથી આવૃત્તિ થઈ રહી છે.

પ્રથમ આવૃત્તિના 'પ્રકાશકના નિવેદન'માં ગુજરાતી સાહિત્ય પરિષદનાં મંત્રીઓ શ્રી રઘુવીર ચૌધરી, શ્રી કુમારપાળ દેસાઈ, શ્રી પ્રફુલ્લ ભારતીય અને શ્રીમતી ધીરુબહેન પટેલની નોંધ, 'પશ્ચાદ્‌ભૂમિકા'માં હરિઃૐ આશ્રમ, નડિયાદ, સુરતના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી નંદુભાઈ શાહની નોંધ અને 'વ્યક્તિત્વદર્શનની નીતિ-રીતિ'માં લેખક શ્રી મુકુંદરાય પારાશર્યની નોંધ છે. આ તમામમાં આ પુસ્તકના પ્રકાશનનો ઇતિહાસ છે. જેનો અત્રે મૂળ સ્વરૂપે સમાવેશ કરવામાં આવ્યો છે. સુજ્ઞ વાચકોને આ તમામનો અભ્યાસ કરવા નમ્ર વિનંતી છે.

આજના ઝડપી યુગમાં ગુજરાતની હાલની પ્રજા અને ઊભરતી પેઢી ગુજરાતના મહામાનવોને ભૂલી રહી છે અને તેથી સૌને ગુજરાતના મહામાનવોનાં જીવનચરિત્રથી માહિતગાર રાખવાની અત્યંત જરૂર છે. આ મહામાનવો આપણા જીવનના પથદર્શક છે, આપણા માનસમાં સુસંસ્કારોનું સિંચન કરે છે. તેમનો જીવન પ્રત્યેનો રચનાત્મક અભિગમ આપણા જીવનમાં નવા પ્રાણ પૂરે છે અને આપણને હેતુસભર જીવન જીવવાનાં સાહસ, હિંમત અને બળ પૂરાં પાડે છે. હાલમાં આ પુસ્તક સમાજમાં અપ્રાપ્ય છે અને તેને ઉપલબ્ધ કરાવવું, એ સાંપ્રત સમયની જરૂરિયાત પણ છે અને આપણી ફરજ પણ છે. શ્રી પ્રભાશંકર પટ્ટણીના જીવનચરિત્ર થકી એક જીવ પણ સદ્‌ભાવ અને સત્કર્મની ભૂમિકાના માર્ગે વળશે તો આ પ્રકાશનનો હેતુ સાર્થક થયેલો ગણાશે.

શ્રી મુકુંદરાય વિજયશંકર પારાશર્ય સગપણે શ્રી પ્રભાશંકર પટ્ટણીના પિત્રાઈ ભાઈના પુત્ર થાય. એટલે લેખક તેમને ‘દાદાજી’ તરીકે સંબોધન કરે છે. આ જીવનચરિત્રની ચોથી આવૃત્તિના પ્રકાશન માટે અમોએ શ્રી મુકુંદરાય પારાશર્યના સુપુત્ર શ્રી પીયૂષભાઈ પારાશર્યનો સંપર્ક કરતાં તેઓશ્રીએ પટ્ટણી પરિવાર તરફથી આનંદપૂર્વક ખૂબ ઉદારતાથી આ પુસ્તકના પુનઃપ્રકાશનની મંજૂરી આપેલ છે.

વર્ષ ૧૯૩૭માં સર પ્રભાશંકર પટ્ટણીએ ભાવનગર સ્ટેટ કાઉન્સિલના પ્રેસિડન્ટના હોદ્દા (પ્રમુખ-વડાપ્રધાનના હોદ્દા) ઉપરથી નિવૃત્ત થયા બાદ નામદાર મહારાજશ્રીની ઇચ્છાને માન આપીને વસૂલાત ખાતાના અધિકારી તરીકે પોતાની નિમણૂક સ્વીકારી. વસૂલાત ખાતાના અધિકારી તરીકે તેઓશ્રીએ ખેડૂતોના ઉત્કર્ષ અને ગ્રામપંચાયતની સ્થાપના જેવાં મહત્ત્વનાં કાર્યો સંભાળવાનાં હતાં. સામાન્યતઃ વ્યક્તિ

ઉચ્ચ હોદ્દા ઉપરથી નિવૃત્ત થાય પછી નિમ્ન હોદ્દો સ્વીકારે જ નહિ, પરંતુ સર પ્રભાશંકરના હૈયે ભાવનગરની રૈયતનો ઉત્કર્ષ અને મહારાજશ્રીની ઈચ્છા એ જ સર્વસ્વ હતું અને તેથી તેઓશ્રીએ આ હોદ્દો સ્વીકાર્યો. હોદ્દો સંભાળ્યા બાદ સર પ્રભાશંકરે રાજ્યમાં ગામેગામ - ખેડૂતો, વ્યાપારીઓ અને પ્રજાજનોની રૂબરૂ મુલાકાત લેવાનો નિર્ણય કર્યો અને યાત્રાએ નીકળ્યા. ૨૧ દિવસની આ યાત્રા તેમના જીવનની અંતિમ સફર બની રહી. આ યાત્રાનું અક્ષરસઃ નિરૂપણ કરતાં તેમના અંગત મદદનીશ શ્રી જયંતીલાલ મોરારજી મહેતાએ એક ડાયરી લખેલ. આ નોંધ સ્વતંત્ર પુસ્તક સ્વરૂપે 'સર પ્રભાશંકર પટ્ટણીના જીવનની છેલ્લી મુસાફરી' નામથી પ્રકાશન પામેલ. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ વર્ષ ૧૯૫૩માં પ્રકાશિત થયેલ. હવે, હરિઃૐ આશ્રમ, સુરતના સહયોગ થકી આ ચોથી આવૃત્તિનું પ્રકાશન થઈ રહ્યું છે.

**'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન'** પુસ્તકનું પ્રકાશન તેના મૂળ સ્વરૂપે કરવામાં આવ્યું છે, જેને ખંડ-૧ તરીકે રજૂ કર્યું છે અને **'સર પ્રભાશંકર પટ્ટણીના જીવનની છેલ્લી મુસાફરી'** પુસ્તકના સંકલિત અંશોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેને ખંડ-૨ તરીકે રજૂ કર્યું છે. 'છેલ્લી મુસાફરી' સંપૂર્ણ પુસ્તક અહીં સમાવવામાં આવ્યું નથી, પરંતુ તેનો ટૂંક સાર અહીં રજૂ કરવામાં આવ્યો છે. જેમાં સર પ્રભાશંકરનાં વિચારો, વાણી, વર્તન અને અંતિમ ક્ષણનું નિરૂપણ વિષયવાર મથાળાં આપીને રજૂ કરવામાં આવ્યાં છે. આ વિગતો મૂળ પુસ્તકનાં પ્રકરણો અનુસાર તેના મૂળ ક્રમમાં નથી, પરંતુ પ્રસંગોને અનુરૂપ સંકલન કરીને રજૂ કરવામાં આવી છે.

સર પટ્ટણીએ આત્મસ્ફુરણા થકી ઊગેલાં પદ્યો - કડીઓ પોતાની અંગત નોંધમાં જાળવી રાખેલ. તેમના જીવનનું આ અપ્રગટ

પાસું હતું. આ પ્રકાશનને અંતિમ સ્વરૂપ આપતી વેળાએ તેમના પરિવાર તરફથી સર પટ્ટણીનાં ચુનંદાં પદ્યો આ પુસ્તકના ભાગરૂપે પ્રકાશન કરવાનું સૂચન મળતાં અમો તેનો ખંડ - ૩ તરીકે સહર્ષ સમાવેશ કરી રહ્યા છીએ. **જેનું 'સર પ્રભાશંકર પટ્ટણી વિરચિત પદ્યકૃતિઓ'** નામકરણ કરવામાં આવ્યું છે. આમ, આ સંપૂર્ણ પુસ્તક ખંડ - ૩માં સમાયેલું છે. સર પટ્ટણીના જીવનપ્રસંગો સમાજને માટે પ્રેરણાદાયી છે. આજના યુગમાં બાળકો, યુવાનો, પ્રજાજનો, સમાજસેવકો, ટ્રસ્ટીઓ, અધિકારી વર્ગ, રાજ્યકર્તાઓ તેમજ આધ્યાત્મિક માર્ગનાં સાધકો - સૌને સર પટ્ટણીનું વ્યક્તિત્વદર્શન જીવન જીવવાની રાહ ચીંધે છે. તેમની વિચારધારા અને વાતોનું ઊંડાણ જીવનને ઉજાળનારું છે. સર પટ્ટણીનાં જીવનનો સાર છે, - ઈશ્વરે આપણને પૃથ્વી ઉપર મોકલ્યાં તેનો ચોક્કસ હેતુ છે. જીવન એવુ જીવીએ કે ઈશ્વરને સંતોષ થાય. તેથી જ તેઓ કહે છે.

'જગત આ ક્ષેત્ર સેવાનું મફત સેવા કરી લેવી,
પ્રભુએ જન્મ આપ્યાની કરજદારી ભરી દેવી.'

સર પટ્ટણીના માર્ગે જીવન જીવવું અઘરું છે પણ કરવાં જેવું આ જ છે. સફળ અને શાંતિમય જીવનનો આ એક જ માર્ગ છે અન્ય કોઈ માર્ગ નથી.

આ પુસ્તકમાં જ્યાં જ્યાં પ્રેરણાદાયી પ્રસંગોનો ઉલ્લેખ આવે છે ત્યાં ત્યાં બોલ્ડ અક્ષરોમાં મથાળાં કરવામાં આવ્યાં છે અને સુજ્ઞ વાચકની સુવિધા ખાતર તેની પાન નંબર વાર **પ્રસંગ સૂચિ** બનાવી પુસ્તકના અંત ભાગે રજૂ કરવામાં આવી છે.

'પ્રભાશંકર પટ્ટણી - વ્યક્તિત્વદર્શન' પુસ્તકના મૂળ પ્રેરણાસ્રોત આત્મસાક્ષાત્કારી પુરુષ પૂજ્ય શ્રીમોટા તેમ જ તે માટે પ્રયાસવંત તેમના અંતેવાસી શ્રી નંદુભાઈના ફોટાઓ અહીં રજૂ કર્યા છે. આ

સાથે ભાવનગરના મહારાજા ભાવસિંહજી મહારાજ અને મહારાજા કૃષ્ણકુમારસિંહજી મહારાજના ફોટાઓ તથા સર પટ્ટણીના ફોટાઓ વડે આ પુસ્તક સમૃદ્ધ બન્યું છે.

પૂજ્ય શ્રીમોટાએ તા. ૨૯-૧૦-૧૯૬૯ના રોજ તે સમયના ગુજરાત રાજ્યના મુખ્ય સચિવશ્રી લલિતચંદ્ર દલાલ (I.C.S.)ને રાજ્યકર્તા કેવો હોવો જોઈએ તેની સમજ આપતો એક પત્ર **'ખરો તે રાજ્યકર્તા છે'** મથાળા હેઠળ લખેલ. પૂજ્યશ્રીનો પત્ર સર પ્રભાશંકરના વ્યક્તિત્વને નખશીખ ઉચિત છે અને સુજ્ઞ વાચકને માટે સમજવો સરળ છે. હરિઃૐ આશ્રમ, સુરત તરફથી અમો પૂજ્ય શ્રીમોટાનો આ પત્ર સર પ્રભાશંકર પટ્ટણીને આદરભાવ અને સન્માનપૂર્વક સમર્પણ કરીએ છીએ.

હરિઃૐ

## 'ખરો તે રાજ્યકર્તા છે'

(ગઝલ)

ગરીબનું દુઃખ ભાંગે જે, અદલ ઈન્સાફ તોળે જે,
ગરીબની ભાળ જે લે છે, ખરો તે રાજ્યકર્તા છે.
તવંગર કે ભિખારીને જે જુએ છે એકસરખું જે,
બધાં પર પ્રેમ સરખો છે, ખરો તે રાજ્યકર્તા છે.
બધી રૈયતતણી માતા સમી સંભાળ રાખે જે,
પ્રજાહિત જે હૃદય ધારે, ખરો તે રાજ્યકર્તા છે.
જમાડીને જમે છે જે, સુવાડીને સૂવે છે જે,
રમાડીને રમે છે જે, ખરો તે રાજ્યકર્તા છે.
જીવનનો ધર્મ પાળીને, પળાવે ધર્મ સહુને જે,
કરે જે ધર્મની રક્ષા, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજા કાજે જીવે છે જે, પ્રજા કાજે મરે છે જે,
'પ્રજાજીવન' મુકુટ જેનો, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજાદિલને ચઢી તખ્તે, પ્રજાનો પ્રેમ ઝંખે જે,
પ્રજાને પ્રાણથી પ્યારો, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજા કાજે સદા જેના બધા દરબાર ખુલ્લા છે,
પ્રજાને જે જીવન માને, ખરો તે રાજ્યકર્તા છે.
જીવનના સર્વ પાસામાં ઊંચે લાવે પ્રજાને જે,
કરે છે ન્યાલ રૈયતને, ખરો તે રાજ્યકર્તા છે.
જીવન નિજનું સમાવીને પૂરેપૂરું પ્રજા જીવને,
ભળે છે એકરસથી જે, ખરો તે રાજ્યકર્તા છે.
ગળી જઈને પૂરેપૂરો પ્રજામાં એકભાવે જે,
રસાયેલો પ્રજાદિલમાં, ખરો તે રાજ્યકર્તા છે.

તા. ૨૯-૧૦-૧૯૬૯ - **શ્રીમોટા**

આ પુસ્તક સર પ્રભાશંકર પટ્ટણીના જીવનનો સંપૂર્ણ ચિતાર આપે છે. આ પુસ્તકના પ્રકાશનમાં અમોને શ્રી પીયૂષભાઈ પારાશર્યનો ઉમળકાભેર સહયોગ સાથે સર પટ્ટણીનાં અલભ્ય ફોટાઓ, ચુનંદાં પદ્યો પણ મળ્યાં છે, તે બદલ અમો તેમનો તથા સમગ્ર પટ્ટણી પરિવારનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

હરિઃૐ આશ્રમ, સુરત પૂજ્ય શ્રીમોટાનાં જ પુસ્તકોનું પ્રકાશન કરતું હોઈ, 'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન' પુસ્તકના પુનઃપ્રકાશન અંગે આશ્રમની મર્યાદા હતી અને તેથી આ પ્રકાશનની જવાબદારી અમોએ 'હરિવાણી ટ્રસ્ટ', અમદાવાદને સોંપેલ અને તે અંગેનો સંપૂર્ણ આર્થિક સહયોગ હરિઃૐ આશ્રમ, સુરતે પૂરો પાડેલ છે. 'હરિવાણી ટ્રસ્ટે' આ જવાબદારી સ્વીકારી છે, તે બદલ અમો 'હરિવાણી ટ્રસ્ટ'ના ટ્રસ્ટીમંડળના ખૂબ ખૂબ આભારી છીએ.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય શ્રી જયંતીભાઈ જાનીએ પૂરા સદ્‌ભાવથી, ખંતથી અને ચોકસાઈપૂર્વક કર્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

સાહિત્ય મુદ્રણાલયના શ્રી શ્રેયસભાઈ વિષ્ણુપ્રસાદ પંડ્યાએ પૂજ્ય શ્રીમોટા પ્રત્યેના ભક્તિભાવથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તેઓશ્રીના આવા અમૂલ્ય અને ઉદારતાભર્યા સહયોગના કારણે જ પ્રકાશન ઘણી ઓછી કિંમતે સમાજચરણે મૂકી શકીએ છીએ. શ્રી શ્રેયસભાઈ પંડ્યાના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

આશા છે કે શ્રી પટ્ટણીજીના જીવનચારિત્રની આ ચોથી આવૃત્તિ સમાજોપયોગી નીવડશે અને તેના પ્રકાશનનો હેતુ સાર્થક થશે.

તા. ૧૪-૧૧-૨૦૨૩ **ટ્રસ્ટીમંડળ,**
નૂતન વર્ષ, સંવત ૨૦૮૦ હરિઃૐ આશ્રમ,સુરત

# અનુક્રમણિકા

## પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન - ખંડ-૧


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | પૂર્વજો | ૧ |
| ૨. | જન્મ અને બાલ્યાવસ્થા | ૧૨ |
| ૩. | પ્રભાશંકરનો અભ્યાસકાળ | ૨૭ |
| ૪. | નોકરીના પ્રારંભે | ૩૯ |
| ૫. | કાકો-ભત્રીજો | ૪૫ |
| ૬. | બે પ્રાસંગિક કાવ્યો | ૮૦ |
| ૭. | ભાવનગરના દીવાનપદે | ૮૪ |
| ૮. | સૌજન્યશીલ પ્રભાશંકર | ૧૦૨ |
| ૯. | આપણને બાળક થાય | ૧૧૩ |
| ૧૦. | સમજણનો એક અવસર | ૧૧૭ |
| ૧૧. | રાજ્યાધિકારી | ૧૨૪ |
| ૧૨. | પ્રભાશંકરના પાંચેક પ્રસંગો | ૧૩૫ |
| ૧૩. | પ્રભાશંકરની શિક્ષકવૃત્તિ | ૧૫૨ |
| ૧૪. | મદદગાર પ્રભાશંકર | ૧૭૬ |
| ૧૫. | સાંભર્યું | ૧૯૩ |
| ૧૬. | નિમણૂક | ૧૯૭ |
| ૧૭. | કોન્સ્ટેબલ જીવાભાઈ | ૧૯૮ |
| ૧૮. | સર પ્રભાશંકર પટ્ટણી અને મિ. કીલી | ૨૦૧ |
| ૧૯. | સાદાં સત્યો | ૨૩૩ |

# સર પ્રભાશંકર પટ્ટણીના જીવનની છેલ્લી મુસાફરી
## ખંડ-૨

**ક્રમ વિષય** **પૃષ્ઠ**


મુસાફરીના પ્રસંગો .......................... ૨૪૫
૧. વસૂલાત અધિકારી તરીકે નિમણૂક ............ ૨૫૦
૨. વહીવટીય કુશળતા અને આયોજન ........... ૨૫૩
૩. ખેડૂતોને માર્ગદર્શન .......................... ૨૫૬
૪. કરુણામૂર્તિ .................................... ૨૫૯
૫. અમલદારશાહીને બદલે ગ્રામપંચાયત .......... ૨૬૧
૬. વેપારીઓ અને ખેડૂતોનો સંબંધ ............. ૨૬૭
૭. કવિશ્રી દુલા ભાયા કાગ ...................... ૨૭૦
૮. કર્મનિષ્ઠા ..................................... ૨૭૧
૯. મહારાજા અને ખેડૂતોનો સંબંધ ............... ૨૭૨
૧૦. મહારાજાની અદબ જાળવી .................... ૨૭૮
૧૧. સમાજસુધારણા............................. ૨૭૯
૧૨. છેલ્લી મુસાફરી ............................ ૨૮૨
૧૩. અંજલિ....................................... ૨૮૭
૧૪. ઉઘાડી રાખજો બારી......................... ૨૯૧

# સર પ્રભાશંકર પટ્ટણી વિરચિત પદ્યકૃતિઓ
## ખંડ-૩


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ઉઘાડી રાખજો બારી | ૩૦૨ |
| ૨. | પૃથ્વીનું અધિપતિપણું | ૩૦૨ |
| ૩. | સત્ય હિંમત | ૩૦૩ |
| ૪. | કદી જો જાય તો જાઓ | ૩૦૪ |
| ૫. | શત્રુઓનું પણ હૃદયથી જે ભલું ઈચ્છનારા | ૩૦૫ |
| ૬. | વીંચાય આંખ પછી | ૩૦૬ |
| ૭. | પરિવર્તન યોગ | ૩૦૮ |
| ૮. | મૃત્યુનું સ્વરૂપ | ૩૦૯ |
| ૯. | એ મારે મન પરમેશ્વર છે | ૩૧૦ |
| ૧૦. | જગત આ સહજ સ્વર્ગ થઈ જાય | ૩૧૧ |
| ૧૧. | પ્રભુજીનો કાગળ | ૩૧૨ |
| ૧૨. | અશ્રુનું બિંદુ | ૩૧૩ |
| ૧૩. | એ દવાઈ છે | ૩૧૪ |
| ૧૪. | બકા તે ભૂપને વા’લા | ૩૧૬ |
| ૧૫. | સંબંધ નથી સચવાવાનો | ૩૧૬ |
| ૧૬. | આત્મભોગ વહેવાર | ૩૧૭ |
| ૧૭. | ‘કર, ભોગવ’ | ૩૧૮ |
| ૧૮. | ત્રિગુણ યોગ | ૩૧૯ |
| ૧૯. | શરીર સંરક્ષણ | ૩૧૯ |
| ૨૦. | ગરીબની સેવા | ૩૨૧ |

૨૧. મને એ દુઃખ થાયે છે ......................૩૨૨
૨૨. અભિલાષા .............................૩૨૩
૨૩. ફરું છું શોધમાં એની ........................૩૨૩
૨૪. યુવાન થઈ જાવું છે .........................૩૨૫
૨૫. અતૂટ તુંબડી ...........................૩૨૬
૨૬. ખરી મરદાની છે .........................૩૨૭
૨૭. પ્રભુકૃપા ...............................૩૨૮
૨૮. અનુભવની ગોળી .........................૩૨૯
૨૯. સહનતા ...............................૩૩૦
૩૦. પરિવાર શું ? ............................૩૩૦
૩૧. ખાયે, ન આપે અવરને .....................૩૩૦
૩૨. ગરીબને માટે મરે .........................૩૩૧
૩૩. થોરની વાડ .............................૩૩૨
૩૪. વૃક્ષનો પોકાર ............................૩૩૩

●

પ્રસંગ સૂચિ...... ૩૩૫

# પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન

## ખંડ-૧

॥ હરિઃૐ ॥

# ૧. પૂર્વજો

પ્રભાશંકર પટ્ટણીનો જન્મ અહિચ્છત્ર જ્ઞાતિમાં થયો હતો. આ જ્ઞાતિને પ્રશ્નોરા જ્ઞાતિ પણ કહે છે. નાગરોની છ જ્ઞાતિઓ ગણાવાય છે તેમાં પ્રશ્નોરા એક છે. આ જ્ઞાતિ મુખ્યતઃ ગુજરાત, રાજસ્થાન અને સૌરાષ્ટ્રમાં વસે છે. આ ટૂંકી જ્ઞાતિ સ્વભાવે શાંત, સુશીલ, પવિત્ર અને વિદ્યાવ્યાસંગી તરીકે આદર પામેલી હતી. ગામમાં પ્રશ્નોરાનું એક જ ઘર હોય તોપણ તે વ્યક્તિ ગામના બાપા તરીકે પૂજાતી એટલાં તેમનાં ધર્મપરાયણતા, નિસ્પૃહતા, સેવાપરાયણતા સ્વાભાવિક હતાં. જૂનાગઢના વડનગરા નાગર દીવાન રણછોડજીએ એક પદ્યાત્મક પુસ્તક લખ્યું છે, તેમાં ચોરાશી જ્ઞાતિના બ્રાહ્મણોનું વર્ણન કરતાં નાગરોની વાતમાં પ્રશ્નોરા વિશે લખ્યું છેઃ

**ષષ્ટમ પ્રશ્નોરા તપધારી**
**શંકરભક્ત વેદ અધિકારી**

આ જ્ઞાતિનો ઈતિહાસ ચારસોપાંચસો વર્ષથી જૂનો મળતો નથી. જ્ઞાતિનાં અમુક કુટુંબોમાં અઢીસો ત્રણસો વર્ષની વંશાવળીઓ અને તે કાળની દંતકથાઓ મળે છે, ક્યાંક હકીકત પણ મળે છે. કાશીમાં જઈ વસનાર પ્રસિદ્ધ મંત્રમહોદધિના કર્તા મહીધર ભટ્ટ પ્રશ્નોરા હતા. તેમનો પુત્ર કલ્યાણ ભટ્ટ તથા પ્રપૌત્ર તર્કવાગીશ વેણીદત્ત ભટ્ટ ગ્રંથકાર હતા, એ ત્રણેયે રચેલા ગ્રંથોમાંથી એ કુટુંબની વંશાવળી મળે છે. મહીધર ભટ્ટનું કુટુંબ સૌરાષ્ટ્રમાંથી, ઘણું કરીને જૂનાગઢથી કાશીએ ગયેલું, પણ આથી વધારે જૂના કાળની હકીકત મળતી નથી. અહીં એ ઈતિહાસ

વિગતવાર ઉપયોગી પણ નથી. વળી, અહિચ્છત્ર જ્ઞાતિ કે તે નામમાંથી પ્રશ્નોરા જ્ઞાતિ એ નામ કઈ રીતે પડ્યાં અને એ જ્ઞાતિનું મૂળ વતન કયું, એ વિશે ચર્ચા આ ચરિત્રમાં આવશ્યક નથી તેથી છોડી દીધી છે.

આ જ્ઞાતિનાં સૌરાષ્ટ્ર વિભાગમાં પારાશર ગોત્રનાં બારચૌદ ખોરડાં હતાં. આ ગોત્રનાં કુટુંબો દ્વારકા પોરબંદરના પ્રદેશમાં રહેતાં. પોરબંદરથી જે શાખા જૂનાગઢ ગઈ તેમાં પુરાતત્ત્વવિદ ભગવાનલાલ ઇંદ્રજી ખ્યાતનામ થઈ ગયા. જે શાખા જામનગર ગઈ તેમાં પ્રાણાચાર્ય પ્રાણશંકર પ્રેમશંકર તથા તેમના પુત્ર અમૃતલાલ વૈદ્ય તરીકે પ્રસિદ્ધિ મેળવી ગયા. અને જે શાખા મોરબી ગઈ તેમાં ભક્તકવિ કેશવલાલ હરિરામ તથા તેમના ભત્રીજા આ ચરિત્રના નાયક પ્રભાશંકર પટ્ટણી થઈ ગયા.

પ્રભાશંકરના દાદાના દાદા ઋગ્નાથ ભટ્ટ પોરબંદરના. એ સારા પૌરાણિક તથા શંકરવેદાંતી તરીકે એટલા જાણીતા હતા કે દ્વારકાધીશના મંદિરે દ્વારકામાં ભાગવત સપ્તાહ વાંચવા જતા તથા કાશી હરદ્વાર વગેરેથી યાત્રાર્થે આવેલા વિદ્વાનો તથા સંન્યાસીઓને મળવા તથા ચર્ચા કરવા માટે દ્વારકાથી તેમને શંકરાચાર્યનું તેડું આવતું. એ ન જઈ શકતા ત્યારે કોઈ કોઈ વિદ્વાન તથા સંન્યાસીઓ તેમને મળવા પોરબંદર આવતા. એ ઋગ્નાથ ભટ્ટ ભરયુવાનીમાં ક્ષયરોગમાં પટકાયેલા. એ રોગ સ્ત્રીશોષથી થયો છે તેવું નિદાન થતાં તેમનાં પત્ની મોટાં વહુએ પોતે જીવનભર બ્રહ્મચર્યવ્રતના પાલનની પ્રતિજ્ઞા લઈ પતિની સેવા કરી. પતિ પૂરેપૂરા સાજા થયા પછી, વંશનો ક્ષય ન થાય એ હેતુથી પોતાની નાની બહેનને પોતાના પતિ સાથે પરણાવી.

એ લગ્નપ્રસંગે મોટાં વહુએ જાતે કંસાર રાંધી પીરસેલો. આ નવી વહુથી ઋગ્નાથ ભટ્ટને બે પુત્ર અને એક પુત્રી હતાં. પુત્રમાં મોટાનું નામ યદુનાથ. નાનાનું નામ વેજનાથ.

બન્ને ભાઈઓ પરણ્યા પછી યદુનાથ કાશીએ ભણવા ગયા અને ત્યાં બાર વર્ષે અભ્યાસ પૂરો કર્યા પછી ત્યાંથી જ સંન્યાસ લઈ ચાલી નીકળ્યા અને તેની ભાળ કુટુંબીઓને કદી લાગી નહિ. એ પછી પિતા ઋગ્નાથ તથા માતાનાં અવસાન થયાં. પતિ સંન્યાસી થઈ જવાથી યદુનાથનાં વહુ જે સ્વભાવે આકરાં હતાં તેમનો સ્વભાવ પોતાને વશ ન રહ્યો. દેરદેરાણીએ તેમની સેવામાં શરીર ગાળી નાખ્યું તોય તેમને સંતોષ ન થયો. વેજનાથ ભટ્ટનું શરીર ભાઈની શોધમાં પડી ગયું. એ પછીયે યદુનાથનાં પત્નીનો સ્વભાવ નરમ ન જ થયો. વેજનાથ ભટ્ટને બે દીકરા. મોટા દીકરા મૂળજીને પરણાવેલો. વેજનાથ ભટ્ટની વરસીમાં યદુનાથનાં વહુ એ રીતે વર્ત્યાં અને બોલ્યાં કે મૂળજી ભટ્ટની બાર વર્ષની વહુએ એથી કંટાળી કૂવે પડી જીવનનો અંત આણ્યો, એ જ રાતમાં એ બન્ને ભાઈઓએ કાકીમાને કે કોઈને કહ્યા વગર રાતોરાત ઘર છોડી પગપાળા મોરબીનો મારગ પકડ્યો. મોરબી તેમનું મોસાળ.

વેજનાથ ભટ્ટ શ્રીમદ્ ભાગવતમાં પારંગત હતા. કાઠિયાવાડ–ગુજરાતમાં વારંવાર એ સપ્તાહ વાંચવા જતા. મોરબીના ઠાકોર જીવાજી બાવા તેમની પાસે દર વર્ષે ભાગવત સપ્તાહ કરાવતા. માગે તેટલાં સીમમાં ખેતર અને ગામમાં મકાન આપી મોરબીમાં રહેવા ઠાકોરે વિનંતી કરેલી, પણ વેજનાથ ભટ્ટે પોરબંદર ન છોડ્યું. એ વેજનાથ ભટ્ટનો એક પ્રસંગ છે :

એકવાર મોરબીમાં સપ્તાહ કરી વેજનાથ ભટ્ટ પોરબંદર આવી રાતે બન્ને નાની વયના દીકરા સાથે ફળીમાં સૂતા હતા ત્યાં ઓરડામાં પટારો ઊઘડતો લાગવાથી ઊઠ્યા અને પટારો ઉઘાડી અંદર ઊતરતા ચોરને પાછળથી પકડ્યો. ભટ્ટની પકડમાંથી ચોર છૂટી ન શક્યો. એ વાઘેર હતો. કંપની સરકાર તથા ગાયકવાડના ત્રાસથી રોટલા વગરના થયેલા વાઘેરોમાંનો એક હતો. કથા વાંચી સારી શીખ લઈ ભટ્ટ તે સાંજે જ આવેલા એટલે હાથ મારવા આવેલો. ભટ્ટે કહ્યું: 'બામણને ઘેર પટારામાં પોથી હોય, પૈસા નહિ. મારે ઘેર હાથ ન મરાય. ભૂખ્યાંને હું ખાલી હાથે જવા દેતો નથી. તને પણ નહિ જવા દઉં.' આમ કહી ચોરને ખાટલે બેસાડી ભાગવતની પોથી છોડી ચોરની પછેડીમાં પોથીબંધણું ખંખેરી, આવેલી બધી શીખ દઈ દીધી અને કહ્યું: 'તારા નસીબના છે, પણ આ ધંધો છોડજે અને કિરતારને યાદ કરીને જીવજે.' તે દિવસથી ઘણા વાઘેરો ભટ્ટને દેવ ગણતા. એ વાઘેરોના છોકરા ભટ્ટના છોકરાઓ સાથે રમવા આવતા અને સાથે ગોફણફેંકની રમતો રમતા. તેમાં ભટ્ટનો નાનો દીકરો જે છોટા ભટ્ટના નામથી ઓળખાતો તેના લાંબે સુધીના અચૂક નિશાનની તારીફ મોટા વાઘેરો પણ કરતા.

એ વેજનાથ ભટ્ટના બન્ને નાના પુત્રોએ અંતરિયાળ પોરબંદર છોડ્યું અને પહેરે કપડે, ઉઘાડે પગે મોરબી આવ્યા. એ વખતે ગાદી પર પથેરાજ હતા. વેજનાથ ભટ્ટ સાથેનો રાજનો સંબંધ તેમણે જાળવેલો. તેમણે આ બન્નેને મોરબીના ભાણેજ ગણી સીમમાં ચાર ખેતર અને ગામમાં ઘર ચણાવી લેખ કરાવી આપ્યા તથા રાજકુળના શોભેશ્વર મહાદેવની શ્રાવણમાસની પૂજા સોંપી.

મૂળજી ભટ્ટ મોરબીના ભાણેજ એટલે ભાણા ભટ્ટ નામથી ઓળખાતા. અને હરિરામ એનાથી નાના એટલે છોટા ભટ્ટ નામથી ઓળખાતા. ભાણા ભટ્ટ ફરી પરણ્યા નહિ. જે કૂવામાં એમનાં વહુ પડીને મરી ગયેલાં તે કૂવાને પાળ કે થાળું સારાં ન હતાં. આથી, ભાણા ભટ્ટ જ્યાં કાચો કૂવો જુએ ત્યાં ગામમાં ભાગવત સપ્તાહ વાંચતા અને શીખમાં ફક્ત એ કૂવાને પાળ કરાવી દેવાનું કહેતા. આમ, એમણે ઘણા કૂવાઓ પાકા કરાવેલા. છોટા ભટ્ટને પરણાવ્યા ત્યારે પરણીને આવનાર ઝવેરવહુની ઉંમર ઘણી નાની હતી. ઘરમાં કોઈ બાઈ માણસ ન હતું. ભાણા ભટ્ટ વહુ પાસે દળણું પાણી કરાવતા નહિ, તેમ રંધાવતા નહિ. એ કામ બન્ને ભાઈઓ જાતે કરતા. અને ભાણા ભટ્ટ નાના ભાઈનાં વહુને ઓછું ન આવે માટે જાતે જુદું જુદું રાંધી ખવરાવતા.

પ્રભાશંકર પોતાનાં દાદાદાદીના હાથમાં ઉછરેલા અને પ્રભાશંકરના જન્મ પછી ભાણા ભટ્ટનું અવસાન થયેલું. આથી, પ્રભાશંકરના બાળમાનસ ઉપર એની ઘણી અસર હતી, જે એ પ્રસંગોપાત્ત કુટુંબમાં કહેતા. એમાંથી થોડી વાત અહીં નોંધવા જેવી છે:

‘જય કનૈયાલાલ કી’ વાળી તાળીપાડુ ભક્તિ પર ભાણા ભટ્ટ ઝોક ન આપતા. પ્રાણીમાત્રના અંતરમાં પ્રભુ રહ્યા છે. માટે, કોઈનુંયે બૂરું ન કરવું, બીજાના ભલા માટે બનતું કરી છૂટવું એમાં ખરી ભક્તિ છે. એમ કહેનાર ભાણા ભટ્ટ કથા વાંચવાનું કામ ક્રમે ક્રમે છોટા ભટ્ટ પર છોડી દઈ લોકજીવનમાં ઓતપ્રોત થઈ ગયા. ઘરના, કુટુંબના અને વહેવારના વિખવાદમાં તેમ જ ઝઘડાના મૂળમાં માણસની ભૂલ ક્યાં થઈ

રહી છે તે સમજાવી, લાંબા સ્વાર્થની નજર આપી, છળકપટ વગરનો અને સરવાળે સુખવાળો વહેવાર પોતે સાથે રહી દેખાડતા. કોઈ એનું ન માને તો નારાજ ન થતા, સંબંધ ન બગાડતા, પણ ધીરજથી મૈત્રીભાવે વર્તતા.

જામનગરમાં જગજીવન દેવજી નામે દીવાન હતા. એ એવા સમર્થ હતા કે ખુદ જામસાહેબથી તેમને દૂર કરી શકાય તેમ ન હતું. ત્યારે દીવાનપદની લાલચ આપી મોતીરામ શામજી બૂચને બોલાવી જામનગર રાખ્યા અને જગજીવનને દૂર કરવા ફાવે તેવા ઉપાયો લેવા છૂટ આપી. આ મોતીરામના કુટુંબ સાથે વેજનાથ ભટ્ટને બે પેઢીનો જૂનો સંબંધ હતો અને એ કુટુંબમાં કથા વાંચવા જતા. વેજનાથ ભટ્ટના અવસાન પછી મોતીરામે જામનગરમાં આવ્યા પછી ભાણા ભટ્ટને ભાગવત સપ્તાહ વાંચવા બોલાવ્યા. એ જામનગર ગયા, કથા કરી, પણ શીખ ન સ્વીકારી. મોતીરામ કચવાયા ત્યારે સ્પષ્ટતા કરતાં તેમણે કહ્યું કે જગજીવન સારા માણસ નથી તે ખરું, પણ તેમને હલકો પાડીને કાઢવા માટે આરબ જમાદારોને આડકતરી રીતે ઉશ્કેરી રાજ્ય વિરુદ્ધ બંડ ઊભાં કરાવવાં અને નિર્દોષ પ્રજાને લુટાવવી, એવી મેલી રમત કરનારને ત્યાંથી શીખ ન લેવાય. વળી, એમ પણ કહ્યું કે ભાગવતનો સામાન્ય ઉપદેશ પણ જો આચારમાં ઉતારવાની દાનત જ ન હોય તો મારી પાસે કથા કરાવવાનો અર્થ નથી. પોતાની ભૂલ જણાય તે તરત છોડવા તૈયાર હોય એવા માણસને હું ખોળું છું. આ મોતીરામનું વર્તન સુધર્યા પછી એમની ઉત્તરાવસ્થામાં ભાણા ભટ્ટે કથા વાંચવી છોડી દીધેલી. છતાં ભાગવત વાંચી તેની શીખ સ્વીકારી હતી.

ઈ.સ. ૧૭૩૪માં મોરબીની ગાદીએ ઠાકોર અલીઆજી આવ્યા અને તેમના મોડજી નામે ભાઈને માળિયાનો ગરાસ મળ્યો, પણ મોડજીને સ્વતંત્ર થવું હતું. આથી, તેમણે મીંયાણા નામે એ વખતે ગુનેગાર ગણાતી જાતિને બોલાવી માળિયામાં વસાવી, મોરબીનાં ગામોની લૂટફાટ કરાવરાવીને મીંયાણાને રક્ષણ આપી, સૈન્યમાં દાખલ કરી, મોરબી સામે લડાઈઓ કરી સ્વતંત્ર રાજ્ય સ્થાપેલું. પછી તો એ મીંયાણાઓ માળિયા ઠાકોરના કબજામાં રહેતા નહિ અને મોરબીનાં ગામો લૂટતા. આથી, મોરબી અને માળિયા વચ્ચે લડાઈઓ રહ્યા જ કરતી અને મીંયાણા વધુ માથું કાઢી ગયા હતા. મોરબીના રાજ્યની વસ્તીને પારાવાર નુકસાન થતું હતું તેમ માળિયાની વસ્તીને પણ થયા કરતું.

આ બધું લડાઈઓથી અને વેરઝેરથી નહિ પણ સમજણ અને સંપથી બંધ થાય, એમ માની ભાણા ભટ્ટ માળિયા પ્રદેશમાં જઈ વસ્તીમાં—મુખ્યત્વે મીંયાણામાં ભળવા લાગ્યા. તેમનો હેતુ અને પ્રયત્ન જાણવામાં આવતાં માળિયા ઠાકોરે આદરથી તેમને માળિયા આવી વસવા વિનંતી કરી. ત્યારે ભાણા ભટ્ટે કહ્યું: ‘મોડજી ઠાકોરને સ્વતંત્ર રાજ્ય સ્થાપવું હતું તે સ્થપાઈ ગયું. હવે તમે ભાઈઓ થઈ હજી લડ્યા કરો છો અને મીંયાણાઓ લૂટફાટ કરે છે, નિર્દોષને મારે છે અને તમનેયે ગાંઠતા નથી. એ બધું બંધ ન થાય અને હું અહીં આવું તો મારાં સગાંમાં અને પાંચ માણસમાં હું શું મોઢું દેખાડું ? માટે, મીંયાણાને વારો અને મોરબી સાથે સંબંધ સુધારો. એમાં તમારી ગાદીનીયે સલામતી છે. આ બધું અટકાવવા હું મીંયાણા સાથે ભાઈબંધી કરી મારગ સુઝાડવા આવ્યો છું. એમાં તમે મને મદદ કરો એ મને માળિયે રાખ્યા બરાબર છે.’

માળિયા ઠાકોરે ભાણા ભટ્ટને ઘણી મદદ કરી. થોડાં વર્ષોની જહેમત પછી મીંયાણાઓ ભાણા ભટ્ટને પોતાના ગણી આજ્ઞા પાળતા. સ્વભાવબળે ચોરી કે લૂંટ કરી આવે અને એની ભાણા ભટ્ટને જાણ થાય તો ભટ્ટના કહેવાથી તેમની સાથે જઈ લૂંટનો માલ પાછો આપી આવતા. ભટ્ટને સાથે જવાનું કારણ એ કે માલ પાછો લઈને મૂળ ધણી લૂંટ યાદ કરી વેર ન વાળે. મૂળ ધણી પાસે રંધાવી ભાણા ભટ્ટ મીંયાણાઓને જમાડવાનું કરતા અને પછી કહેતા કે જેનો રોટલો ખાધો તેમની હારે જીવનભર નેકીથી વર્તવું જોઈએ. જેમ માળિયાનાં તેમ મોરબીનાં ગામોમાં કરતા. આમ, સંબંધો સુધારવાના કામમાં સરહદનાં ગામોમાં સીમમાં રાતે ચોકી કરતા. એમ કરતાં એમણે જિંદગી ગાળી નાખી. મોરબીના રવાજી ઠાકોરને તેમણે કહેલું અને ઘણાંને કહેતા કે આ કામ એક માણસનું કે પાંચદશ દાયકાનું નથી પણ બધા માણસનું અને પેઢી દર પેઢીનું છે. આ રીતે સીમમાં ચોકી કરતા એક રાતે એકાએક છાતીમાં દુખાવો ઊપડ્યો અને સીમમાં જ એ અવસાન પામી ગયા.

છોટા ભટ્ટે આ કામમાં ભાઈને સાથ આપેલો અને ભાઈ ગયા પછી એ કામ પોતાની રીતે કરતા. આ ભાઈઓના સંબંધોને યાદ કરી છોટા ભટ્ટના પૌત્ર યુવાન પ્રભાશંકરને માળિયા ઠાકોરે બોલાવીને નોકરીએ રાખેલા. કામ એટલું જ કે રાજકુટુંબમાં સાથે રહી તેમને રાજધર્મ સમજાવવો.

એકવાર છોટા ભટ્ટ કથા વાંચવા લીંબડી ગયેલા. દરમિયાન ત્રણ ચાર મીંયાણા મોરબીની હદમાં થઈ જામનગર જતા હતા. તેમને મોરબીની પોલીસે આંતરી કંઈ પૂછ્યા વગર કતલ શરૂ

કરી. તેમાંથી એક નાસી છૂટ્યો અને તેણે મોરબીની હદમાં લૂટફાટ તથા ખૂન શરૂ કર્યાં. ભારે જહેમત છતાં ન એ પકડાતો હતો કે ન ઠાર થતો હતો. ભટ્ટે મોરબી આવી વાત જાણી અને માળિયે જઈ તપાસ કરી તો જાણવા મળ્યું કે એ મીંયાણા લૌકિકે જતા હતા અને અગાઉ તેમાંથી કોઈએ મોરબીની હદમાં કંઈ ગુનો કરેલો નહિ. વગર વાંકે કતલ થઈ તેથી બચેલો મીંયાણો વીફર્યો છે. આથી, છોટા ભટ્ટે મોરબી ઠાકોરને મળી મીંયાણા સાથે સમાધાન કરી લેવા દરખાસ્ત મૂકી પણ ઠાકોરે તે નકારી કાઢી. મીંયાણાનાં તોફાન વધ્યાં. છેવટે ઠાકોરે છોટા ભટ્ટને એ મીંયાણાને મનાવી લેવા કહ્યું. ભટ્ટે કહ્યું : ‘આપ બેઉ મોઢામોઢ બેસો અને નિવડો લાવો. વેર યાદ રાખ્યે સમાધાન ન થાય.’ રવાજી કબૂલ થયા. ભટ્ટ એ મીંયાણાને હથિયાર વગરનો કરી તેડી લાવ્યા. ઠાકોરે કહ્યુંઃ ’ભટ્ટ, તમે જાઓ, અમે સમજી લઈશું.’

ભટ્ટ ગયા પછી ઠાકોરે એ મીંયાણાને પકડાવી કેદમાં નાખ્યો. સાંજે ભટ્ટને ખબર પડી. એ ઠાકોરને મળ્યા. ઠાકોરે કહ્યુંઃ ’એના ગુના ઘણા છે. ફાંસી દેવી છે. એની સાથે સમાધાન ન હોય.’ અંગ્રેજ અમલદારની સલાહ અને રાજ્યના સેનાપતિની ચડામણીથી ઠાકોરનો વિચાર બદલાઈ ગયેલો.

છોટા ભટ્ટ ઉશ્કેરાઈ ગયા. અમલદારોના સાંભળતાં તેમણે કહ્યુંઃ ’એક રાજાના વચને હું તેને લાવ્યો છું. તમે રાજા થઈ વિશ્વાસઘાત કરો છો એનું પરિણામ બૂરું આવશે. તમે એને છોડો અને બદલામાં મને ફાંસી દો.’

’તમને કંઈ કરવું નથી. અમારે ગુનેગારને દંડવો છે.’ કોઈ અમલદારે કહ્યું.

ભટ્ટે કહ્યું: ‘એને કંઈ થશે તો હું મોરબી હરામ કરી છોડી જઈશ. તમે સમજો કે તમે એને તમારી બહાદુરીથી નથી પકડી લાવ્યા. હું એને મનાવીને લાવ્યો છું. એટલે એ ગુનેગાર નથી, એ મીંયાણો નથી, હું છું, મારું રૂપ છે અને તેથી રાજ્યનું ભલું કરે તેમ છે. તમે એને એકને મારશો પણ એની પાછળ ઘણા મીંયાણા છે. એ છૂટા છે. તેઓ તમને છોડશે નહિ એ કેમ નથી સમજતા ? જો એને આ ઘડીએ જ નહિ છોડો તો આખી દુનિયાને મોરબીની દુશ્મન કરીશ. હું ભાગવત વાંચું છું છતાં હું આમ કરું એવો છું અને કરીશ. મારે તમારું પાણી અત્યારથી હરામ છે. શું જોઈને તમારા બાપે અમને મોરબીમાં વસાવ્યા છે ?’

આમ કહી છોટા ભટ્ટ ઊઠી નીકળ્યા. પાછળ ઠાકોર ગયા અને કહ્યું: ‘ભટ્ટ, તમારી વાત ખરી છે. ચાલો, આપણે સાથે બેસી અત્યારે જ નિવેડો લાવીએ.’ ભટ્ટ અને ઠાકોર સાથે ગયા. સમાધાન થયું. ઠાકોરે એ મીંયાણાના ગુના માફ કરી મોરબીની જેલનો ઉપરી (જેલર) બનાવ્યો. એ જેલમાં મીંયાણા પણ હતા. અને મીંયાણા સામે ધીંગાણા થતા તેમાં રાજ્યની પોલીસ સાથે તે જતો. એવા એક ધીંગાણામાં મીંયાણાને હાથે એનું મોત થયેલું.

છોટા ભટ્ટે વાઘેરો સાથેનો જૂનો સંબંધ કાયમ રાખેલો. વાઘેરોએ જ્યારે બંડ કર્યાં ત્યારે પોરબંદર, જૂનાગઢ, જામનગર, મોરબી વગેરેનાં ગામ ભાંગતા. એક વખત એ મોરબી પર ચડી આવ્યા. ગામમાં ફફડાટ થયો. એ વખતે છોટા ભટ્ટ એક ધાબળી પહેરી ભાગવત વાંચતા હતા. ગળામાં મોટા પારાની

રુદ્રાક્ષની માળા હતી. ખબર સાંભળી એ ઊઠ્યા અને બાળપણથી ફેરવતા એ ગોફણ ફેંકતા વાઘેરો સામે ઘોડે ચડીને ગયા. બંદૂકધારી વાઘેરો સામે વગર હથિયારે ધાબળી પહેરેલ આધેડ માણસને આવતો જોઈ નવાઈ સાથે વાઘેરોએ બંદૂક તાકી. ત્યાં તો એ લોકોએ જ છોટા ભટ્ટને ઓળખ્યા. એ નજીક આવ્યા ત્યારે તેમને ભેટ્યા. ભટ્ટે કહ્યું: 'તમને આવતા સાંભળીને ભાઈબંધોને ભેટવા દોડ્યો આવ્યો છું. તમે ક્યાંથી, હાલો મારી પરોણાગીરી સ્વીકારો. ખાઈને જજો.'

પેલાએ કહ્યું: 'આજે નહિ આજ અમે લૂટવા નીકળ્યા છીએ. તમને શીખ દેશું.' ભટ્ટે કહ્યું: 'મોરબીના બાવા રવાજી રાજધણી છે પણ લોકો મને 'બાપા' કહીને પૂછે છે. હું જીવતાં નહિ લુટાવા દઉં. લૂટીને શીખ દો એ શીખ ન કહેવાય, પાપની વહેંચણી કહેવાય. સાચી શીખ એ કે જેથી સામા જીવનું ભલું થાય. એ શીખ હું આપું, હાલો મારે ત્યાં.'

આવી ખેંચતાણ પછી લૂટનો ઈરાદો છોડી વાઘેરો છોટા ભટ્ટના મહેમાન થયા. રવાજી ઠાકોરે ભટ્ટનું માન રાખી અજુગતું પગલું ન ભર્યું. છોટા ભટ્ટે સહુને જમાડી, કથા દ્વારા શિખામણ દીધી, વિદાય કર્યા અને થોડે સુધી વળાવવા સાથે ગયા. વાઘેરો પાસેથી વચન લીધું કે ફરી મોરબીના કોઈ ગામ પર તેઓ નહિ ત્રાટકે.


આ વાત નીકળતી ત્યારે પ્રભાશંકરના પુત્ર અનંતરાય પટ્ટણીની આંખમાં આંસુ આવી જતાં, થોડી વાર બોલી ન શકતા અને પછી કહેતા: **'That way he lived and we must also live – તેઓ એમ જીવ્યા અને આપણે પણ એમ જીવવું જોઈએ.'** ❑

॥ હરિઃૐ ॥

## ૨. જન્મ અને બાલ્યાવસ્થા

છોટા ભટ્ટને પાંચ સંતાનો. ત્રણ પુત્રોમાં દલપતરામ સહુથી મોટા. તે પછી કાનજી અને સહુથી નાના 'કેશવકૃતિ'ના કર્તા ભક્તકવિ કેશવલાલ. બે પુત્રીમાં મોટી રતન, નાની રેવા. મોટી દીકરીનાં લગ્ન નંદરામ પીતાંબરના પુત્ર મહીધર વેરે કર્યાં અને પુત્ર દલપતરામનાં લગ્ન એ જ નંદરામની પુત્રી મોતી વેરે કર્યાં. આ દલપતરામને ત્યાં **ઈ.સ. ૧૮૬૨ના એપ્રિલની ૧૫મી તારીખે સૂર્યોદય વખતે પુત્રનો જન્મ થયો.** દાદા હરિરામે પૌત્રના જન્માક્ષર માંડ્યા,[૧] ચૈત્રી પૂનમનો જન્મ હતો એટલે જાતસંસ્કાર સાથે ગ્રહશાંતિ કરાવી અને ભાવફળ જોતાં પત્નીને બોલાવી કહ્યું: 'ડોશી, તારો આ દીકરો મોટો થશે ત્યાં સુધી આપણે તો બેઠાં નહિ હોઈએ પણ આ પુણ્યાત્માનો આપણે ત્યાં જન્મ થયો એ આપણાં અહોભાગ્ય.

૧. **શ્રી. પ્રભાશંકર પટ્ટણીના જન્માક્ષર**
**તા.૧૫-૪-૧૮૬૨**
**जन्म**



આ દીકરો રાજા જેવો સંપત્તિવાન થશે, પણ એ દીન ગરીબનો બેલી છે. એને હાથે સહુનું ભલું થશે અને સ્વભાવે સાવ અકિંચન બ્રાહ્મણ રહેશે.’

આવા પૌત્રના જન્મથી અહોભાગ્ય ગણનારાં દાદી છોકરાને ખોળામાં લઈ, છાતીએ વળગાડી, માથે હાથ ફેરવી આશીર્વાદ આપતાં અને એ છોકરો ઘોડિયામાં ઊંઘતો હોય ત્યારે ભવિષ્યવાણી યાદ કરી ઊંઘતા છોકરાને પગે લાગી થંભી જતાં. **રતનફોઈએ એ છોકરાનું નામ પ્રભાશંકર પાડ્યું, પણ દાદાદાદી તેને ‘કુંકો’ કહી બોલાવતાં.**

પુત્રને દોઢેક વર્ષની ઉંમરનો મૂકી પ્રભાશંકરનાં જનેતા મોતીબાઈ કૉલેરામાં અવસાન પામ્યાં. એ પછી બેત્રણ વર્ષે દલપતરામનાં ફરી લગ્ન જૂનાગઢના મોહનલાલ હરિનંદની બહેન શિવકુંવર સાથે થયાં. દલપતરામ સંસ્કૃત તથા વૈદું ભણેલા. એમનો ઉપયોગ ક્યારેક થતો. દલપતરામના મામાઓ બ્રહ્મનિષ્ઠ જયકૃષ્ણ જીવણરામ અને પ્રભુરામ જીવણરામને પોરબંદર, લીંબુડા, બાંટવા, માણાવદર વગેરે રાજ્યમાં જમીનો હતી અને તેઓ પોતે આર્યધર્મ સંસ્કૃતિના ફેલાવા માટે મુંબઈ જઈ વસેલા, જ્યાં વેદધર્મસભા નામે સંસ્થા સ્થાપેલી. તેથી, એમની ગરાસની જમીનનો વહીવટ ભાણેજ દલપતરામને સોંપી તેમને માણાવદર રાખેલા. પગારદાર નોકર તરીકે નહિ પણ કુટુંબી તરીકે દલપતરામે આ કામ સંભાળેલું, પણ દશેક વર્ષની સેવા પછી મામાઓએ વેતન આપવું શરૂ કરેલું.

પ્રભાશંકરનાં જનેતા મોતીબાઈનાં અવસાન પછી તેમનો ઉછેર દાદાદાદીના હાથમાં હતો. નમાયા પૌત્રને સંભાળવાની

દૃષ્ટિથી નહિ, પરંતુ ભાવિમાં થનારા મહાત્માની, પોતે ત્યારે નહિ હોય માટે આજે બને તેટલી સેવા કરી લેવી, એવી દૃષ્ટિથી આ વૃદ્ધો એમને ઉછેરતાં. છોટા ભટ્ટને તેમના મોટા ભાઈ ભાણા ભટ્ટ સાથે ચાર ધામની યાત્રાએ જવાનો સંકલ્પ હતો. તેઓ બન્નેએ ચૈત્રમાં સંકલ્પ કર્યો હતો કે નવરાત્ર કરી યાત્રાએ નીકળી જવું. ત્યાં તો જેઠ માસમાં ભાણા ભટ્ટનું અચાનક અવસાન થઈ ગયું. સાથે ન જવાયું તો છેવટે ભાઈનાં અસ્થિ લઈ છોટા ભટ્ટે યાત્રાએ જવા નિશ્ચય કરેલો, પણ બેચાર વહેવાર ઉપરાઉપરી આવ્યા. છોટા ભટ્ટ પોતે પણ સારી પેઠે બીમાર થઈ ગયેલા, પણ પછી પ્રભાશંકર પાંચેક વર્ષના થયા ત્યારે છોટા ભટ્ટ મોરબીના વૈદ્ય ચકુ ગોવિંદ તથા જામનગરના ઉમિયાશંકર વિષ્ણુરામને સાથે લઈ ચાર ધામની યાત્રાએ ગયા. જ્યાં જતા ત્યાં ખોળામાં ભાઈનાં અસ્થિ લઈ તીર્થજળમાં સ્નાન કરતા અને મંદિરે દેવ સંમુખ ધરી દર્શન કરતા. છેવટે ગંગામાં એ અસ્થિ પધરાવી વર્ષ આખરે મોરબી પાછા આવ્યા. ભાઈ વગરની યાત્રા કરવી પડી તેના ખેદમાં પાછા ફરતાં, એ ભાઈની ચિતા જેનાં પાણીથી પોતે ઠારી હતી એ મચ્છુ નદીને ઓળંગી ગામમાં આવતાં છોટા ભટ્ટ બેભાન થઈ ઢળી પડ્યા. તેમને પછેડીમાં ઊંચકી ઘેર લાવવામાં આવ્યા. બે કલાક પછી ભાન આવ્યું ત્યારે પડખામાં પ્રભાશંકર બેઠા હતા તેમને વળગી પડ્યા. પછી ઝવેરમાએ ભટ્ટની ગેરહાજરીમાં વેવાઈને ઉતાવળ હતી તેથી પુત્ર કાનજીનાં લગ્ન કરી લીધાંની અને સહુથી નાના પુત્ર કેશવલાલનાં લગ્ન લીધાંની વાત કરી.

આ પછી થોડા દિવસોમાં છોટા ભટ્ટે ઘરની બધી ઘરવખરી (સ્ત્રીઓને કરિયાવરમાં મળેલી વસ્તુઓ સિવાયની) બ્રાહ્મણોને કૃષ્ણાર્પણ કરી દીધી. એ દિવસોમાં યાત્રા કરી આવનાર કોઈ કોઈ ગૃહસ્થો એવું કરતા. ભટ્ટે આયુર્વેદની, વેદાંતની તથા ભાગવતની જાતે નકલ કરેલી પોથીઓ પણ આપી દીધી. ધન તો હતું જ નહિ. એમની એ સ્થિતિ જાણનાર સદ્‌ગૃહસ્થો કંઈ આપવા ધારે તો એ લેતા નહિ. દાન ન લેતા, કોઈ ધર્મક્રિયા કરાવી હોય તો દક્ષિણા લેતા અને તેવે વખતે પહેલાં મળતી તેથી વધુ દક્ષિણા કોઈ આપે તો અગાઉ મળતી તેટલી રાખી બાકીની કાં તો યજમાનને પાછી આપતા અથવા બીજાને દાનમાં દઈ દેતા. બાળક પ્રભાશંકર દાદાનું આ આચરણ જોયા કરતા.

પ્રભાશંકરના કાકા કાનજીનાં લગ્ન પ્રભાશંકરની પાંચેક વર્ષની વયે થયાં. કાનજીકાકાનાં સાસુ અવસાન પામી ગયાં, સસરાને ગામડાંઓમાં ફરવું પડતું. લીંબુડા ગામમાં એ જ્ઞાતિનું ઘર ન હતું. સાતઆઠ વર્ષના પુત્ર જાદવજીને આંગળીએ વળગાડી સાથે ગામડે ફેરવી શકાય, પણ ત્રણચાર વર્ષની દીકરી દયાકુંવરને સાથે ફેરવાય કે ઘેર એકલી મૂકી જવાય એવું ન હતું. એટલે છોટા ભટ્ટે આગ્રહ કરવાથી તેમણે મોટી દીકરી અવલકુંવરની સાથે નાની દીકરી દયાકુંવરને મોકલી.

પ્રભાશંકર અને દયાકુંવર લગભગ સમાન વયનાં હતાં. કુટુંબના માણસને તેમ પૌત્ર પ્રભાશંકરને છોટા ભટ્ટ કહેતા: ‘કુંકા, જો બાપુ, એને વેળા પડી છે, નહિ તો વેવાઈના

ઘરની છોકરી આપણે ઘેર હોય ! એને રાજી રાખજે, રમાડજે, ઓછું આવવા દઈશ મા.' છોટા ભટ્ટ આ બન્ને બાળકોને જાળવતા, આંગળીએ વળગાડી નદીએ તથા કુબેરનાથના મંદિરે લઈ જતા, સાથે ભણાવતા, રમાડતા, વાર્તાઓ કરતા. છોટા ભટ્ટે આ બે બાળકોમાંથી સંભાળનું પ્રથમ સ્થાન દયાકુંવરને દીધું હતું. કંઈ ભાગ દેવો હોય તો પહેલાં દયાકુંવરને આપી પછી પ્રભાશંકરને આપતા. પ્રભાશંકરને પણ એવી ટેવ પડી ગઈ કે દયાકુંવરે ભાગ ખાધો ન હોય ત્યાં સુધી પોતે ખાય નહિ. કોઈ વાર દયાકુંવર મંદવાડને કારણે જમે નહિ તો પ્રભાશંકરને પરાણે જમવા બેસાડવા પડે અને ત્યારે ગળે કૉળિયો ન ઊતરવાથી તે ઊભા થઈ જાય. આ ટેવ એવા સ્વભાવમાં પરિણમી કે બીજાને આપ્યા વગર એ ખાઈ ન શકતા. તેમની આઠનવ વર્ષની ઉંમરે મામાના દીકરાની જનોઈ વખતે જ્ઞાતિભોજનવેળાએ કોઈના કહ્યા વગર જાતે બધાં બાળકોને પીરસવામાં રોકાઈ, એ સહુ જમ્યા પછી પોતે જમવા બેઠા. એ જોઈ હરખનાં આંસુ સાથે દાદા એમને ભેટ્યા હતા.

યાત્રાએથી આવી છોટા ભટ્ટે સર્વસ્વ કૃષ્ણાર્પણ કરેલું. તેથી, ઘરની આર્થિક સ્થિતિ એવી થઈ હતી કે રાત્રે એકલા બાજરાના રોટલા થતા અને તે મીઠે દાબીને ખવાતા, પણ આવી ગરીબીનું દુઃખ કુટુંબમાં કોઈને ન હતું. દાદીમા ઝવેર પોતા માટે વધેલું જમવાનું માગવા આવેલાને ખવડાવી દઈ ભૂખ્યાં સૂઈ રહેતાં અને પોતે દઈ શક્યાં તેથી રાજી થતાં એ પ્રભાશંકરે ઘણી વાર જોયેલું,

કુટુંબમાં દાદા છોટા ભટ્ટ એવું સમજાવતા કે **જેના મનમાં ધનની, માનની કે કોઈ પણ વસ્તુ મળે તેની લાલચ હોય, તે જ દરિદ્ર છે. ધન ન હોવું એ દારિદ્રય નથી. પાસે ભલે કંઈ ન હોય પણ તે બાબતનો કંઈ જ વલોપાત ન હોય એવું અકિંચનપણું એ દારિદ્રય નથી, પણ નિરુપાધિક અવસ્થા છે.**

## દાદા-પૌત્રનો પ્રેમ

દાદાની આ વાત પ્રભાશંકરને એ વયે સમજાતી નહિ. વૃદ્ધાવસ્થાને કારણે રાતે કોરો રોટલો ચાવી કૉળિયો ગળે ઉતારતા દાદાને કેટલી મુશ્કેલી પડતી હતી તે પડખે બેસીને જમનાર પૌત્ર પ્રભાશંકર જોયા કરતા હતા. એક વખત સાંજે છોટા ભટ્ટ બહારથી આવ્યા ત્યારે ઝવેરડોશીને ઓસરીમાં ઉપરવટણે કંઈક વાટતાં જોઈને શું વાટો છો, એમ પૂછ્યું. ત્યારે દાદાએ જાણ્યું કે પૌત્ર કુંકો નિશાળેથી આવ્યો ત્યારે આંબલીનો કોર લેતો આવ્યો છે તેની ચટણી વટાય છે. આથી, તેમણે કુંકાને બોલાવીને એ આંબલીનો કોર ક્યાંથી લઈ આવ્યો તે સંબંધમાં પૂછ્યું અને જ્યારે જાણ્યું કે એ નિશાળના ચોગાનની આંબલીનો કોર છે ત્યારે દાદાએ પૂછ્યુંઃ 'કોર કોણે ઉતારી દીધો?'

'મેં ઉતાર્યો.' પૌત્રે કહ્યું.

'તું ઝાડે ચડ્યો હતો ? જનોઈયાળ છોકરાથી ઝાડે ચડાય ? કેમ ચડ્યો હતો ?' આમ કહી ગુસ્સે થયેલા દાદાએ ઓશરીની થાંભલીએ વર્ષોથી બાંધી રાખેલું વેતરું છોડ્યું અને બેવડું વાળી પૌત્રના વાંસામાં સબોડ્યું અને કહ્યુંઃ

'મારે તું ખોટનો દીકરો છો. ઝાડે ચડે તે મારે ન પોસાય. જનોઈયાળ થઈ જો ફરી ચડ્યો છે તો આમ મારીશ.' એમ

કહી ફરી વાર વેતરું વાંસામાં વીંઝી દીધું. દાદીમાએ આડા પડી છોકરાને છોડાવી ગોદમાં દાબી દીધો.

તે રાતે રોજ મુજબ પોતાની એક બાજુ દયાકુંવર અને બીજી બાજુ કુંકાને લઈ દાદા જમવા બેઠા. કાકી અવલકુંવર લાજ કાઢી રોટલા ઘડતાં હતાં. પાસે જમાડવા માટે દાદીમા બેઠાં હતાં. સામી ભીંતે ચાડા પર દિવેલનો દીવો બળતો હતો. જમવામાં થાળીમાં રોટલા અને મીઠાની સાથે આજે ચટણી હતી. દાદાએ ચટણી સાથે રોટલો ખાધો અને ગળગળા થઈ બોલ્યાઃ ‘આજે ખાધું ભાવે છે, મારે ગળે રોટલો ઊતરે.’ અને તે સાથે દાદાની આંખમાંથી આંસુ ટપકી થાળીમાં પડ્યાં. બાજુમાં બેઠેલો કુંકો દાદા તરફ તાકી રહ્યો. લાજમાંથી સોંસરવાં કાકી રોટલો ઘડતાં આ દૃશ્ય જોઈ રહ્યાં.

વળતે દિવસ ફરી કુંકો આંબલીનો કોર લઈ આવ્યો. કાકીએ ચટણી વાટી. સાંજે ઘેર પાછા આવ્યા ત્યારે દાદાને ખબર પડી એટલે વધુ ગુસ્સે થઈ કુંકાને વેતરાથી ઝૂડ્યો. ‘ના પાડી હતી તોય ઝાડે ચડ્યો હતો કે !’

છોકરાએ હા કહી એટલે દાદાએ તેને વધુ માર્યો. ‘ચડીશ ઝાડે ?’ છોકરાએ ઉત્તર ન દીધો એટલે દાદાની આંખમાં આંસુ આવી ગયાં તોય પૌત્રને વધુ માર પડ્યો. આજે આડું કોઈ પડે તેમ ન હતું. દાદી પાડોશમાં ગયેલાં. દાદાએ કહ્યુંઃ ‘ઝાડે ચડી તારે મારું મોત બગાડવું છે ?’

ત્યાં ડોશી આવ્યાં. છોકરાને છોડાવી લીધો. દૂર જઈ ગોદમાં લઈ પૂછ્યુંઃ ‘બેટા. તારા દાદા તને આટલું મારે છે, તો ઝાડે ન ચડતો હોય તો ?’

'દાદાનું હું માનત પણ દાદાને કાલે રોટલો ભાવ્યો એટલે હું લાવ્યો, દાદાને કૉળિયો ગળતાં કેવું થાય છે ?' છોકરાએ સામું પૂછ્યું.

રાતે બે પડખે છોકરાં લઈ છોટા ભટ્ટ જમતા હતા. ગળે કૉળિયો અટક્યો અને તેમણે ઉપર પાણી પીધું. તે જોઈ દાદીમાએ કહ્યું: 'ચટણી મૂકી છે.'

'જોઈ, મારે એ ખાવી નથી.' દાદાએ કહ્યું: 'દીકરા કહ્યું ન માને તો તેમનો દાદો કેમ ખાઈ શકે ?'

થોડી વાર રહી દાદીએ કહ્યું: 'કુંકા, તું કેમ ચટણી નથી ખાતો ? તું તો ખા.'

દાદાએ કહ્યું: 'એ નહિ ખાય. એણે મારા માટે કરાવી છે.'

કુંકાએ કહ્યું : 'દાદા, તમે ચટણી ખાશો તો મોટી બાયે ખાશે. હવેથી હું આંબલીએ નહિ ચડું.'

અને દાદાએ ચટણી ખાધી. પછીથી જ્યારે જ્યારે પ્રભાશંકર આંબલીનો કોર લાવે ત્યારે કોઈ ભરવાડને વાંસડેથી પડાવીને લાવે.

એ વખતમાં બ્રાહ્મણોમાં આચાર બહુ પળાતો. હરિજનો નિશાળમાં ભણતા નહિ એટલે અસ્પૃશ્યતાનો એ પ્રકારનો પ્રશ્ન ન હતો. છતાં નિશાળમાં પ્રભાશંકર પાણી ન પીતા. ઘેર આવી નિશાળનાં કપડાં ગાયની કોડમાં ખીંટી પર ટાંગી, લંગોટી પહેરી બેસતા અને તેમનાં કાકી કે દાદી તેમને નવરાવતાં. શિયાળો હોય તોય નાહવામાં પાણી ઠંડું જ વપરાતું. રોજ વહેલી સવારે દાદાની સાથે મચ્છુ નદીમાં નાહવા જનાર પ્રભાશંકરે નિશાળેથી આવી 'આ રીતે નાહવું ઠીક ન પડતું કે ઠીક ન હતું' તેવી પછીથીયે કદી ફરિયાદ કરી ન હતી.

## પ્રભાશંકરની ઉદારતા

પ્રભાશંકર પહેલી અંગ્રેજીમાં ભણતા ત્યારે એક વિદ્યાર્થીને વારંવાર કહ્યા છતાં તે અંગ્રેજી પાઠ્યપુસ્તક ખરીદી નહિ લાવેલો. તે કારણે શિક્ષકે સોટીને અભાવે તેને આંકણીથી ઘણો માર્યો. પ્રભાશંકર પાસે તેમના કાકા ભણી ગયેલા તે ચોપડી હતી, પણ કાકાની હોવાથી તેમને પૂછ્યા વગર ન દેવાય એમ માની તે વખતે ન આપી. ઘેર આવી તેમણે કાકા કેશવલાલને વાત કરી. કાકાએ તેમનો વાંસો થાબડ્યો. કાકાએ બીજા દિવસની સવાર સુધીમાં ઘણા સારા અક્ષરે એ ચોપડીની નકલ, ચિત્રો વગેરેની, આઠ પેજી ફૂલ્સકૅપના માપમાં કરી આપી. સવારે જ એ કાકાવાળી લખેલી ચોપડી પેલા વિદ્યાર્થીને ઘરે જઈ પ્રભાશંકર આપી આવ્યા. નિશાળમાં શિક્ષકે તેમને પૂછ્યું: 'તેં તારી ચોપડી આ વિદ્યાર્થીને આપી દીધી ?'

પ્રભાશંકરે કહ્યું: 'એ ચોપડી મારા કાકાની છે. મારા કાકાના કહેવાથી હું તેને દઈ આવ્યો.'

કાકાએ નકલ કરી આપેલી તે વડે પ્રભાશંકર ભણ્યા. એ નકલ ઈ.સ. ૧૯૩૩ સુધી ઘરમાં હતી, ઈ.સ. ૧૯૨૯માં સંધિવાના ઉપચાર માટે પ્રભાશંકર રાજકોટ આવેલા ત્યારે એ નકલ હું તેમની પાસે લઈ ગયેલો. અંગ્રેજ અમલદારોને મળી થાકીને સાંજે એ આવ્યા અને સાફો કાઢી ખુરશીમાં બેઠા ત્યારે મેં એમના હાથમાં એ મૂકી. જોઈને થાકેલું એમનું મોઢું ચમક્યું પણ આંખ ભીની થઈ. એ નકલ પહેલાં છાતીએ અને પછી માથે મૂકી એ બે ક્ષણ આંખો બંધ કરી ગયા.

છોટા ભટ્ટ પૂજાપાઠમાં વધુ બેસતા. નિત્ય અઢારે અધ્યાયનો એકધારો પૂરો ગીતાપાઠ કર્યા વગર એ ઊઠતા નહિ. ભાગવત સપ્તાહ વાંચવા જવા ઉપરાંત, બપોર પછી ઘરમાં નિત્ય વંચાતું. રાતે રામાયણ મહાભારતમાંથી કથાઓ થતી. આમાં આખું કુટુંબ જોડાતું. અગિયાર વર્ષની ઉંમર સુધીમાં પ્રભાશંકરે દાદા પાસેથી ગીતાનો બારમો તથા પંદરમો અધ્યાય અને ભાગવતમાંથી થોડીક સ્તુતિઓ તેમ જ ભર્તૃહરિ નીતિશતક કંઠસ્થ કરેલાં. મહામહોપાધ્યાય શાસ્ત્રી શંકરલાલ માહેશ્વરને ત્યાં જઈ તેમની પાસેથી પણ કંઈક શીખતા. એ ક્રમ તો શાસ્ત્રીજી ઈ.સ. ૧૯૧૭માં કૈલાસવાસી થયા ત્યાં સુધી ચાલુ હતો. દાદાની અસર એમના પર એટલી હતી કે પ્રભાશંકર વૃદ્ધ થયા પછીયે કહેતા કે હજીયે કોઈ કોઈ વાર દાદાના ગીતાના પાઠના અવાજ સ્મરણ કર્યા વગર પણ સંભળાય છે.

પ્રભાશંકરના મામા મહીધર ભટ્ટ વેરે પ્રભાશંકરનાં રતનફોઈને આપેલાં. મહીધર ભટ્ટમાં જવાબદારીનું ભાન ઓછું અને પ્રમોદની વૃત્તિ વધુ હતી. નવા સુધારાના મોહમાં વિલાયતી આચારવિચારથી દેશ ઊંચે આવે એવી સમજણથી તેમણે યથેચ્છ વર્તન શરૂ કર્યું. એ વખતે તેમને બે પુત્રો હતા. પતિનાં વર્તનથી પત્ની દુઃખી હતાં. એ પતિની બધી સેવા કરતાં પણ ‘પત્ની’ તરીકે નહિ. પતિને તેમણે કહેલું કે હું તમને પરણી એ વાત ખરી પણ હું કુળવધૂ છું. બે છોકરાંની જનેતા છું. કુળધર્મ નહિ છોડું અને એ ધર્મ પ્રમાણે તમારી સેવા પણ નહિ છોડું. એ પતિની સેવા કરતાં પણ પતિની કમાણીમાંથી ઘર માટે કશું ન વાપરતાં. રતનફોઈએ હવેલીનું દળણું શરૂ કર્યું. કમોદ ઓઘાવતાં. મહીધર ભટ્ટનું ઘર ગરીબ ન ગણાતું એટલે

રતનફોઈની આ પ્રવૃત્તિ ગામલોકના જાણમાં આવી. છોટા ભટ્ટ મોરબીના બાપ ગણાતા. તેમનાં દીકરી રતનને ઘણાં ઓળખતા. તેમના તરફના માનને અંગે કોઈ સહાય કરવા જતું તો એ ન લેતાં. એ કહેતા : **'ભાગ્યમાં હોય તે ભોગવ્યા વગર છૂટકો નથી. ભાગ્યમાં જેવું હોય તેવું થવા દો. પારકું દીધું કોઈ દી ઊગતું નથી અને એ પાછું દેવું પડે છે.'**

જ્ઞાતિપ્રસંગ સિવાય બાપને ઘેર પણ એ જમવા સુધ્ધાં ન જતાં. એ કહેતાં કે મારાં સગાં નણંદ જીવતાં હોત તો જુદી વાત હતી, પણ એ નથી ત્યારે એને સાસરે ન આવી શકું. આમ છતાં નણંદને ઠેકાણે આવેલાં ભાઈ દલપતરામનાં વહુ-છોકરાંને તે જમવા બોલવતાં. પ્રભાશંકરને દર બારશ-અમાસે હઠ કરીને જમવા તેડી જતાં અને પોતાને ત્યાં થોડા દિવસ રાખતાં પણ ખરાં. પ્રભાશંકર વૃદ્ધ થયા ત્યારે પણ કહેતા કે હું બાળક હતો ત્યારે ઘણી વાર મોસાળ રાત રહેતો અને રાતમાં જ્યારે જાગું ત્યારે ફોઈ ઘંટી ફેરવતાં હોય તે સંભળાતી. કુળધર્મને કારણે જાતે સ્વીકારેલી ગરીબીનો ભોગવટો, અથાગ પરિશ્રમ, હસતું મોઢું, દૂધનો એક ઘૂંટડો પીધા વગર ગાયોની ચાલુ સેવા, વહેવારમાં સમોવડિયા પેઠે વર્તાવ અને સગાંસંબંધી, પાડોશી, જેનું બને તેનું સહુનું ભલું કરી છૂટવાની તત્પરતા અને એકાંતમાં પ્રભુસ્મરણ, એ સંબંધે પ્રભાશંકર ઘણી વાર વાતો કરતા. એ બતાવે છે કે એમનાં ફોઈની અસર તેમના પર ઘણી હતી.

પ્રભાશંકરના મન ઉપર આવી જ બીજી અસર હતી તેમના કાકા કાનજીભાઈના મિત્ર શિવશંકરની. એમનું ખરું

નામ રામશંકર હતું, પણ અમારા કુટુંબમાં કોઈ કારણે તેમને શિવશંકર કહેતા. શિવશંકરનાં મા નાનપણમાં ગુજરી ગયેલાં. પછી એ ભયંકર માંદા પડેલા ત્યારે છોટા ભટ્ટે તેમને તથા તેમના પિતાને ત્યાં લઈ આવી, રાખી દવા કરેલી. શિવશંકર જીવી ગયા. તે અને છોટા ભટ્ટના વચેટ દીકરા કાનજી સરખી ઉંમરના. એટલે બન્ને છોટા ભટ્ટ પાસે સાથે ભણવા બેસતા. શિવશંકરનાં લગ્ન નાની વયે થયેલાં, પુત્ર પણ થયેલો પણ સ્ત્રીપુત્ર બન્ને ટૂંક વખતમાં ગુજરી ગયેલાં. તેમણે ફરી લગ્ન ન કર્યાં. પિતાએ શિવશંકરને કહેલું કે તમને છોટા ભટ્ટે જીવતદાન દીધું છે. માટે, તેમના માટે જીવ દેવો પડે તો જીવ દઈને પણ તેમની સેવા કરી છૂટજો. વિધુર થયા પછી તે ઘણું ખરું છોટા ભટ્ટને ત્યાં રહેતા. ભાઈઓથી નોખા થઈ તે એકલા રહેતા. છોટા ભટ્ટ નદીએ નાહવા જાય ત્યારે સાથે જતા અને તેમનું ધોતિયું ઝીંકીને ધોઈ દેતા. કાનજીભાઈ સાથે એટલો મેળ હતો કે એમનાથી છૂટા ન પડતા.

પ્રભાશંકરને એ સારી રીતે જાળવતા. એમના ઉછેરમાં રસ લેતા. એમને યાદ કરી પ્રભાશંકર કહેતા કે બીજામાં શું સદ્‌ગુણો રહ્યા છે અને કેવી સ્થિતિમાં કઈ રીતે માણસ વર્તે છે તે જોવાનું એ શીખવતા, ખાસ કરીને દાદા – છોટા ભટ્ટ તરફ અતિ ભક્તિભાવ હોવાથી તેમની દરેક ક્રિયાને આદર્શરૂપ ગણતા. પ્રભાશંકર પંદરેક વર્ષની ઉંમરના હશે ત્યારે છોટા ભટ્ટને તાવ ચડ્યો. કાનજીકાકાને ત્યાં પુત્રજન્મ થયેલો તે નિમિત્તે જે નૈવેદ્ય કરવાં જોઈએ તે તરત કરી લેવા દાદાએ કહ્યું અને કારણમાં જણાવ્યું કે પોતાને રિષ્ટ (અમંગળ કરનારો

યોગ) છે. આ સાંભળી એ સારા જોશી હતા એટલે બધાં કાળજીથી સેવા કરવા લાગ્યાં, તેમાં પ્રભાશંકરે જોયું કે શિવશંકરકાકા રાતદિન જોયા વગર સેવા કરતા. દાદા હરતાફરતા હતા. નૈવેદ્ય થઈ ગયાં. ચૈત્ર વદ આઠમની સવારે પૂજાના પાટલા પર ભીષ્મસ્તવરાજનો પાઠ કરતાં એ ઢળી પડ્યા. હૃદય બંધ પડવાથી અવસાન થયું. શિવશંકરકાકાને એ આઘાત ઓછો ન હતો. એ ઝવેરમાની સેવામાં રોકાયેલા રહેતા. દાદાની વરસી પછી તરત ઝવેરમા અવસાન પામી ગયાં.

ઘરની સ્થિતિ સારી ન હતી તેમ બહુ ખરાબ પણ ન હતી. દલપતરામભાઈ માણાવદર મોસાળમાં વહીવટ સંભાળતા. કાનજીભાઈની નવી નોકરી કોટડા–સાંગાણી થઈ તેથી તે ત્યાં ગયેલા. કેશવલાલભાઈ જામનગર હતા. ત્રણેય ભાઈઓની સ્ત્રીઓને સુવાવડ આવે તેમ હતું. એ વર્ષે દુકાળ પડ્યો. અનાજનાં ભૂંસાં, વાંસની ગાંઠો, પીપળ પીપળાના પેપડા વગેરે સાથે હાથલા થોરના ડોડવાનો રસ મેળવી, તે ખાઈ ઘણાં લોકો પેટ પૂરતા.

એ વખતે શિવશંકરકાકા કુટુંબની સંભાળ લેતા ડેલીએ બેઠા રહેતા. પ્રભાશંકરને સંસ્કૃત શીખવતા. ત્રણેય ભાઈઓની સગર્ભા સ્ત્રીઓને ભાગવત વાંચી સંભળાવતા. દુકાળને અંગે ખેતરની ઊપજ ન હતી. આપમેળે આવતું સીધું બંધ પડ્યું હતું. અનાજની તાણને અંગે લોકો બ્રાહ્મણોને લોટ આપી ન શકતા. એ વખતે શિવશંકર તાંબડી લઈને નીકળે. કોઈ વાર

પ્રભાશંકરને સાથે લે અને છોટા ભટ્ટના ઘર માટે લોટ માગે અને મેળવે. પરિણામે એ ભૂખ્યા પણ રહે. પ્રભાશંકરે આ જોયું. તેમણે કાકીને વાત કરી જે એમને આગ્રહ કરી કહેતા કે શિવુભાઈ, કુંકાને (પ્રભાશંકરને) એકલું ખાવું ગમતું નથી અને તેથી ભૂખ્યો ઊઠી જાય છે. માટે, તમે તેમની સાથે જમો. બહુ આગ્રહને અંતે એ જમતા.

સુવાવડનો સમય નજીક આવ્યો. પેટવડિયે કામ કરનાર દલપતરામભાઈ માણાવદરથી કંઈ મોકલી શકે તેમ ન હતું. મોસાળનો વહીવટ ઘણો કરેલો એટલે માગે તો મળે તેમ હતું, પણ દલપતરામભાઈ આંખને અણસારેયે પોતાની જરૂરિયાત બતાવતા નહિ, એ માગે તો ક્યાંથી જ ? એમનાં પત્ની શિવકુંવરે તે છતાં તેમના પર પત્ર લખાવી, ઘરની હાલત જણાવી, કંઈ મોકલવા લખ્યું ત્યારે તેમણે જણાવ્યું કે ઘરમાં અફીણ હોય તો ઘોળીને પી જજો, હું કંઈ મોકલી શકું તેમ નથી. આ પછી કાનજીભાઈનાં વહુએ પૈસા મોકલવા પતિ પર શિવશંકરકાકા પાસે પત્ર લખાવ્યો ત્યારે પ્રભાશંકર ત્યાં બેઠેલા. કવર બંધ કરી સરનામું કર્યું ત્યારે પ્રભાશંકરે કહ્યુંઃ “કાકા, એ પરબીડિયું મને આપો. હું ટપાલમાં નાખી દઈશ.” એ કવર પ્રભાશંકરે ટપાલમાં નાખ્યું. કાનજીકાકાને એ કવર મળ્યું. તે પર સરનામા સિવાય પાછળ શબ્દો હતા : – ‘કાકા, આપણે ત્યાં કંઈ પણ મોકલો તે પહેલાં શિવુકાકાને ચોક્કસ કંઈક મોકલશો. એમની હાલત આપણા કરતાં ઘણી ખરાબ છે, જોવાતી નથી. પ્રભાશંકર.’

ઠાકોર તોગાજીને મળી કાનજીભાઈએ ચડત પગારમાંથી બે માસનો પગાર મેળવી રૂપિયા અગિયાર શિવુકાકાને અને અગિયાર પોતાને ત્યાં મનીઑર્ડરથી મોકલ્યા. શિવુકાકાનો મનીઑર્ડર પાછો ફર્યો.

થયું એવું કે રોજના ક્રમ પ્રમાણે એક સવારે શિવુકાકા ન આવ્યા એટલે પ્રભાશંકરે તેમને ત્યાં જઈ જોયું તો એ સખત ઝાડા-ઊલટીમાં સપડાયા હતા. પ્રભાશંકર ત્યાંથી સીધા ઝંડુ ભટ્ટજીના ભાઈ રાજવૈદ્ય પોપટભાઈને જોવા તેડી લાવ્યા. ઉપચાર કર્યા, પણ કૉલેરા અસાધ્ય નીવડ્યો. છેવટ સુધી પ્રભાશંકરે શિવુકાકાના પગ દાબ્યા કર્યા.

વૃદ્ધાવસ્થામાં પ્રભાશંકર ત્રણ વ્યક્તિઓને યાદ કર્યા કરતા. એક કેશુકાકા, બીજા રતનફોઈ અને ત્રીજા શિવુકાકા. પોતાના વહેવારમાં એ ત્રણેયની અસર જોઈ શકતા.

❏

॥ હરિઃૐ ॥

## ૩. પ્રભાશંકરનો અભ્યાસકાળ

ગુજરાતી સાત ચોપડીનો અભ્યાસ કરી આગળ અભ્યાસ કરવા પ્રભાશંકર રાજકોટ આવ્યા. રાજકોટમાં ઝંડુ ભટ્ટજીના ભાઈ વૈદ્યરાજ મણિશંકરે દવાખાનું શરૂ કરેલું. ત્યાં ઘણી વિશાળ જગ્યા હતી. દરદીઓને રહેવા માટે અનેક ઓરડા હતા. એ દવાશાળાના વહીવટ માટે ગોપાળજી શાસ્ત્રી નિમાયા હતા. એ ઘણા કરકસરિયા હતા. પ્રભાશંકરના એક મિત્રે રહેવા-ખાવાની ગોઠવણ વિશે પુછાવ્યું, તેના ઉત્તરમાં પ્રભાશંકરે જણાવ્યું કે અહીંનો બંદોબસ્ત કેવો છે તે તમને ખબર હશે. ઠામવાસણ અને ગાદલું ઘેરથી લાવ્યો છું અને ઉમેર્યુંઃ

**"જ્યાં ગાયના ખડતણી સળિયો ગણાય,**
**ત્યાં કેમ પેટ ભરી રોટલીઓ ખવાય ?"**

પણ પ્રભાશંકરને એ વાતનો ખેદ કે રોષ હોય તોય ઓછો હશે તેમ લાગે છે, કારણ કે એક બીજા પત્રમાં તેમણે લખેલુંઃ

**"હું હાલમાં લોભકથા ભણું છું,**
**ગોપાળજીનો ગુણ એ ગણું છું."**

ગોપાળજી શાસ્ત્રીની કડકાઈની જાણ થતાં થોડા વખત પછી વૈદ્યરાજ મણિશંકરના પુત્ર ત્ર્યંબકલાલને દવાખાના પર મૂકવામાં આવેલા. તે ઉદારદિલ હતા અને તેમના વહીવટ દરમિયાન વિદ્યાર્થીઓ વધેલા. એ વખતમાં મોરબીથી ભટ્ટ હરિલાલ ઝીણા, જામનગરથી પટ્ટણી પ્રાણશંકર પ્રેમશંકર તથા પાઠક દલપતરામ વલ્લભરામ તથા ગોંડલથી ભટ્ટ મણિશંકર રતનજી (કાંત) અહીં સાથે રહી ભણેલા, કાવ્યવિનોદ કરતા.

કાવ્યવિનોદમાં ભાગ લેવા સહાધ્યાયીઓમાંથી બલવંતરાય ક. ઠાકોર તથા પાછળથી વાંકાનેરમાં રાજકવિ થયેલા તે નથુરામ સુંદરજી પણ હતા.

મોરબીમાં હેડ માસ્તર કાશીરામ દવે હતા. રાજકોટની ‘કાઠિયાવાડ હાઈસ્કૂલ’ના હેડ માસ્તર મિ. ગીમી હતા. બન્નેનાં વખાણ પ્રભાશંકર કરતાં. પ્રભાશંકરની અભ્યાસમાં વિશિષ્ટતા ન હતી. તેઓ કહેતા કે મૅટ્રિકના પહેલા વર્ષમાં મેં ધ્યાન આપેલું નહિ, પરિણામે નપાસ થયો. બીજે વર્ષે ચાનક લાગી અને કાઠિયાવાડમાં હું પહેલે નંબરે પાસ થયો.

## ઉત્તમ નિબંધ

હેડ માસ્તર મિ. ગીમી વિશે તેમણે એક પ્રસંગ કહેલો. પ્રભાશંકરે કહ્યું કે ગીમી સાહેબે મને કોઈ દિવસ કશું જ કહ્યું ન હતું, પણ એક વખત વર્ગમાં લાકડી લઈ મારા તરફ ઉતાવળા ઉતાવળા આવ્યા અને મને લાગ્યું કે આજ આપણું નસીબ ઊઘડ્યું, પણ પાસે આવ્યા અને હસી પડ્યા. ગીમી સાહેબને નિબંધોનો ઘણો શોખ હતો. પોતે લખતા પણ ઘણું સારું. છોકરાંઓ પાસે વારંવાર નિબંધો લખાવતા. એક વખત ‘ફ્રેંડશિપ – મૈત્રી’ ઉપર નિબંધ લખવા આપ્યો. મેં એક સ્વપ્નનો ઉલ્લેખ કરી કાલ્પનિક નિબંધ લખ્યો. દર શુક્રવારે નિબંધો તપાસવાનો નિયમ હતો. મેં વિચિત્ર નિબંધ લખ્યો છે માટે ઠપકો મળશે એવી બીકથી હું તે શુક્રવારે ગેરહાજર રહ્યો, પણ મારો નિબંધ ગીમી સાહેબને સહુ કરતાં વધારે પસંદ પડ્યો અને વર્ગમાં એ નિબંધ આખો વાંચી સંભળાવ્યો અને કહ્યું કે જુઓ, પ્રભાશંકરે લખ્યો છે તેવો નિબંધ લખવો જોઈએ.

ગીમી સાહેબની પહેલાં ઉત્તમરામ માસ્તર હતા. તેઓ ભણાવતા સારું પણ બધાં છોકરાંઓને તેઓ એમના બાપનાં નામથી જ બોલાવતા. એમને છોકરાંઓનાં નામ કરતાં એમના બાપનાં નામ, કોણ જાણે કેમ વધારે યાદ રહેતાં.

## ક્રિકેટપ્રેમી શ્રી પ્રભાશંકર

પ્રભાશંકર રમતગમતમાં સારો ભાગ લેતા. ક્રિકેટ, ફૂટબૉલ વગેરે સારું રમી જાણતા. મિ. જાઈલ્સ નામે એક સાહેબ જ્યારે હાઈસ્કૂલનું ઇન્સ્પેક્ષન કરવા આવતા ત્યારે તેઓ હાઈસ્કૂલની ટીમની આગેવાની લઈ રાજકુમાર કૉલેજની ટીમ સામે રમતા. આવી એક રમતમાં દાવ લેતાં જાઈલ્સ સાહેબની સાથે પ્રભાશંકર થઈ ગયા. બન્નેએ સારા રન કર્યા. તેથી, જાઈલ્સ સાહેબ એવા ખુશ થયેલા કે બીજે દિવસે અંગ્રેજીની મૌખિક પરીક્ષા લેતી વખતે તેમણે 'હૅલો પ્રભાશંકર' કહી પરીક્ષાનો વિધિ કર્યા વિના ક્રિકેટની વાતો કરી તેમને ઉત્તીર્ણ કર્યા હતા. એ હકીકતથી પ્રભાશંકરને નવાઈ લાગેલી અને ગમેલું પણ નહિ. એ વખતે તેઓ અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં હતા.

## પોતાનું ભાથું છોકરાંઓને દીધું

પ્રભાશંકર રાજકોટમાં ભણતા ત્યારે તેમના કાકા કાનજી હરિરામ કોટડા—સાંગાણીમાં રાજવૈદ્ય હતા. રાજકોટથી કોટડા—સાંગાણી વીશ માઈલ થાય. તે દિવસોમાં રેલગાડી ન હતી. અભ્યાસકાળ દરમિયાન પ્રભાશંકર શનિવારે અને સોમવારે એક ટંક જમતા. દર શનિવારે સવારે હાઈસ્કૂલથી છૂટી, જમ્યા વગર સોમવારની ભણવાની ચોપડીઓ સાથે લઈ, રાજકોટથી કોટડા—સાંગાણી ચાલીને જતા. ઘેર ચોપડીઓ મૂકી મિત્રોને

લઈ નદીએ નાહવા જતા. હનુમાનજીને શ્રીફળ વધેરી રાતે કાકા સાથે જમતા. કોટડાના રાજકુટુંબ સાથે પ્રભાશંકરને પરિચય ત્યારથી થયેલો. સોમવારે વહેલી સવારે કાકીએ બનાવેલું ભાથું લઈ પ્રભાશંકર ચાલી નીકળતા અને સીધા રાજકોટ હાઈસ્કૂલે પહોંચી જતા. જેમને ત્યાં રહી પોતે ભણતા, તેમને ત્યાં એ રીતે એ બે દિવસ ન જમતા. એકવાર એ રીતે કોટડેથી આવતાં એક કુટુંબ સાથે થઈ ગયું. તેમાંનાં બે છોકરાં ભૂખ્યાં થયેલાં. તેમને પ્રભાશંકરે બધું ભાથું આપી દીધું, એમ કહીને કે પોતે સોમવારે એક જ ટંક જમે છે અને રાજકોટ સુધી જ જવું છે. દર સોમવારની પેઠે વૈદ્યરાજ મણિશંકરને ત્યાં એ જમ્યા નહિ, તેમ રસ્તાની વાત કોઈને કહી નહિ.

### સ્કૉલરશિપ ગરીબ વિદ્યાર્થીઓને આપી

એ દિવસોમાં તેમને સ્કૉલરશિપ મળતી તેમાંથી એ ગરીબ વિદ્યાર્થીઓને સહાય કરતા. પ્રભાશંકર ઝંડુ ભટ્ટજીના કુટુંબના જમાઈ થાય. સસરા વૈદ્યરાજ મણિશંકરે એકવાર પ્રભાશંકરને શિખામણ આપતાં કહ્યું કે તમારા આખા કુટુંબની સ્થિતિ સારી નથી, એ વખતે તમને મળતી સ્કૉલરશિપ બીજાને દેવી એ બરાબર નથી જ. આમ કરશો તો આગળ શું કરશો ? પ્રભાશંકરે કહ્યું કે **બીજાની રંક અવસ્થા મારાથી જોઈ શકાતી નથી. બીજાને દઈ શકાય માટે ભગવાન મને આપે છે. મારી ઈચ્છા ઘણું દેવાની છે અને મને વિશ્વાસ છે કે પ્રભુ મને અખૂટ ભંડાર એ માટે જ દેશે.**

પ્રભાશંકરનું પ્રથમ વેવિશાળ ઝંડુ ભટ્ટજીના ભાઈ મણિશંકરનાં પુત્રી કુંકી વેરે થયેલું અને લગ્ન સં. ૧૯૩૪ (ઈ.સ. ૧૮૭૮)ના ફાગણ સુદ બીજના રોજ થયેલાં.

પ્રભાશંકરનું બાળપણનું નામ કુંકો હતું અને કુંકી નામે વહુ મળી. તેથી, કુટુંબમાં કુંકા-કુંકીની જોડલીને સહુએ ભાવથી વધાવેલી, પણ આ લગ્નજીવન ટક્યું નહિ. સં. ૧૯૩૫ના શ્રાવણ સુદ ૪ના રોજ ધ્રોળ મુકામે કૉલેરાથી કુંકીનું અવસાન થયું.

**સ્વમાની શ્રી પ્રભાશંકર**

ઝંડુ ભટ્ટજી અને તેમના ચારેય ભાઈઓ જ્ઞાતિમાં શ્રીમંત ગણાતા. ઝંડુ ભટ્ટજી અને વચલા ભાઈ જયશંકર સિવાય સંપત્તિનો પોરસ નાનાંમોટાં સહુને હતો. એ પોરસમાં એક પ્રસંગે રાજકોટમાં જેમને ત્યાં રહી પ્રભાશંકર ભણતા, તે ઘરની સ્ત્રીએ પ્રભાશંકર જમતા હતા ત્યારે સંભળાવેલું કે તમે ભટ્ટ શેના ? ઝંડુ ભટ્ટજીના કુટુંબના હોય તે સાચા ભટ્ટ, તમે તો નામના ભટ્ટ, અમારા ભટ્ટને કૂલે હોય તે તમારે કપાળે પણ ન હોય. પ્રભાશંકરને આ વાક્યથી ઘણું અપમાન લાગ્યું, ખેદ થયો. તેમણે એ દિવસથી પોતાની અટક બદલીને 'ભટ્ટ'માંથી 'પટ્ટણી' કરી. પ્રભાશંકરના નાના કાકા ભક્તકવિ કેશવલાલ હરિરામે પ્રભાશંકરને આવાં અપમાન ગળી જવા કહ્યું, પણ લગભગ દરેક બાબતમાં કાકાની ઈચ્છાને અનુસરનાર પ્રભાશંકરે પોતાની 'પટ્ટણી' અટક કાયમ રાખી.

પ્રભાશંકરના કુટુંબ પ્રત્યે ઝંડુ ભટ્ટજીને માન તથા લાગણી ઘણાં હતાં અને પ્રભાશંકર પ્રત્યે અસાધારણ સ્નેહ હતો. એ પોતાના ભાઈઓને કહેતા કે આપણા આયુર્વેદને પુનર્જિવિત કરવાની જવાબદારી લઈ શકે એવો પ્રભાશંકર છે. એને આપણે આપણો કરવો છે. એમના કુટુંબની શક્તિ ન હોય તો આપણે

મદદ કરી ભણાવી દાક્તર બનાવશું. એ ઝંડુ ભટ્ટજીના કહેવાથી મણિશંકરે પોતાનાં પુત્રી કુંકીને પ્રભાશંકર વેરે આપેલી.

એ કુંકીનું અવસાન થઈ ગયું. પ્રભાશંકરના કાકા કાનજી હરિરામને બે પરબીડિયાં એકસાથે મળ્યાં. પહેલો કાગળ ફોડી વાંચ્યો તો તેમાં ઝંડુ ભટ્ટજીએ લખેલું: 'પ્રભાશંકર તો અમારા ઘરના જમાઈ છે. તેમને વિશે બીજે વિચાર ન કરશો.' પછી બીજો કાગળ વાંચ્યો. તેમાં કુંકીના અવસાનના સમાચાર હતા. પ્રભાશંકરને કૌટુંબિક સંબંધ દ્વારા પોતાના કરી નાખવા માટે ઝંડુ ભટ્ટજીને કેટલી લાગણી હતી, એ આ નાના પ્રસંગથી પણ સ્પષ્ટ થાય છે.

કાનજીકાકાને તે જ રાત્રે રાજકોટથી ગોપાળજી શાસ્ત્રીનો તાર મળ્યો કે કુંકીના મરણના સમાચાર જાણી પ્રભાશંકર ઘેરથી ચાલ્યા ગયા છે અને બે રાત ગઈ તોય આવેલ નથી. તરત ઘોડે ચડી કાનજીકાકા રાજકોટ ગયા અને ભત્રીજાની પ્રકૃતિ જાણનાર કાકાએ બીજા દિવસે સાયંકાળ ટાણે આજી નદીની કોતરમાંથી તેમને ખોળી કાઢ્યા અને ઘેર લાવ્યા. પત્નીના મરણનો આ આઘાત પ્રભાશંકરને કેટલો લાગ્યો હશે તેની માહિતી નથી, પણ ઈ.સ. ૧૯૩૨માં પ્રથમ પત્નીની વાત કરતાં તે ઢીલા થઈ ગયેલા.

આ પછી ઝંડુ ભટ્ટજીના સહુથી નાના ભાઈ રાજવૈદ્ય વિશ્વનાથનાં મોટાં પુત્રી રમા સાથે ઈ.સ. ૧૮૮૧માં તેમનું લગ્ન થયું. મોટા ઘરની દીકરી ગરીબ સાસરિયામાં દીધી છે એનો અફસોસ પિયરિયામાં હતો અને એમ કહેતાં પણ ખરાં. એકવાર એ પિયર હતાં અને સસરા દલપતરામે તેમને સાસરે

તેડાવવા વેવાઈ પર પત્ર લખ્યો. વૈદ્યરાજ વિશ્વનાથે જવાબમાં જણાવ્યું કે જમાઈરાજ હજી ભણે છે, એ રળવા માંડે ત્યાં સુધી ભલે મારે ત્યાં રહી. આ ઉપરાંત, કોઈ સાથે કહેવરાવ્યું કે હાલ તમારી સ્થિતિ નબળી છે. પ્રભાશંકર કમાવા માંડે પછી તેડાવો તે જ ઠીક. આ જવાબથી પ્રભાશંકરને માઠું લાગ્યું. તેમણે પત્ની રમાને લખ્યું કે તમારા પિતાએ આવો જવાબ લખ્યો છે. અમે ગરીબ છીએ એ જોયા અને સમજ્યા છતાં તમને મારી સાથે પરણાવ્યાં છે. હું જેવો છું તેવો છું અને તેવો જ રહેવાનો છું. સંપત્તિ આવવા-જવાવાળી છે. તમારે મારી જરૂર ન હોય અને સંપત્તિ સાથે કામ હોય તો તમે ખુશીથી તમારે માવતરને ત્યાં રહેજો. હું તેડવા નહિ આવું. અમે ગરીબ ગણાઈએ છીએ, પણ આંગણે અતિથિઓ આવ્યા કરે છે અને સંતોષ લઈને જાય છે.

દીકરીએ પોતા પર આવેલ કાગળની વાત કરી, છતાં માતાપિતાએ મોકલવા ના કહી. રમાવહુએ પ્રભાશંકરને લખ્યું કે જ્યાં તમે ત્યાં હું. મારાં માબાપ ના કહે છે પણ જો તમે તેડવા આવશો તો હું તરત પહેરે કપડે તમારી સાથે હાલી આવીશ.

સાસુસસરાએ પોતાની દીકરીનું મન સમજવું જોઈએ તેમ માનનાર પ્રભાશંકર આવો કાગળ મળવા છતાં તેડવા ગયા નહિ. આ હકીકતનો પૂરો ખ્યાલ આવવાથી કોટડા—સાંગાણીથી પ્રભાશંકરનાં કાકાકાકી માણાવદર આવ્યાં. કાકી અવલકુંવરે પ્રભાશંકરને સમજાવતાં કહ્યું કે દીકરીને સાસરે મોકલવા સંબંધમાં વેવાઈ આપણને ના લખે અને ના કહેવા પાછળ

આવાં કારણ જણાવે ત્યારે અપમાન લાગે એ દેખીતું છે, પણ વહુ તો તારી છે. એણે તને મનદુઃખ થાય તેવું કાંઈ લખ્યું નથી. એ તારી હારે રહેવા માગે છે. હું તો એમ કહું કે આપણે આપણું હિત વિચારવું, અપમાન ગળી જવું. એમણે અપમાન કર્યું એમ લાગે છે, કારણ કે એમણે આપણી નજરે આપણને જોયા નથી. સાસુસસરા સાથે કામ પડે ત્યારે પડે બાકી એ કંઈ તારી હારે રહેવાનાં નથી, વહુ તો આખી જિંદગી હારે છે. એ આપણી નજરે ભાવથી જુએ છે. એનું દિલ ન દુભાય, આપણું ભવિષ્ય સુધરે અને વેવાઈ તરફ ઉદારતા દેખાડીએ તો આપણાપણું શોભે.

પ્રભાશંકરને વાત સાચી લાગી, પણ તેમણે કહ્યું કે વેવાઈ તેડી જવાનો કાગળ ન લખે અને એ સ્થિતિમાં બાપુજી કે હું કે તમે કે કાકા, કોઈ તેડવા જઈએ ત્યારે વહુના દેખતાં થોડું કે અપમાન જેવું થાય અને આપણે ખમી ખાઈએ તો વહુના મન પર કેવી અસર થાય ? વળી, વહુને એમ પણ ન થવું જોઈએ કે સાસરિયામાં મારાં માવતર વિશે સારું બોલાતું નથી. આ તો સાવ આવાં જ છે એમ લાગે તો જિંદગી બગડી જાય. બન્નેનું માન જળવાય તેવો ઉપાય ગોતું છું. માટે, વેવાઈનો તેડી જવા માટે સરખો કાગળ આવે તો થાય.

ત્યાંથી કાનજીકાકા અને કાકી ઘરકામ નિમિત્તે મોરબી આવ્યાં અને વેવાઈ વિશ્વનાથભાઈને ત્યાં મળવા ગયાં. વેવાણે ફરિયાદ કરી કે માણાવદરથી દલપતરામભાઈનો કાગળ હતો કે રમાવહુને મોકલો. અહીંથી વૈદ્યરાજે જવાબ લખ્યો કે જમાઈરાજ હજુ ભણે છે તો છોકરી ભલે અહીં રહી. વૈદ્યરાજે

તો સાચું જ લખ્યું હતું, પણ જમાઈરાજને ખોટું લાગી ગયું. એમણે રમાને કાગળ લખ્યો કે તારા બાપ પૈસાવાળા છે તો ભલે તું બાપને ઘેર રહે, હું તને તેડવા નહિ આવું. મારે તારું કામ નથી. આમ જમાઈરાજે લખાય ?

અવલકુંવરે કહ્યું કે પ્રભાશંકર મારો ભત્રીજો પણ એની જનેતા બેઠી નથી તેથી હું જ મા છું. એના વતી માફી માગી હું કહું કે એને કંઈ જ ન લખાય, પણ હવે હું તમનેય કહું. પ્રભાશંકરે તો કરતાં છોકરવેડા કર્યા, પણ આપણે શું કરવું છે ? માનઅપમાનને માઠાં લગાડવાં છે કે આપણાં છોકરાં કેમ સુખી થાય તે જોવું છે ? રમાને જો સાસરું ગરીબ લાગતું હોય અને તેથી સાસરે જવા મન ન હોય તો ભલે તમારે ત્યાં રહી. રમા શું કહે છે ? વેવાણે કહ્યું કે એ તો સાસરે જવા તૈયાર છે. અવલકુંવરે કહ્યું કે તો પછી શું હરકત છે ? વિચારવાનું શું છે ?

વેવાણે કહ્યું કે પ્રભાશંકરનો આવો આકરો કાગળ આવ્યો, હવે હારીને લખતા હોય એમ વૈદ્યરાજ લખે કે આવીને તેડી જાઓ, એ વૈદ્યરાજ જેવા માટે ઠીક નથી. વૈદ્યરાજ એ ન કરે.

અવલકુંવરે કહ્યું કે તમારા આખા કુટુંબની સગી છું. એકલી વેવાણ નથી, એટલે કહું છું કે એ તંત કહેવાય. આપણાં છોકરાં સુખી થાય એ લાગણી જો સાચી અને બળવાન હોય તો બીજું બધું ખમી ખાઈને છોકરાં સુખી થાય તેમ કરવું જોઈએ. હું તમને એમ કહું કે તમે રમાને મારી હારે કોટડે મોકલો. રમાના સાસરામાં સહુથી મોટી સ્ત્રી હું છું. મારી સાથે મોકલવામાં કોઈ હરકત નહિ, પણ મારા જેઠ પર માણાવદર

વિશ્વનાથ ભટ્ટ કાગળ લખે કે કોટડેથી તમારાં ભાઈભાભી અહીં આવેલાં તેમની સાથે સૌ. રમાને વળાવી છે, માણાવદર પહોંચે ત્યારે પહોંચ લખશો. વિશ્વનાથભાઈને પૂછી જોજો.

આ વાત પછી વિશ્વનાથભાઈએ દીકરીને વળાવી. રમાવહુ કોટડા આવ્યાં. ત્યાં થોડા દિવસ રહ્યાં પછી પ્રભાશંકર તેને માણાવદર તેડી ગયા.

એ ઉંમરથી જ્ઞાતિપ્રસંગે જ્ઞાતિભોજન વખતે પ્રભાશંકર એ મતલબનો શ્લોક બોલતા કે **દારિદ્રની સાક્ષાત્ મૂર્તિ તો યાચના કરવી તે છે. અકિંચનપણું – પાસે કંઈ ન હોય, ન રાખ્યું હોય એ દારિદ્ર નથી. શંકરને કેવળ લંગોટ જ છે, છતાં તે જગતના પરમેશ્વર છે.**

એ વખતમાં મૅટ્રિકની પરીક્ષા અમદાવાદમાં લેવાતી. મૅટ્રિક થઈ આગળ એ દાક્તરી અભ્યાસ માટે મુંબઈ ગયા. મેડિકલ કૉલેજમાં દાખલ થયા. સ્વાસ્થ્ય એમનું સારું ન રહેતું અને રહેવાખાવાની સગવડ ન હતી. ડૉ. બહેરામજીને તબિયત બતાવી તથા તેમની સૂચના મુજબના યોગ્ય આહાર માટે ઓરડી ભાડે રાખી દેશમાંથી પત્નીને તેડાવીને રહ્યા, પણ ઘરખર્ચ નીકળે એમ ન હતું. કાકા કેશવલાલ હરિરામ મુંબઈમાં જ હતા પણ તેમને રહેવા ઘર ન હતું. પત્નીને દેશમાં રાખી પોતે એકલા મુંબઈ રહેતા. વેદધર્મસભાના સ્થાપક બ્રહ્મનિષ્ઠ જયકૃષ્ણ જીવણરામ તથા પ્રભુરામ જીવણરામ તેમના મામા થાય. તેમના તેડાવવાથી જ આર્યધર્મના અભ્યુદય માટે સેવા આપવા વેદધર્મસભાના કેશવલાલ હરિરામ સેક્રેટરી થયા અને 'આર્યધર્મ પ્રકાશ' નામે માસિકના તંત્રી થયા. એ ત્યાં પાંચ છ

વર્ષથી બહુ ટૂંકા પગારે સેવા કરતા, મામા પ્રભુરામ જીવણરામને ત્યાં જમતા અને 'આર્યધર્મ પ્રકાશ'ની ઑફિસે રહેતા, રાતે ત્યાં જ બાંકડા પર સૂઈ રહેતા. પ્રભાશંકરને આર્થિક મદદ કરી શકે તેવી તેમની કે માસિક રૂપિયા પાંચનો પગાર મેળવનાર કાકા કાનજી હરિરામની તેવડ ન હતી. આ બન્ને મામાની ઘણી જમીન – ગરાસ બાંટવા – માણાવદરમાં હતાં. જેનો વહીવટ પ્રભાશંકરના પિતા દલપતરામ કરતા, પહેલાં પેટવડીએ અને પછી જૂજ પગારે. એ પણ પુત્રને કશું મોકલી શકે તેમ ન હતું. મામા પ્રભુરામ ભાણેજ કેશવલાલને તથા પ્રભાશંકરને આશા દેતાં કહેતા : 'હા, કંઈક કરશું', પણ લાંબા વખતથી એ શબ્દો જ સાંભળવાથી વહેવાર ચાલે તેમ ન હતો. ખર્ચ પોષાય તેમ ન હોવાથી પત્નીને દેશમાં મોકલી કાકા કેશવલાલના કહેવાથી તે શેઠ શ્રી ગોકળદાસ તેજપાલની બોર્ડિંગમાં દાખલ થયા. પ્રભાશંકરને ડૉક્ટર બનાવવાની ઝંડુ ભટ્ટજીની ઈચ્છા ઘણી હતી. આથી, તેઓ સ્વેચ્છાએ મદદ કરતા, પણ શ્વસુરપક્ષના બીજાં લોકો ક્યારેક અવમાનથી – તુચ્છતાથી વર્તે છે તેમ પ્રભાશંકરને લાગતું હોવાથી, ઝંડુ ભટ્ટજી પાસેથી બને તેટલી ઓછી સહાય લેવાનો પ્રભાશંકરનો ઈરાદો હતો. આથી, જરૂરી કરકસરના હેતુથી પ્રભાશંકર બોર્ડિંગમાં દાખલ થયા. હાઈસ્કૂલમાં સાથે હતા તે મિત્ર હરિરામ ઝીણા પણ એ જ બોર્ડિંગમાં દાખલ થયેલા. ત્યાં રહેવાખાવાનું તથા કપડાં મફત મળે તેમ હતું. આમ છતાં પાંચ વર્ષ સુધી તેમાં જ રહેવું, સ્કૂલ કે કૉલેજ સિવાય બીજે જવાય જ નહિ, તેવી આકરી બંધણી માટે પ્રભાશંકર તૈયાર થઈ શક્યા નહિ

તોય યત્નથી રહ્યા. પ્રભાશંકર કહેતા : ‘હું ગરીબ છું એવું પહેલવહેલું ભાન મને ત્યાં થયું. એવું રાજકોટમાં હું ભણતો અને રાતે બાંકડા ઉપર સૂઈ રહેતો ત્યારે જે ભાન થયું ન હતું, તે બોર્ડિંગમાં થયું.’

આ બોર્ડિંગમાં રહી એકાદ વર્ષ ભણ્યા. એમના પ્રોફેસરોને પ્રભાશંકરમાં ઘણી આશા હતી, પણ પ્રભાશંકરને પેટનો દુખાવો થયો અને સારી પેઠે બીમાર થઈ ગયા. આર્થિક સ્થિતિ ખરાબ હતી. કોઈને મદદ માટે કહેવું પડે તેમાં પ્રભાશંકરને શરમ લાગતી હતી. પિતાને તથા કાકાને લખી જણાવ્યુંઃ ‘આ સ્થિતિમાં મારે હવે ભણવું નથી. મારે સ્વતંત્રપણે આજીવિકા માટે કંઈક કરવું છે.’

આમ, ૧૮૮૬ની વચમાં ભણતર છોડી મુંબઈથી માણાવદર આવ્યા.

❑

॥ હરિઃૐ ॥

# ૪. નોકરીના પ્રારંભે

તબિયતના કારણે તબીબી અભ્યાસ છોડી પ્રભાશંકર માણાવદર પાછા આવ્યા ત્યારે માણાવદરમાં કારભારી તરીકે નાગર સદ્‌ગૃહસ્થ પ્રભાશંકર દલપતરામ દેસાઈ હતા. તેમને દલપતરામ ભટ્ટ સાથે સારો સંબંધ હતો. નોકરી શોધતાં પહેલાં પ્રભાશંકરે તબિયત સુધારવા માણાવદરમાં રહેવાનું હતું. એ સમયમાં એમણે કારભારી પ્રભાશંકરનાં સૂચનથી ઘેરબેઠાં કાયદાનો અભ્યાસ કર્યો અને સનદ મેળવી. એક બે વખત એ કોર્ટમાં પણ ગયેલા, પરંતુ આજીવિકા માટે વકીલાત ન કરવાનો સંકલ્પ કર્યો. એ કહેતા કે કાયદાનું જ્ઞાન જીવનવહેવારમાં જરૂરી છે, બીજાને પણ તેથી સલાહ દઈ શકાય, પણ વકીલાત એ આપણા જેવા માટેનો ધંધો નથી.

પ્રભાશંકરનું વૈદકીય જ્ઞાન અને અનુભવ સારાં હતાં. શાળાના અભ્યાસ દરમિયાન રજાના દિવસોમાં એ ઝંડુ ભટ્ટજીના ભાઈ મણિશંકર ત્યાં હોય તો તેમની પાસેથી તથા કાનજીકાકા પાસેથી વૈદું શીખતા. પ્રભાશંકરને ડૉક્ટર ન થવું હોય તો જેમ રસશાળાની રાજકોટ તથા મુંબઈમાં શાખા ખોલેલી તેમ ભાવનગરના અમલદારો તથા અગ્રગણ્ય શહેરીઓની માગણીથી ભાવનગરમાં શાખા ખોલી ત્યાં તેમને મૂકવાનો વિચાર ઝંડુ ભટ્ટજીનો હતો. તબિયતમાં સુધારો થયે પ્રભાશંકરને કોઈ પણ સ્થળે વૈદ્ય તરીકે ઝંડુ ભટ્ટજી મૂકી શકે તેમ હતા, પણ અમુક અનુભવે ઝંડુ ભટ્ટજીના આશ્રિત થવા પ્રભાશંકરનું મન માનતું ન હતું. પ્રભાશંકરે ઝંડુ ભટ્ટજીને ના કહી, વિનયથી કહી તોય

પ્રભાશંકરને પોતે વૈદ્ય તરીકે યોજી ન શક્યા, તેમ પોતાની પાસે રાખી ન શક્યા, તેનો ખેદ ઝંડુ ભટ્ટજીને રહ્યો.

નોકરીની પ્રારંભિક દશાની વાત કહેતાં પ્રભાશંકરે કહેલું: '૧૮૮૬માં ટાઈમ્સ ઑફ ઇંડિયામાં 'એ વૉલન્ટીઅર ફૉર સ્લેવરી — 'A Volunteer for Slavery' નામનો લેખ લખ્યો. તેના ઉપર બીજે દિવસે ટાઈમ્સના તંત્રીએ ટીકા પણ કરી હતી. એ લેખમાં બે મુદ્દાઓ ચર્ચ્યા હતા. એક તો તે વખતે અપાતી ગુલામી માનસ કેળવતી કેળવણી સંબંધી અને બીજું, છેવટે લખ્યું હતું કે 'જો કોઈને ગુલામ જોઈતો હોય તો તે માટે હું ઉમેદવાર છું.'

કારભારી પ્રભાશંકરને આ યુવાન પ્રભાશંકરનાં સ્વભાવ, સૂઝ અને શક્તિ માટે વિશ્વાસ હતાં. તેઓ પ્રભાશંકરને માસિક રૂ. ૨૦/- ના પગારે માણાવદર રાજ્યની નોકરીમાં લેવા તૈયાર હતા, પણ પિતાને તેમની સાથે ઘર જેવો સંબંધ હોવાથી એ નોકરી ન સ્વીકારી. એ વખતે રાજકોટની રાજકુમાર કૉલેજમાં રૂ. ૧૫/- ના પગારથી કંપાઉંડરની એક જગ્યા ખાલી પડેલી. કારભારી સાહેબને એ કૉલેજના પ્રિન્સિપાલનો અંગત પરિચય હતો. ત્યાં નોકરી મળે તો એટલા બધા રાજકુમારો ભણતા હોય તેમાંથી કોઈની સાથે સારી ઓળખાણ થાય તો ભવિષ્યમાં લાભ થવા સંભવ ખરો, તેવું કારણ કારભારી સાહેબને જણાવી ત્યાંની નોકરી માટે અરજી કરી. કારભારી સાહેબે પણ પ્રિન્સિપાલ પર ભલામણપત્ર લખ્યો અને પ્રભાશંકરને ત્યાં નોકરી મળી.

કૉલેજના પ્રિન્સિપાલ સજ્જન માણસ હતા, વિદ્વાન અને કુશળ વહીવટી હતા એ પ્રભાશંકર જાણતા હતા, કારણ કે હાઈસ્કૂલમાં ભણતા ત્યારે પ્રભાશંકરના સહાધ્યાયી મિત્ર ભટ્ટ હરિલાલ ઝીણા રાજકુમાર કૉલેજના અંગ્રેજીના શિક્ષક પાસે કાવ્યસિદ્ધાંત શીખવા તથા અંગ્રેજી કાવ્યો વિસ્તૃત વિવેચન સહિત સમજવા અઠવાડિયામાં નિયમિત બે વખત જતા ત્યારે તેમની સાથે પ્રભાશંકરને પણ લઈ જતા. પ્રભાશંકર કૉલેજની નોકરીએ રહ્યા તેથી પ્રિન્સિપાલ ખુશ થયા, પણ આ પ્રિન્સિપાલને ટેવ એવી કે કોઈ રાજકુમાર બીમાર પડે ત્યારે કોઈ ડૉક્ટરને જોવા બોલાવવાને બદલે પોતે જાતે પ્રિસ્ક્રિપ્શન લખાવતા. આ જોખમ ખેડવા પ્રભાશંકર ઈચ્છતા ન હતા. પ્રભાશંકરે પ્રિન્સિપાલને સમજાવ્યું કે આ રીતે પ્રિસ્ક્રિપ્શન લખવાથી કોઈ વાર આપણે બન્ને મુશ્કેલીમાં મુકાઈશું, પણ પ્રિન્સિપાલે એ વાત ધ્યાન પર ન લીધી. આથી, પ્રભાશંકર રાજીનામું દઈ છૂટા થયા.

એ અરસામાં મોરબી પાસેના મીંયાણાના માળિયામાં રૂ.૩૫/- ના પગારની ડૉક્ટરની જગ્યા ખાલી પડી. માળિયાના દરબાર મોડજી બીજા પ્રભાશંકરના વડવાઓના પરિચયમાં હતા. સ્વામીનારાયણ સંપ્રદાયના હતા. રસિક કવિ હતા. સંસ્કૃતમાં પણ પદ્યરચનાઓ સરળતાથી કરતા અને પિંગળના સારા અભ્યાસી હતા. ધર્મપરાયણ અને વિદ્યારસિક કુટુંબનો યુવાન પોતાને ત્યાં ડૉક્ટર તરીકે આવતો હોવાથી મોડજી ઠાકોર ખુશ હતા. આ ઠાકોરને પોતાના પાટવી કુંવર રાયસિંહજી

સાથે બનતું નહિ, તે એટલી હદ સુધી કે રાયસિંહજી જુદા રહેતા અને તેમને ક્ષય થયેલો તેની દવા પ્રભાશંકર કરે, એ ઠાકોરને ગમતું ન હતું. દરદી તરફની પોતાની ફરજ સમજી પ્રભાશંકર ઉપચાર કરતા. યુવરાજ ક્ષયમાં પડેલા હોવા છતાં ઠાકોરે આર્થિક સગવડતા આપી ન હતી. આથી, પ્રભાશંકર પોતાને ઘેરથી કાંજી વગેરે ખાવાનું લઈ જતા. તેમણે પોતાની ગરમ બંડી પહેરવા આપેલી. આમ, પ્રેમનો - સહાનુભૂતિનો અનુભવ થતાં રાયસિંહજીને અસાધારણ આશ્વાસન મળ્યું. ઈશ્વરકૃપાએ યુવરાજને તદ્દન આરામ થઈ ગયો. રોજ રાતે અને વખત મળે ત્યારે દિવસે પ્રભાશંકર યુવરાજને રામાયણ મહાભારતના કથાપ્રસંગો તથા બીજી બોધાત્મક વાતો કહી સંભળાવતા, ઉત્સાહ પ્રેરતા, દરદી સાજું થવું જોઈએ એ મુખ્ય નેમ હતી. અને શરીર સાથે મનને પણ યોગ્ય ઉપચારની જરૂર છે, એમ તેમની માન્યતા હતી. જે કોઈ દરદી આવે તેમની દવા કરતા અને દરદી વધારે માંદું હોય તો દિનરાત જોયા વગર દરદીને ત્યાં જતા, રોકાતા. ઠાકોરે એક વખત પ્રભાશંકરને કહ્યું કે 'તમારે કોની દવા કરવી અને કોની નહિ, તે મને પૂછીને કરવી.' પ્રભાશંકરે કહ્યું : 'આપના રાજનાં બધાં દરદી આપની જ પ્રજા છે, એમની દવા કરવી એ મારી ફરજ છે, તેમાં પૂછવાપણું શું હોય ? આપની પ્રજા સાજી રહે, તેમના આપને આશીર્વાદ મળે, એ જોવું તે મારી ફરજ છે.' જૂના સંબંધને અંગે ઠાકોર વધુ કહી ન શક્યા, પણ પ્રભાશકરને તેમાંથી ઠાકોરનું વલણ સમજાયું.

એ વખતના એક પ્રસંગનો ઉલ્લેખ કરતાં પ્રભાશંકરે કહેલું કે એ વખતમાં ત્યાં એક સરકારી થાણેદાર હતા. તેમનું છોકરું માંદું પડ્યું. એની હું દવા કરતો. એક દિવસ હું કચેરીમાં બેઠો હતો તેવામાં થાણેદારનું માણસ બોલાવવા આવ્યું કે ચાલો વૈદ્યરાજ, છોકરાને માંદગી છે. છોકરો રાતે ગુજરી ગયો. અને હું ત્યાં હતો તેથી અભડાયો,* એટલે આભડવા** પણ ગયો. બીજે દિવસે ઠાકોરે મને પૂછ્યું કે આ કુંવરને તો તમે સાજા કરી દીધા અને થાણેદારનો છોકરો કેમ મરી ગયો ? મેં કહ્યું કે એ તો પ્રભુના હાથની વાત છે, પણ તેમણે મને વધુ પૂછ્યું કે તમે તો આભડવા પણ ગયા હતા, કેમ ? એટલે હું સમજ્યો.

માળિયાની નોકરી કેમ છોડી ? એ પ્રશ્નના ઉત્તરમાં પ્રભાશંકરે કહેલું કે એ વખતમાં માળિયામાં સરકારી પલટન રહેતી. તેનો ચોકીદાર એક જબરદસ્ત પઠાણ હતો. તેનું ચારપાંચ મીંયાણાએ ખૂન કર્યું. તેની તપાસ માટે કોઠી સરકાર તરફથી ફિટ્સ ઝિરાલ્ડ સાહેબ વગેરે આવ્યા. તે તપાસમાં મારે ડૉક્ટર તરીકે કામ કરવાનું હતું. આથી, ઠાકોરની મારા પર ઇતરાજી થઈ. એવામાં મારા કાકા કેશવલાલ ત્યાં આવ્યા. તેમની આગળ કેટલાક માણસોએ કહ્યું કે તમારો ભત્રીજો

---

* પ્રભાશંકરની જ્ઞાતિમાં ત્યારે એવો રિવાજ હતો કે કોઈ મૃતદેહને જોયો હોય તો તે માણસ રાત પછી સૂર્યોદય થયે નહાય ત્યારે શુદ્ધ ગણાય. ત્યાં સુધી એણે કશુંય ખવાય-પિવાય નહિ તેમ કોઈને સ્પર્શ કરાય નહિ. આમ, પોતાના ઘરમાં પોતાના અસ્પૃશ્યતાનું પાલન કરવામાં ધર્મ મનાતો.

** સ્મશાને જવું

રાતના બાર બાર વાગ્યે બહાર જાય છે અને જો કોઈ મીંયાણાની હડફેટ ચડશે તો પછી ઘેર નહિ આવે. મારા કાકાએ મને કહ્યું કે આપણે અહીં નોકરી નથી કરવી. મેં કહ્યું કે એમાં શું અડચણ છે ? હું તો મીંયાણાઓને ઘેર પણ જાઉં છું, પણ કાકાએ બહુ આગ્રહ કર્યો એટલે મેં એક માસની રજા લીધી અને મારી જગ્યાએ ગોપાળજી દયારામ (૧૮૫૬-૧૯૩૫)ને મૂક્યા. મહિના પછી હું માળિયે ગયો ત્યારે ગોપાળજીએ કહ્યું કે મને અહીં ફાવી ગયું છે. પછી મેં ઠાકોર આગળ મારું રાજીનામું રજૂ કર્યું. મેં રાજીનામામાં એક શ્લોક લખી આપ્યો હતો. તેનો જવાબ પણ તેમણે શ્લોક બનાવીને જ આપ્યો હતો. પછી કુંવરસાહેબને વાત કરી. તે કચવાયા. મેં કહ્યું કે ગોપાળજી પણ ઝંડુ ભટ્ટજીના માણસ છે. છેવટે કચવાતે મને તેમણે રજા તો આપી. (ઠાકોર મોડજીના અવસાન પછી રાયસિંહજી ગાદીનશીન થયેલા, પણ તરત તેમના યુવરાજ ગુમાનસિંહજીનું ભરયુવાનીમાં અવસાન થતાં પૌત્ર હરિશ્ચંદ્રસિંહજીનો રાજ્યાભિષેક પોતાને હાથે કરી, ગાદી છોડી, પોતે વાનપ્રસ્થ સ્વીકારી સ્વામીનારાયણ મંદિરમાં અમદાવાદ નિવાસ કરી ત્યાં જ શેષ જીવન વીતાવ્યું હતું. છેવટ સુધી એ પ્રભાશંકરને ભૂલ્યા ન હતા.)

❑

॥ હરિઃૐ ॥

## ૫. કાકો-ભત્રીજો

### (૧)

**સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી (ઈ.સ. ૧૮૬૨ થી ૧૯૩૮) ભાવનગરના દીવાન તથા ઍડ્મિનિસ્ટ્રેટર તરીકે, હિંદનાં દેશી રાજ્યોના સલાહકાર તરીકે, બ્રિટિશ સરકારના અત્યંત વિશ્વાસુ અમલદાર તરીકે, મહાત્મા ગાંધીજીના મિત્ર તરીકે, ભાંગ્યાના ભેરુ તરીકે, એમ ઘણી રીતે નામના મેળવી ગયા.** તેમના કાકા કોટડા—સાંગાણીના રાજવૈદ્ય કાનજી હરિરામ. આ બન્નેના સંબંધ વિશેની ઘણી વાતો મને નોંધવા જેવી લાગે છે, પણ અહીં એક વિષય પરત્વે બન્નેનાં દૃષ્ટિ તથા વર્તન વિશે કહેવું છે.

કોટડા—સાંગાણીમાં ઠાકોર તોગાજી ઈ.સ. ૧૮૭૯ સુધી ગાદી પર હતા. તેમના રાજવૈદ્ય તરીકે કાનજી હરિરામ માસિક રૂપિયા અગિયારના પગારથી જોડાયેલા. ટૂંક સમયમાં જ તોગાજી તેમને એક સારા વૈદ્ય કે સજ્જન માત્ર નહિ, પણ ગુરુ ગણતા થઈ ગયા. રાજકુટુંબનું ભલું કાનજીભાઈની દોરવણી હેઠળ થશે જ એમ એ પામી ગયેલા, પણ એમને ભય હતો કે વૈદ્યરાજનો પગાર ઘણો ટૂંકો છે, વહેવાર મોટો અને હાથ છૂટો છે. આથી, બીજાં મોટાં રાજ્યો મોટા પગારે બોલાવે અને વૈદ્યરાજ જાય તો પોતાના બાળકુંવરના ઉછેરમાં ખામી આવશે. આથી, જ્યારે પોતાનો મંદવાડ લંબાયો અને અવસાન સામે જોયું ત્યારે ઠાકોરે છ વર્ષના કુંવરને વૈદ્યરાજના પગમાં ધરી કહેલું કે તમે મને સવળે માર્ગે ચડાવ્યો, પણ ઈમોર

(એ પહેલાં) હું માણસ ન હતો. આ છોકરો મારા જેવો નહિ, પણ મૂળમાંથી સારી ચાલનો રાજા થાય, તેમ ઉછેરવા માટે એને તમને સોંપું છું. એના ખાતર તમે કોટડું છોડીને ન જશો. અમે તમને કુટુંબના ગુરુ ગણ્યા છે. વૈદ્યરાજે એ કુંવરને તેડી લીધો. બેત્રણ માસ પછી તોગાજી અવસાન પામ્યા.

મૂળવાજી સગીર હોવાથી રાજકોટ કોઠી સરકારે રાજ્યનો વહીવટ સંભાળી લીધો. સરકારે જેને રાજ્યના કારભારી તરીકે નીમ્યા તે કુશળ વહીવટી તરીકે પંકાયેલા હતા, પણ એ અમલદારને જુનવાણી ધાર્મિક જીવનઘાટી તરફ કેવળ ઉપેક્ષા નહિ, નફરત હતી. અતિ ધર્મપરાયણ રાજમાતા જામબા પ્રત્યે વિના નિમિત્તે એ પોતાનો અણગમો પ્રકટ કરતા. એ અણગમો પ્રકટ થઈ જતો એમ નહિ, પણ જામબાનું 'ધરમનું પૂછડું' છોડાવવા તેમ જ પ્રજાને ધર્મના વહેમમાંથી ઉગારી લેવા આવો અણગમો વારંવાર બતાવવો એ જરૂરી છે, એમ સમજી પ્રકટ કરતા. પશ્ચિમ જીવનથી અંજાયેલા આ અમલદારને આ રીતે કુટુંબ, વ્યક્તિ કે સમાજનો સુધારો એ પોતાનું ઐચ્છિક કર્તવ્ય હતું. એટલે રાજમાતાને રાજમાતા કે જામબા કહેવાને બદલે, તેમનો દરેક વખતે 'ભગતડી' કહીને ઉલ્લેખ કરતા. તેમ જ જામબા પાસે જતાં આવતાં ગામલોકો તથા રાજસેવકો સાથે વધુ કડકાઈથી વર્તતા. જામબા વૈદ્યરાજને પિતાતુલ્ય ગણતાં. વૈદ્યરાજ કે કાનજીભાઈ નહિ પણ 'ભાઈ' નામથી જ ઉલ્લેખ કરતાં અને સવારસાંજ બાળકુંવર મૂળવાજી સાથે તેમની પાસે બેસી સદાચાર, રાજનીતિ તથા ધર્મવિષયક વાતો સાંભળતાં. રામાયણ મહાભારતના ગપગોળાએ પ્રજાને ગેરરસ્તે દોરી છે એવી સ્પષ્ટ માન્યતા મૅનેજરને હતી. પશ્ચિમની સંસ્કૃતિ વિશેની

કલ્પનાથી અંજાયેલાં ઘણાંની તે વખતે આ માન્યતા હતી. વૈદ્યરાજ કહેતા કે એ એમનો દોષ નથી, નવી હવા ઘણાંને લાગી છે, તેમ એમને પણ લાગી છે. આથી, નવા જમાના પ્રમાણે બાળરાજાના ઉછેર માટે આગ્રહી મૅનેજરને આ પસંદ ન હતું. એમને પસંદ નથી, એ સમજવા છતાં વૈદ્યરાજે વહેવારમાં ફેરફાર કર્યો નથી, એ જોઈ તેમની સાન ઠેકાણે લાવવા તેમને બોલાવી કારભારીએ કહ્યું કે રાજનાં ઊપજ તથા ખર્ચ જોતાં કરકસર કર્યા વગર છૂટકો નથી. તેથી, તમારો પગાર અડધો કરવામાં આવે છે. તમને એ પોષાય તેમ ન હોય તો છૂટા થવા દેવામાં આવશે.

તોગાજીની અંતિમ માગણીને યાદ કરી તથા વધેલી ખટપટને અંગે ભાવિ રાજવી મૂળવાજીને સોસવું પડે નહિ તે હેતુ વિચારી, વૈદ્યરાજે કહ્યું કે જો રાજ માટે આપ આટલી કાળજી રાખો છો તો હુંયે જૂનો નોકર છું. મારો ધર્મ છે કે વિના પગારે પણ મારે રાજની સેવા કરવી જોઈએ. હું અડધે પગારે ચાલુ રહીશ.

વૈદ્યરાજ તથા તેમનાં પત્નીએ સ્પષ્ટ નિશ્ચય કર્યો કે કુંવરનું હિત એ ભાવિ રાજાનું હિત છે, એ રાજનું અને પ્રજાનું હિત છે. એ એકની સંભાળ લીધાની અસર પ્રજામાં ઘણે સુધી પહોંચશે. જે થાય તે, આપણે છોકરાને છોડવો જ નથી. અમથુંયે આટલા ખર્ચમાં રાજનો પગાર પાંચ દોકડા છે. બાકીનું ભગવાન પૂરું કરે છે તો ભલે તે જ બધું પૂરું કરે.

થોડા દિવસ રહી મૅનેજર રાજકોટ ગયેલા. ત્યાં તેમના

એક મિત્ર અમલદારને પોતે કઈ રીતે વૈદ્યને રંજાડી કાઢવા માગે છે તે જણાવ્યું ત્યારે વૈદ્યરાજના એ પરિચિત અમલદારે મૅનેજરને વૈદ્યરાજ સાથે સંબંધ સુધારી લેવા ભારપૂર્વક સલાહ આપી. રાજકોટ એજન્સીના શિરસ્તેદાર મોતીચંદભાઈના ભયંકર મંદવાડ વખતે બીજા ડૉક્ટર વૈદ્યે હાથ ખંખેરી નાખેલા, ત્યારે તેમને બાલાચડીમાં હવાફેર માટે રાખી, તેમની સાથે રહી વૈદ્યરાજ કાનજીભાઈએ તેમને સાજા કરેલ. રાજકોટ કોઠીના ઘણા અમલદારોને વૈદ્યરાજ માટે માન હતું. આ પછી થોડા દિવસે વૈદ્યરાજ રાજકોટમાં ઝંડુ ભટ્ટજીના ભાઈ વૈદ્યરાજ મણિશંકરને ત્યાં એ જ અમલદારને અચાનક મળી ગયા ત્યારે અમલદારે વૈદ્યરાજને પૂછ્યું કે મૅનેજરે પૂરો પગાર કરી દઈ સંબંધ સુધાર્યા કે નહિ ? ત્યારે વૈદ્યરાજે જણાવ્યું કે અડધો ચાલુ રહ્યો છે, પણ ખાસ રંજાડ રહી નથી. એટલું સુધર્યું છે. અમલદારે કહ્યું કે એ હવે ફરી રાજકોટ આવશે ત્યારે તેમને કહીને પૂરો પગાર કરાવી દેશે. વૈદ્યરાજે કહ્યું કે મૅનેજરને જો પગાર અડધો કરવાથી પોતે કંઈક કર્યું છે એવો પોરસ રહેતો હોય તો રહેવા દેવો એ સારું છે, પણ એક પાયાની વાત હું તેમને સમજાવી શકું તેમ નથી. તમે સમજાવી જુઓ કે **ધર્મના સંસ્કાર હશે તો સદાચાર પ્રજામાં ટકશે, ધર્મની સૂગથી સદાચારમાં હાનિ થશે, અક્કલ હોશિયારી અને ડોળદમામ વધશે, પણ પરિણામે લોકમાં કલહ-કંકાસ વધશે.** મને એની ચિંતા છે.

એ પગાર અડધો જ રહ્યો. સારા વૈદ્યની શોધ કરતાં

ગોંડલ, વઢવાણ, લીંબડી વગેરેના નરેશોએ પોતાને ત્યાં માગે તે પગાર દઈ બોલાવ્યા, પણ વૈદ્યરાજ ગયા નહિ. રાજ્યભક્તિ પ્રજામાં અને પ્રજાહિતની ભાવના રાજામાં વિકસાવવાના હેતુને ધ્યાનમાં રાખી તે વહેવાર કરતા.

પણ એમાં અંતરાય આવ્યો. વૈદ્યરાજને દરબારગઢમાં જતાં ન રોકી શકનાર મૅનેજર પાસે બાળકુંવરને તેમનાથી છૂટો પાડવાનો સરળ ઉપાય હતો. સરકારની સામાન્ય નીતિને અનુસરી મૂળવાજીને રાજકોટ રાજકુમાર કૉલેજમાં ભણવા મૂકવાની વાત થઈ. દરેક રાજ્યના યુવરાજને ત્યાં ભણવું પડતું, ના કહી શકાય તેમ ન હતું. છતાં બે વર્ષ ઘર આગળ ભણાવવા રાજમાતાએ અરજી કરી. આ અરજી મંજૂર ન થઈ. મૅનેજરની પોતાની એ ભલામણ હતી કે રાજકુમાર કૉલેજની તાલીમ જેટલી વહેલી શરૂ થાય તેટલું બાળરાજા મૂળવાજી માટે જરૂરનું છે. જમાના પ્રમાણે તાલીમ મળવી જોઈએ. કૉલેજના શિક્ષણથી ઘણા વિષયોની જાણકારી મળે, જમાનાની રીતભાત શિખાય, નવી રમતો અને વૈભવ જોવા મળે. બુદ્ધિની ખીલવણી માટે એ વાતાવરણ અનુકૂળ હશે, પણ રાજા માટે જે પ્રજા તરફની વત્સલતા સ્વભાવમાં વણાઈ જવી જોઈએ, તે આવી કેળવણીથી ન મળે અને એ ગુણ સહુથી વધુ બળવાન હોવો જોઈએ એમ વૈદ્યરાજને લાગતું હતું. નિખાલસ લાગણીને, મમતાને, પ્રભુપરાયણતાને પોષે તેવું એ કૉલેજમાં વાતાવરણ હોવા વિશે વૈદ્યરાજની શંકા હતી. ત્યાં જે ખોટ મૂળવાજીને સાલતી તે કોટડે આવે ત્યારે પૂરી થતી. ૧૯૧૨માં વૈદ્યરાજ કાનજીભાઈનું અવસાન થયું ત્યારે કારજ પર કુટુંબ ભેગું થયેલું

ત્યાં રોજ મૂળવાજી ઠાકોર બેએક કલાક બેસવા આવતા. તે વખતે તેમણે કહેલું કે વૈદ્યરાજે સદાચાર અને ધર્મપરાયણતા બાબતમાં મને એટલું સમજાવી દીધેલું કે આઠ વર્ષની વયથી હું રાજકુમાર કૉલેજમાં ભણતો અને ત્યાં તેર ચૌદ વર્ષ ભણ્યો, પણ ત્યાં બીજા રાજકુમારોનો આગ્રહ છતાં મિજબાનીઓમાં કે એકાંતમાં મેં શરાબ પીધો નથી. સિગાર ફૂંકી નથી. આથી, હું મશ્કરીનું પાત્ર બનતો, પણ મેં મારો નિયમ કદી તોડ્યો ન હતો. મારી જનેતાનું અને વૈદ્યરાજનું સ્મરણ મને બળ આપતાં. આ પ્રભાશંકરભાઈ, મહારાજા ભાવસિંહજી થોડો વખત રાજકોટ ભણતા ત્યારે તેમની સાથે હતા. તેથી, એ જાણે છે. પ્રભાશંકરભાઈ મારી પણ સંભાળ લેતા.

પ્રભાશંકર દલપતરામ પટ્ટણી મુંબઈમાં મેડિકલ કૉલેજમાં ભણતા. ત્યાંથી સખત બીમાર પડવાથી ભણવું છોડી દેશમાં આવ્યા અને બે-એક જગ્યાએ ટૂંકી નોકરી કરી. ભાવનગરના યુવરાજ ભાવસિંહજી રાજકુમાર કૉલેજમાં રાજકોટ ભણતા ત્યારે કમ્પેનિયન ટ્યૂટર તરીકે નોકરીએ રહેલા. પ્રભાશંકરને એ નોકરીએ રાખવાની ભલામણ તે વખતના રાજકુમાર કૉલેજના પ્રિન્સિપાલ ચેસ્ટર મૉકનોટને પોતે કરેલી. એ પ્રભાશંકરને રાજકોટની 'કાઠિયાવાડ હાઈસ્કૂલ'માં ભણતા ત્યારથી ઓળખતા. હૉકી, ફૂટબૉલની રમત સ્પર્ધામાં એમની રમતોથી ખુશ હતા. તેમ જ રાજકુમાર કૉલેજના તે વખતના અંગ્રેજીના પ્રોફેસર પાસે પ્રભાશંકર તેમના મામાના દીકરા ભાઈ હરિલાલ ઝીણા સાથે અંગ્રેજી કવિતા અને કાવ્યમીમાંસા શીખવા આવતા, ત્યારે મોડી રાત સુધી ચર્ચા થતી તેમાં પણ ક્યારેક રસ પડવાથી

હાજર રહેતા. પ્રભાશંકર પ્રત્યે એમને માનની લાગણી હતી. ૧૯૦૮માં પ્રભાશંકરના પૌત્રની જન્મગાંઠ પ્રસંગે પ્રભાશંકરના પિતા દલપતરામ પાસે આ પ્રસંગનો ઉલ્લેખ કરી ભાવસિંહજીએ કહેલું કે કૉલેજમાં હું અને પ્રભાશંકર ઊભા હતા ત્યાંથી પ્રિન્સિપાલ નીકળ્યા. તેમણે ઊભા રહી પ્રભાશંકરની નિમણૂક વિશે ખુશી જાહેર કરીને મને કહેલું કે આ ફક્ત કૉલેજમાં ભણાવવાના શિક્ષક નથી, પણ જીવનકલાના કુશળ શિક્ષક તરીકે લાયકાત ધરાવે છે. એનો લાભ લેવાનું ચૂકશો નહિ. કાકા કાનજીભાઈએ ભત્રીજાને એ નોકરી સ્વીકારી લેવા સૂચવેલું.

પ્રભાશંકર મૅટ્રિક પાસ થયા પહેલાં ઝંડુ ભટ્ટજીએ સામે ચાલી તેમને વૈદું શીખવેલું. ઝંડુ ભટ્ટજીની ઇચ્છા હતી કે પ્રભાશંકર દાક્તર થાય તો દેશને મોટો લાભ થાય અને આયુર્વેદની ઉન્નતિ થાય. પ્રભાશંકરની આર્થિક સ્થિતિ જરાયે એવી નહિ કે પ્રભાશંકર મેડિકલ કૉલેજમાં ભણી શકે, પણ ઝંડુ ભટ્ટજી મદદ કરતા. મંદવાડને કારણે એ ભણતર છોડવું પડ્યું, મીંયાણાના માળિયામાં રાજવૈદ્ય તરીકે ટૂંકી નોકરી કરી એ છૂટા થયેલા તે અરસામાં કાકાએ આ નોકરી સ્વીકારી લેવા કહ્યું અને ઉમેર્યું કે પાટવી કુંવરને શિક્ષણ દેતી વખતે જો ચારિત્ર્યઘડતરનો પાયો નાખી દેવામાં આવે તો જ્યારે એ રાજા થાય ત્યારે એમની રૈયતનું એ જે ભલું કરે તેમાં આપણને આપણી સેવાનો બદલો મળે. પેટ માટે સેવા તો સહુ કરે. વૈદ થવું એય સારું જ છે. હું રાજવૈદ છું, રાજકુટુંબ મને ગુરુ ગણે છે, છતાં બાળઠાકોર મૂળવાજીને તૈયાર કરવામાં મને

મુશ્કેલી નડે છે. તું જો એક જ કૉલેજમાં હોય તો ભાવસિંહજીની સાથે મૂળવાજીનુંય ધ્યાન રહે. એ બન્ને ચારિત્ર્યશીલ રાજા થાય એમાં આપણી સેવાની સફળતા છે.

પ્રભાશંકરે ભાવસિંહજીના કમ્પેનિયન ટ્યૂટર તરીકે નોકરી સ્વીકારી. એમણે થોડા જ સમયમાં ભાવસિંહજીની પ્રીતિ સંપાદિત કરી. એમણે જોયું કે મહારાજા તખ્તસિંહજી તરફથી યુવરાજ ભાવસિંહજીને કંઈ ન મળતું. જિવાઈની રકમ દીવાન-ઑફિસેથી મળતી. તે ઓછી પડતી. વળી, એટલી અનિયમિત મળતી કે ભાવસિંહજી ભારે મુશ્કેલીમાં મુકાઈ જતા. તેમાંય જો ભાવસિંહજી માગે તો અપમાનજનક રીતે આપવામાં આવે છે, એવું ભાવસિંહજીને લાગતું. આથી, ભાવસિંહજી અકળાતા બહુ. તે વખતે પ્રભાશંકર પોતાના પગારમાંથી ભાવસિંહજીને દઈ દેતા અને પોતે ભારે કરકસરથી ચલાવતા. એકવાર ભાવસિંહજીને પૈસાની ઘણી ખેંચ પડી. પોતાના લાગવા માંડેલાને પોતાની વાત કહેતા ભાવસિંહજીની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એ રાતે પ્રભાશંકર ચાલીને રાજકોટથી કોટડા-સાંગાણી પહોંચ્યા. (રાજકોટ-જેતલપરની રેલવે લાઇન તો તા. ૧૨-૪-૧૮૯૩થી શરૂ થઈ.) તેમણે કાકાને વાત કરી. કાનજીભાઈ પ્રભાશંકરને લઈ રાજમાતા જામબા પાસે ગયા. જામબા વૈદ્યરાજને ભાઈ કહેતાં અને ભાઈબહેનનો સંબંધ હોવા છતાં અને ક્યારેક પારાવાર મુશ્કેલી નડતી તોપણ રાજમાતા જામબા પાસેથી વૈદ્યરાજે મદદ તો ઠીક પણ ઉછીનું કદી કંઈ લીધું ન હતું, પણ આ કામ ભાવનગરના ભાવિ રાજાનું હતું. એ બે રાજ્યોના ભાવિ સ્નેહસંબંધની સંભાવનાનું હતું.

રાજકુમાર કૉલેજમાં જ કાનજીભાઈના ભત્રીજા પ્રભાશંકર છે અને ભાવસિંહજીની સાથોસાથ બને તેટલું મૂળવાજીનું પણ ધ્યાન રાખે છે, તે જામબાને ખબર હતી. વળી, પ્રભાશંકર હાઈસ્કૂલમાં ભણતા ત્યારે ઘણી વાર શનિ-રવિ ચાલીને કાકાને ત્યાં કોટડે આવતા. તેથી, નજીકનો પરિચય હતો. માગો તેટલી રકમ હાલ અને ફરી જ્યારે માગશો ત્યારે આપીશ, એમ જામબાએ કહ્યું, છતાં પ્રભાશંકરે ફક્ત સવાસો રૂપિયા લીધા. કાકાએ પ્રભાશંકરને સૂચવેલું કે પૈસા માગો ત્યારે મળી શકે છે તેવો જો રાજાના મગજમાં ખ્યાલ આવી જાય તો બીજા માણસો કરતાં વધારે છૂટથી મનફાવે તેમ વાપરવાની તથા લીધેલ પૈસા પાછા ન આપવાની ટેવવાળા રાજાઓ થઈ જાય.

## પત્નીનાં ઘરેણાં વેચી મદદ કરી

લીધેલ પૈસા પાછા દેવા જોઈએ એવી સલાહ દેનાર માણસ, ભલેને એ જ માણસે પૈસા લાવી આપ્યા હોય, તોય એવા હિતચિંતક માણસ તરફ પણ રાજાને અણગમો ઊપજે છે. માટે, યોગ્ય સ્થળે જ અને જરૂરિયાત પૂરતું જ ખર્ચ કરાય તે શીખવી દેવાની આ ઉત્તમ તક છે. આવી સમજ પામેલા પ્રભાશંકરે પૈસા કેમ મેળવ્યા તે હકીકત કહેતી વખતે સ્પષ્ટતા કરી કે ભાવસિંહજી ઉત્તમ ચારિત્ર્યશીલ પ્રજાપાલક રાજા થવાને લાયક ગુણ ધરાવે છે એવા વિશ્વાસે ચોવીશ જ ગામના તાલુકાવાળા કોટડા-સાંગાણીનાં રાજમાતાએ આ રકમ આપી છે અને તે રકમ અમારે પાછી જ આપવી છે એમ કહીને મેં સ્વીકારી છે. આ રકમ પાછી ચૂકવાઈ ન હતી અને ભાવસિંહજી એ વખતમાં ધારવાડ રાજકુમાર કૉલેજમાં ભણતા

ત્યારે ફરી આવી જ પૈસાની તાણ પડેલી. એ વખતે બીજા કોઈ પાસે ન જ માગવાનો નિશ્ચય કરીને પ્રભાશંકરે પોતાનાં પત્નીને સાસરિયા તરફથી લગ્નપ્રસંગે મળેલ તમામ ઘરેણાં વેચીને ભાવસિંહજીને પૈસા આપેલા. આ રકમ ક્યાંથી મેળવી ? એમ ભાવસિંહજીએ ઘણી વાર પૂછ્યું, પણ જવાબમાં પ્રભાશંકરે કહ્યું કે એ હું નહિ કહું. આપને ફરી ખેંચ ન પડે તેવી પ્રભુ પાસે પ્રાર્થના કરું છું.

ભાવસિંહજી ધારવાડ અભ્યાસ માટે જતાં પ્રભાશંકરને તેમની સાથે જવું પડ્યું, પણ ત્યાં સુધી ભાવસિંહજી તથા મૂળવાજી બન્નેના ચારિત્ર્યઘડતરની સંભાળ પ્રભાશંકરે લીધેલી. મૂળવાજીને પોતે રાજકુમાર કૉલેજ, રાજકોટમાં હતા ત્યારથી પ્રભાશંકર દ્વારા કરેલી આ વ્યવસ્થાના મહત્ત્વની અને પોતાને થતા ફાયદાની ઠીક ઠીક સમજ હતી. કાનજીભાઈ તરફ માત્ર આદરભાવ નહિ ઘણો પૂજ્યભાવ હતો.

એકવાર કોટડા-મૅનેજરના કુટુંબમાં એક સ્ત્રી બહુ બીમાર થઈ ગયાં. બીજેથી વાત જાણી વૈદ્યરાજ કાનજીભાઈ પોતાનાં પત્ની સાથે ખબર પૂછવા ગયા. કાનજીભાઈએ સામેથી પોતાની સેવા દેવા તત્પરતા દાખવી. મૅનેજરે કહ્યું કે બીજી ગોઠવણ કરી છે. બે દિવસ પછી ઝંડુ ભટ્ટજીના ગુરુભાઈ વૈદ્યરાજ રસેશ્વર બાવાભાઈ અચળજી યોગાનુયોગે રાજકોટ હતા, ત્યાંથી તેડાવવાથી આવ્યા. એમણે આવી કાનજીભાઈને બોલાવ્યા. બન્નેએ તબિયત જોઈ ઉપચાર નક્કી કર્યો. ચારેક દિવસ રહી બાવાભાઈ પાછા ગયા. એ કોટડે રહ્યા તે દરમિયાન કાનજીભાઈને મળવા તેમને ઘેર આવેલ. ત્યારે બાવાભાઈએ

કહ્યું કે મને તાર આવ્યો ત્યારે મેં સામે તાર કર્યો કે કાનજીભાઈ ત્યાં છે તેમના કહેવાથી તેડાવો છો ? તેનો જવાબ આવ્યો કે એમને તબિયત બતાવી નથી, તમે તરત આવો. આવીને મેં તમારા સંબંધ વિશે જાણ્યું. ખેદ થયો. નિષ્કારણ માણસો સાથે ખટરાગ ઊભો કરવાનો એમનો સ્વભાવ હું જાણું છું. મૅનેજર તમને સારી રીતે રાખતા નથી, પગાર અડધો કર્યો છે, એટલે જો બોલાવે તો તમે ચિકિત્સા સરખી નહિ કરો, એવી તેમને દહેશત હતી. હજી હશે. મેં તેમને કહ્યું છે કે હું તો પાછો જાઉં છું અને દવા કાનજીભાઈ જ કરશે. તમારો વર્તાવ કાનજીભાઈ તરફ ગમે તે હોય, કાનજીભાઈ દરદીને પોતાનું બાળક ગણે છે. ઝંડુ ભટ્ટજીમાં અને (એનાં માસીના દીકરા ભાઈ) કાનજીભાઈમાં હું કોઈ ભેદ જોતો નથી. આંબાને કાપી નાખો ત્યાં સુધી એ ફળ અને છાંયો આપે જ, એવા એ છે. અહીં આવતાં પહેલાં મને જો ખબર હોત કે એમની તમારા તરફ આવી દાનત છે તો હું એમને જણાવત કે હું નથી આવતો અને તમે બીજા કોઈની નહિ, કાનજીભાઈની જ દવા કરો. મેં એમને આ કહ્યું છે.

કાનજીભાઈએ સવારસાંજ જોવા જઈ દવા કરી. શરૂઆતમાં કાનજીભાઈ આવે ત્યારે મૅનેજર હાજર રહી માનથી બોલાવતા. કાનજીભાઈએ કહ્યું કે હું આવું અને આપ હાજર રહો એ આપની ખાનદાની છે, પણ એની જરૂર નથી. આ તો મારી ફરજ છે. બાવાભાઈની સૂચના અનુસાર જ દવા કરું છું. દરદી સારો થઈ જશે. આપ નિશ્ચિંત રહો. પછી મૅનેજર ક્યારેક હાજર રહેતા, પણ એમની દહેશત મટી ન હતી. એ

એ વાત પરથી ફલિત થયું કે દવા ચાલતી હતી તે દરમિયાન જે આદરમાનથી વૈદ્યરાજ સાથે વર્તાવ થતો, તે દવા બંધ થવા સાથે બંધ થયો. દવાના ખર્ચ પેટે વૈદ્યરાજે કશું લીધું ન હતું. શક્તિની દવા તો લગભગ ત્રણેક માસ ખવરાવવી પડી હતી.

કોટડાના સગીર વહીવટનાં પંદર વર્ષના ગાળામાં મૅનેજર તરીકે જે પહેલાં નિમાયેલા તે કુશળ વહીવટી હોવા ઉપરાંત, ઘણી લાગવગવાળા હતા. અંગ્રેજ અમલદારો એમની ઈચ્છાને માન આપતા. કોટડા-સાંગાણીમાં એમને બહુ ફાવી ગયેલું. આથી, વયમર્યાદાને કારણે એ નિવૃત્ત થયા ત્યારે પોતાના પુત્રને જ કોટડા-સાંગાણીના મૅનેજરપદે નિયુક્ત કરાવી શકેલા. નવા મૅનેજરનું રાજકુટુંબ તથા વૈદ્યરાજ તરફનું વર્તન એવું હતું કે એમણે પોતાના બાપને પોતાથી સારા કહેવરાવ્યા. યુવાનીમાં આવતાં મૂળવાજી એ જાણતા, સમજતા પણ ગળી જતાં એ શીખી ગયેલા. ૧૮૯૪માં એ ગાદીનશીન થવાના હતા. મૂળવાજીએ વાતવાતમાં રાજમાતા જામબાને જણાવેલું કે ગાદીએ બેસવા સાથે મૅનેજરને કોટડાની હદમાં રહેવા નહિ દઉં. મારું, તમારું, વૈદ્યબાપાનું અને આપણા માણસોનું અપમાન કરવામાં એમણે કાંઈ બાકી નથી રાખ્યું. વાત જાણી કોઈ પણ પગલું લેતાં પહેલાં વૈદ્યરાજની સલાહ લેવાનું જામબાએ કહ્યું. વૈદ્યરાજે જામબા સાહેબની હાજરીમાં મૂળવાજીને કહ્યું કે કોઈ માણસ કેમ વર્તે છે તે જોવું જાણવું જરૂરી છે, કારણ કે એની સારી માઠી અસર ઘણે ઠેકાણે પડે છે, પણ કોઈ ખરાબ વર્તન કરે તો આપણે તેવું જ સામે વર્તન ન કરવું ઘટે. આપ રાજા થશો, પ્રજાના પાલક થશો. રાજાનું વર્તન એવું હોવું જોઈએ

કે કોણ શું કરે છે, એ રાજા જાણે છે અને એ બદલ શિક્ષા કરી શકે છે, એવી છાપ પ્રજામાં પડવી જોઈએ. એ રાજપ્રભાવ છે, પણ તે સાથે હાથમાં સત્તા આવે ત્યારે સામા માણસને રાજા બધું જાણે છે. છતાં, મને સુધરવાની તક આપી છે એમ લાગે તેવી ઉદારતા બતાવવી જરૂરી છે. એ રીતે વર્તવાથી એમને ઓળખનાર પ્રજાના હૃદયમાં આપનું જે સ્થાન થશે તે જ આપનો અમલ સુખશાંતિભર્યો કરશે.

કાનજીભાઈની સલાહ મુજબ મૂળવાજી ઠાકોર વર્ત્યા. એ ગાદીનશીન થયા તે વખતના સમારંભના પ્રવચનમાં તેમણે સગીર વહીવટ દરમિયાન બન્ને મૅનેજરોએ પોતાની આવડત તથા શક્તિ મુજબ રાજ્યની આબાદી માટે જે યત્ન કરેલા તેની પ્રશંસા કરીને ઉમેર્યું કે ગાદી સંભાળવાનું મને પ્રાપ્ત થયું છે એ વખતે, રાજ્યના દીવાન તરીકે હવે મૅનેજર સાહેબ હોદ્દો સંભાળે એવી મારી વિનંતી તેમણે માન્ય રાખી છે, તે બદલ તેમનો હું આભાર માનું છું.

મૅનેજર સાહેબનાં વાણીવર્તન તરફનો અણગમો મૂળવાજીએ કદી વ્યક્ત કરેલો નહિ, છતાં મૅનેજરને શંકા હતી કે રાજ્યસત્તા મૂળવાજીના હાથમાં સોંપીને તરત કોટડા છોડવું પડશે. આથી, કોટડા છોડવા ગોઠવણ શરૂ કરેલી. ત્યાં મૂળવાજીએ તેમની સામે દીવાનપદની દરખાસ્ત મૂકી એ એમણે સ્વીકારી. રાજ્યના ન્યાયાધીશને એમણે જણાવ્યું કે મૂળવાજી આમ તો મૂરખ છે, છતાં એટલું સમજે છે કે મૅનેજર સાહેબ વગર રાજ નહિ ચાલે. કોટડા તો ખાડો છે. અહીં કોણ રહે ? પણ મૂળવાજીએ રાજકોટ રેસિડન્ટને વિનંતી કરી અને રેસિડન્ટસાહેબે મને મૂળવાજી છોકરું

છે માટે કોટડે રહેવા ભલામણ કરી છે. એટલે મારે રહેવું પડે છે. આમ એ કોટડે રહ્યા.

દીવાન તરીકેની નિમણૂક પાછળનું રહસ્ય પામવા એમણે યત્ન ન કર્યો એમ લાગે છે, કારણ કે પહેલાં કરતાં વધુ તોછડાઈથી એ મૂળવાજી તરફ, દરબારી નોકરો અને ગામલોકોની રૂબરૂમાં વર્તતા. મૂળવાજી કોઈ દરખાસ્ત મૂકે કે કોઈ વાત સમજવા માગે તો "તમે એ નહિ સમજો, પછી વાત" એવો જવાબ આપતા. મહિનાઓ એ રીતે ગયા. વર્ષ થયું. એક દિવસ દીવાન સાહેબના અરજદાર સાથેના વર્તાવથી મૂળવાજી બહુ દુઃખી થયા. પછી એક સાંજે મૂળવાજીએ દીવાન સાહેબને એકાંતમાં કહ્યું કે આપ હવે ખુશીથી રાજીનામું દઈ છૂટા થાઓ. દીવાન નારાજ થયા, કહ્યું કે કોઠી સરકાર મને અહીંથી છૂટો કરી શકે, તમે મને કરી ન શકો. ઠાકોરે કહ્યું કે રાજીનામું દો એ તમારા સારા માટે છે. દીવાને કહ્યું કે રાજીનામું હું નહિ દઉં, થાય તે કરી લો. ઠાકોરે કહ્યું કે તો હું રાજીનામું લીધા વગર તમને નોકરીમાંથી છૂટા કરીશ. જુઓ, આ રહ્યો રેસિડન્ટનો કાગળ. એમ કહી રેસિડન્ટની મંજૂરી વંચાવીને કહ્યું કે મારે તમારા રાજીનામાની જરૂર ન હતી, પણ તમને માનભેર છૂટા થવાની તક આપવા માટે કહેલું. દીવાન સાહેબે માફી માગી, રાજીનામું મૂક્યું. ઠાકોરે કહ્યું કે મેં તમારો આજ સુધીનો વહીવટ તપાસ્યો છે. તમે શું કર્યું છે તે તમે જાણો છો, છતાં હું જે જાણું છું તે ઓછું નથી. તેનો જુદો કેસ તૈયાર કરી રેસિડન્ટ આગળ રજૂ કરી તમારો જવાબ માગી શકાય. એ કરું તો તમને કેટલું નુકસાન થાય એ સમજી શકાય તેવું છે. વૈદ્યરાજ કાનજીભાઈની સલાહથી એવું પગલું ન લેતાં રેસિડન્ટ

પાસેથી બીજી રીતે મંજૂરી મેળવી છે. એટલે ચિંતા ન કરશો. આમ કહી સારા એવા પેન્શને ઠાકોરે રાજીનામું મંજૂર કર્યું.

આજ દિવસ સુધી ઠાકોરની ઉદારતાનો તાગ લેવા ન મથનાર દીવાન નિવૃત્તિ લેતી વખતે પહેલી જ વખત ઠાકોરના પગમાં પડ્યા. ઠાકોરે તેમને બેઠા કરી તેમ ન કરવા કહ્યું અને તત્કાળ કોટડા છોડવા ના કહી. નિવૃત્ત દીવાન કોટડે રહ્યા, ઠાકોરે માનભેર રાખ્યા. એ ચાર છ મહિના રહ્યા. દરમિયાન પ્રજાએ એમનું પલટાયેલું વર્તન જોયું.

(૨)

યુવરાજ ભાવસિંહજી ૧૮૮૪થી ૧૮૮૯ સુધી રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં ભણતા ત્યારે તેમના ભાવનગર રાજ્યે નીમેલા મુખ્ય ટ્યૂટર સુરતના ગણપતરામ ત્રવાડી હતા. સરકારી કેળવણીખાતામાં પણ તેમણે નોકરી કરેલી. એ શિસ્તપાલનના અતિ આગ્રહી અને કડક હતા. એમને ઉપરી તરફથી સૂચના આપવામાં આવેલી કે હિંદના દેશી રાજાઓ ઘણાખરા આપખુદ, ઉડાઉ, વ્યસની અને મૂર્ખ નીવડે છે. એવું ન થવા પામે તેવી તાલીમ આપવા ખાસ તો તમારી નિમણૂક કરવામાં આવે છે. એ સૂચના અનુસાર ગણપતરામ માસ્તર ભાવસિંહજી પાસેથી કામ લેતા. ભાવસિંહજીને રાજ્ય તરફથી જિવાઈ મળતી, પણ એ સ્વેચ્છાએ ખર્ચ કરી ન શકતા. એ બાબતમાં એટલે સુધી કહેવાતું કે પોતાના પિતા મહારાજા તખ્તસિંહજી પર ભાવસિંહજી કાગળ લખે તે કાગળ ખુલ્લો ટ્યૂટર ગણપતરામને સોંપવો પડે. તે કાગળ અવકાશે ગણપતરામ જોઈને સુધારી વધારીને પાછો આપે. અને તે

કાગળ નવેસરથી લખીને ભાવસિંહજી માસ્તરને સોંપે, પછી ગણપતરામ માસ્તર એ કાગળ પોતાની અનુકૂળતાએ ટપાલમાં નાખે. બે પૈસાની ટિકિટવાળું કવર પણ ભાવસિંહજીને આપવામાં આવતું નહિ. તેમનો સામાન વારંવાર તપાસવામાં આવતો. આવી સ્થિતિમાં ભાવસિંહજીને પ્રભાશંકર મળી જતાં તેમણે નહિ કલ્પેલાં રાહત અને અનુકૂળતા મળ્યાં. આ ભાવિ મહારાજા છે એમ સમજીને જ પ્રભાશંકર તેમની સાથે નમ્રતાભર્યું વર્તન દાખવતા, તેમને શીખવતા, સલાહ આપતા. ગણપતરામ માસ્તરને ઘરનો કામ કરનાર માણસ, ઑફિસનો પટાવાળો કે આસિસ્ટંટ પ્રભાશંકર એકસરખા તાબેદાર નોકર હતા. એકસરખી કડકાઈથી તેમની પાસેથી કામ લેવાતું. ગણપતરામ માસ્તર દરરોજ રાતે દૂર મેદાનમાં એક જ ખુરશી નંખાવી તે પર પોતે બેસતા. પોતાની સામે પાથરણું ન પથરાવતા. પ્રભાશંકરને સાથે લઈ જતા. સાથે ફાનસ પણ લેવરાવતા અને તેમની પાસે ‘ટાઈમ્સ’ તથા બીજાં છાપાં વંચાવતા. પ્રભાશંકર ત્યાં જમીન પર બેસતા નહિ, પોતે તે સ્થાને એક વળી ખોડી હતી ત્યાં ફાનસ ટિંગાડી ઊભાં ઊભાં છાપાં વાંચી સંભળાવતા. ભાવસિંહજીની સેવા કરવી હતી એટલે આવી આડમુશ્કેલી પ્રભાશંકર મૂગે મોઢે સહી લેતા. એમાં વળી ભાવસિંહજીએ અણસમજમાં ગણપતરામ માસ્તર પાસે પ્રભાશંકરનાં વખાણ કર્યાં ત્યારથી પ્રભાશંકર પર ગણપતરામની કડકાઈ વધી, પણ ગણપતરામ માસ્તરનું એટલું કામ એટલી અદબથી પ્રભાશંકર કરી આપતા કે તેમની ઉપયોગિતા ગણપતરામ માસ્તરને સમજાયેલી. ગણપતરામ

માસ્તર આમ તો સજ્જન ગણાતા. બીલખા આશ્રમના મહાત્મા શ્રીમન્નથુરામના એ શિષ્ય હતા અને પોતાને ત્યાં તેમણે એ સદ્‌ગુરુની પધરામણી કરાવેલી. એટલે તેમનું ભાવસિંહજી પ્રત્યેનું વર્તન સ્વાભાવિક જ હતું કે ઉપરીની સૂચના પ્રમાણે જ હતું તે કહી ન શકાય. ગમે તે કારણ હોય, ભાવસિંહજીને તથા પ્રભાશંકરને તે કડકાઈથી હુકમ કરી કામ લેતા.

## રાજીનામું ખીસામાં જ રાખતા

એક વખત ગણપતરામ માસ્તર રાતે મેદાનમાં ખુરશી પર બેસી પ્રભાશંકર પાસે છાપું વંચાવતા હતા તે જ વખતે પ્રભાશંકર પર તાર આવ્યો. તાર ખીસામાં મૂકી પ્રભાશંકરે છાપું પૂરું વાંચી દીધું, પછી તાર ફોડ્યો. તાર મોરબીથી પ્રભાશંકરના સસરા રાજવૈદ્ય વિશ્વનાથ વિઠ્ઠલજીનો હતો. પ્રભાશંકરના દોઢ બે વર્ષના પુત્ર અનંતરાય ભયંકર બીમાર થઈ જવાથી પ્રભાશંકરને તત્કાલ બોલાવેલા. આથી, પ્રભાશંકરે ગણપતરામ માસ્તરને તારની વાત કરી રજા માગી. માસ્તરે કહ્યું કે લેખિત અરજી કાલ સવારે ઑફિસ સમયમાં કરજો. પ્રભાશંકરે કહ્યું કે મારે તરત જવું પડે તેમ છે. હું લેખિત અરજી આપને આપતો જઉં. ગણપતરામે કહ્યું કે અત્યારે કશું કરવામાં નહિ આવે, હું અરજી નહિ લઉં. ગણપતરામના સ્વભાવને કારણે પ્રભાશંકર રાજીનામું લખીને ખીસામાં સાથે જ રાખતા. તેમણે એ કાઢી તેમાં તારીખ, સમય નાખી, પોતાની સહી કરી કહ્યું કે મારે આમ નોકરી જ નથી કરવી. આ રાજીનામું. માસ્તર સ્થિતિ પામી ગયા, મોરબી જવા રજા આપી. એ જ વખતે ભાવસિંહજીને હકીકત ટૂંકમાં જણાવી,

પ્રભાશંકર જંકશન સ્ટેશને ગયા. ત્યાંથી એક ઈંજિન એ જ વખતે વાંકાનેર જતું હતું તેમાં બેસી વાંકાનેર સુધી ગયા અને ત્યાંથી તરત ગુડ્ઝ ટ્રેન મળી તેમાં બેસી મોરબી ગયા. અડતાળીશ કલાકે એ પાછા ફરજ પર હાજર થયા. માસ્તર ગણપતરામ અને પ્રભાશંકરનો સ્વભાવ તથા સ્થિતિ સમજવા આ એક પ્રસંગ અત્રે બસ છે.

ભાવસિંહજીને કૉલેજના અભ્યાસકાળથી જ પ્રભાશંકર વગર ન ચાલે તેવી સ્થિતિ થઈ. પ્રત્યેક બાબતમાં તેઓ પ્રભાશંકરની સલાહ લઈ તે પ્રમાણે વર્તવા મથતા. પ્રભાશંકરે એક વાત ખાસ સમજાવેલી કે **કંઈ પણ કરતા પહેલાં પોતાનો મોભ્ભો, પરિસ્થિતિનો અભ્યાસ અને તેમાંથી સારું પરિણામ કઈ રીતે આવી શકે તેનો વિચાર કરી, કોઈનુંયે અપમાન ન થઈ જાય તે રીતે વહેવાર કરવો, એ દરેક માટે અને ખાસ કરી રાજા માટે વધારે જરૂરનું છે.** ભાવસિંહજી હજી યુવાનીના ઉંબરે હતા, અંદરના ઉકળાટને અંગે આવેશમાં ક્યારેક મનમાં આવતા વિચાર બોલી નાખતા. પ્રભાશંકર તેમને મૂગા રહી પરિસ્થિતિ સમજી બધું ગળી જવા સમજાવતા. એ સમજી તે મુજબ વર્તવા મથતા. છતાં ક્યારેક બોલતાં બોલાઈ જતું ત્યારે સાંભળનાર કોણ છે તે ખ્યાલ ન રહેતો. પરિણામ એ આવ્યું કે ભાવનગર રાજ્યનો વહીવટ કરનારાઓની દૃષ્ટિમાં ભાવસિંહજી માટે અણગમો થવાથી તેઓ મુશ્કેલીમાં મુકાતા ગયા અને ભાવસિંહજીને પ્રભાશંકર વગર ન ચાલે તેવું હોવાથી અને તેની જાણ છેક ઉપર સુધી હોવાથી, ઘણી સંભાળ રાખવા છતાં પ્રભાશંકરની સ્થિતિ કફોડી થવા માંડી.

ભાવનગર રાજ્યમાં એ વખતે ખટપટ ઘણી હતી. વર્ષો પહેલાં પરમાણુદાસ ભાવનગરના દીવાન હતા ત્યારે તેમણે પોતાના સાળા ગગા ઓઝાને રાજ્યમાં નોકરી આપી. અને અક્કલ હોશિયારી તથા કર્તવ્યપરાયણતાથી આગળ વધતાં પરમાણુદાસ પછી એ દીવાન થયેલા. પરમાણુદાસભાઈના પુત્ર શામળદાસભાઈ મહત્ત્વાકાંક્ષી અને સમર્થ હતા, દીવાન થવાની એમની પૂરી લાયકાત હતી, છતાં યશસ્વી ગગા ઓઝા નિવૃત્ત થતા ન હતા. તેથી, એ દીવાનપદે આવી શકતા ન હતા. તેમ જ શામળદાસભાઈના વહીવટનાં અમુક રીતરસમ ગગા ઓઝાને સારાં ન લાગતાં. શામળદાસભાઈ મોટી ઉંમરના થયેલ હોવા છતાં ગગા ઓઝા તેમને ઠપકો આપી સ્વભાવ સુધારવા કહેતા. પરિણામ એ આવ્યું કે એ બે કુટુંબો વચ્ચે વૈમનસ્ય ભયંકર રીતે વધી ગયું. નાગરોમાં પણ બે તડાં પડ્યાં, રાજ્યના નોકરોમાં તડાં પડ્યાં, ખટપટ વધી. તખ્તસિંહજી ગાદીનશીન થયા પછી એ ખટપટ ઘટી નહિ. તખ્તસિંહજીને ચાર રાણીઓ હતી. ભાવસિંહજીનાં માતુશ્રી ગોંડલવાળાં બા ભાવસિંહજીને બાળપણમાં મૂકી અવસાન પામેલાં. તખ્તસિંહજી ખટપટ દાબી પોતાનું ઘર સંભાળી શકે તેવા રાજદ્વારી ન હતા. એ ઓલિયા રાજા ગણાતા. ભાવસિંહજીનાં નાની, ગોંડલનાં રાજમાતા મોંઘીબા વિચક્ષણ રાજદ્વારી સન્નારી હતાં. ભાવનગરની સ્થિતિ સમજતાં હોવાથી તખ્તસિંહજીને સમજાવી બાળ ભાવસિંહજીને પોતાના રક્ષણ તળે ગોંડલ રાખેલા. આ હસ્તક્ષેપ ભાવનગરના કારભાર કરનારાઓને ગમ્યો નહિ. અણગમો પ્રકટ કરવાની અનુકૂળતા તેમને હતી. ભાવસિંહજીને ભાવનગર તરફથી

જિવાઈ મળતી, પણ એ ગોંડલ બેઠાં મળે જ એવું ન હતું. જિવાઈ મેળવવા જાતે ભાવનગર જવું પડતું. ભાવસિંહજી સ્વમાની, તેજસ્વી અને નાનપણમાં ડંખવાળા હતા. એટલે હુકમને વશ વર્તે જ, એમ ન થતું, એક વખત એ રાજકોટ ભણતા ત્યારે જિવાઈ મળવામાં બહુ વિલંબ થવાથી એ ભાવનગર લેવા ગયેલા ત્યારે દીવાન ઑફિસમાં આ યુવરાજે આકરા શબ્દો કહ્યા. તેનો ઉત્તર એવો મળ્યો કે પહેલાં તમે અમે કહીએ તેમ બોલતાં, રહેતાં અને વર્તતાં શીખો. રાજ કેમ ચાલે એ સમજતાં શીખો. ક્યારે જિવાઈ મોકલવી એ અમને વધુ ખબર છે. તમારે જિવાઈ માગવી નહિ અને અહીં આવવું નહિ. ત્યારે ભાવસિંહજીએ નારાજ થઈ એવું કહ્યું કે હું ગાદીએ આવીશ ત્યારે આનો હિસાબ લઈશ. ઉત્તર એવો મળ્યો કે કોણે કહ્યું કે ગાદી તમને જ મળવાની છે ? ઘણું જીવો તખ્તસિંહજી મહારાજ. ગાદીની લાયકાત દીવાન સાહેબ નક્કી કરશે. પહેલાં એ લાયકાત કેળવો, કહીએ તેમ કરો.

આ શબ્દો દીવાન શ્રી વિઠ્ઠલદાસભાઈના ન હતા. એવી વાણી એમના મોંમાં કદી ન સંભવે એવા એ વિવેકી હતા. એ શબ્દો દીવાનની ઓથે ચડી વાગેલ કોઈ અમલદારના હતા. **(સત્તાના મદમાં જે ઝાડની ડાળી પર પોતે ઊભો હોય છે તે જ ડાળ પોતે કાપી રહ્યો હોય છે એવું ઘણાંને નથી સમજાતું,** એ વાત ઘણાં ઉદાહરણો દઈ પ્રભાશંકર સમજાવતા.)

આ બનાવની વાત દુભાયેલા ભાવસિંહજીએ પ્રભાશંકરને કહી ત્યારે પ્રભાશંકરે કહ્યું કે સ્થિતિનો વિચાર કરીને પણ આપે ગાદીએ આવીને હિસાબ લેવાની વાત ન કહેવી ઘટે.

માફ કરશો, પણ એક વાત જે ફરીફરીને કહી છે તે ફરી વિનંતીપૂર્વક રજૂ કરીશ કે નવસોનવ્વાણું પાદરના ધણી થનારે પોતાનો મોભ્ભો ઊંચો જ જાળવવો જોઈએ. **રાજાએ ખમી ખાવું એટલું જ બસ નથી, સામો માણસ સુધરે, ફરી ભૂલ ન કરે તે રીતે સારે માર્ગે વાળવાની જવાબદારી રાજાની છે.** ગાદીપતિ તો ઘણા થાય છે, પણ સેવકોનું અને પ્રજાનું ભલું કરી, પિતા પેઠે એમના ચિત્તનું રંજન કરે તેવા રાજા થવાનું ભૂલવું ન જોઈએ. આપણું રામરાજ્ય હોવું જોઈએ. આપણે રાજા રામને અનુસરવું છે.

આ પ્રસંગનું બન્ને પક્ષે શું અનિષ્ટ પરિણામ આવી શકે એ પ્રભાશંકર જાણતા હતા. એટલે રાજકુમાર કૉલેજ, રાજકોટના પ્રિન્સિપાલ ચેસ્ટર મૅકનોટન તથા ધારવાડમાં મિ. એસ. એમ. ફ્રેઝર કે જેમના અભિપ્રાય પર સરકારના વહીવટી અમલદારો પૂરો મદાર બાંધતા, તેમની પાસેથી પ્રભાશંકરે ભાવસિંહજીની ચાલચલગત, અભ્યાસ, કાર્યદક્ષતા તથા રાજા થવા યોગ્ય સદ્‌ગુણો હોવા સંબંધે સારાં પ્રમાણપત્રો મેળવી લીધાં. એસ.એમ. ફ્રેઝર તો આ પહેલાં કાશ્મીરના રેસિડન્ટ હતા. આ ઉપરાંત, નાગરોમાં ભાવસિંહજી વિશે ખોટી માન્યતા અને ભય ઊભાં ન થવા પામે તે હેતુથી રાજકોટ, મોરબી, જામનગર વગેરેનાં ઘણાંખરાં નાગરકુટુંબોના મીઠા પરિચયમાં પ્રભાશંકર હોવાથી, તેમનાં જે સંબંધીઓ ભાવનગરમાં હોય તેમને જ્યારે પ્રભાશંકર ભાવનગર આવે ત્યારે મળતા. ભાવસિંહજીના કમ્પેનિયન ટ્યૂટર તરીકે પ્રભાશંકર નિમાયા પહેલાં અનેક વાર વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજી ભાવનગરમાં નાગર

સદ્‌ગૃહસ્થોના કુટુંબમાં દવા કરવા આવતા ત્યારે પ્રભાશંકરને સાથે લાવતા. ઝંડુ ભટ્ટજીએ પ્રભાશંકરને વૈદું શીખવેલું અને તેમની ઇચ્છા હતી કે ભાવનગરમાં પોતાના દવાખાનાની એક શાખા સ્થાપી ત્યાંના મુખ્ય વૈદ્ય તરીકે પ્રભાશંકરને મૂકવા, પણ પ્રભાશંકર ભાવસિંહજીના કમ્પેનિયન ટ્યૂટર નિમાયા અને ઝંડુ* ભટ્ટજી કોઈ કારણસર ભાવનગરમાં શાખા ખોલી ન શક્યા. ભાવસિંહજી સાથે રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં જામનગરના પ્રિન્સ રણજિતસિંહજી (૧૮૭૨-૧૯૩૩) ભણતા ત્યારે તેમના ટ્યૂટર શ્રી રતિલાલ છોટાલાલ દેસાઈ સાથે પ્રભાશંકરને ઘનિષ્ઠ સંબંધ હતો. રતિલાલ પ્રભાશંકરના પિતાની વયના હતા. આ રતિલાલ દેસાઈના પુત્ર સાકરલાલ, પ્રભાશંકર, ડમરી, બ.ક. ઠાકોર ‘કાઠિયાવાડ હાઈસ્કૂલ’માં રાજકોટમાં સાથે ભણતા, (બ.ક. ઠાકોરે એ સાકરલાલ રતિલાલની અટક મહેતા નોંધી છે, તે સ્મૃતિભ્રંશને કારણે હશે ?) ત્યારથી એમના કુટંબથી પ્રભાશંકર પરિચિત. એ સંબંધ લાભદાઈ નીવડ્યો. જામનગરમાં પણ ગાદીવારસ માટે ખટપટ હતી. મુખ્ય હક્કદાર પ્રિન્સ રણજિતને ગાદી પર લાવવા રતિલાલ દેસાઈએ ઘણી મહેનત લીધેલી. આમ, પ્રભાશંકર તથા રતિલાલની મુશ્કેલી એક પ્રકારની હતી. અભ્યાસને અંતે ભાવસિંહજી આખા હિંદની મુસાફરીએ નીકળેલ ત્યારે પ્રભાશંકરે એસ. એમ. ફ્રેઝર દ્વારા મુંબઈના ગવર્નર સાથે ભાવસિંહજીની મુલાકાત ગોઠવાવેલી અને તે ગવર્નર પાસેથી પણ સારું પ્રમાણપત્ર મેળવેલું. આ પ્રમાણપત્રો દેસાઈ રતિલાલ છોટાલાલની સાથેની, ભાવનગરના રાજકોટ

*૩. જુઓ કૃ. કે. શાસ્ત્રી કૃત ઝંડુ ભટ્ટજીનું સંક્ષિપ્ત ચરિત્ર પૃ.૪૮. આ. ૧૯૨૦

ખાતેના તે વખતના પ્રાંતવકીલ નાગર સદ્‌ગૃહસ્થ સાકરલાલ સવાઈલાલની ઓળખાણને કારણે, કોઠી સરકાર સમક્ષ રજૂ કરવામાં પ્રભાશંકરને ઘણી અનુકૂળતા થયેલી. એવી વાતો જુદે જુદે સ્થળેથી સાંભળી છે કે ભાવનગરની દીવાન ઑફિસેથી ભાવસિંહજીને બદલે કુમાર મંગળસિંહજીને ગાદીવારસ તરીકે મંજૂર કરવા એક દરખાસ્ત થયેલી, પણ ઉપરનાં પ્રમાણપત્રોને કારણે મંજૂર નહિ થયેલી. કુમાર મંગળસિંહજીને ગાદીએ લાવવા હિલચાલ હતી એ વાત ખરી, પણ ખરેખર દરખાસ્ત થયેલી એ વાત રાજકોટ કોઠી સરકારનું તે વખતનું દફતર જોયા વગર સ્વીકારી ન શકાય.

ભાવસિંહજીથી પ્રભાશંકરને છૂટા પાડવાની જરૂર વહીવટકર્તાઓને લાગી. સત્તા તેમની પાસે હતી. ભાવસિંહજીનો અભ્યાસ પૂરો થયો હતો. તેવામાં ભાવસિંહજીની હિંદની મુસાફરી દરમિયાન ઉપરની ગોઠવણીથી એવો બનાવ બન્યો કે પ્રભાશંકરે એ જ વખતે નોકરીમાંથી રાજીનામું આપી દીધું. (આ પ્રસંગ મેં અન્યત્ર વર્ણવ્યો છે.) એ પ્રસંગે ભાવસિંહજીએ રોકવા બહુ આગ્રહ કર્યો ત્યારે પ્રભાશંકરે કહ્યું : 'હાલ આપ યુવરાજપદે છો એટલે આપની ઇચ્છાને હું માન આપી શકતો નથી. આપનાં ઇચ્છા અને આજ્ઞા બન્ને એકરૂપ થશે ત્યારે આપ કહેશો તેમ કરીશ.' ભાવસિંહજીએ કહ્યું : 'તો હું બોલાવું ત્યારે આવશો એવું વચન દેતા જાઓ.' પ્રભાશંકરે વચન આપ્યું.

## યુવરાજના શરીરની સેવા કરી

ત્યાંથી ભાવસિંહજીની ઇચ્છાને માન આપી. તેમની ભલામણથી થોડા માસ દેવગઢ બારિયામાં નોકરી કરી મોરબી

કેળવણી ખાતામાં જોડાયેલા. ભાવસિંહજીના બોલાવવાથી ૧૮૯૫ના ઑગસ્ટ-સપ્ટેમ્બર બે માસની રજા લઈ તેમની પાસે એ ભાવનગર રહેલા. ભાવસિંહજીના પગમાં આંગળીઓ વચ્ચે ફોડલીઓ અને ફૂગ રહેતી. એ રોગ ત્યારે આઠેક વર્ષથી જૂનો હતો. પ્રભાશંકર ઉપચાર જાણતા પણ પોતે શૈક્ષણિક નોકર હતા ત્યાં સુધી એ ઉપાય ચીંધેલો નહિ. હવે એ બંધન ન હતું અને પોતાની હાજરી હતી. પ્રભાશંકરે દોઢેક માસ દવા કરી એ રોગ દૂર કર્યો જે ફરી કદી થયો ન હતો. પ્રભાશંકર પોતે ભાવસિંહજીના પગ દિવસમાં બે વખત ધોઈ જાત્યાદિ તૈલ લગાડી દેતા અને ચંદ્રપ્રભા વગેરે દવા ખાવા આપતા. આ અવેતન સેવા હતી.

એ દિવસોમાં પણ ભાવસિંહજી વરિષ્ઠ અધિકારીઓ તરફની ઈતરાજી પ્રભાશંકરને જણાવતા. ઉત્તરમાં આ વાત વારંવાર કહીને પ્રભાશંકરે સમજાવવા યત્ન કરેલા કે મારા દાદાએ, પિતાએ તથા કાકાઓએ મારે ગળે એક વાત ઉતારી દીધી છે કે **કોઈ માણસ સોએ સો દોકડા ખરાબ કે અયોગ્ય હોઈ શકતો નથી. ઝાડની અનેક જાત છે. કોઈ ઝાડ નકામું નથી. કયા રોગ ઉપર કયું ઝાડ ઉપયોગી છે એ જેમ વૈદ્યે જાણીને ઉપયોગ કરવો જોઈએ, તેમ રાજાએ કયા માણસનો કયા કામમાં કેમ અને કેવો ઉપયોગ કરવો જોઈએ, તે જાણવું જોઈએ. જેમ વૈદ્ય માટે ઝાડ નકામું નથી એમ રાજા માટે કોઈ માણસ નકામું નથી. ગુણ અને દોષ બધાંમાં હોય છે.** આપણામાંય હોય છે. નહિ તો આપણે કોઈ માણસને ખરાબ ન લાગીએ. જેમ વૈદ્ય કે ડૉક્ટર તંદુરસ્તી શું કહેવાય તે જાણતો હોય તો એને રોગ પારખતાં, દવા દેતાં અને દરદીને સાજો

કરતાં આવડે, તેમ જો માણસે કેવા થવું અને રહેવું જોઈએ એ આદર્શ આપણી પાસે હોય અને તે પ્રમાણે જાતે જીવવા મથતા હોઈએ તો સામા માણસના એકલા દોષ નહિ દેખાય, ગુણ પણ દેખાશે. અને પછી એ સદ્‌ગુણ કેમ ખીલવી શકાય અને અવગુણો દૂર કરી તે માણસને સારો બનાવી શકાય. આખા સમુદાયને તેનો કેમ લાભ મળે, તે સહેલાઈથી સૂઝવા લાગે. રાજા પાસેથી આ કળા બીજા શીખે એવા રાજાએ થવું જોઈએ.

ઈ.સ. ૧૮૯૬ના જાન્યુઆરીની ૨૯મીએ ભાવસિંહજીના પિતા મહારાજા તખ્તસિંહજીનું અચાનક અકાળ અવસાન થયું. ભાવસિંહજીએ તાર કરી પ્રભાશંકરને તેડાવ્યા અને તેમને લેવા સ્ટેશને ગયેલા. ડબ્બામાંથી પ્રભાશંકર ઊતર્યા કે તેમનો હાથ પકડી આંસુ સાથે ભાવસિંહજીએ કહ્યું કે ડૉક્ટરે મહારાજાને મારી નાખ્યા છે. પ્રભાશંકરે કહ્યું : ‘એમ ન જ હોય. ડૉક્ટરનું કામ દરદીને સાજા કરવાનું છે, મારવાનું નહિ.’ એ વાતચીત બાજુમાં કોઈએ સાંભળી હોય કે ન હોય, પણ પ્રભાશંકરને થયું કે આટલાં વર્ષ સમજાવવા છતાં જો ભાવસિંહજી આવેશમાં આવું બોલી નાખે છે તો કારભારનું કામ કઠિન થશે.

ભાવસિંહજીને કાળુભા રાણા સાથે બાળપણથી ગોંડલમાં મૈત્રી થયેલી અને રાજકોટમાંથી બાવાભાઈ શામજી વડાળિયાનો પરિચય થયેલો. એ બન્નેને તત્કાલ ભાવનગર બોલાવી લેવાયા. ભાવસિંહજીને પોતાના ખાસ ભાષાશિક્ષક ત્રિભુવનદાસ કાળિદાસ ત્રિવેદી પર પણ વિશ્વાસ હતો. ભાવનગરના કોઈ અધિકારી પર કે અગ્રણી પર ભાવસિંહજીને વિશ્વાસ ન હતો. તેમણે પ્રભાશંકરને કહ્યું કે તમે દીવાન થઈ કારભાર સંભાળી લો. મારે આ લોકોને કાઢવા છે. એમાંથી

એક્કેય મારે ન જોઈએ. પ્રભાશંકરે કહ્યું કે હું દીવાન થવા માગતો નથી. સેવા કરવા માટે હું આપનો વિશ્વાસ ઇચ્છું છું, કોઈ અધિકારનું પદ નહિ. અને કોઈ પદ હાલ તો નહિ જ. ભાવસિંહજીએ કહ્યું કે તમે મને કહેલું કે આપનાં ઇચ્છા અને આજ્ઞા એકરૂપ થશે ત્યારે આપ કહેશો તેમ કરીશ. પ્રભાશંકરે કહ્યું કે એ વાત બરાબર, પણ બે વાત છે. કોઈને હઠાવીને આપ મને હોદ્દો આપો એ મારે જોઈતો નથી. વળી, હું રાજકારણનો માણસ નથી, વહીવટનો જોઈતો અનુભવ મારે હજી બાકી છે. વળી, વિનંતીપૂર્વક ભાર દઈ મારે આપનું ધ્યાન ખેંચવું છે કે નાગરો જેવી વહીવટી કુશળતા આપણને બીજેથી મળવાની નથી. એમને દૂર કરશો તો વહીવટને આપ પાંગળો બનાવશો અને નાગરોને દુશ્મન બનાવશો. બીજા નોકરિયાતોને તથા પ્રજાને આપમાં વિશ્વાસ નહિ રહે. એ કોઈને માટે લાભકારક નથી. હું જાણું છું કે આપને ન ગમે તેવું એમણે ઘણું કર્યું છે, બીજી ભૂલોયે એમનાથી થતી હશે, છતાં રાજનું જેટલું એમને હૈયે દાઝે છે એટલું બીજા કોઈને દાઝતું હોય એવું મેં જોયું નથી. છેવટે એટલું કે હાલ હું વાઘજી ઠાકોરની મોરબીની નોકરીમાં છું. એમનો અને અમારો ત્રણ પેઢીનો સંબંધ હોવાથી હું નોકરી વગરનો થઈ મોરબી પાછો આવ્યો છું. એમ જાણ થતાં મને સામેથી બોલાવી નોકરીએ રાખ્યો છે. એમની નોકરીમાંથી રાજીનામું મારે ન દેવાય. આપ એમની પાસે મારી માગણી મૂકો. તેઓ ના નહિ કહે. ભાવસિંહજીએ તારથી વાઘજી ઠાકોર પાસે પ્રભાશંકરને છૂટા કરી, સોંપવા માગણી કરી. વાઘજી ઠાકોરે શરત મૂકી કે મોરબી જ્યારે બોલાવે ત્યારે પ્રભાશંકરે મોરબી આવવું અને એ શરતે મોરબી ઠાકોરે પ્રભાશંકરને કપાતે પગારે ભાવનગર

રાજ્યની નોકરીએ જવા મંજૂરી આપી. પ્રભાશંકર પાંત્રીશમે વર્ષે ત્યાંથી છૂટા થઈ ભાવનગર રાજ્યમાં જોડાયા, છતાં પછીનાં ત્રીશ વર્ષ સુધી મોરબીના પગારપત્રક પર તેમનું નામ કાયમ રાખવામાં આવેલું.

૧૦મી ફેબ્રુઆરી, ૧૮૯૬ને સોમવારે પૉલિટિકલ એજન્ટ કર્નલ હેનકૉકની હાજરીમાં ભાવસિંહજીનો ધોરણસર રાજ્યાભિષેક થયો. એ વખતના પોતાના પ્રવચનમાં ભાવસિંહજીએ કહેલું કે રાજ્યને આબાદ કરવા, ઊંચું લાવવામાં અને સુખશાંતિભર્યું કરવામાં મારા અમલદારો એકનિષ્ઠાથી સેવા આપશે એવો મને વિશ્વાસ છે. રાજાએ તથા તેના અમલદારોએ તનમનધનથી પ્રજાનું ભલું કરવા જીવન દેવું જોઈએ, એવી મારી ભાવના છે. રાજ્યારોહણ પ્રસંગે હેનકૉક સાહેબે જાહેરમાં પ્રભાશંકર સાથે જે રીતે વર્તાવ કર્યો તેથી સર્વે અમલદાર વર્ગને તથા પ્રજાવર્ગને એ બન્નેની પ્રીતિનો ખ્યાલ આવ્યો. ભાવસિંહજી પ્રભાશંકરને દીવાન બનાવશે એમ કહેવાતું હતું. વહીવટમાં ફેરફાર થશે જ, એવી માન્યતા હતી. ઘણાંને પોતાનું સ્થાન જવાનો ભય હતો, પણ એવું કશું ન બન્યું. કોઈ અમલદારને સ્થાનથી ખસેડવામાં ન આવ્યા. સહુના આશ્ચર્ય વચ્ચે મહારાજાના પર્સનલ સેક્રેટરીની નવી જગ્યા કાઢીને તે પર માસિક સવાસોના પગારથી પ્રભાશંકરની નિમણૂક કરવામાં આવી. દીવાન તથા રાજ્યસભાના વડા સભાસદ શ્રી વિઠ્ઠલદાસ શામળદાસ, જાહેર બાંધકામ ખાતાના સભાસદ આર. પ્રૉક્ટર સીમ્સ, ન્યાયખાતાના સભાસદ બૅરિસ્ટર જમશેદજી જીવણજી ગજધર તથા જેમણે છેલ્લી મહારાજા તખ્તસિંહજીની દવા કરેલી

તે સભાસદ ડૉ. બરજોરજી બહેરામજીને, દરેકને ત્યાં જઈ પ્રભાશંકર મહારાજા વતી પૂરો સાથ આપવા વિનંતી કરી આવ્યા.

ગાદીએ બેસીને ભાવસિંહજીએ જેમજેમ અમલદારો વયને કારણે નિવૃત્ત થતા ગયા, તેમ તેમ તેમની જગ્યાએ બહારગામથી નાગરોની નિમણૂક ભાવનગર રાજ્યમાં શરૂ કરી.+ પ્રિન્સ રણજિતસિંહજીના એક વખતના શિક્ષક શ્રી રતિલાલ દેસાઈને* હિસાબી ખાતાના ઉપરી તરીકે નીમ્યા. મહારાજા તખ્તસિંહજી દેવ થયા ત્યારે રાજ્યની તિજોરીમાં ફક્ત એકતાળીશ રૂપિયા હતા, ઝવેરાતમાં મોતીની એક માળા હતી તથા રાજ્ય ઉપર લાખો રૂપિયાનું કરજ હતું. (૧૯૪૮માં ભાવનગર રાજ્ય સૌરાષ્ટ્ર રાજ્યમાં ભળ્યું ત્યારે ભાવનગરે અઢાર કરોડ રૂપિયા રોકડા, જુદાંજુદાં બીજાં મોટાં ફંડો તથા બીજી ઈસ્કામતો સોંપેલી. એ આર્થિક વિકાસનું નિરૂપણ જાણવા યોગ્ય હોવા છતાં અહીં જરૂરી નથી.) નડિયાદના ગોપાલદાસ બિહારીદાસને બોલાવી સારો હોદ્દો આપ્યો. ભાવસિંહજી યુવરાજપદે હતા ત્યારે તેમનાં પ્રમાણપત્રો કોઠી સરકાર પાસે રજૂ કરવામાં જે ઉપયોગી થયેલા તે પ્રાંતવકીલ સાકરલાલ સવાઈલાલને વધુ સત્તા અને બઢતી આપ્યાં. સાકરલાલના ભાઈ

---

+તે કાળના અભ્યાસ પછી મને એવું જણાયું છે કે જૂનાગઢ-ભાવનગરના નાગરોમાં સત્તાપદ અને આનુષંગિક બીજાં લક્ષણો હતાં તેવાં બીજા નાગરમાં ન હતાં. ઊલટું આર્યબ્રાહ્મણોના સદ્ગુણો સાથે રાજવહીવટી કુશળતા તથા પલટાતા સમયને પારખી તેમાંથી સરળતાથી માર્ગ કરવાની અને બીજાને મદદરૂપ થવાની વૃત્તિ તેમનામાં હતી.

*ભાવનગર રાજ્યના દરબારી ગેઝેટમાં આ નામ રતિલાલ છોટેલાલ દેસાઈ છપાયું છે, તે સ્થાનિક બોલીફેરને કારણે છે, વ્યક્તિ એક જ.

હરિલાલને ૧૯૦૦માં નાયબ દીવાનની નવી જગ્યા ઉત્પન્ન કરી નીમવામાં આવેલા. (આ બે ભાઈઓ અને પ્રભાશંકરના સંબંધની વાત જાણવા યોગ્ય છે.)

પ્રભાશંકરના પિતા દલપતરામ માણાવદરમાં રહી મોસાળની જમીનનો વહીવટ કરતા ત્યારે ત્યાં પ્રભાશંકર દલપતરામ દેસાઈ નામે વડનગરા નાગર દીવાન હતા. બન્ને કુટુંબને એક ઘર જેવો ગાઢ સંબંધ હતો. પ્રભાશંકર માંદા થઈ મેડિકલ કૉલેજ છોડી માણાવદર પાછા આવ્યા ત્યારે ઘર આગળ કાયદાનો અભ્યાસ કરવાનું સૂચન કરી પુસ્તકોની ગોઠવણ તેમણે કરી આપેલી. વળી, રાજકોટ રાજકુમાર કૉલેજમાં કંપાઉંડરની જગ્યા ખાલી હોવાથી ત્યાંના પ્રિન્સિપાલ ચેસ્ટર મૅકનોટન પર ભલામણપત્ર લખી નોકરી અપાવેલી. ત્રણ માસ નોકરી કરી પ્રભાશંકરે એ નોકરી છોડી, કારણ કે પ્રિન્સિપાલ સજ્જન માણસ હોવા છતાં એ કૉલેજમાં કોઈની માંદગી વખતે ડૉક્ટરને બોલાવવાને બદલે પોતે જ પ્રિસ્ક્રિપ્શન લખતા, એ પ્રભાશંકરને અયોગ્ય તથા જોખમી જણાયેલું. પ્રભાશંકરે ભાવસિંહજીને સમજાવી માણાવદર દીવાનના બે પુત્રો લાભશંકર તથા મુકુંદરાયને તેમ જ પિત્રાઈ ભાઈ શામળદાસને ભાવનગર રાજ્યમાં સારા હોદ્દાએ સમાવી લીધા.

રાજકુમાર કૉલેજમાં સુધારક વિચારના માણેકલાલ માસ્તર હતા. એ થિયૉસૉફિસ્ટ પણ હતા. ઘણા લાગણીવાળા અને ભણાવવામાં કાળજીવાળા હતા. એમના પુત્ર નટવરલાલ સુરતીને ભાવનગર રાજ્યમાં લીધા, જે નોકરીનાં છેલ્લાં દશ વર્ષ રાજ્યના નાયબ દીવાનપદે હતા. પ્રભાશંકરે પોતાના ત્રણ

માણસોને મોરબીથી બોલાવેલા. એક હતા મિત્ર વસનજી માસ્તર જે પ્રભાશંકરનું અંગત કામ કરતા. બીજા બે જ્ઞાતિજનોને રાજ્યમાં નોકરી અપાવેલી. જેમાંના એક મ.મ. શાસ્ત્રી, શંકરલાલ માહેશ્વરના પુત્ર ખેલશંકર જે મહારાજા ભાવસિંહજીનું ખાનગી કામકાજ, માસિક રૂપિયા સાઠના પગારથી સંભાળતા. બીજા હતા કાકા કાનજી હરિરામના જમાઈ અને પોતાના સ્વ. મિત્ર હરિલાલ ઝીણાના ભત્રીજા માણેકલાલ સુંદરજી જેને માસિક રૂપિયા વીશના પગારે થાણેદારની જગ્યા આપેલી. પ્રમાણિક નોકરી અને ખેડુપ્રજાની સેવા શું કહેવાય તેનું સારું દૃષ્ટાંત એમણે પૂરું પાડેલું.

ભાવસિંહજીએ પોતાના કૉલેજકાળના ટ્યૂટર માસ્તર ગણપતરામ ત્રવાડીને આમંત્રી ભરી સભામાં તેમનો સત્કાર કરી રાજ્યપોશાક તથા મોટા પુરસ્કાર આપી બહુમાન કર્યું હતું. પોતાના રાગદ્વેષ ભૂલી પ્રજાહિતની દૃષ્ટિએ જ રાજાએ વર્તવું ઘટે, એ વાત ભાવસિંહજીને વારંવાર સમજાવી વર્તન કરાવવામાં પ્રભાશંકર પોતાની નોકરીની સાર્થકતા સમજતા. દીવાન શ્રી વિઠ્ઠલદાસભાઈ માન્ય અને ગુણજ્ઞ હતા. રાજ્યસભાના એ વડા હતા. રાજ્યસભાના કોઈ સભાસદ રજા પર ઊતરે તો તેમનો ચાર્જ વિઠ્ઠલભાઈને સોંપવામાં આવતો. એક વખત વિઠ્ઠલદાસભાઈ રજા પર ઊતર્યા ત્યારે તેનો ચાર્જ, જે અમલદારે યુવરાજ ભાવસિંહજીને કડવાં વેણ કહેલાં, તેમને આપવામાં આવેલો. દીવાનના નાના ભાઈ શ્રી લલ્લુભાઈ શામળદાસ વસૂલાતી અધિકારીપદે હતા. છપ્પનિયા દુકાળનું વર્ષ હતું. પ્રજાની હાડમારી ટાળવા ચાંપતા ઈલાજ લેવા

ભાવસિંહજી વસૂલાતી અધિકારી સાહેબને જણાવતા. એમનો અમલ નહિ થતો હોય તેવું તો ન હોય, પણ જોઈતો અમલ થતો હોવાનું ન લાગવાથી મહારાજા વસૂલાતી અધિકારી પર નારાજ રહેતા. શાંતિ જાળવવા વારંવાર પ્રભાશંકરે કહ્યું હોવા છતાં, એક દિવસ ભાવસિંહજીએ પોતાની પાસે લલ્લુભાઈને તેમને ઘેરથી આવી જવા તેડાવ્યા, તરત ન આવી શક્યા. બીજી વાર તેડાવ્યા અને ત્યારે તેમની પાસેથી નોકરીમાંથી રાજીનામું માગી લીધું. મહારાજાનું આ પગલું અણસમજનું અને ઉતાવળભર્યું હતું. પ્રભાશંકરે રાજીનામું પાછું ખેંચાવવા યત્ન કર્યા પણ બન્ને પક્ષે મન ઊંચાં થયાં પછી છૂટા થવું એ જ યોગ્ય હતું. લલ્લુભાઈ છૂટા થયા. પ્રભાશંકરની વિનંતીથી મહારાજાએ લલ્લુભાઈને સારું પેન્શન આપ્યું અને માનમરતબો ચાલુ રાખ્યાં. દીવાનના પુત્ર ભૂપતરાય વિઠ્ઠલદાસને એક વિભાગના વસૂલાતી અધિકારી તથા સેન્ટ્રલ ઑફિસર તરીકે નીમી બઢતી આપી, પણ મહારાજાએ લલ્લુભાઈનું જે રીતે રાજીનામું માગ્યું તેથી મનદુઃખ થયું હતું. દીવાનકુટુંબના સ્વમાનનો એ પ્રશ્ન હતો. ટૂંક વખતમાં જ નાદુરસ્ત તબિયતનું કારણ દર્શાવી દીવાનપદેથી વિઠ્ઠલદાસભાઈ રાજીનામું દઈ નિવૃત્ત થયા. આ અણધાર્યો મોટો ફેરફાર હતો. દીવાનપદ સ્વીકારવા પ્રભાશંકર કોઈ રીતે તૈયાર ન હતા. રાજકોટ રેસિડન્ટના સૂચવ્યા છતાં પ્રભાશંકરે એ પદ ન લીધું. ત્યારે પ્રભાશંકરની સમજાવટથી જે ડૉક્ટરે મહારાજા તખ્તસિંહજીના અવસાનકાળે સારવાર કરેલી તેમને દીવાનપદ સોંપવામાં આવ્યું. ભાવસિંહજીનું આ પગલું પ્રભાશંકરની સલાહથી છે એમ અમલદારવર્ગને તથા પ્રજાવર્ગને સર્વને લાગેલું.

પણ આ નિમણૂકથી નાગર જ્ઞાતિને અસંતોષનું કારણ મળ્યું. પરાપૂર્વથી રાજ્યમાં નાગરો જ દીવાનપદે રહેતા એ પરંપરા આ નિમણૂકથી તૂટી હતી. આવા પ્રતિભાવની સંભાવના પ્રભાશંકરે કલ્પેલી, પણ પ્રથમ ડૉ. બરજોરજી વિશેની શંકા દૂર કરવી જરૂરી હતી. એ ડૉ. બરજોરજી નિવૃત્ત થતાં પ્રભાશંકરને જોઈતી તક મળી. મહારાજાએ પ્રભાશંકરને દીવાનપદ સ્વીકારી લેવા આજ્ઞા કરી ત્યારે પ્રભાશંકરે કહ્યું કે આપે મને પૂરો વિશ્વાસુ ગણ્યો છે તેથી વધારે મોટું પદ હું કશાનેય ગણતો નથી. આપને હું વારંવાર વિનંતી કરતો આવ્યો છું કે ગગા ઓઝા અને શામળદાસભાઈ બન્ને મામો-ભાણેજ હોવા છતાં દીવાનપદની ખેંચતાણમાં છેલ્લાં પચીશ વર્ષથી એ બે કુટુંબ વચ્ચે વૈમનસ્ય વધતું જ ગયું છે અને ગગા ઓઝાના કુટુંબને નીચે જોવું પડ્યું, એવી સ્થિતિમાં મુકાઈ ગયું છે. તો અત્યારે તેમનું સ્થાન પાછું ઊભું કરવા અને એ બે કુટુંબો વચ્ચે સંપ ઊભો કરવા બધી તક અને અનુકૂળતા આપ આપો એ આપ જેવા નૃપતિને યોગ્ય પગલું ગણું છું. વળી, જે રીતે વિઠ્ઠલદાસભાઈએ રાજીનામું દેતાં રાજ્યનું દીવાનપદું નાગરોના હાથમાંથી ગયું તે સારું નથી થયું. આપ (ગગા ઓઝાના પુત્ર) વજલભાઈને બોલાવી તેમને દીવાનપદ લેવા કહો. એ ભલે માંદા રહેતા હોય, એને મદદ કરવા નાયબ દીવાન તરીકે હરિલાલ સવાઈલાલની નિમણૂક કરો. એ નાગર છે, પણ નાગરોમાં જે તડાં છે તેમાં એ નથી. તટસ્થ છે, કોઈને અન્યાય ન થાય તેમ જોનાર અને કાર્યદક્ષ છે.

પ્રભાશંકરની વાત મહારાજાએ સ્વીકારી અને હજૂર ઠરાવ નં. ૭ તા. ૧૬-૧-૧૯૦૦થી "મુખ્ય દીવાનની જગ્યાએ આજમ

વજેશંકર ગવરીશંકરને નીમવામાં'' અને તેમને ''મદદ કરવા માટે નાયબ દીવાનની નવી જગ્યા ઉત્પન્ન કરી તે જગ્યાએ આજમ હરિલાલ સવાઈલાલને નીમવામાં'' આવ્યા. એ વજલભાઈ બીમાર રહેતા, ઘેર રહીને પણ બની શકે તે કામ કરતા. છેવટે બીમારીના કારણે જાતે જ કંટાળી તેમણે રાજીનામું આપ્યું. મહારાજાએ તથા પ્રભાશંકરે કરેલા ઉપકાર બદલ આભાર માન્યો.

વળી, દીવનાપદ ખાલી પડ્યું. મહારાજાની ઈચ્છા ઉપરાંત આગ્રહ હતો, રાજકોટ રેસિડન્ટની ભલામણ હતી. વળી, પ્રજાજનો અને ઘણાખરા અમલદારોએ આગ્રહ કર્યો. આથી, મહારાજાએ હજૂર ઠરાવ નં. ૩ તા. ૧૯-૨-૧૯૦૨થી પ્રભાશંકર દ. પટ્ટણીને દીવાનપદે નીમ્યા અને હરિલાલભાઈને નાયબ દીવાન તરીકે ચાલુ રાખ્યા.

નિકટના એક સંબંધીએ પ્રભાશંકરને પૂછેલું કે ઘણાને તમે બચાવ્યા, ઘણા તમારી ઓથે ટકી રહ્યા, છતાં એ નાગરોમાં તમારા વિશે સારું ઓછું બોલાય છે તો પછી થતું હોય તેમ થવા દોને. જવાબમાં પ્રભાશંકરે કહેલું કે એકલા નાગરોની જ વાત કેમ કરો છો ? **કોઈ પણ સ્વમાની માણસ બીજા અજાણ્યા માણસના ઉપકાર તળે આવે એ તેને ગમતું નથી. સ્વમાનહાનિનું ભાન ઉપકાર કરનાર તરફ અણગમો ઊભો કરે છે. કૃતજ્ઞતાની ભાવના જેની ખીલી નથી હોતી એવા સામાન્ય માણસનો એ સ્વભાવ છે.** બંગાળના સુપ્રસિદ્ધ દાતા ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરને કોઈએ પૂછ્યું કે ફલાણા ગૃહસ્થ કેમ તમારી બહુ નિંદા કરે છે ? ઈશ્વરચંદ્રે કહ્યું કે મને યાદ આવતું નથી કે મેં એમના ઉપર એવો કોઈ ઉપકાર કર્યો હોય. **માણસ**

**અપકાર કરીને જ અણગમો વહોરે છે એવું નથી. આપણું કર્યું વર્તન કોને ક્યારે નહિ ગમે, એ સમજાય એવું નથી. માનહાનિ, સ્વાર્થમાં આડે આવવું, તેજોદ્વેષ, એવાં ઘણાં કારણો તો સ્પષ્ટ દેખાય તેવાં છે. ઉપકાર કરવા જતાં અનર્થ પણ થાય. બાકી, ઉપકૃત પોતાની કૃતજ્ઞતા જાહેર કરે એવી ઈચ્છાથી ઉપકાર કરવા નીકળનારથી કોઈ કામ સરખું થતું નથી.** બાકી, નાગરો વિશે મારો મત ઊંચો છે. કાઠિયાવાડ-મુસલમાન, પેશ્વા, ગાયકવાડ વગેરેના હુમલાથી અને રંજાડથી પાયમાલ થતો હતો ત્યારે તેને બચાવવામાં કુનેહથી કામ નાગરોએ લીધું છે, એમ મને લાગે છે. દેશ માટે નાગર સિવાય આગળપાછળનો વિચાર બીજાએ ઓછો કર્યો હશે. મહારાણીના ઢંઢેરા પછી થોડાં વર્ષે આપણા દુર્ભાગ્યે જૂનાગઢ-ભાવનગરના નાગરોમાં સત્તાના લોભને કારણે સાઠમારી શરૂ થઈ. નજીકના કૌટુંબિક સંબંધો હોવા છતાં બાપે માર્યાં વેર જેવા દુશ્મનો થઈ બેઠા. જૂનાગઢ-ભાવનગરમાં તો રાજ જ એમનું હતું. રાજા વહીવટમાં માથું ન મારતા અને વહીવટમાં સમજતા પણ નહિ. રાજ્યવહીવટમાં રસ લેવાની શરૂઆત ભાવસિંહજીએ કરી. એ યુવરાજપદે હતા ત્યારે નાગરોએ એવો વર્તાવ કરેલો કે ગાદીએ આવીને ભાવસિંહજીને નાગરો કાઢવા હતા. સારું થયું કે ભાવસિંહજી મહારાજે મારી વિનંતીઓ સ્વીકારી, નહિ તો સ્થિતિ કેવી થાત, કહી ન શકાય. ભાવસિંહજી યુવરાજ હતા ત્યારે હું તેમનો સામાન્ય નોકર હતો. નાગર અમલદારો યુવરાજને ગમે તેમ કહી શકે ત્યાં બીજા સામાન્ય નોકરની શી વાત ? મારે તો ભાવનગરની નોકરીમાંથી ત્યારે છૂટું જ થવું

પડ્યું હતું. હું અણગમતો માણસ હતો. ભાવસિંહજી ગાદીએ આવ્યા, મને એમણે પોતાની પાસે લીધો. ભાવસિંહજી અને નાગરોનો સંબંધ જગજાહેર હતો. તમે ત્યારના નાગરોની દૃષ્ટિએ વિચાર કરો કે ભાવસિંહજી ગાદીએ આવી મને બોલાવી મારામાં વિશ્વાસ મૂકે અને નાગરો તરફ અણગમો દેખાડે ત્યારે તમારી નજરે હું કેવો લાગું ? આ સાદી વાત છે. હું સમજતો હતો. એ સ્થિતિમાં હું નાગરોનું ઉપરાણું કરું તો મહારાજાને ન ગમે અને મહારાજાને હા જી હા કરું તો નાગરોનું ટળે અને રાજ પાંગળું થાય, એમ બેય બાજુથી મને ભીંસ હતી. બેય બાજુથી અણગમો અને ઉપાધિ વહોરવાં પડશે એ હું પહેલેથી સમજતો હતો. એટલે બને તેટલું સારું કરવા મેં મહેનત કરી. મેં કોઈ પાસેથી શિરપાવ ઇચ્છ્યો નથી, મારી ફરજ સમજીને વર્ત્યો છું. મારી નજર બને તેટલું સહુનું ભલું કરવા ઉપર છે.

આ પદ્ધતિથી કામ કરનાર પ્રભાશંકરની સિદ્ધિઓ ઘણી હતી. ઘણા નામાંકિત માણસો એમનું જીવનચરિત્ર લખાય તેમ માગણી મૂકતા, જેમાં પ્રભાશંકર કદીયે સંમત થયા નહિ. કાર્ય સિદ્ધ થઈ શકતું તેનો યશ પ્રભાશંકર ન લેતા. એ કહેતા : 'હું જે કંઈ કરી શક્યો છું તેની પાછળ ખરી હકીકત તો એ છે કે મહારાજા ભાવસિંહજીને હું જડી ગયો અને તેમના વિશ્વાસને લઈને જે શક્તિઓ હતી તે બહાર આવી. હું માનું છું કે મારા જેવા ઘણાય છે. માત્ર તેમને મહારાજા ભાવસિંહજી મળ્યા નથી.'

❑

॥ હરિઃૐ ॥

# ૬. બે પ્રાસંગિક કાવ્યો

સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણી અત્યંત સામાન્ય આર્થિક સ્થિતિવાળા વિદ્યાવ્યાસંગી કુટુંબમાં જન્મ્યા હતા. 'કેશવકૃતિ'ના કર્તા કેશવલાલ હરિરામ એ પ્રભાશંકરના કાકા થાય. સંસ્થાન ભાવનગરના દીવાન, પછીથી એ સંસ્થાનના ઍડ્મિનિસ્ટ્રેટર, વાઈસરૉયની કારોબારી સમિતિના સભ્ય, ઇંડિયા કાઉન્સિલના સભ્ય અને લીગ ઑફ નેશન્સમાં હિંદનું પ્રતિનિધિત્વ ધરાવનાર તથા ભારતના રાજકારણમાં બ્રિટિશ સરકારની જાણ સાથે પૂજ્ય ગાંધીજીના મિત્ર રહેનાર સર પ્રભાશંકર અનવરત કાર્યરત રહેવા છતાં તેમનો આજન્મ વિદ્યાપ્રેમ એકધારો છેવટ સુધી જળવાઈ રહ્યો હતો. પોતે કામમાંથી પરવારે ત્યારે જો કોઈ મળવા ન આવ્યું હોય તો અચૂક કોઈ ગ્રંથના પરિશીલનમાં જ બેઠા હોય. એમની વિશાળ લાઈબ્રેરીનું લગભગ દરેક પુસ્તક, જાતે વાંચીને કરેલી લાલભૂરી લીટીઓ વડે, એમના વિદ્યાનુરાગની સાક્ષી પૂરે છે. અત્યંત વ્યવસાયમાં કાવ્યો લખવાનો સમય તો ન હતો, પણ કોઈ ચિત્તવિક્ષેપક પ્રસંગ બને એ વખતે કે તે પછી તરત જો સહેજ નવરાશ મળે તો એ પ્રસંગજન્ય વિચાર કે ભાવને તે પદ્યમાં લખી નાખતા. કોરો કાગળ ન હોય તો જે હાથમાં હોય તે પુસ્તકના પાનાની કે વર્તમાનપત્રની કોરી જગ્યાએ લખી નાખતા. આ રીતે એમણે લખેલાં અનેક કાવ્યો પાછળના પ્રસંગોમાંથી બે પ્રસંગો અહીં આપ્યા છે.

ભાવનગરના મહારાજા ભાવસિંહજી યુવરાજપદે હતા ત્યારે ઈ.સ. ૧૮૯૦થી ૧૮૯૩ સુધી રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં ભણવા રહેલા. તે વેળા એમની સાથે હરેફરે અને તેમનું કામકાજ કરે તેવા 'કમ્પૅનિયન' (સાથી) તરીકે પ્રભાશંકર નિમાયા હતા. હિંદના દેશી રાજાઓ આપખુદ, ઉડાઉ, વ્યસની અને મૂર્ખ નીવડે છે તેવા ભાવનગરના ભાવી નરેશ ન બને એ શુભ આશયથી શિસ્તપાલનના અતિ આગ્રહી અને કડક શ્રી ગણપતરામ ત્રવાડી જેવા એમના ટ્યૂટર નિમાયા હતા. ભાવસિંહજી પાસેથી સખતાઈથી કામ લેવામાં આવતું. તે બાબતમાં એટલે સુધી કહેવાતું કે પોતાના પિતા મહારાજા તખ્તસિંહજી પર ભાવસિંહજી કાગળ લખે તો તે કાગળ ખુલ્લો રાખીને ટ્યૂટરને સોંપવો પડે, ટ્યૂટર તે કાગળ અવકાશે જોઈ સુધારીને પાછો આપે, અને તે રીતે નવેસરથી લખીને ભાવસિંહજી ફરી એ કાગળ ટ્યૂટરને આપે ત્યાર પછી ટ્યૂટરની સંમતિથી એ કાગળ ટપાલમાં જાય. અંગત ખર્ચ માટે રાતી પાઈ સરખી ભાવસિંહજીને આપવામાં ન આવતી. આવી સ્થિતિમાં બીજાની મુશ્કેલી શી છે, તે આપમેળે સમજીને તે દૂર કરવાની વૃત્તિશક્તિવાળા પ્રભાશંકર એમના સાથી હતા. તેથી, ભાવસિંહજીને તે 'પોતાના' લાગવા માંડ્યા. પોતા પર જે કડકાઈથી કામ લેવામાં આવતું તેની વાત પ્રભાશંકરભાઈ પાસે કરતાં નવયુવાન ભાવસિંહજીની આંખમાં ઝળઝળિયાં ભરાઈ આવતાં. થોડા દિવસોમાં જ પ્રભાશંકર વગર ભાવસિંહજીને ન ચાલે તેવી સ્થિતિ આવી. આ વાત ઉપરીઓને પસંદ ન પડી.

પણ તે પછી તુરતમાં જ ભાવસિંહજીને કોલાપુરના યુવરાજના ટ્યૂટર, મૈસૂરના રેસિડન્ટ એસ. ફ્રેઝર નીચે ભણવા માટે ધારવાડ રહેવાનું થયું. મિ. ફ્રેઝર રાજકુમારોના ટ્યૂટર તરીકે ખૂબ આદર પામેલા. વાઈસરૉયો, ગર્વનરો વગેરે એમના પ્રત્યે માનથી જોતા અને એમની સૂચનાઓનો બને તેટલો અમલ કરતા તથા દેશી રજવાડાં પાસે કરાવતા. એ ફ્રેઝર સાહેબને પ્રભાશંકરનાં રહેણીકરણી, વિદ્વત્તા અને કાર્યકુશળતા ખૂબ ગમી ગયાં. આ કારણે પ્રભાશંકરને નોકરીમાંથી રજા દેવાનું તો ન બન્યું, પણ તેમને નાનીમોટી બધી બાબતમાં પરેશાન કરવાનું શરૂ થઈ ગયું. ભાવસિંહજી પ્રભાશંકરને માનથી રાખતા, ફ્રેઝર સાહેબ સાથે ફરવા લઈ જતા અને એકાંતમાં ગોષ્ઠિ કરતા. છતાં આ સ્થિતિ પ્રભાશંકરને રુચતી ન હતી. એક વખત પ્રભાશંકરના મોરબીના બાળમિત્ર હરિલાલ ઝીણાનો તેમના પર પત્ર આવ્યો. એ મિત્રો પરસ્પર પત્રવ્યવહાર પદ્યમાં કરતા. પત્રમાં શ્રી હરિલાલે પૂછેલું :

(મંદાક્રાંતા)

**'રાજાઓની નિકટ વસવું, સર્વ સમ્માન ખોવું,**
**રંગે ભોગે રમણ કરતાં અંતરે ગુપ્ત રોવું,**
**'હા જી હા'નાં કપટવચને લોક થોકે નમે છે,**
**શું એવી હે સુહૃદ ! તુજને જિંદગાની ગમે છે ?'**

આના ઉત્તરમાં પ્રભાશંકરે લખ્યું :

(મંદાક્રાંતા)

**'જોવી જેને નજર ન પડે વક્ર તાલેવરોની,**
**ખાયે જેઓ ઉદર ભરીને પંક્તિ દુર્વાંકુરોની,**

**ઠંડાં વારિ નદીસરતણાં પી નિરાંતે ભમે છે,**
**સાદી તેવી હરિણશિશુની જિંદગાની ગમે છે.'**

આ પછી થોડા વખતમાં મિ. ફ્રેઝરના વાલીપણા નીચે યુવરાજ ભાવસિંહજી રેલવે દ્વારા હિંદની મુસાફરીએ નીકળ્યા. સલૂનમાં એક વખત ઠામવાસણની સંખ્યા ગણતાં એક છાલિયું ઘટ્યું અને હજૂર ખાનગી ખાતાના તત્કાલ ઉપરીએ પોતાના સાગરીતો સાથે તેનો દોષ પ્રભાશંકર પર નાખી ઉમેર્યું : 'યુવરાજને બગાડનાર તથા ગેરવ્યવસ્થા ઊભી કરનાર આ પ્રભાશંકર જ છે.' કાઢવાની ખટપટ હતી જ, તેમાં આવું થવાથી પ્રભાશંકરે રાજીનામું લખી ભાવસિંહજીને બતાવી કહ્યું : 'હું આ દઈને જાઉં છું.'

ભાવસિંહજીને ખેદ થયો. તેમણે બહુ સમજાવ્યા પણ માન્યા નહિ ત્યારે ભાવસિંહજીએ મિ. ફ્રેઝરને કહ્યું : 'પ્રભાશંકરને સમજાવીને રોકો.'

ફ્રેઝરે પ્રભાશંકરને કહ્યું : 'હું દીવાન વિઠ્ઠલદાસને લખું. તમને જરાયે મુશ્કેલી નહિ રહે.'

પ્રભાશંકરે કહ્યું : 'મારે એવું કરાવવું નથી. વાંક ન હોય તોય દોષિત ઠરાવનાર નીચે મારે નોકરી કરવી નથી.' કહી પ્રભાશંકરે વિગત સમજાવી.

ફ્રેઝરે કહ્યું : 'જો એમ છે તો તમે ભલે છૂટા થાઓ. તમે સારી જગ્યાએ જાઓ અને આગળ આવો તેવી મારી ઉમેદ છે. એટલે હું, ચાલો, તમને મુંબઈના ગર્વનર જે મારા મિત્ર છે તેના પર ભલામણપત્ર આપું, નહિ તો તમે કહો તેના પર ભલામણપત્ર આપું.'

❑

॥ હરિઃૐ ॥

## ૭. ભાવનગરના દીવાનપદે

સુપ્રસિદ્ધ ગગા ઓઝાના પુત્ર વજલભાઈ નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામું દઈ ૧૯૦૨માં નિવૃત્ત થયા અને પ્રભાશંકરને દીવાનગીરી સોંપવામાં આવી. ૧૯૧૨માં તેમની નિમણૂક મુંબઈના ગવર્નરની કારોબારીના એક સભ્ય તરીકે થઈ. એ દશ વર્ષનો ગાળો ભરપૂર કામગીરીનો હતો. તે વખતના વાઈસરૉય લૉર્ડ કર્ઝને, ભાવનગર રાજ્ય સાથે સરકારને થયેલા લેખિત કરારને અન્વયે ભાવનગરને જે બંદરીહકો મળેલા, તે ખૂંચવી લેતો હુકમ કાઢ્યો. ભાવનગર રાજ્યે મુંબઈ ગર્વનર તથા વાઈસરૉય પાસે કરારનામાની રૂએ દાદ માગી. તે ન મળવાથી બ્રિટિશ પાર્લમેન્ટ પાસે ન્યાય માગ્યો અને ભાવનગરને તેના બંદરીહકો પાછા મળ્યા. એ કામ માટે પ્રભાશંકરને વિલાયત ધક્કા થતા. ત્યાં મોટા મોટા અધિકારીઓને મળી કેસ સમજાવતા, એમનાં વાણીવર્તનથી લૉર્ડ મૉર્લી જેવા પણ પ્રભાવિત થયેલા અને તે બન્ને મિત્ર બની ગયેલા. લૉર્ડ મૉર્લીએ હિંદ સરકારના મોટા અમલદારોને કહેલું કે **પ્રભાશંકર પટ્ટણી અસાધારણ ભલા, સત્યપરાયણ, બુદ્ધિપ્રતિભાવાળા, કોઈ પણ પ્રકારની મુશ્કેલીનો તોડ લાવનાર અને સર્વનું ભલું કરી શકે તેવા અથાગ યત્ન કરનાર માણસ છે.** આથી, ૧૯૧૨માં મુંબઈના ગવર્નર જ્યૉર્જ ક્લાર્કે તેમના મંત્રી મારફત પ્રભાશંકરને પુછાવ્યું કે તમે જો હા કહો તો ગવર્નરની કાઉન્સિલના સભ્ય તરીકે તમારી નિમણૂક નામદાર ગવર્નર કરે. પ્રભાશંકરે જવાબમાં લખ્યું કે મહારાજા

ભાવસિંહજી મારો હાથ ઝાલી, હું આજે છું તે સ્થિતિએ લાવ્યા છે. તેઓ મને ફરમાવશે તેમ હું કરીશ. માટે, આપે મહારાજા ભાવસિંહજીને લખી પુછાવવું. ગવર્નરે ભાવસિંહજીને પુછાવ્યું. તેમણે હા કહી પણ એ શરતે કે હું પાછા બોલાવું ત્યારે પ્રભાશંકરે આવવું. આ રીતે પ્રભાશંકર ભાવનગરથી છૂટા થયા. તેમના દીવાનપદ નીચે ઘણાં કામો થયાં જે ઉલ્લેખનીય છે, પણ અહીં તેટલી જગ્યા નથી. સવિશેષ તો એ કામો તેમણે કઈ રીતે, કેવા સંજોગોમાં અને કેવી રીતે વર્તીને સિદ્ધ કર્યાં, તે મહત્ત્વનું છે. ભાવનગરની પ્રજા તેમને માનપત્ર આપવા પૂછવા ગઈ ત્યારે પ્રભાશંકરે કહ્યું કે માનપત્ર તો મહારાજાને દેવું ઘટે, કારણ કે તેમણે એ કામો પ્રજા માટે કર્યાં છે, હું તો ફક્ત તેમની આજ્ઞા ઉઠાવનાર સેવક છું. પછી નગરજનોએ મહારાજા સાહેબ પાસે જઈ વિનંતી કરી જે મહારાજાએ સહર્ષ સ્વીકારી અને માનપત્ર દેવાનું નક્કી થયું. એ સમારંભમાં ગુલાબરાય વકીલ વગેરે ઘણા અગ્રણી રાજ્યના નામાંકિત જનોએ વ્યાખ્યાન આપેલાં, પણ તેમની ખરી નોંધ રહી નથી. મહારાજા તથા પ્રભાશંકરના વ્યક્તિત્વને પ્રકટ કરતાં, તે સમારંભ વખતના તેમનાં ભાષણો અત્રે આપ્યાં છે તે પૂરતાં છે.

• • •

## ઈ.સ. ૧૯૧૨માં પ્રભાશંકર પટ્ટણી મુંબઈના ગવર્નરની કાઉન્સિલના સભ્યપદે નિમાતાં ભાવનગરના દીવાનપદેથી છૂટા થઈ મુંબઈ ગયા તે વખતે ભાવનગર નરેશ ભાવસિંહજીના પ્રમુખપદે પટ્ટણીને માનપત્ર અપાયું, તે સમારંભમાં માનપત્રના ઉત્તરરૂપે પ્રભાશંકરે આપેલું વ્યાખ્યાન

નેક નામદાર મહારાજા સાહેબ અને પ્રજાજન,

ભાવનગરના નરેશની સેવામાં પ્રથમ અને પછી રાજ્યની નોકરીમાં મેં મારી જિંદગીનો મોટો ભાગ ગાળ્યો છે. એ વર્ષો કેવાં આનંદનાં, કેવા પ્રયાસના અને કેવી આશાઓ અને મુશ્કેલીમાં ગયાં છે, તે તો નામદાર મહારાજા સિવાય કોઈ પૂર્ણ રીતે જાણી શકે નહિ. પ્રજાજને મારો એ બધો વખત યોગ્ય રીતે ગયેલો ગણ્યો છે, એ જોઈ મને બહુ આનંદ થાય છે. કોઈ પણ અધિકારની શરૂઆતમાં માનપત્ર લેવાને બદલે જેને તે અંતમાં લેવાનો વખત આવે છે, તેને લોકો ભાગ્યશાળી ગણે છે. અને હું મને પોતાને ભાગ્યશાળી ગણું છું કે જે પ્રજાના શુભ માટે મેં શ્રમ કર્યો છે, તે મારી સેવા આનંદથી સ્વીકારી આજ મારું તે વ્રત ઊજવવાનો વખત આણ્યો છે, અને તે પણ જેની સેવા મેં પ્રભુસેવા જેવી પવિત્ર ગણીને કરી છે એવા આપણા સર્વના ધણી નામદાર મહારાજાની સમક્ષ અને તેમના હાથથી.

મારી અહીં ગાળેલી આખી જિંદગીનું વર્ણન કરી તમે મારી સેવાનાં મથાળાં બાંધ્યાં છે અને એ સર્વ માટે મારું ગુણગાન કર્યું છે. માણસને તેનાં પોતાનાં શુભ કાર્યોનું દિગ્દર્શન

કરાવવામાં આવે ત્યારે સાધારણ રીતે થોડી ઘણી મગરૂબી ઉત્પન્ન થવાનું કારણ મળે છે. મને અત્યારે તમારા એ સ્નેહગાનથી શરમ થાય છે, એ જેમણે મારું વર્તન આજ સુધી જોયું હશે તેમને સહજ સમજાઈ જશે, એમ હું માનું છું, જે થઈ શક્યું છે તે મારી ફરજથી વિશેષ કંઈ નથી. જે ઓછપ રહી હોય તેમાં હું મારી ઊણપ સમજું છું. મને કરવા દ્યો એ જ મારી પ્રભુ પાસે સતત પ્રાર્થના હતી. બદલાની આશામાં મેં ચિત્ત ચોંટાડ્યું નથી, કારણ કે નામદાર મહારાજાના સેવક તરીકે એમની પ્રજાની જે સંભાળ મને સોંપવામાં આવેલી તે, તે નામદારની ઇચ્છા પ્રમાણે શી રીતે અદા કરાય એ જ કર્તવ્ય મેં માન્યું હતું. તમે એમનાથી જુદો પાડીને મારી કદર કરો એવી લેશ પણ ઇચ્છાનો વિચાર સરખો મને કદી ઉદ્ભવ્યો નથી. તમારો સંતોષ એમનો મહાન આશય છે અને એમાં જ એમને સુખ છે. એટલે એમનું સુખ સાચવવું એ મારી ફરજ છે, અને અત્યારે તમને સંતોષ થયો હોય તો નામદાર મહારાજાના તમારા માટેના પ્રયત્નો સફળ થયેલા જોઈ મને એક નિમિત્ત તરીકે આનંદ થાય છે.

જે જે કામો મારે હાથે થયેલાં તમે વર્ણવો છો, તે વિશે હું એક શબ્દ પણ બોલવા ચાહતો નથી. પ્રભુ અને પ્રકૃતિને એકરૂપ જોવાવાળી રાજ્યભક્ત પ્રજાને ઘટે એવા શબ્દોમાં તમે આજ તમારા વિચારો દર્શાવો છો. એ ગમે તેટલું યોગ્ય હોય, છતાં મારે કહેવું જોઈએ કે તમારા સમગ્ર ભાગ્યના વિધાતા નામદાર મહારાજા સાહેબ પોતે જ છે. મને તો એમણે માત્ર નિમિત્તરૂપ કરેલ છે. બાકી, બધાં સુખનાં સાધનોનું મૂળ તેઓ

નામદાર જ છે. તમે જે કંઈ થયું ગણો છો, તે તે નામદારના ઉદાર હૃદયમાંના વિચારોમાંથી જન્મ પામ્યું છે, અને તમારાં સુખનાં સાધનો ઘડી કાઢવામાં સાધન તરીકે મને વાપરીને તે નામદારે મને જે મોટું માન આપ્યું છે, તે માટે હું તે નામદારનો ઘણો આભારી છું. ખરું જોતાં તો આ મેળાવડો તમે મારે માટે નહિ, પણ નામદાર મહારાજા સાહેબનાં યશોગાન માટે કર્યો છે, એમ જ આપણે સૌએ સમજવાનું છે.

નામદાર બ્રિટિશ સરકારે ભાવનગર સંસ્થાનની મારી નોકરીની કદર કરવા જેવી સારી ગણી મુંબઈના ગવર્નર સાહેબની કાઉન્સિલમાં એક સભ્ય તરીકેની જગ્યા આપવાની જે મહેરબાની કરી છે, તે માટે હું નામદાર ગવર્નર સાહેબનો અહેશાનમંદ છું. તમને એથી આનંદ થાય એ હું સમજી શકું છું, પણ આ બાબતમાં સૌથી વધારે મગરૂબી અને સૌથી વધારે આનંદ નામદાર મહારાજા સાહેબને છે, એ માત્ર હું જ જાણી શકું છું. તે નામદાર આ માન પોતાને મળેલું ગણે છે અને તે યોગ્ય છે, કારણ કે મારો હાથ ઝાલી અને તકો આપી મને આજ છું તેવો બનાવવામાં તેમણે જે શ્રમ લીધો છે, તે આજ સફળ થયેલો પોતે માને છે. હું આ બધો પ્રતાપ તે નામદારની કૃપાનો સમજું છું. અને આખી જિંદગીની સેવા પછી તથા હજૂરશ્રીના સતત સ્નેહસિંચનમાંથી જવા હું તૈયાર થયો છું, તે પણ તે નામદારની કૃપાભરેલી આજ્ઞાને લીધે જ.

તમે ભાગ્યશાળી છો કે તમે એવા નાથથી સનાથ છો કે જે પ્રજામાં અને પોતાના પરિવારમાં લેશ પણ ભેદ ગણતા નથી.

મેં સ્વીકારેલી નવી ફરજો માટેની લાયકાત વિશે કોઈ અત્યારે બોલે તો તે યોગ્ય નથી. સરકારે જે મોટો વિશ્વાસ મારી ઉપર મૂક્યો છે અને તમે તથા અન્ય મિત્રોએ મારામાં જે મોટી આશાઓ બાંધી છે એને યોગ્ય હું છેવટે નીવડું, એટલી જ મારી ઉત્કંઠા છે.

તમારા માનપત્રને હું માથે ચડાવું છું. તમારી સ્નેહની લાગણીઓ માટે હું ઉપકાર માનું છું, પણ મારે માટેની તમારી શુભેચ્છાઓ હું સાથે લઈ જાઉં છું, કે જે મને મારા ભવિષ્યના કાર્યપ્રદેશમાં મદદ કરશે, એમ હું શ્રદ્ધાથી માનું છું.

તમારું સ્મરણ રાખવાનું યાદ આપી તમે મારા હૃદયની બહુ જ આવેશવાળી દોરીઓને અડક્યા છો. તમે જાણતા નથી કે હું તમને કદી ભૂલી શકું તેમ નથી. ભાવનગરના ધણી અને ભાવનગરનું રાજ્ય એ શબ્દો મારા લોહીનું દરેક ટીપું જપે છે. આખી જિંદગીનો પરિચય કદી વિસ્મૃત થઈ શકે ? તમારી યાદી મને ત્યાં પણ પ્રજા સાથે તેવી જ રીતે વર્તવાને પ્રેર્યા કરશે. મને તમે ભૂલી જશો મા, એમ માગી લઉં છું, અને આપણે માત્ર થોડા વખત માટે જુદાં પડીએ છીએ, એ આપણા બેયને આશાનું કારણ છે. હું ફરીથી તમારો-દરેકનો-સર્વનો અંતઃકરણથી ઉપકાર માનું છું.

મારા પ્રભુ, આપના પવિત્ર હાથથી આપની સમગ્ર પ્રજાની સંતોષભાવના તથા શુભેચ્છાઓ ગ્રહણ કરવામાં મને બહુ આનંદ થાય છે. આપ નામદારના હાથથી મારી સઘળી ઉન્નતિ ઘડાઈ છે. મારું બધું મેં આપના હાથથી સ્વીકાર્યું છે. મારા સુખ માટે સાધનો પૂરાં પાડવામાં આપે આપનાં પોતાનાં સુખને

પણ ઘણી વાર દૂર મૂક્યું છે, તે હું જાણું છું. રાજા અને અધિકારી વચ્ચેના જાહેર સંબંધને જ લોકો તો માત્ર જોઈ શકે, પણ આપે મને એક દીવાન કરતાં પણ વધારે ઊંચી અને સારી રીતે રાખ્યો છે. મિત્ર કરતાં પણ વધારે હૃદયમાં રહેવા દીધો છે. અને વધારે શું કહું ? આપે આપમાં અને મારામાં લેશમાત્ર પણ ભેદબુદ્ધિ રાખી નથી. ક્યાંય પણ જોવામાં ન આવે એવું ઐક્ય, સ્નેહનું, કાર્યનિષ્ઠાનું અને સ્થિતિ સુધ્ધાંનું આપે રાખ્યું છે. હું એનો બદલો તો મારી ગમે તેટલી સેવા છતાં પણ વાળી શકું તેમ નથી. જે મારા મનમાં છે તેના સહેજ શબ્દો આજ જાહેરમાં બોલવાનો પ્રસંગ મને મળ્યો તે માટે જ હું તો મને ભાગ્યશાળી ગણું છું. લોકો મને કહે છે કે 'અમને યાદ રાખશો.' હું આપ પાસે માગી લઉં છું કે 'આપ મને ભૂલશો મા.'

• • •

## ઈ.સ. ૧૯૧૨માં પ્રભાશંકર પટ્ટણીની નિમણૂક મુંબઈના ગર્વનરની કાઉન્સિલમાં સભ્ય તરીકે થતાં ભાવનગરના દીવાનપદેથી છૂટા થઈ મુંબઈ જતી વખતે ભાવનગરની પ્રજાએ મહારાજા ભાવસિંહજીના હાથે માન-સમર્પણનો સમારંભ યોજ્યો. તેમાં પ્રમુખસ્થાનેથી મહારાજા ભાવસિંહજીએ સમાપન વખતે કરેલ વ્યાખ્યાન

પ્રિય પ્રજાજનો,

આજે મારી કૃતાર્થતાનો દિવસ છે. રાજ્યમાં જે જે પ્રસંગો અને કાર્યો નિર્વિઘ્ને પાર પાડવાની હું ઈંતેજારી રાખતો હતો, તે સર્વને ફલીભૂત થયાં જોઈ પ્રભુની મારા પર મોટી કૃપા છે, એમ હું સમજું છે. મારી એકની એક લાડકી અને પુત્રવત્ પાળેલી કુંવરીનું યોગ્ય સ્થળે અને યોગ્ય વર સાથે લગ્ન કરી હું પોતાને આજ કૃતાર્થ માનું છું. એ અપૂર્વ આનંદના દિવસોની સાથે સાથે આજે તમે આનંદનો જે મેળાવડો કર્યો છે, તે ઘણું યોગ્ય થયું છે. મારું અને મારા આખા કુટુંબનું આખું વય મિ. પટ્ટણીના નિકટ પરિચય અને સંબંધમાં ગયું છે. એક નોકર તરીકે નહિ, પરંતુ એક મિત્ર તરીકે મેં એમને ગણેલ છે. એમની ભક્તિ અને સેવા માટે તો હૃદય જ વિચારી શકે, શબ્દો વર્ણવી શકે નહિ એવા એક સ્વાર્પણ કરનાર મિત્ર અને આજ્ઞાંકિત તથા ભક્તસેવકને માટે માનપત્રનો મેળાવડો થાય, એમાં કયા પ્રભુને આનંદ ન આવે ?

નામદાર બ્રિટિશ સરકારે મિ. પટ્ટણીને મુંબઈની એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભાસદ તરીકે નીમીને તેમને જે માન આપ્યું છે, તે માટે હું જેટલો મગરૂબ છું તેટલો બીજો

કોઈ હોઈ શકે નહિ. એ માન હું મને અને મારા સ્ટેટને મળેલું સમજું છું. મિ. પટ્ટણીની યોગ્યતા માટે તો સવાલ હોઈ શકે નહિ, એ તમે કે જેણે એમની અહીંની કારકિર્દી જોઈ છે, તે સારી રીતે જાણો છો. એમના પરિચયમાં આવનાર કોઈ માણસ એમની યોગ્યતા અને એમના ગુણોથી આકર્ષાયા વગર રહે તેવું નથી. નામદાર ગવર્નર સાહેબ સર જ્યૉર્જ ક્લાર્કે એમની પસંદગી કરવામાં જે મોટું મન, જે નિષ્પક્ષપાત કદર અને સરકારી નોકરી માટેની પસંદગીમાં યોગ્યમાં યોગ્ય નરની નિમણૂક કરવાની જે કાર્યનિષ્ઠા વાપરી છે, તે દાખલો લેવા યોગ્ય છે, એમ માનવામાં તમે મારી સાથે મળતા આવશો એમ મને ખાતરી છે.

તમે મિ. પટ્ટણીની કાર્યદક્ષતાનાં તથા હૃદયના ગુણોનાં જે વખાણ કરો છો તે સાંભળી મને હર્ષ થાય છે. મારી પ્રજાને સંતોષ થાય એવો ઑફિસર હું આપી શક્યો તે વિચારથી મારું હૃદય પ્રફુલ્લ થાય છે. તમારા સંતોષમાં મેં સુખ માન્યું છે. તમારો એ સંતોષ જાતે જોવાનો આજે પ્રસંગ મળ્યે મને આનંદ થાય છે. મિ. પટ્ટણી કહે છે તેમ ઉત્તર વયમાં જ્યારે કોઈ ભાગ્યશાળી રાજ્યાધિકારીને પોતાનાં કરેલાં કામો જાહેરમાં વર્ણવવાનો વખત આવે છે ત્યારે ભૂતકાળને બેધડક આનંદથી ચીતરી શકે એવા અધિકારી વિરલ હોય છે. ફતેહ અને વિજયના મોટા ઘોષ સાથે કાંઈ ને કાંઈ નાનીસરખી પણ કાળી લીટી ક્યાંક રહી ગઈ હોય છે, પણ **મિ. પટ્ટણીની આખી કારકિર્દી સુભાગ્યે પુણ્યમય જ ગઈ છે. એમણે પોતે તો પોતાને માટે એક શબ્દ પણ ન બોલતાં બધો યશ મને જ આપ્યો છે.**

**મિ. પટ્ટણીને જે બરાબર ઓળખે છે તેમને એમાં આશ્ચર્ય થશે નહિ. જે યશ તેઓ આજે મને આપે છે, તે તેમણે પોતાના સમગ્ર વર્તનમાં હૃદયથી મારો જ ગણ્યો છે. એમના ખરા સ્વરૂપને હું ઓળખું છું, તેવું કોઈ ઓળખી શકે તેમ નથી.**

તમે મિ. પટ્ટણીનાં રાજ્યનાં કામોનું થોડુંક વર્ણન કર્યું છે. તમે તો એ કામોને પરિણામ પામ્યે જ જોયાં છે. જે ફળો તમે આજે પાકેલાં જુઓ છો, તેનાં બી રોપી આ સ્થિતિએ લાવવામાં શી મુશ્કેલીઓ અને શી કાળજી સોંસરું પસાર થવું પડ્યું હશે, એનો ખ્યાલ બહારના વર્ગને આવી શકે નહિ. પ્રાંતને મારા એમની પરના સ્નેહને માટે નવાઈ લાગે છે, પણ જેમણે એમની ભક્તિ અને એમનું આંતરજીવન જોયું હોય તેમને એમાં આશ્ચર્ય લાગવું જોઈએ નહિ. હું ગાદીએ બેઠો તે પહેલાંથી જ મારી સેવા એમણે બહુ ભાવથી કરી છે. હું નાનો હતો અને રાજકુમાર કૉલેજમાં ભણતો અને ઉંમર માત્ર તેર વર્ષની હતી ત્યારે મારા કુમાર તરીકેના ખાતામાં એક નાના અમલદાર તરીકે માણસની ઘસીને કસોટી કરનાર મિ. ચેસ્ટર મૅકનોટનની પસંદગીથી તે જોડાયા હતા. પદવીમાં નાના છતાં એમનાં યોગ્યતા અને ગુણો તે વખતથી જ આજ છે તેવાં હતાં. ખરા ગુણો અંતે બહાર આવે છે, તેમ ત્યારથી જ આગળ વધવાનાં ચિહ્નો દેખાતાં હતાં. રાજકુમાર કૉલેજમાંથી કોલાપુરના નામદાર મહારાજાની સાથે ધારવાડમાં, કાશ્મીરના હાલના રેસિડન્ટ સાહેબ મિ. એસ. એમ. ફ્રેઝરની દેખરેખ નીચે જ્યારે હું ગયો ત્યારે મિ. પટ્ટણી સાથે હતા. મિ. ફ્રેઝરની

એમણે કેવી પ્રીતિ સંપાદન કરી હતી તે હું જ એક જાણું છું. એમના પ્રામાણિકપણા માટે મિ. ફ્રેઝરને એટલી શ્રદ્ધા હતી કે કોરા કાગળ ઉપર સહી કરીને કોરી જગ્યા મિ. પટ્ટણીને પૂરવા આપતા પણ મેં એમને જોયા છે. એ જ સાહેબના હાથ નીચે મારા શિક્ષક તરીકે પણ મિ. પટ્ટણીએ કામ કર્યું હતું. ત્યાર પછી બારિયા સ્ટેટના 'ફૉરેસ્ટ ઑફિસર' અને મોરબીના ગુજરાતી કેળવણી ખાતાના ઉપરી તરીકે જઈ આવ્યા, પછી મારા ખાનગી સેક્રેટરી તરીકે એમને મેં મારી પાસે બોલાવ્યા. ત્રણ વર્ષ પછી રાજ્યના રાજકીય મુખ્ય સેક્રેટરી થયા. અને ત્યાં ત્રણ વર્ષ પછી પોતાની ઈચ્છા ન છતાં મારા આગ્રહથી આજે જેને તમે વિજયના હર્ષનાદથી વધાવો છો તે દીવાનપદવી ઉપર આવ્યા. બાર વર્ષની દીવાનગીરી એમણે કેવી રીતે કરી છે તે તમે જોયું છે. ખાનગી સેક્રેટરી તરીકેની મુદતમાં અમારે કેવી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું છે, તે અમે જ બે જાણીએ. કેટલાક પ્રસંગો એવા નાજુક ગયા છે કે જે જાહેર મિલકત તરીકે બહાર મૂકી શકાય નહિ, પણ એટલું તો કહેવાનું મન થઈ જાય છે કે બારીકીના પ્રસંગમાં એમણે કદી હિંમત ખોઈ નથી. કોઈ પણ લાલચ કે ભય એમને બિવરાવી શકેલ નથી અને જ્યારે કોઈ વખત મારી ચિંતાતુર ક્ષણો ગઈ હશે ત્યારે હિંમત અને અંતની ફતેહની ચોક્કસ ખાતરી આપનાર તરીકે મિ. પટ્ટણી મને બહુ અમૂલ્ય લાગ્યા હતા. હજૂર સેક્રેટરી તરીકેની એમની કારકિર્દીમાં (સંવત) ૧૯૫૬નો મોટો દુકાળ પડ્યો ત્યારે રાજ્યની નાણાં સંબંધી સ્થિતિ સ્વસ્થ ન હતી, તે માટે તથા રાજ્યનાં બધાં ખાતાંઓની પુનર્વ્યવસ્થા કરવાને આપણા જૂના દોસ્ત મિ. પરસિવલ તથા મિ. સિમ્સની જે

કમિટી નીમવામાં આવી હતી, તેના ત્રીજા સભ્ય તરીકે મિ. પટ્ટણી હતા. એ વખતે થયેલી બધી વ્યવસ્થા એમને હાથે જ ઘડાઈ હતી અને બીજા બે માન્ય યુરોપિયન ગૃહસ્થોની પસંદગીને પાત્ર થઈ હતી. એ વખતની અમારી મુશ્કેલીઓ ઘણી હતી અને મિ. પટ્ટણી વગર એ કાર્ય જે સલાહસંપથી થયું છે, તે સલાહસંપથી થાત નહિ. એમ કહું તો તમે અતિશયોક્તિ ગણશો મા. મિ. પટ્ટણીને એકનિષ્ઠાથી અને સર્વ પર સરખી દૃષ્ટિ રાખીને નોકરી કરતાં કરતાં પણ ઘણી અંગત મુશ્કેલીઓમાંથી પસાર થવું પડ્યું હતું અને તે છતાં તેમની હિંમતથી પણ વિશેષ જે મેં તેમનામાં જોયું, તે એ હતું કે ગમે તેવી મુશ્કેલીઓ સામે શાંતપણે ઉપાય લેતાં લેતાં કદી પણ એ મુશ્કેલીઓના ઊભા કરનાર તરફ, એમણે સહેજ પણ એવા કટાક્ષથી જોયું નથી, એટલું જ નહિ પણ ઊલટું એવાઓને પ્રસંગ આવ્યે ઉપકાર કરી બતાવ્યા છે.

આ અરસામાં એક તરફથી દુકાળ અને બીજી તરફથી રાજ્યતંત્રની પુનર્વ્યસ્થા કરવાનું કામ બહુ વિકટ હતું. રાજ્યતંત્ર મારા હાથમાં આવ્યું ત્યારે તરત મને માલૂમ પડ્યું કે રાજ્યની નાણાં સંબંધી સ્થિતિ સંતોષકારક ન હતી. પ્રાંતનાં રાજ્યોમાં ધડો લેવા લાયક રાજ્ય તરીકેની મગરૂબી રાખનાર રાજ્યને, તે વખતે લગભગ વીશ લાખનું કરજ હતું. અને દુકાળ આવ્યો ત્યારે બીજા ત્રીશ લેવાની જરૂર પડી. કોઈ પણ નવા અધિકારીને આ સ્થિતિ મૂંઝવણ ઉત્પન્ન કરે એવી તમને લાગશે, પણ તે મિ. પટ્ટણીએ ઘણી ફતેહમંદીથી પસાર કરેલી આપણે જોઈ છે. ઉપરાઉપર ખરાબ વર્ષો આવ્યાં. છતાં એ બધું કરજ વાળી દઈને ત્યાર પછીનાં વર્ષોમાં આપણે રેલવેઓ

બાંધી છે અને હજુ બાંધતાં જઈએ છીએ, અને રાજ્યહિતનાં બીજાં કામોમાં બહોળે હાથે ખર્ચ કરી શકીએ છીએ. દેશી રાજ્યોની પૈસાની આંટ બજારમાં બહુ વિશ્વાસ ઉત્પન્ન કરે એવી ગણાતી નથી. તેવા સમયમાં આપણી સ્ટેટ બૅંકમાં અહીંની તથા દેશપરદેશની મળીને લગભગ પોણો કરોડ જેટલી થાપણ છે. વળી, આખા હિંદુસ્તાનમાં કોઈ દેશી રજવાડાએ ન કરેલું એવું ફતેહમંદ સાહસ કરી સરકારી 'પ્રોમિસરી લોન'ને ધોરણે આપણે 'ભાવનગર લોન' કાઢી છે અને હિંદુસ્તાનની ઉઘાડી બજારમાં તે ઝડપથી ઊપડી ગઈ છે, એટલું જ નહિ પણ આજે તે સારું પ્રિમિયમ મળવા છતાં લોકો વેચવા કાઢતા નથી, એ આપણી નાણાં સંબંધી આંટની સાક્ષી પૂરે છે. મિ. પટ્ટણીનો હાથ આ સ્થિતિને માટે જવાબદાર છે, એમ કહેવામાં તમે આનંદ માનો છો, પણ હું તો મગરૂબી માનું છું.

રેવન્યૂ ખાતામાં એમણે ઘણા સુધારા દાખલ કર્યા છે. તમને સૌને અથાગ ખુશાલી આપનાર મહારાજકુમારના જન્મ વખતે વીશ લાખ જેટલી રકમ દુષ્કાળફંડ તરીકે જુદી કાઢી ખેડૂતવર્ગની સ્થિતિ હંમેશાં સારી નભી રહે એવી જે યોજના થઈ છે તે તમે જાણો છો. જેમ બને તેમ નવાણકૂવા વધે એ પ્રયત્ન તો ચાલુ જ છે. પાતાળકૂવા માટે મોટા ખર્ચે હાલ અજમાયશો ચાલે છે. આ રીતે અનેક તરેહથી આપણે જમાનાની સાથે રહેવાનો પ્રયત્ન કરીએ છીએ.

રાજ્યની લગામ મારા હાથમાં આવી ત્યારે આપણી રેલવેની લંબાઈ માત્ર એકસો વીસ માઈલ હતી અને ઊપજ પાંચ લાખની અંદર હતી. અત્યારે લગભગ એટલી જ બીજી રેલવેલાઈન બંધાઈ છે અને બીજા સો માઈલની સાંકડા માપની રેલવે માટે યોજના ઘડાય છે. રેલવેની ઊપજ પહેલાંના કરતાં

બમણી થઈ છે. એ બતાવે છે કે વેપારરોજગારને ઉત્તેજન મળ્યું છે. રેલવેના ભાગલા પડવાનો જે પ્રસંગ આવ્યો તે માટે અમે બન્ને ઘણા દિલગીર છીએ, પણ લગભગ પાંત્રીશ વર્ષના સંતોષકારક કારોબારમાં ભોગ આપતાં છતાં પણ ન સાંખી શકાય એવા સંજોગો થાય ત્યારે જ ભાગલા પડ્યા કે જેને પરિણામે આપણે આપણી ઊપજ ઉપરથી સ્પષ્ટ બતાવી આપવાની સ્થિતિમાં છીએ કે એકઠા કારોબારમાં આપણને નુકસાન હતું.

બંદર સંબંધી તમે જે ઈશારો કરો છો, તે સાંભળીને મિ. પટ્ટણીની એ બાબતની મહેનતનું સ્વરૂપ મને પાછું તાજું થાય છે. નિર્લોભી રાજ્યસેવાની વ્યાખ્યા કોઈને સમજવી હોય તો તેમણે મિ. પટ્ટણીના આ પ્રયત્નને જોવો. હું અને સરકાર બન્ને પક્ષ એને વખાણે છે. એ તો આપણા હકોની વાત થઈ, પણ બંદરના વ્યાપારમાં કદી ન થયેલો એવો સુધારો થયો છે, તે તમે સૌ જાણો છો.

કેળવણીખાતું કેટલું આગળ વધ્યું છે, તે તો દરેક માબાપ જાણી શકે તેમ છે. વાર્ષિક બજેટમાં દર વર્ષ આ ખાતામાં ખર્ચ વધતું જાય છે, એ જ અમારી એ તરફની અભિરુચિ સૂચવે છે. હજી પણ પ્રજાને કેળવણીની વિશેષ સગવડ થાય એવી યોજનાઓ વિચારમાં છે. અને જો કાળ અનુકૂળ હશે તો નજીકના ભવિષ્યમાં કેળવણીની સારી જેવી યોજના આપણે ત્યાં અમલમાં મૂકી શકવાની હું આશા રાખું છે.

મ્યુનિસિપાલિટીની વ્યવસ્થા સરકારી રાજ્યને ધોરણે લોકને હસ્તક રાખવા માટેની સૂચના ઘણાં વર્ષોથી લોકોને કરાયા કરાતાં છતાં, અને જો લોક એ ઉપાડી લે તો આજ થતું બધું

ખરચ ગ્રાંટ તરીકે આપવાનાં વચન છતાં, હજી એ તરફ લોકોનું મન વળ્યું નથી. આ એમ બતાવી આપે છે કે રાજ્ય તરફના કારોબારમાં લોકોને વિશ્વાસ અને પોતાનાં શુભ માટેની શ્રદ્ધા છે.

આપણા ન્યાયખાતાની કીર્તિ તો પહેલેથી જ ચાલી આવે છે. અને યોગ્ય તથા પાસ થયેલા ન્યાયાધીશોને જ દાખલ કરીને આપણે તે જાળવી રાખી છે. આપણી જરૂરિયાત પ્રમાણે નવાં ધારાઓ અને ધોરણો દાખલ થયાં છે. અને એ વિષયમાં લોકોને ધક્કેલીને આગળ ધસાવવા કરતાં એમની જરૂરિયાત પર લક્ષ રાખીને જ નવા કાયદાનું કામ લેવામાં આવે છે.

પણ જે ઉપર ખાસ કાળજીભરેલું લક્ષ અપાયા કરે છે તે મૂળ ગરાસિયા અને જિવાઈદારો વગેરેના હકો છે. ભાવનગર રાજ્ય પોતાના ભાયાતો, મૂળ ગરાસિયા અને જિવાઈદારો તરફ હંમેશાં મહાનુભાવિતાથી વર્તતું આવ્યું છે. એજન્સી કે સરકારમાં આપણી એવી એક પણ ફરિયાદ ગઈ નથી કે જેમાં તાણીતૂસીને પણ આપણા ઈરાદાઓ પર આક્ષેપ આવ્યો હોય. સૌને સૌના પરિઘની અંદર સુખનો તથા સ્વાસ્થ્યનો સરખો હક છે, એમ હું હંમેશાં માનતો આવ્યો છું અને મિ. પટ્ટણીનું એ બાબતમાં મને મજબૂત અનુમોદન મળ્યું છે.

નામદાર બ્રિટિશ સરકારના પ્રતાપી અમલ નીચે આપણે અમનચેન કરીએ છીએ. સરકારની શુભેચ્છા આપણને આપણા અધિકારમાં નિર્ભય અને કાયમ જોવાની છે, એ દરેક સારા રાજ્યકર્તાને અનુભવથી સિદ્ધ થયેલ છે. આપણો સરકાર સાથેનો સંબંધ કોઈથી ન ઊતરે એવી દોસ્તીનો અને પરસ્પર વિશ્વાસનો

છે. એ સંબંધને લગતા મારા પ્રયાસોમાં મિ. પટ્ટણી જેવા રાજ્યભક્તિમાં ઉચ્ચ રહસ્યોના ઉપાસક બહુ ઉપયોગી થઈ પડેલ છે. બીજાં રાજ્યો સાથેનો આપણો સંબંધ પણ બહુ સ્નેહમય અને મિત્રાચારીનો છે. ઉપરનાં બધાં કામોના વર્ણનમાં મિ. પટ્ટણીને ઉદ્દેશીને બહુ શબ્દો મેં વાપર્યા નથી. તેનું કારણ એ છે કે **એમણે પોતાની બધી સેવાઓ કર્તવ્યમાં જ ગણી છે, અને વખાણથી તેઓ દૂર ભાગે છે. એમનું બધું જીવન જ એવું છે. તમે જોયું છે કે અહીં ગાળેલી આખી જિંદગીમાં એમણે બધાં શુભો મને વળગાડેલાં છે. જ્યાં ઊણપ દેખાઈ હશે ત્યાં પોતે જવાબદારી લીધી છે.** હૃદયની આ તૈયારી તમને અસાધારણ નથી લાગતી ?

જેમ રિવાજ છે તેમ તમારા માનપત્રનો જવાબ આપતાં મિ. પટ્ટણીએ પોતાની કારકિર્દીનું દિગ્દર્શન કરાવ્યું હોત તો હું ઘણો રાજી થાત, પણ એમની નમ્રતા કેટલીક વાર વિચિત્ર દેખાય એવી નમ્ર છે. અને તેથી જ અમારા બન્નેના સાથે ગાળેલા જીવનને મારે ટૂંકામાં વર્ણવવું પડ્યું છે. હવે હું વધારે બોલવા ઈચ્છતો નથી. એનું આખું ચરિત્ર આ પ્રસંગે આલેખવું અશક્ય છે. **એક ભક્તસેવક તરીકે એ બીજે ન મળે એવા અધિકારી છે, પણ એના હૃદયના ગુણો માટે તો મને આજ સુધી જે પરિચય થયો છે - અને તે ઘણો બહોળો અને મોટો છે - તે પરથી હું કહી શકું છું કે એમની પડખે બેસાડવા જેવો માણસ મારા જોવામાં આવ્યો નથી. એમની પ્રામાણિકતા અને નિર્ભય સ્પષ્ટવક્તાપણું અનુકરણીય છે.** વિચારને અંતે મતભેદ છતાં થયેલી (મારી) આજ્ઞાઓને માત્ર પાળવામાં જ નહિ પણ

તે પૂર્ણ અંશે સફળ કરવામાં પોતાની ફરજ સમજીને ઘણી બાબતો મુશ્કેલીઓના વમળમાંથી ઉપાડીને એમણે સફળતાની ટોચે પહોંચાડી છે. અને આ બધા વહેવારમાં સૌથી મોટું આશ્ચર્ય જે એમણે મને પમાડ્યું છે તે તો એ છે કે **બધાંમાં સતત પ્રયત્ન કરનાર છતાં, સર્વત્ર મૂળ પ્રયોજક છતાં, બધો ભાર પોતાનું કર્તવ્ય ગણી વહેવા છતાં, થયેલ કાર્યના આનંદનો વખત આવ્યા છતાં, પોતે તો માત્ર જાણે નિમિત્ત હોય તેમ સંપૂર્ણ આત્મવિલોપનથી રહ્યા છે.** તમને સર્વને સર્વોત્તમ માન્ય જેવો હું પણ જેને માન્ય જેવો ગણું છું, તે મારો ભક્તદીવાન કેટલો માન્ય હશે તે તમે વિચાર કરો.

એ હવે બીજા કાર્યપ્રદેશમાં જાય છે. એક રીતે મને અને તમને દિલગીરી થાય એ સ્વાભાવિક છે. મારી અથાગ અને અનન્ય સેવામાં આખું આયુષ્ય ગાળી વાનપ્રસ્થ થવા જેવી ઉંમરે અને તબિયતે આજે તે નવી અને વધારે જોખમની જવાબદારી લેવા તૈયાર થયા છે, એ જ એમની કાર્યનિષ્ઠા બતાવી આપે છે. એમની ત્યાંની ફતેહ માટે તો જરા પણ સંશય નથી, માત્ર એમની તબિયતની મને ફિકર રહે છે. એ કહે છે તેમ મેં એમની તબિયતની જાતે સંભાળ રાખી છે એ આરામ અને આશાયેશ લે તે માટે મેં પ્રયત્નો કર્યા છે, કારણ કે મારી સેવામાં એમણે શરીર સુધ્ધાંની દરકાર રાખી નથી. એ કહે છે તેમ મેં એમને મારી પોતાની સ્થિતિએ રાખ્યા છે. મારે કરવું જોઈએ એટલું મેં કર્યું છે અને હજી કરું છું. એ તેમને મોઢેથી સાંભળીને મને એટલા માટે સંતોષ થાય છે કે મને મારા મનથી જે ઊણપ હંમેશાં લાગ્યા કરે છે તેની થોડી

ચિંતા એથી ઓછી થઈ છે. એ હંમેશાંને માટે આપણી પાસેથી જતા નથી. એમ હું તેમને કરવા દઉં નહિ. અને એ ભક્ત મારાથી એ પ્રમાણે છૂટો પડે નહિ, એવો અમારો સંબંધ છે. સેવ્યસેવકનો હાલ મનાય છે એવો લૂખો સંબંધ અમારો નથી.

મારા ખરા મિત્ર મુંબઈના નામદાર ગવર્નર સાહેબ સર જ્યૉર્જ ક્લાર્કના હાથમાં મેં આજ સુધી દૃઢ ઝાલી રાખેલો મિ. પટ્ટણીનો હાથ સોંપતાં મને બહુ આનંદ થાય છે. હું તેમને ત્યાં ફતેહ ઇચ્છું છું અને જે વિશ્વાસ એમનામાં મૂકવાની સરકારે મહેરબાની કરી છે અને જે સારી તથા મોટી આશાઓ પ્રજાએ એમનામાં બાંધી છે તે તેઓ સફળ કરે, તેમ આપણે સર્વ ઇચ્છીએ છીએ. મિ. પટ્ટણી સંબંધી થોડા ઘણા જ થોડા વિચારો મારી પ્રજા પાસે કહેવાની આ તક તમે મને આપી છે, તે માટે હું તમારો ઉપકાર માનું છું. મારા શબ્દો મારા બીજા અમલદારો કે જે મારી ઇચ્છાથી મિ. પટ્ટણીના હાથ નીચે કેળવાયેલા છે અને જેમને સર્વને સરખા ગણી એમણે સરખી તકો આપી છે, તેઓને ચાનક આપનાર થાય અને તેના અનુકરણ માટે અશક્ય એવાં પગલાંમાં ચાલવાનો એઓ પ્રયત્ન કરે, એમ હું ઇચ્છું છું.

❑

॥ હરિઃૐ ॥

# ૮. સૌજન્યશીલ પ્રભાશંકર

સૌરાષ્ટ્રમાં મોરબી ગામમાં ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં જન્મી, મૅટ્રિક સુધીનો અભ્યાસ કરી, સામાન્ય શિક્ષકપદથી પ્રારંભ કરીને, ભાવનગર રાજ્યના દીવાનપદ તથા ઍડ્મિનિસ્ટ્રેટરના પદને શોભાવનાર, હિંદનાં દેશી રાજ્યોના માનવંતા સલાહકાર બનનાર, બ્રિટિશ સલ્તનતનો પરમ વિશ્વાસ મેળવી ઇંડિયા કાઉન્સિલ તથા લીગ ઑફ નેશન્સમાં સ્થાન ભોગવનાર અને દેશના સ્વાતંત્ર્ય માટે પૂજ્ય ગાંધીજીના અંગત મિત્ર રહી કાર્ય કરનાર, સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીની ઈ.સ. ૧૮૬૨થી ૧૯૩૮ સુધીની પોણા સો વર્ષની કારકિર્દીમાં કાર્યસિદ્ધિઓ અસંખ્ય છે. એમનાં બુદ્ધિપ્રતિભા તથા કાર્યશક્તિ આકર્ષક હતાં.

તેમની આશ્ચર્યકારક અનેક સિદ્ધિઓ નોંધી શકાય, પણ તેમના જીવનની ઓછી મહત્ત્વની નહિ તેવી વસ્તુ તેમનો સ્વભાવ હતો, જેનાં સૌજન્ય, નિસ્પૃહતા, નિરભિમાનતા તથા પરહિતપરાયણતા વગેરે લક્ષણો હતાં. એમની પ્રત્યેક પ્રવૃત્તિ કે નિવૃત્તિ પરહિતસાધક હતી. એમની સ્વભાવદર્શક ઉપલબ્ધ હકીકતોમાંથી થોડીક અહીં તારવી છે.

ઈ.સ. ૧૮૯૫માં મોરબી રાજ્યના કેળવણીખાતામાં નિરીક્ષકના પદથી ભાવનગરના મહારાજાના હજૂર સેક્રેટરીપદે એ આવ્યા. તે મહારાજા ભાવસિંહજી સગીર વયમાં રાજકુમાર કૉલેજમાં રાજકોટમાં ભણતા અને શ્રી પ્રભાશંકર ત્યારે તેમની નોકરીમાં હતા ત્યારથી ભાવસિંહજીને શ્રી પ્રભાશંકર પ્રત્યે આદરમાન હતું. એટલે મહારાજા તખ્તસિંહજી દેવ થયા ત્યારે

ભાવસિંહજીએ તાર કરીને પટ્ટણીને મોરબીથી તેડાવ્યા. શ્રી પ્રભાશંકરે લખ્યું : 'હું મોરબીબાવાનો નોકર છું. મને તેઓ સારી રીતે રાખે છે, એટલે નિષ્કારણ તેમની નોકરી મારાથી છોડાય નહિ.' આ પરથી શ્રી ભાવસિંહજીએ મોરબીના વાઘજી ઠાકોરને લખી મંજૂરી મેળવી, પ્રભાશંકરને બોલાવ્યા. મહારાજા જાહેરમાં પણ શ્રી પ્રભાશંકર માટે આદરમાન બતાવતા. તેથી, મશ્કરીમાં તેમ જ અન્યથા, આજકાલમાં મહારાજા તેમને દીવાનપદું આપશે એવી લોકવાયકા ચાલેલી. તદ્દન નવા નોકરીમાં આવી સત્તાપદે વધતા પ્રભાશંકરનું ખૂન કરવા - કરાવવાના પ્રત્યન પણ થયેલા. એવા એક પ્રયત્નમાં પોતે પકડેલા મારાને ક્ષમા આપી પાછો વાળ્યો અને વાત દાબી દીધી. તે પછી એ પ્રયત્ન બંધ થયા, પણ એ બનાવ પછી શ્રી પ્રભાશંકરે એક મુક્તક વડે પ્રભુપ્રાર્થના કરી :

(મંદાક્રાંતા)

**'મારી આખી અવનિ પરની જિંદગાની વિશે મેં,**
**રાખી હોયે મુજ રિપુ પરે દૃષ્ટિ જે રીતની મેં,**
**તેવીયે જો મુજ ઉપર તું રાખશે શ્રીમુરારિ !**
**તોય તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી.'**

## મહારાજાને તેમની ભૂલ સમજાવી

શ્રી પ્રભાશંકર હજૂર સેક્રેટરીપદે હતા, તે વખતે મહારાજા ભાવસિંહજીએ એક વરિષ્ઠ અમલદારને રાજીનામું આપી ચોવીસ કલાકમાં ભાવનગર છોડી જવા હુકમ કર્યો અને પછી શ્રી પ્રભાશંકરને બોલાવી, માગેલા રાજીનામા પર મંજૂરીનો હજૂર હુકમ લખવા આજ્ઞા કરી. એ વખતે બધી હકીકત જાણી શ્રી પ્રભાશંકરે પોતાનું રાજીનામું લખી મહારાજાને આપ્યું.

'આ શું ?' મહારાજાએ પૂછ્યું. શ્રી પ્રભાશંકરે આ મતલબનું કહ્યું : 'રાજા કેવળ સત્તાધીશ દંડદાતા નથી, પ્રજાના બાપ પણ છે. અને નોકર થવાથી કોઈ માણસ આપનો પ્રજાજન મટી જતો નથી. નોકર ભૂલ કરે તો તેને સુધારવાની ફરજ અમલદારની અને એથી વધુ અમલદારોના પણ અમલદાર જેવા રાજાની છે. એને બદલે જો રાજા ઘડીમાં કોપે અને જે કુટુંબે પેઢી દર પેઢી રાજની સેવા કરી જીવન આપ્યાં હોય, એવા કુટુંબના એક માણસે રાજના નોકર તરીકે કંઈ ભૂલ કરી હોય તો તે બદલ તત્કાલ આકરી સજા કરે તો એવા મનસ્વી રાજાની નોકરી કરવા કોણ સારો માણસ ઈચ્છા રાખે ? માટે, મેં રાજીનામું આપ્યું છે.' મહારાજાએ વાત સાંભળી, બગડેલી બાજી સુધારવા શ્રી પ્રભાશંકરને સર્વ છૂટ આપી.

લૉર્ડ કર્ઝન હિંદના એક મહાન વાઈસરૉય હતા. મહારાણી વિક્ટોરિયાના તા. ૧-૧૧-૧૮૫૮ના ઢંઢેરાથી તાજે વચન આપેલું કે ઈસ્ટ ઇંડિયા કંપની સાથે થયેલા કરારો તાજ સાથે જ થયા હોય તેવા ગણીને, તેની બધી શરતોને જે તે સ્વરૂપે પ્રામાણિકપણે પાળવામાં આવશે. એ પ્રમાણે વત્તેઓછે અંશે સરકારે પાલન કરેલું, પણ લૉર્ડ કર્ઝને સાર્વભૌમ સત્તાના અનિરુદ્ધ સ્વાતંત્ર્યના હકના આધારે જે મનસ્વી વર્તન ચલાવ્યું, તેમાં ભાવનગર રાજ્ય સાથે તાજને સમાન બંદરીહકના કરાર હોવા છતાં ભાવનગર રાજ્યની સંમતિ લીધા વગર, ભાવનગર સહિત કાઠિયાવાડનાં બંદરોનો વિકાસ તોડવા, કાઠિયાવાડ અને બ્રિટિશ હિંદની વચ્ચે જકાતની લાઈનદોરી નાખીને, ભાવનગર સહિત કાઠિયાવાડનો વેપાર બ્રિટિશ હિંદમાં જતો અટકાવ્યો.

કરારભંગનો આ દાખલો તાજની ન્યાયપરાયણતાની નીતિથી વિરુદ્ધ હતો. લૉર્ડ કર્ઝને મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરાનો અર્થ પણ બીજી રીતે કર્યો હતો. લોકમતની પરવા કર્યા વગર બંગ-ભંગની યોજના અમલમાં મૂકવા તેમણે જે યત્ન કર્યા તેથી સરકારની ન્યાયવૃત્તિ પર જે દૃઢ વિશ્વાસ લોકોનો હતો તેના પર ઘા પડવા શરૂ થયા. ધીમે ધીમે બીજી સરકારી વ્યક્તિઓ દ્વારા પણ લોકમતની અને ન્યાયની અવહેલના થવા માંડી. પરિણામે લોકમત બ્રિટિશ વિરુદ્ધ ચળવળમાં પરિણમ્યો.

ઈ.સ. ૧૯૦૨થી શ્રી પ્રભાશંકર ભાવનગર રાજ્યના દીવાનપદે હતા. બંદરીકરાર ભંગ સામે ભાવનગર રાજ્યે કર્ઝન સરકારને તથા તે પછી મિન્ટો સરકારને ઘણી અરજી કરી પણ દાદ ન મળી. આથી, ભાવનગર રાજ્યે ઇંડિયા કાઉન્સિલ સુધી અરજ કરી અને તે કામ ઇંગ્લૅંડમાં શ્રી ભાવનગરી નામના પારસી સદ્‌ગૃહસ્થને સોંપ્યું. ૧૯૧૦ સુધી એ કામ પાર ન પડ્યું. છેવટે શ્રી પ્રભાશંકર પોતે ઇંગ્લૅંડ ગયા અને તે વખતના સેક્રેટરી ઑફ સ્ટેટ ફૉર ઇંડિયા લૉર્ડ મોર્લીને મળી બધી વાત રૂબરૂ સમજાવી. ન્યાયપ્રેમી લૉર્ડ મોર્લીએ આખો કેસ તપાસી જઈ લૉર્ડ કર્ઝનનાં પગલાંને અન્યાયી કહી તેને રદ કરતો ઠરાવ કર્યો.

ભાવનગર રાજ્યની તરફેણમાં ચુકાદો આવ્યા પછી લૉર્ડ મોર્લી શ્રી પ્રભાશંકરને હર્ષથી મળ્યા અને કહ્યું : 'Congratulations Mr. Prabhashankar you have won the case.' (અભિનંદન, શ્રી પ્રભાશંકર, તમે તમારો કેસ જીતી ગયા છો.)

ઉત્તરમાં શ્રી પ્રભાશંકરે કહ્યું : 'No, thanks. It is not Mr. Prabhashankar who has won the case. It is the sense of justice on the part of the Government that has won the case.' (ના, આભાર. આ વિજય પ્રભાશંકરનો નથી પણ બ્રિટિશ રાજ્યમાં રહેલી ન્યાયની ભાવનાનો છે.)

અને ચુકાદાના તારથી ભાવનગર ખબર આપતાં શ્રી પ્રભાશંકરે લખેલું કે આ સફળતાનો યશ શ્રી ભાવનગરીને આભારી છે.

ભાવનગરની તરફેણમાં ફેંસલો આવતાં મહારાજા પાસે હરખ કરવા ગામલોકો આવેલા. તેમાં માજી દીવાન શ્રી વિઠ્ઠલદાસભાઈ પણ હતા. તેમણે શ્રી પ્રભાશંકરનો તાર વાંચી મહારાજાને કહેલું : ‘પટ્ટણીના પ્રયત્નથી જ ભાવનગરની જીત થઈ છે. છતાં પટ્ટણી ભાવનગરીને જશ દે છે, તે એમની મોટાઈ છે. એ પટ્ટણીથી જ થઈ શકે.’

મહારાજા ભાવસિંહજીને ત્યાં સંતાન ન હતું. તેથી, શ્રી પ્રભાશંકરે વ્રત કરેલાં. એ પછી ઈ.સ. ૧૯૧૨ના જુલાઈની ૩જી તારીખે સૂર્યોદય સમયે પાટવી કુંવર કુષ્ણકુમારસિંહજીનો જન્મ થયો અને તત્કાલ શ્રી પ્રભાશંકરને એ વધામણી આપવા મહારાજા ભાવસિંહજી પોતે અનંતવાડી ગયા. તે સમયે હજી શ્રી પ્રભાશંકર જાગ્યા ન હતા. મહારાજા પોતાની મોજડી ઉતારી હળવે પગલે પથારીએ જઈ શ્રી પ્રભાશંકરની સંમુખે જાગવાની રાહ જોતા ઊભા રહ્યા અને જાગ્યા ત્યારે વધામણી આપી. પોતાને ત્યાં પાટવી પુત્રનો જન્મ થયો છે એ આનંદ તો હતો જ, પણ સાથે પ્રભાશંકરનાં વ્રત ફળ્યાં તેનો સંતોષ હતો. તેથી, વધામણી આપતાં મહારાજા સાહેબ હર્ષથી ગદ્‌ગદિત થઈ ગયેલા.

એ મહારાજા સાહેબ ઈ.સ. ૧૯૧૯માં દેવ થયા ત્યારે શ્રી પ્રભાશંકર ઇંડિયા કાઉન્સિલના સભ્ય હોઈ ઇંગ્લૅંડમાં હતા અને તેમને હિંદના કોઈ પ્રાંતના ગવર્નરપદે નીમવા સરકાર વિચારતી હતી. તે વખતે ભાવનગરનાં પ્રજાજને તથા રાજ્યકુટુંબે બાળમહારાજાની સંભાળ રાખવા તથા રાજ્યનો વહીવટ કરવા સર પ્રભાશંકરને નીમવા માટે સરકારમાં તાર તથા પત્રથી અરજી કરેલી. સત્તા તથા વૈભવભર્યું ઊજળું ભાવિ છોડી પ્રભાશંકર એ પદ નહિ સ્વીકારે તેમ સરકાર માનતી હતી. બે વચ્ચે પસંદગી કરવાનું શ્રી પ્રભાશંકરને કહેવામાં આવ્યું ત્યારે તરત તેમણે ભાવનગર રાજ્યનું વાલીપણું સ્વીકાર્યું અને કારણ પૂછતાં સરકારને જણાવ્યું : ‘ભાવસિંહજી મહારાજની ઇચ્છા હતી કે તેમના પાટવી કુંવર મારા હાથ તળે ઊછરે. હાલ જ્યારે એ નામદારની હયાતી નથી ત્યારે મારી પહેલી ફરજ એ છે કે મારે આ જ સ્વીકારવું જોઈએ.’

## ભાવનગરની વફાદારી

એ પછી તેઓ ભાવનગર રાજ્યના ઍડ્મિનિસ્ટ્રેટરના પદે આવ્યા અને હિંદભરનાં દેશી રાજ્યોના એકમાત્ર ઉત્તમ સલાહકાર બન્યા. ઈ.સ. ૧૯૩૦-૧૯૩૧માં કાશ્મીરના મહારાણાએ રાજ્યના પ્રશ્ન અંગે સર પ્રભાશંકરને આમંત્રી સલાહ લીધી, જેનું પરિણામ ઘણી સરળતાથી સારું આવ્યું. આથી, મહારાણાએ કહ્યું : ‘ભાવનગર ખાબોચિયા જેવું છે, આપને માટે ઘણું નાનું છે. આપ કાશ્મીરને પોતાનું કરો તો હું માસિક પાંચ હજારથી ઓછા નહિ આપું અને આપની યોગ્ય કદર કરીશ.’

શ્રી પ્રભાશંકરે કહ્યું : ‘મારા પર આપ વિશ્વાસ ન રાખો તો આવું.’

મહારાણાએ પૂછ્યું : ‘એવી શરત કેમ મૂકો છો ?’

ત્યારે પ્રભાશંકરે કહ્યું : ‘ભાવનગરના મહારાજા ભાવસિંહજીએ મને આગળ આણ્યો. એ દેવ થયા ત્યારે તેમનાં સંતાનો મને સોંપતા ગયા છે. જો હું સત્તા કે ધનને લોભે એ બધું ભૂલી, ફગાવીને કાશ્મીર આવું તો પછી હું આપને કે કાશ્મીર રાજ્યને વફાદાર રહું એવો વિશ્વાસ આપે મારામાં રાખવો ન જોઈએ.’

પ્રભાશંકરમાં નિસ્પૃહતા તથા નિરભિમાનીપણા સાથે જે સત્યનિષ્ઠા તથા પરહિતસાધકતા હતાં, તેને અંગે તેમના પરિચયમાં જે કોઈ આવતા, તે પછી રંક હોય કે રાજા, નોકર હોય કે બ્રિટનના મહાન અમલદાર, બાળક હોય કે મોટી ઉંમરના, પણ તે દરેકને લાગતું કે પટ્ટણીજી પોતાના જ છે. તેમનું વિશાળ હૃદય અને વાત સમજાવવાની સ્વાભાવિક કુશળતાને લીધે અંગ્રેજ અમલદારોને તેમના ઉપરીઓ તરફથી સલાહ અપાતી : If you have to differ from or fight with Sir Prabhashankar, do it on paper. Never discuss the point with him personally, otherwise he shall turn you to his opinion.(‘તમારે પ્રભાશંકર સાથે મતભેદ દર્શાવવો હોય અથવા લડવું હોય તો તે કાગળ પર કરજો. કદી પણ તેમને રૂબરૂ મળીને વાત કરશો નહિ. નહિ તો તે તમને પોતાના મતના કરી નાખશે.’)

## હિમાલય જેવડી ભૂલ થતી અટકાવી

પૂજ્ય ગાંધીજી તથા પ્રભાશંકર રાજકોટ હાઈસ્કૂલમાં સાથે ભણતા ત્યારની એમની પિછાન. ગાંધીજી આફ્રિકા હતા ત્યારે તેમના કાર્યથી શ્રી પ્રભાશંકર વાકેફગાર રહેતા. તેમના હિંદ આવ્યા પછી બન્ને ગાઢ મિત્રો બની ગયેલા. પ્રભાશંકર ગાંધીજી પ્રત્યે માનથી જોતા. છતાં પોતાને સત્ય લાગતી વાત તેમને કહી દેતા. ઈ.સ. ૧૯૨૩માં સત્યાગ્રહની લડતને નામે હિંસક તોફાનો થયાં ત્યારે ગાંધીજીને રૂબરૂ મળીને તેમણે વાત સમજાવતાં કહેલું : 'આવાં તોફાનથી આપના અહિંસક સત્યાગ્રહના મૂળમાં ઘા થાય છે. આપની પ્રતિષ્ઠા ઘટે છે. માન ઘટે છે અને જગતની આંખે આપનું કાર્ય દંભરૂપે દેખાય તેવું બને છે. એવે વખતે સત્યાગ્રહ પાછો ન ખેંચી લેવો તે "હિમાલય જેવડી ભૂલ" છે.' ગાંધીજીને આ વાત ખરી લાગી. સત્યાગ્રહ પાછો ખેંચી લેવાયો. અને ગાંધીજીએ 'નવજીવન'માં 'હિમાલય જેવડી' નામે લેખ લખ્યો.

## તો હું જેલને દૂધથી ધોવડાવું

ઈ.સ. ૧૯૨૪ પછી ભાવનગર ખાતે કાઠિયાવાડ રાજકીય પરિષદ બોલાવવા હિલચાલ થઈ ત્યારે શ્રી પ્રભાશંકરે ના પાડીને ગાંધીજીને અમદાવાદમાં આશ્રમમાં કહેલું : 'ભાવનગરમાં હાલ બાળમહારાજા છે. મહારાજાને બીજાં રાજ્યો સાથે રાજકીય તેમ જ કૌટુંબિક સંબંધ છે. એ ભાવનગરને આંગણે પરિષદ મળે અને પરિષદમાં બીજાં રાજ્યો વિરુદ્ધ ઠરાવ થાય તો તે તે રાજ્યોનો ભાવનગર સાથે સંબંધ બગડે. તે માટે હું ના પાડું છું, પણ જો બીજાં રાજ્યોની

વિરુદ્ધમાં ઠરાવ ન કરવાના હોય અને આપ પોતે પ્રમુખ થવાના હોવ તો ખુશીથી ભાવનગરમાં પરિષદ ભરો. હું બધી સગવડ અપાવીશ. અને એ પરિષદમાં ભાવનગરની વિરુદ્ધ જેને જે કહેવું હોય તે કહેવાની છૂટ છે.'

ગાંધીજી પાસે તે વખતે બીજા માણસો પણ હતા. ગાંધીજીએ શ્રી પ્રભાશંકરને હસીને પૂછ્યું : 'ધારો કે મારા પ્રમુખપદે ત્યાં પરિષદ ભરાય અને તેમાં બીજાં કોઈ રાજ્ય વિરુદ્ધ ઠરાવ થાય તો તમે શું કરો ?'

શ્રી પ્રભાશંકરે સામે હસીને કહ્યું : 'તો ભાવનગરની જેલ દૂધથી ધોવડાવીને આપને તેમાં પધરાવું અને હું આપની સામે બેસું.'

ગાંધીજીએ પ્રમુખપદ સ્વીકાર્યું, પરિષદ ભાવનગર ખાતે ભરાઈ, કોઈ અનુચિત ઠરાવ પસાર ન થયો.

ઈ.સ. ૧૯૨૬માં ગાંધીજી શ્રી પ્રભાશંકરના અંગત મહેમાન તરીકે ત્રાપજમાં રહેલા. તા. ૧૨-૩-૧૯૩૦ના રોજ આશ્રમેથી ગાંધીજી દાંડીકૂચ માટે નીકળ્યા ત્યારે તેમની સાથે સર પ્રભાશંકર પણ હતા.

બીજી ગોળમેજી પરિષદ વખતે કૉંગ્રેસ આગેવાનો તથા સરકારના સત્તાધીશોના આશ્ચર્ય વચ્ચે ગાંધીજીને સમજાવીને શ્રી પ્રભાશંકર તેમને ઇંગ્લૅંડ લઈ ગયેલા. શ્રી પ્રભાશંકરે એ વખતે ગાંધીજીને કહેલું : 'હું જાણું છું કે અંગ્રેજ સત્તાધીશો હાલ સ્વાર્થથી અંધ છે. તેથી, પરિષદ સફળ નથી જવાની, પણ આપનું ત્યાં જવું નિષ્ફળ નહિ થાય, કારણ કે ત્યાં જવાથી ત્યાંની પ્રજા જે આપ વિશે કે હિંદ વિશે ખરેખર કંઈ જાણતી

નથી, માત્ર સરકારે ચાળીને આપેલા ખબર જાણે છે, તે પ્રજા સત્યથી પૂરેપૂરી વાકેફ થશે અને આપણી માગણી ન્યાયપુરઃસરની છે એમ સમજશે. અને તે હિંદ માટે અનુકૂળ વાતાવરણ ઘડશે.'

ગોળમેજી પરિષદમાં શ્રી પ્રભાશંકરને પણ આમંત્રણ હતું. ત્યાંના એક સત્તાધારીએ શ્રી પ્રભાશંકરને કહેલું : 'તમે સામાન્ય વ્યક્તિ નથી. સરકારને તમારામાં વિશ્વાસ છે અને ઈચ્છે છે કે કોઈથી દબાયા વગર તમે સ્વતંત્ર અભિપ્રાય આપશો.'

ઉત્તરમાં શ્રી પ્રભાશંકરે આ પ્રકારે કહેલું : 'આપ જાણો છો કે કેવળ હિંદના લાભ માટે નહિ પણ ભારોભાર બ્રિટનના અને માનવજાતના હિત માટે શ્રી ગાંધીજી વાત કરે છે. એટલે આપે ગાંધીજીને પૂરા સાંભળવા એવી મારી વિનંતી છે. અમે અમારી અંગત વાત બોલીએ છીએ જ્યારે ગાંધીજી સમગ્ર હિંદની વાત બોલે છે. આપ બીજાઓને મોટા બનાવી પૂછો છો જેથી સામા માણસને એમ થાય કે હું કાંઈક છું. અને તેથી ગાંધીજીથી જુદા પડી નવી કે આડી વાત બોલે અને તેથી સમાધાન ન થાય ત્યારે સરકાર કહે કે તમે અંદરઅંદર એકમત નથી ત્યાં અમે શું કરીએ ? તો એવી પરિસ્થિતિમાં આપ મને ન મૂકો. હું બ્રિટન તથા હિંદ બન્નેનું હિત ચાહું છું એટલે ગાંધીજી જે કહે તેમાં મારી સંમતિ સમજશો. અને બ્રિટને ગાંધીજીને સાંભળવા, તેમના કથનને માન્યતા આપવી તેમાં બ્રિટનનું હિત થશે તેમ જ તેમનો મોભો વધશે એવી મારી માન્યતા છે.'

શ્રી પ્રભાશંકર સમજતા હતા કે ગોળમેજી પરિષદ નિષ્ફળ

જવાની છે, પણ ભારતને થોડાં વર્ષોમાં સ્વતંત્રતા મળવાની જ છે. આથી, ગોળમેજી પરિષદ વખતે શ્રી પ્રભાશંકરે એક બીજું કાર્ય કર્યું. ગાંધીજી કદી ફોટો પડાવવા ઊભા રહેતા નહિ, પણ શ્રી પ્રભાશંકરે ગાંધીજીને એક વિનંતી કરી અને ગાંધીજીએ તે માની. તે એ કે ઇંગ્લૅંડના નામી ચિત્રકાર સર ઑસ્વાલ્ડ બિર્લી પાસે ગાંધીજી નિત્ય એક કલાક જઈને સ્થિર ઊભા રહે અને તે ચિત્રકાર તેમનું તૈલચિત્ર તૈયાર કરી આપે. ગાંધીજીએ લાગલાગટ આઠ દિવસ સુધી એ રીતે 'પોઝ' આપ્યો. તે તૈલચિત્ર પોતાના ખર્ચે તૈયાર કરાવી શ્રી પ્રભાશંકર હિંદ લાવેલા, પણ એ પેટી ખોલાવી ન હતી. પોતાનો અંતકાળ નજીક જોઈ તેમણે એ પેટી પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રી અનંતરાયને સોંપીને કહ્યું : 'આમાં પૂજ્ય ગાંધીજીનું લાઈફ સાઈઝનું તૈલચિત્ર છે, તે ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થાય ત્યારે તેની વડી ધારાસભાને ભેટ આપવાનું છે.'

અને એ રીતે ઈ.સ. ૧૯૪૭માં ભારતને સ્વતંત્રતા સાંપડી ત્યારે શ્રી અનંતરાયે તે તૈલચિત્ર વડી ધારાસભામાં તા.૨૮-૮-૧૯૪૭ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદના હાથે ખુલ્લું મુકાવેલું.*

આવી દીર્ઘ દૃષ્ટિવાળા, લોકહિતસાધક શ્રી પ્રભાશંકરના નિસ્પૃહ અને નિરભિમાન માનસનો સ્પષ્ટ ખ્યાલ તેમના નીચેના શબ્દોથી આવશે. તેમનું જીવનચરિત્ર ન લખવાની વાત કરતાં તેમણે કહેલું : 'ખરી હકીકત તો એ છે કે મહારાજા ભાવસિંહજીને હું જડી ગયો અને તેમના વિશ્વાસને લઈને મારામાં જે શક્તિઓ હતી તે બહાર આવી. હું માનું છું કે મારા જેવા ઘણાય છે, માત્ર એમને મહારાજા ભાવસિંહજી મળ્યા નથી.'

* આ તૈલચિત્રનો ફોટો પુસ્તકમાં સામેલ છે.

॥ હરિઃૐ ॥

# ૯. આપણને બાળક થાય

કૉલેજનો અભ્યાસ મેં ભાવનગરમાં કર્યો અને ત્યારે ભાવનગર રાજ્યના ઍડ્મિનિસ્ટ્રેટર સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીના બંગલે અનંતવાડીમાં હું બીજા વિદ્યાર્થીઓ સાથે રહેતો. પટ્ટણીજી પોતે મહારાજાની નીલમબાગ પૅલેસની જગ્યામાં લીલે બંગલે રહેતા, ફક્ત જમવા માટે સવારે તથા રાત્રે કલાક કલાક અનંતવાડીએ આવતા. એટલા ટૂંકા સમયમાં પણ વિદ્યાર્થીઓમાંથી જે મળે તેના ખબર પૂછી વાતો કરતા. એક તો એ અમારા કુટુંબના વડીલ અને બીજું એમની મહત્તા સમજવા કે માપવાની મારી પાત્રતા નહિ છતાં, મને એમની વાતો સાંભળવી બહુ ગમતી. તેથી, બને તેટલું હું તેમને મળતો રહેતો. એ વખતની તેમની એક વાત છે.

## સ્ત્રીઓ પ્રત્યે આદરભાવની સૂક્ષ્મ દૃષ્ટિ

ઈ.સ. ૧૯૩૫ના એક શિયાળાની રાત્રે અમે બેત્રણ છોકરાઓ બંગલાની લાઈબ્રેરીમાં બેસીને Jokes — મજાક કરીને હસતા હતા. એ વખતે જમીને નીચે ઊતરીને ત્યાંથી પસાર થતાં અમને હસતા જોઈ સર પ્રભાશંકર ઊભા રહ્યા અને પૂછ્યું : ‘છોકરાઓ, શી વાત ચાલે છે ?’

મેં કહ્યું : ‘જ્યૉર્જ બર્નાડ શૉવાળી જોક.’

તેમણે પૂછ્યું : ‘કઈ જોક ?’

‘મેં કહ્યું : દાદા, પેલી છેને ?’

હું તેમને દાદા કહી સંબોધતો. ઈંગ્લૅંડનો એ વિશ્વવિખ્યાત નાટ્યકાર શૉને એક સુંદર તરુણી સાથે ભેટો થયો. તે વખતે

પેલી બાઈએ શૉ પાસે દરખાસ્ત મૂકી : 'આપણે પરણીએ.' શૉએ પૂછ્યું : 'શા માટે ?' સ્ત્રીએ કહ્યું : 'તમારા જેવું બુદ્ધિવાળું અને મારા જેવું સુંદર બાળક આપણને થાય.' એટલે શૉએ કહ્યું : 'પણ એથી ઊલટું થાય તો ! તારા જેવું ગમાર અને મારા જેવું કરૂપડું બાળક થાય તો શું કરવું ?'

આમ કહી અમે હસ્યા અને દાદા પણ સાથે હસતાં હસતાં બોલ્યા : 'ભારે કાબેલ ! માથેથી જવાબદારી ટાળી નાખી !' પછી ગંભીર થઈ લાકડીને ટેકે એક ડગલું બારણા તરફ આગળ વધી બોલ્યા : 'આ મજાક આપણને ગમે છે, કારણ કે આપણે આપણી જાતને શૉની જગ્યાએ કલ્પીને આપણે પણ આ રીતે જવાબદારી ટાળી હોય તો, એ વિચારે આનંદ થાય છે, પણ આમાં બીજીયે વાત છે અને મારું ધ્યાન એ તરફ જ જાય છે. મને થાય છે કે શૉનો આ જવાબ સાંભળી પેલી બાઈને શું થયું હશે ?'

અમે મૂગા થઈ ગયા. તેમણે કહ્યું : 'એ વિચારી જોવા જેવું છે.' અને ચાલતા થયા. મેં કહ્યું : 'દાદા, તમે સમજાવોને !'

તે અટક્યા અને બોલ્યા : 'સ્ત્રીનું શારીરિક અને માનસિક બંધારણ માતા થવા માટેનું છે. જનેતા થવા માટે તેને પુરુષના સાહચર્યની જરૂર પડે છે. હવે એ બાઈને શૉએ જવાબ આપ્યો તેનો વિચાર કરો અને પછી આપણને જે હસવું આવે છે એ આપણી માણસ તરીકેની પાત્રતાનો વિચાર કરો. શૉએ કહ્યું કે બાળક તારા જેવું મૂરખ થાય તો શું કરવું ? એટલે એક વ્યક્તિ તરીકે સ્ત્રીમાં બુદ્ધિહીનતાનો આક્ષેપ કરી તેનું અપમાન, અવમાન કર્યું.'

આટલું કહી દાદા અટક્યા, જરા ઢીલા થઈ ગયા અને બોલ્યા : ‘શૉને તો આખી દુનિયા વખાણે છે. ભાઈએ (અનંતરાય પ્રભાશંકર પટ્ટણીએ) તો તેના ‘જોન ઑફ આર્ક’નું ભાષાંતર કર્યું છે. ઘણું સારું એ લખે છે, પણ મને થાય છે કે આ બાઈને એ જીવશે ત્યાં સુધી જ્યારે જ્યારે આ જવાબ યાદ આવશે ત્યારે તેના હૃદયમાં કેવી વેદના થશે ? **બીજાને ચાટ પાડી દઈ, ભોંઠપ આપી આપણી અક્કલની હોશિયારી દેખાડવાના અભિમાનભર્યા મોહમાં આપણે સામાના હૃદયને કેટલો આઘાત પહોંચાડીએ છીએ તેનો આપણને ખ્યાલ સુધ્ધાં રહેતો નથી ! આપણાં બાપદાદા અને શાસ્ત્રપુરાણો તો સામા માણસનો ખ્યાલ પહેલો રાખીને વિચારવાનું, બોલવાનું, વર્તવાનું કહી ગયાં છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં ‘વાણીનું તપ’ કહ્યું છે. તેમાં પહેલો જ શબ્દ છે : ‘अनुद्वेगकर वाक्य...’ કોઈને ઉદ્વેગ ન કરે તેવું બોલવા કાળજી રાખવી જોઈએ...** પણ આ તો મને ઘરડાંને આમ લાગે છે. તમે તમારી મેળે વિચારજો. ચાલો...’ કહી તેઓ ગયા.

આ પછી પાંચ છ વર્ષે સ્વામી વિવેકાનંદનું ચરિત્ર મારા વાંચવામાં આવ્યું. તેમાં આવો જ પ્રસંગ આવવાથી ઉપરનો પટ્ટણીજીનો પ્રસંગ વધુ તાજો થઈ આવ્યો. સર્વધર્મ–વિશ્વપરિષદમાં હાજરી આપવા સ્વામી વિવેકાનંદ અમેરિકા ગયેલા ત્યારે કોઈ ધનાઢ્ય અમેરિકન સન્નારીના મહેમાન હતા. તેની યુવાન પુત્રીએ સ્વામીજી પાસે આવી જ લગ્નની દરખાસ્ત મૂકી અને સ્વામીજીએ શૉની પેઠે જ લગ્નના હેતુ વિશે પ્રશ્ન પૂછ્યો. ઉત્તરમાં છોકરીએ એવો જ જવાબ આપ્યો : ‘લગ્નથી

આપના જેવો મને પુત્ર થાય.' અને તત્કાલ ઊભા થઈ સ્વામીજીએ છોકરીને પ્રણામ કરીને કહ્યું : 'મારા જેવો શા માટે ? અને ભવિષ્યમાં મદાર શા માટે ? અત્યારે જ, હું જ તમારો પુત્ર છું, માતા ! મારો સ્વીકાર કરો.'

મને થયું, સ્વામીજીએ જવાબ આપ્યો, પણ તે અભિજાત્યની અદાથી તેમના ઉત્તરમાં સ્વાભિમાન નથી, નિર્લેપ, નિસ્પૃહ નમ્રતા છે, આશાભરી યુવતીની અવહેલના નથી, જે છે તે સ્ત્રીનું સ્ત્રી તરીકેનું પૂરું સન્માન છે. તેના માતૃત્વનો સ્વીકાર છે. અભિવાદન છે, પરિપુષ્ટિ છે.

❏

॥ હરિઃૐ ॥

# ૧૦. સમજણનો એક અવસર

ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૩૬ની વાત છે. અમારું કુટુંબ ત્યારે શિહોર રહેતું. મારા પિતા સર પ્રભાશંકર પટ્ટણીના એક સેક્રેટરી હતા અને હું શામળદાસ કૉલેજમાં અભ્યાસ કરતો. રોજ સવારે નવ વાગ્યે જમી અમે ભાવનગર જતા અને રાત્રે પાછા આવતા. એકવાર મારા પિતાને તાવ આવ્યો. રાત્રે હું આવ્યો ત્યારે જાણ્યું કે તાવ સાંજે તો ૧૦૬ ડિગ્રી થઈ ગયેલો. હું મૂંઝાયો. મારા પિતા એ વખતે જંપી ગયેલા. કોઈ ડૉક્ટરને મોકલવા સર પ્રભાશંકરને તાર કરવા હું રેલવે સ્ટેશને જવા તૈયાર થયો, ત્યાં મારાં મોટાં બાએ મારાં બાને કહ્યું કે વહુ, મોઢું જોઈ આવો. કોઈ ઊભરો દેખાય છે ? જોઈ આવીને મારાં બાએ તાર કરવા જવાની ના કહી. બીજે દિવસ રાતથી પિતાને સારું થઈ ગયું.

બેચાર દિવસ પછી રાત્રે અમે બેઠાં હતાં ત્યારે મેં મોટાં બાને પૂછ્યું કે તાવ ૧૦૬ ડિગ્રી થઈ ગયો હોય ત્યારે તો ઉપચાર માટે ડૉક્ટરને તેડાવવા જોઈએને ? ઊંઘતા હોય તેથી વગર દવાએ રોગ મટે એમ કહેવાય ? તેમણે કહ્યું કે રોગનો ઊભરો મોઢા ઉપર આવે. એ ઊભરો ઊંઘમાં વધારે આવતો હોય તો દરદી વધુ પડતું માંદું છે એમ સમજવું. એનો ઉપચાર તરત કરવો જોઈએ, પણ ઊંઘમાં જો ઊભરો ઓછો હોય, નિરાંતની ઊંઘ હોય તો સમજવું કે દોડાદોડ કરવા જેવી હાલત નથી. તારા દાદા કહેતા કે સમજુ માણસ જાગતાં ઘણું છુપાવે છે. મોઢા પર કંઈ જણાવા દેતાં નથી, પણ ઊંઘમાં દરેક

જાતના ઊભરા મોઢા પર વરતાઈ રહે છે. તું પ્રભાશંકરને પૂછજે. તને એ મહાભારતમાંથી દાખલા દઈ વાત સમજાવશે.

મારા પિતાએ એ વખતે સમજાવેલું કે નાનું બાળક ઊંઘતું હોય ત્યારે મરકે છે, જાગતું હોય તે કરતાં મોઢા પર પ્રસન્નતા ઊંઘમાં વધુ દેખાય છે, એટલે માબાપને પણ તે વખતે બાળકને હેત કરવાનું વધુ મન થઈ આવે છે, પણ જેમ જેમ એ બાળક મોટું થાય, તેમ તેમ પ્રસન્નતા ઓછી થાય. બાળકને કોઈ ખીજ્યું હોય તો ઊંઘમાં એ હીબકાં ભરી લે છે. જાગતાં જે થયું હોય તેની સીધી અસર એ હીબકાં દ્વારા ઊંઘમાં દેખાય છે. બાળક મોટું થાય એટલે સ્વાર્થ સમજતું થાય, સુખદુઃખ સમજતું થાય, જવાબદારી સમજતું થાય, તેમ તેમ ઊંઘમાં તેના મોઢા પર શાંતિ અને પ્રસન્નતા ઓછાં થતાં જાય. મન જેમ વધુ વિકારવાળું તેમ ઊંઘમાં એના ઊભરા મોઢા પર વધુ આવે. અગાઉ બાળલગ્નો થતાં ત્યારે પરણીને આવનાર વહુને સાસરામાં ગોઠે છે કે નહિ તે વહુ પોતે કહેતી નહિ. કાગળ લખાતા નહિ. ગળથૂથીમાં જ એવા સંસ્કાર હતા કે નાની વયે પરણીને આવી હોય તોય સાસરિયાંમાં સુખ દેખાડતી ફરે. પણ એને સૂવાનું હોય સાસુ પાસે, સાસુ ન હોય તો કાકીજી, ફોઈજી, જેઠાણી કે મોટી નણંદ હોય તો તેની પાસે. એ સાસુ કે ઘરમાં જે પીઢ બાઈ હોય તે ઊંઘતી વહુના મોઢા પરથી પરણીને આવનારીને ફાવે છે કે કેમ તે પારખતી. હવે મોટી ઉંમરે લગ્ન થાય છે. વર જો સમજુ હોય તો વહુ મૂંઝાય છે કે નહિ તે પારખી શકે. વૃદ્ધ થયેલાં માબાપ વહુદીકરાને પનારે હોય. વૃદ્ધો કંઈ બોલે નહિ, પણ એ ઊંઘતાં હોય ત્યારે એમનાં

મોઢા પર સંતોષની છાયા સમજુ છોકરાં પારખી શકે છે. વગર કહ્યે વગર પૂછ્યે જાણવાની એ કળા છે.

ચારેક દિવસ પછી હું ભાવનગર રાત રોકાયેલો. તે સાંજે સર પ્રભાશંકર ચાલીને ફરવા જતા હતા તેમની સાથે હુંયે ગયો, અને મોટાં બા તથા પિતા સાથે થયેલી વાત કરી. વિનંતી કરી કે મહાભારતનાં દૃષ્ટાંત સાથે તે મને આ વિષયે સમજાવે. તેમણે મને નીચે મુજબ સમજાવ્યું :

‘પાંડવો લાક્ષાગૃહમાંથી બળતા બચ્યા પછી વનમાં ચાલ્યા જતાં હતાં. દિવસ આથમ્યો અને ઝાડ તળે બેઠાં. બધાં તરસ્યાં હોવાથી ભીમ પાણી શોધી લાવવા ગયો. ચારેક ગાઉ છેટેથી એ પાણી લઈ આવ્યો, ત્યાં બધાં થાકથી ઊંઘી ગયાં હતાં. ભાઈઓને અને વિશેષપણે માતા કુંતાજીને જોઈને ભીમને ખૂબ ખેદ થયો કે આ માને કેટલું કષ્ટ પડ્યું છે ! વસુદેવનાં બહેન, રાજા કુંતીભોજની પુત્રી અને પાંડુરાજાનાં રાણીને વનમાં પથારી વગર સૂવું પડ્યું છે એ જ માત્ર કષ્ટ નથી. કારણો ઊંડાં છે એ અમે બધાં જાણીએ છીએ. હસ્તિનાપુરમાં રાજમહેલમાં રહેવા છતાં માતાજી પોતે પિતા સાથે વનમાં પર્ણકુટિમાં સાથે રહેતાં. તે વખતે અનુભવેલાં સુખની અનેક વાતો આનંદથી કરનારને વનજીવનનું દુઃખ ન હોય. એ જાગતાં હોય ત્યારે અમે મૂંઝાઈએ નહિ માટે મા હસીને વાતો કરે છે, પણ ઊંઘમાં એ પડદો રાખી શક્યાં નથી. દુઃખના ઊભરા મોઢા પર આવ્યા છે. આટલું બધું એમને આ ઉંમરે લાગે છે તો તે તરત દૂર કરવા અમારે મથવું જોઈએ. આવો સંકલ્પ કરી એ ચોકી કરવા જાગતો બેઠો.

‘આવો બીજો પ્રસંગ દ્રૌપદીના સ્વયંવર વખતનો છે.

દ્રૌપદીના સ્વયંવરમાં પાંડવો બ્રાહ્મણવેશે ગયા ત્યારે કોઈ એમને ઓળખી ન શક્યું. અર્જુન લક્ષ્યવેધ કરી દ્રૌપદીને સ્વયંવરમાં પરણ્યો. પછી દ્રૌપદીને લઈ પાંડવો કુંભારને ત્યાં ગયા. દ્રુપરાજાએ પુત્ર ધૃષ્ટદ્યુમ્નને કહ્યું કે તું જા, જોઈ આવ. દ્રૌપદીને લઈ જનાર એ કોણ છે ? કેવા છે ? મારી એકની એક વહાલસોઈ દીકરી સાવ અજાણ્યા લોકો સાથે જવાથી કેવી દુઃખી થતી હશે ? ધૃષ્ટદ્યુમ્ને પાછા આવી જવાબ આપ્યો કે એ લોકો કોણ છે તેની તો ખબર નથી પડી, પણ સૂતી વેળાની વાતો અને વર્તન પરથી એ ક્ષત્રિયો છે, તે નક્કી છે. અને બહેન દ્રૌપદીની ચિંતા કરવા જેવું નથી. એ લોકો ઘાસની પથારી કરીને સૂતા અને તેની પાંગતે ઘાસની પથારી કરી દ્રૌપદી સૂતી, પણ તે પ્રસન્ન હતી. મોઢા પર દુઃખની રેખા ન હતી.

'આ બે પ્રસંગો મેં નાનપણમાં વાંચેલા. વાંચતાં મને ઘણા વિચાર આવ્યા અને મનમાં ગાંઠ બંધાઈ ગઈ કે **માણસ ઊંઘે છે ત્યારે એના મનના ઊંડા ભાવો એના મોઢા પર તરી ઊઠે છે. એ પરથી એના મનનાં સુખ કે દુઃખ કેવા પ્રકારનાં અને કેટલાં ઊંડાં છે તે જાણી શકાય.** આમ, વિચાર આવતાં મેં ઊંઘતા માણસનાં મોઢાં જોવાં શરૂ કર્યાં અને મને એ વાત સાચી લાગી. જે બીજી રીતે ન જાણી શકાય તેવું જાણવા મળ્યું. કોઈનાં લગ્નમાં, કોઈના કારજમાં કે વરસી પ્રસંગે જવાનું થાય ત્યારે સગાંનો સમુદાય ભેગો થયો હોય. બેચાર દી રોકાવાનું હોય. એ બધાંની સગવડ જોવાને બહાને હું રાતે જાગતો અને ઊંઘતા માણસોનાં મોઢાં જોતો. મને લાગ્યું કે ઘણાં વૃદ્ધો જેઓ વહેવારકુશળ, પીઢ, જ્ઞાની, શાંતિની વાતો

કરનારાં હતાં તેવાનાં મોઢાં પણ ઊંઘમાં એક યા બીજી રીતે વિકૃત લાગતાં. એમ લાગવા પાછળ કારણ શું હોઈ શકે તે જાણવા હું તેમના જીવનની, સંબંધોની, સ્થિતિની માહિતી મેળવતો અને એ ઉપરથી તેમની સાથે એકાંતમાં વાતો કરી કારણ જાણવા સફળ થવા લાગ્યો. પછી તો વગર પૂછ્યે પણ સમજાવા લાગ્યું. વિગતની ખબર ન પડે પણ કેવા પ્રકારનું કારણ હોય તે પકડાઈ જાય. સારા સ્વભાવનાં, શુદ્ધ વહેવારનાં માણસો, કેવાં કેવાં નાનાંમોટાં કારણે બોલી ન શકવાથી દુઃખી થતાં હોય છે, તે જોઈ એ કારણો મટાડવા મેં યત્ન કર્યા. તેમાં સફળ થયો. આપણી ન્યાતમાં અને બીજી ઘણી જગ્યાએ મારા તરફનો જે આદર છે તેના કારણમાં એ પણ એક છે.

'મોઢા પર દુઃખના જ ઊભરા દેખાય એવું નથી. સ્વભાવ સ્વાર્થી કપટી હોય તેવા નિરાંતે ઊંઘનારના મોઢા પર પણ સ્વભાવની ભાવરેખા ઊઠ્યા વગર રહેતી નથી. નિર્દોષતાની રેખા પણ ઊઠે છે. વહેવારનાં દુઃખની, કૌટુંબિક આપત્તિની, શારીરિક રોગની, અસંતોષની, એમ જુદા જુદા પ્રકારની રેખા હોય છે. એ અનુભવે ઓળખાય. તને દાખલો દઉં. છોકરો જુવાન થઈ રળવા લાગે અને પરણ્યો હોય ત્યારે તેને માબાપ હોય, ભાંડરડાં હોય, સંતાન હોય. **કુટુંબમાં સૌને સુખી રાખવાં એ ગૃહસ્થનો ધર્મ. એમ કરે તો પોતે પણ સુખી થઈ શકે. ઘરડાં થયેલાં માબાપ તો દીકરાને પનારે હોય એટલે એ પોતાનાં દુઃખ કે અસંતોષ બોલે નહિ, બધું બરાબર છે એમ જ કહે, પણ એ ઊંઘે ત્યારે એમનાં મોઢાં પર અસંતોષ કે દુઃખ હોય તે જણાયા વગર ન રહે.** પોતે માબાપની ખૂબ

સેવા કરતો હોય, પણ પોતાની ગેરહાજરીમાં પત્ની કઈ રીતે વર્તતી હશે એ પુરુષને જાણવું સરળ નથી, કારણ કે જેને પનારે પડ્યાં છે તેમનું વાંકું માબાપ સમજુ હોય તે બોલે જ નહિ. એટલે એ અસંતોષ કોના તરફથી હશે તેનું અનુમાન કાઢી માબાપનો અસંતોષ દૂર કરવા યત્ન થઈ શકે. ભાંડરડાંનાં દુઃખ પણ દૂર થઈ શકે. પોતાની સ્ત્રીને પણ પોતાથી કે કુટુંબથી સંતોષ છે કે નહિ એ પુરુષે જાણવું જોઈએ અને જાણી શકે અને પછી મુશ્કેલી દૂર કરી શકે. મને તો આ જોવા સમજવાથી વધુ ફાયદો થયો છે, જેમના મોઢા પર શાંતિ અને નિર્દોષતાની છાયા હોય, એ લોકો ભલે ઓછું ભણેલા હોય અને ઓછી બુદ્ધિવાળા લાગે તોપણ તેમને કામની તક આપવાથી તેઓ ઘણું સારું કામ કરી શકે છે અને જવાબદારી અદા કરી બીજાને પણ સુખી કરી શકે. ભાવનગર રાજ્યમાં અને બીજે મેં આવા માણસોને તકો આપી છે અને લાભ જોયો છે.'

મેં જ્યારે કહ્યું કે આ તો કરવા જેવું છે ત્યારે તેમણે જવાબ આપ્યો કે 'વાત સાચી છે, પણ મનમાં એવો ઘમંડ ન હોવો જોઈએ કે હું બીજાને ઊંઘતા જોઈ, તેને શું દુઃખ છે તે નક્કી કરી તેનાં દુઃખ દૂર કરી દઉં. એવું અભિમાન રાખી ઊંઘતાનાં મોઢાં જોવાં નીકળીએ તો ભુલાવામાં પડી જવાય. **પહેલી વાત તો મારાથી કોઈને દુઃખ ન થવું જોઈએ, એવી ભાવના મનમાં હોવી જોઈએ અને ભાવના પ્રમાણે કાળજીભર્યું વર્તન હોવું જોઈએ.** એ થાય પછી ઊંઘતા માણસનાં મોઢાં પરના ભાવો વાંચવા સમજવાની સૂઝ આવે. એ સૂઝ આવ્યા પછી તે માણસની સાથે કેમ વાત કરવી, કઈ રીતે કારણ અને

વિગત પકડવાં એ સમજાવા લાગે. આખીયે બાબત સફળ થવાનો આધાર 'મારે કરી બતાવવું છે' એવા અહંકાર કે બુદ્ધિબળ પર રહેતો નથી, પણ 'આ કરી છૂટવું એ મારી ફરજ છે, એમાં મને સંતોષ છે. ન થઈ શકે તો એ સ્વભાવની ઊણપ છે.' એવી લાગણી જોઈએ, એ કોઈને બતાવવાની કે કહેવાની વાત નથી. **જેમનાં દુઃખ દૂર કરવા નીકળીએ તેને અણસારે પણ ખબર ન પડવી જોઈએ કે તેનું આપણે ઊંઘમાં મોઢું જોઈને તેને દુઃખ છે એમ તારવ્યું છે. વળી, આપણે તેનાં દુઃખ દૂર કરવા નીકળ્યાં છીએ કે ઈંતેજાર છીએ તેમ પણ તેને કે બીજાને ન લાગવું જોઈએ. એવો એ છાનો વહેવાર છે.'**

❑

॥ હરિઃૐ ॥

# ૧૧. રાજ્યાધિકારી

'હિંદ છોડો'ની બ્રિટિશ સલ્તનત સામેની લડતના જુવાળને કારણે ભાવનગર રાજ્યમાં પણ ચળવળો ઊપડેલી. એ વખતે અનંતરાય પટ્ટણી દીવાન હતા. એ લશ્કરી મિજાજના ગણાતા. ચળવળ વધી ત્યારે રાજ્યના એક વરિષ્ઠ અધિકારીએ તેમને સલાહ આપી : 'આપ પોલીસ તથા લાન્સર્સને હુકમ આપો તો તેઓ લાઠીચાર્જ અને બીજા ઉપાયો વડે લોકોની સાન ઠેકાણે લાવશે.'

આ સાંભળીને અનંતરાય ખુરશી પરથી બેઠા થઈ ગયા અને અંગ્રેજીમાં જે બોલ્યા તેનો સાર આ પ્રમાણે છે : 'એ ભાવનગરમાં કદી નહિ થાય. તમે શું એમ ઇચ્છો છો કે પોલીસને હું મારી પ્રજા સામે ધરી દઉં ! તો પછી આપણે શા માટે રાજ્યના મોટા હોદ્દા પર છીએ ! પોલીસ તો ત્યારે દરમિયાનગીરી કરવા માટે છે કે જ્યારે લોકો સામસામા ઝઘડતા હોય, નહિ કે જ્યારે પ્રજા સામુદાયિક રીતે રાજ્યને કંઈક કહેવા માગતી હોય. બાપુજી (પ્રભાશંકર પટ્ટણી) જે રીતે સંતાન તરફની લાગણીથી લોકોને સમજાવતા, તે રીતે તેમને સમજાવવાની મને મારી ફરજ લાગે છે. એવો કામયાબ ઉપાય હું શોધું છું. એ ખાતરી રાખજો કે દમન એ કોઈ ઇલાજ નથી, ઉપાય નથી.'

આ અનંતરાયના પિતા પ્રભાશંકર પટ્ટણી રાજ્યના અધિકારીઓને નીચેની વાત સમજાવતા : 'સામાન્ય રીતે પ્રજાના નવ્વાણું ટકા માણસોને રોટલો રળવા આડે સમય નથી. સમય

હોય તોય પરિસ્થિતિ સમજી, પ્રવાહની દિશા કે ગતિ પારખવા પૂરાં સાધનો તેની પાસે નથી. આ કારણે જે પ્રશ્નો એની આજુબાજુ ઊભા થતા હોય છે, તેનુંયે તેને ભાન થતું નથી. એ પ્રશ્નો ઊભા થાય અને લોકોને અકળાવે ત્યારે રાજ્યકર્તાને ન કહે તો કોને કહે ? પ્રજા અરજ કરે પણ એને અરજ કરવા વારો આવે તે પહેલાં પ્રશ્નો ઊભા થતા હોય ત્યાં જ તેને પારખી કાઢવાનું, પરિસ્થિતિનો તાગ કાઢી ઉકેલ શોધવાનું કામ રાજ્યનું છે, પ્રજાનું નથી. આવો ઉકેલ રાજ્ય થોડોઘણોયે ન લાવે ત્યારે પ્રજા સંયમ જાળવી શકતી નથી. દાદ ન મળે એટલે એ દેખાવો કરે, તોફાન કરે અને બાળક જેમ હઠે ભરાય ત્યારે જો તેનાં માબાપ તેને સમજાવી મનાવી ન શકે તો પોતાનાં જ રમકડાં ફોડે, બીજી ચીજવસ્તુને નુકસાન કરે અને પોતે પછડાટિયું ખાય, તેમ અકળાયેલાં લોકો મરણિયા થઈ પોતાની મિલકતને તથા જાતને નુકસાન થાય, હાનિ થાય, તેવાં કામો કરી બેસે છે. એ અજ્ઞાન દશામાં ઉપાય ન સૂઝવાથી, રાજ્ય તરફથી દાદ ન મળતી હોવાના પરિણામે ઊપજતી વ્યગ્રતાના આવેશનાં પરિણામો છે.'

આ પ્રભાશંકરના પ્રજા સાથેના વર્તાવના ઘણા પ્રસંગો છે. એ મોટા ફલકના નથી. પ્રભાશંકર કહેતા કે **નાનીનાની વાતોનો જો સંતોષકારક તોડ ત્યારે ને ત્યારે જ લાવીએ તો મોટી ઉપાધિ ઊભી ન થાય. ઝીણી વાતો તરફ બેધ્યાન રહેવાથી જ એ મોટી થઈ વણસે છે.** એમના એવા પ્રસંગોમાંથી ઉકેલનું દૃષ્ટિબિંદુ બતાવવા થોડા નાના પ્રસંગો રજૂ કર્યા છે.

પ્રભાશંકર ઈ.સ. ૧૯૦૨થી ૧૯૧૨ સુધી ભાવનગર રાજ્યના દીવાનપદે હતા. એમના વખતમાં રાજ્ય કરજમાંથી મુક્ત થઈ સંપત્તિવાન થયું. વેપાર ઉદ્યોગ વધ્યા અને પ્રજા સહિત રાજ્ય સમૃદ્ધ થયું. રાજા તથા પ્રજાને તેમના પ્રત્યે આદર હતો. માત્ર પ્રથમ રાણી દેવ કુંવરબાનાં અવસાન પછી નવાં પરણીને આવનાર રાણી નંદકુંવર બાને, પોતાના પતિ રાજ્યધણી હોવા છતાં દીવાન પ્રભાશંકરને પૂછ્યા વિના કંઈ કરતા નથી એ વાત પસંદ ન હતી. તેથી, તે જાતે રાજકારણમાં રસ લેવા માંડ્યાં. આ હકીકતની જાણ થતાં પ્રભાશંકર રાજીનામું દઈ છૂટા થયા અને મુંબઈ ગવર્નરની કારોબારીના સભ્ય થયા. ત્યાંથી વાઈસરૉયની કારોબારીના સભ્ય થયા અને ત્યાંથી ઈંગ્લૅંડમાં ભારતમંત્રીની કારોબારીના સભ્ય થયા. એ ઈંગ્લૅંડ હતા તે દરમિયાન ઈ.સ. ૧૯૧૮ થી ૧૯૧૯માં અનુક્રમે રાણી નંદકુંવરબા તથા મહારાજા ભાવસિંહજી દેવ થયાં. ભાવનગરની પ્રજાએ તથા રાજકુટુંબે વાઈસરૉયને તથા ભારતમંત્રીને તાર કરી, પ્રભાશંકરને ભાવનગરના ઍડ્મિનિસ્ટ્રેટર તરીકે મૂકવા વિનંતી કરી અને તારની નકલ પ્રભાશંકરને મોકલી. એ વખતે સરકારે પ્રભાશંકરને મદ્રાસ પ્રાંતના ગવર્નરપદે મૂકવા વિચારેલું, પણ પ્રભાશંકરે એ પદ ન સ્વીકારતાં ભાવનગર રાજ્યનું વાલીપણું સ્વીકાર્યું અને કારણ પૂછતાં સરકારને જણાવ્યું : 'ભાવસિંહજી મહારાજની ઈચ્છા હતી કે તેમના પાટવી કુંવર મારા હાથ તળે ઊછરે. હવે જ્યારે એ નામદારની હયાતી નથી ત્યારે મારી પહેલી ફરજ એ છે કે મારે ભાવનગર જવું.' આમ, એ રાજ્યના

ઍડ્‌મિનિસ્ટ્રેટરના પદે આવ્યા એટલે હાથમાં પૂરી સત્તા આવી, છતાં એ સત્તા કરતાં જવાબદારીનું ભાન એમને સવિશેષ હતું. તેમણે એક વહીવટી કારોબારી સમિતિ રચી, જેના પોતે પ્રમુખ રહ્યા. બાળમહારાજાની જાતદેખરેખ માટે એ પોતાના કુટુંબ સાથે અનંતવાડી ન રહેતા તેમની નિકટ લીલે બંગલે રહેતા. ફક્ત દિવસમાં બે વખત ઘેર જમવા જતા.

### વિરોધી પ્રત્યેનું વલણ (૧)

મસ્ત કવિ ત્રિભુવન પ્રેમશંકર (ઈ.સ. ૧૮૬૫ થી ૧૯૨૪) ત્યારે ભાવનગરમાં રહેતા. ચારછ મહિના વડોદરા રાજ્યના પુરાતત્ત્વખાતામાં ક્યુરેટર તરીકે નોકરી કરવા સિવાય એ મનસ્વીએ જિંદગીમાં કોઈ નોકરીધંધો કર્યાં ન હતાં. લાઠી નરેશ ‘કલાપી’, વડિયા દરબાર, ભાવનગર મહારાજા ભાવસિંહજી વગેરે તેમને પેન્શન આપતા. ઈ.સ. ૧૯૦૦માં ‘કલાપી’ ગયા. ૧૯૧૯માં મહારાજા ભાવસિંહજીનું અવસાન થતાં તેમના ખાનગી ખાતા તરફથી અપાતું પેન્શન બંધ થયું. આ કવિ વહીવટી કારોબારીના સભ્ય કર્નલ જોરાવરસિંહજીના મિત્ર હતા, પ્રશંસક હતા. એકવાર કર્નલ જોરાવરસિંહજીએ પ્રભાશંકરને કવિના બંધ પડેલા પેન્શનની વાત કરી. પ્રભાશંકરે કહ્યું : ‘એ પેન્શન આપણે કરી દઈશું, પણ આપ એમને મારી પાસે લઈ આવો તો મારે મળવું છે. પેન્શન વિશે વાત કરવી નથી.’

કર્નલ જોરાવરસિંહજી કવિને તેડી ગયા ત્યારે પ્રભાશંકર મંદવાડમાં—તાવમાં પડ્યા હતા. પોતાના મંદવાડ વિશે પ્રભાશંકરે ખેદ વ્યક્ત કર્યો ત્યાં તો કવિએ કહ્યું : ‘આ બધાં

કરેલાં પાપનાં પરિણામ છે. રોગ વિનાકારણ આપમેળે આવતા નથી, તેડાવ્યા આવે છે.'

જોરાવરસિંહજી કવિને વારવા જતા હતા, ત્યાં પ્રભાશંકરે કહ્યું : 'કવિ, તમે સાચું જ કહો છો. આવું કહેવા માટે આભાર માનું છું.' આમ કહી કર્મવિપાક વિશે મહાભારતમાંથી દૃષ્ટાંત આપી વાતો કરી. પછી તો કવિનેય થયું કે પટ્ટણી જેવા ભલા માણસને આમ કહેવું જોઈતું ન હતું.

થોડી વાર રહી તેઓ ઊઠ્યા અને કર્નલ જોરાવરસિંહજીને ત્યાં બેઠા હતા, એ દરમિયાન પ્રભાશંકરની ચિઠ્ઠી લઈ ઘોડેસવાર કર્નલ જોરાવરસિંહજીને આપી ગયો. તેમાં જણાવેલું : 'મસ્ત કવિ જેવા સત્યવક્તા મનસ્વી માણસો રાજ્યમાં છે, એ રાજ્યની શોભા છે. એમણે જે કહ્યું તેથી મને નવું બળ મળ્યું છે. તેમનું પેન્શન બંધ થયા તારીખથી ફરી શરૂ કરવાનું અને તે બમણું કરી આપવાનું ખાનગી ખાતાના ઉપરી અધિકારી સાહેબને મેં લખી જણાવ્યું છે અને પછી આ ખબર આપને આપું છું.'

## વિરોધી પ્રત્યેનું વલણ (૨)

ભાવનગરના તળાજા મહાલમાં આબકારી ખાતાના એક કર્મચારીને તેની ઉદ્ધતાઈના કારણે ખાતાના ઉપરીએ સસ્પેન્ડ કરેલો. એ કર્મચારીને આખાબોલા તરીકે સહુ જાણતા, પણ તેમના કામ બાબત ફરિયાદ ન હતી. તેમણે ન્યાય માટે દરબારમાં અરજ કરેલી અને ત્રણચાર માસ વીતી ગયા છતાં કાંઈ પતતું ન હતું. આથી, તે કંટાળી, અરજી લખી, પટ્ટણી સાહેબને રૂબરૂ આપવા આવ્યા અને વહેલાસર પૂરી તપાસ કરી નિકાલ લાવવા વિનંતી કરી. પટ્ટણી સાહેબે કહ્યું કે પોતે

ખાતા પર અરજી મોકલી તપાસ કરી જણાવશે. કર્મચારીએ કહ્યું : 'સાહેબ, બહુ વખત થયો. હું નાનો માણસ વગર વાંકે મને ઘેર બેસાડ્યો છે. હવે આપ કંઈક ઉતાવળ કરીને કરો.' પ્રભાશંકરે કહ્યું : 'ખાતા મારફત થવા દો. પછી હું જોઈશ.'

પેલાએ કહ્યું : 'તો શું દરબારશ્રીએ આપને રાખીને રાજમાં ધોળો હાથી જ બાંધ્યો છેને ?'

પ્રભાશંકરે પોતે બનતી ઉતાવળે નિવેડો લાવશે તેમ કહી તેને રજા દીધી અને તત્કાલ ખાતાના ઉપરીને બોલાવી, આખું પ્રકરણ જાતે તપાસી એ કર્મચારીને નોકરી પર લઈ લીધો. એ પટ્ટણીજીનો આભાર માનવા આવ્યો ત્યારે ઉપરી સાથે તેમ જ બીજા સાથે વિનયથી વર્તવાના લાભ સમજાવ્યા, પણ કર્મચારીએ કહ્યું : 'આપને આકરાં વેણ કહ્યાં તો મારું કામ થયું.' પ્રભાશંકરે કહ્યું : 'તમે ભલે એ રીતે વિચારો, પણ હું તમારી જગ્યાએ હોઉં તો મને એમ થાય કે ઉપરી સાથે જોઈએ તેવા વિનયથી વર્ત્યો હોત તો મારે ત્રણચાર મહિના ઘેર બેસવું ન પડત.'

બાળમહારાજા કૃષ્ણકુમારસિંહજીને* ઇંગ્લૅંડમાં ભણવા મૂકેલા. ત્યાંથી ઈ.સ. ૧૯૨૭માં રજામાં થોડા વખત માટે તેમને ભાવનગર લઈ આવેલા. ભાવનગરની પ્રજાને તેમનું સ્ટેશને સ્ટેશને સ્વાગત કરવું હતું. એટલે લોકો ઊમટે, ફૂલતોરા કરે, ઘોળ કરે વગેરે વિધિ થતાં ટ્રેન શિહોર સ્ટેશને આવી ત્યારે ત્રણ કલાક મોડી હતી. આજુબાજુનાં ઘણાં ગામડેથી માણસો ઊમટેલાં. સ્ટેશનથી ગામ અડધા માઈલથી વધારે દૂર હતું. ધાવણાં બાળકોને તેડીને સ્ત્રીઓ આવેલી. પોલીસનો વધુ

* જન્મ : ૧૯ મે, ૧૯૧૨, દેહવિલય : ૨ એપ્રિલ, ૧૯૬૫

બંદોબસ્ત ન હતો. ભીડ ઘણી અને મોડું થયેલું તેથી કંટાળેલો સમુદાય અવ્યવસ્થિત બહુ હતો. સામિયાણામાં હારતોરા બાદ મહારાજા ઊઠ્યા ત્યારે લોકોના ધસારાના પરિણામે પ્રભાશંકરનો ફેંટો ઊડી ગયો અને અંગરખાની ચાળ ફાટી ગઈ. બાળમહારાજા પણ ટલ્લે ચડી છૂટા પડી ગયા. તેમનો સાફો નીકળી ગયો. એ હાલતમાં જેમતેમ કરી ડબ્બામાં ચડી ગયા. બારણામાં આગળ મહારાજા અને ફાટેલે અંગરખે ઉઘાડે માથે પ્રભાશંકર ઊભા હતા. ટોળાંનો ધસારો વધતો ગયો. ધક્કામુક્કીમાં લોકો બારણાં પર ચડવા લાગ્યાં. તેમને રોકવા ફોજદારે સોટી વીંઝવી શરૂ કરી. એકદમ પ્રભાશંકરે બૂમ મારી : 'બંધ કરો ! પોલીસ આઘી ખસી જાય. લોકોને મારવા માટે પોલીસ નથી.'

બાળમહારાજાએ કહ્યું : 'મારી પ્રજાને શા માટે મારો છો ?'

લોકોના સાંભળતાં પ્રભાશંકરે સ્થાનિક વહીવટદારને હુકમ આપ્યો કે ફોજદાર સાહેબનો આજ ને આજ દસ રૂપિયા દંડ વસૂલ લેવો. વહીવટદારે દંડ વસૂલ કર્યો અને બીજે દિવસે પાછો ચૂકવતી વખતે પટ્ટણી સાહેબે દંડ માફ કર્યો છે તેમ જણાવ્યું.

અઠવાડિયા પછી કોઈ કામ નિમિત્તે પ્રભાશંકરનો શિહોર મુકામ થયો ત્યારે પોતાનો દંડ માફ કર્યા બદલ ફોજદાર આભાર માનવા આવ્યા ત્યારે પ્રભાશંકરે કહ્યું : 'તમારો હેતુ વ્યવસ્થા જાળવવાનો હતો, એ હું સમજતો હતો, પણ લોકોને મારવાથી વ્યવસ્થા ન જળવાય, ઊલટી ગેરવ્યવસ્થા વધે અને લોકોને રાજ્ય તરફ માન ઘટે. હું તમારી જગ્યાએ હોઉં તો સામટાં

માણસો લાંબા વખતથી રાહ જોઈ કંટાળે, એમ સમજીને કોઈ કોઈ મા પાસેથી રોતું છોકરું તેડી અથવા એને માટે પીવાનું પાણી લાવી દઈ છાનું રાખતાં રાખતાં એ માવડીને કહું કે આયે બાળારાજા છે. એ બિચારાને તેડીને આ ભીડમાં આવ્યાં છો તો હેરાન થશો. માટે, છેટે ઊભાં રહીને જોજો, નહિતર ભીડના ધસારામાં છોકરું હાથમાંથી છૂટી પડશે, કચરાઈ મરશે અને રોવા વારો આવશે. જો આમ લોકોને આગળથી સમજાવ્યાં હોત તો ધમાલ ન થાત. ભીડમાં ધાંધલ ન થાય તે માટે અગાઉથી સાવચેતીનાં પગલાં લેવાં માટે પોલીસ છે.' (આ ફોજદારના કામથી પ્રભાશંકરને સંતોષ હતો. એ ફોજદાર ડિસ્ટ્રિક્ટમાં હોય ત્યારે પોતાનું સીધું ભેગું લઈ જતા અને હાથે રાંધતા. ગાડીવાળો ના કહે તોપણ તેને ભાડું દીધા વગર ગાડીમાં બેસતા નહિ !)

ભારતનો આધારસ્તંભ ખેડૂત છે એમ પ્રભાશંકરને યુવાવસ્થાથી સમજાઈ ગયેલું. ખેડૂતોની સ્થિતિ સુધારવા તે બનતું કરતા. એ માટે એટલા આતુર હતા કે પોતે ઍડ્મિનિસ્ટ્રેટરના પદેથી ઊતર્યા પછી એ જ રાજ્યના વસૂલાતી અધિકારીના ઊતરતા હોદ્દાએ સ્વેચ્છાએ આવેલા. એ જ્યારે રાજ્યના ઍડ્મિનિસ્ટ્રેટર હતા ત્યારે પણ ભાવનગરના ખેડૂતોની સ્થિતિ એટલી સારી ગણાતી કે અમદાવાદ જિલ્લાના ખેડૂતો ભાવનગર રાજ્યમાં જમીન મળે તો આવી વસવા માટે જમીન જોવા આવતા.

ખેડૂતોની સ્થિતિ એકંદરે સારી હોવા છતાં તેમના પર કરજ થઈ જતાં અને વેપારીવર્ગ મન ફાવે તેમ વ્યાજનો ઊંચો દર લેતા. પરિણામે ખેડૂતો ઊંચા ન આવતા. વર્ષ ખરાબ જાય તો રાજ્ય મહેસૂલની આકારણી ઓછી કરતું અને તે વસૂલ

લેવા તકાદો ન કરતું. વળી, રાજ્યની લેણી રકમ પર વ્યાજ ન ચડતું. એટલે સારાં વર્ષોમાં પણ રાજ્યને મહેસૂલ ભરવાને બદલે ખેડૂતો વેપારીને વ્યાજ ચૂકવતા. ત્રણચાર વર્ષ ઉપરાઉપરી ખેડૂત રાજ્યને મહેસૂલ ન ભરે તો રાજ્ય તરફથી જમીન જપ્ત કરવાનો કાયદો હતો, પણ તેનો અમલ ખેડૂતની અવળચંડાઈ લાગે તો જ થતો. આ સમજનારા વેપારીઓ ખેડૂતો પાસેથી બને તેટલી વધુ રકમ વસૂલ કરતા.

**અપમાન કરનારનું કામ તરત કર્યું**

એકવાર રાજ્યના પાંચપીપળા ગામના એક ખેડૂત પાસે રાજ્યની ઘણાં વર્ષોની મહેસૂલની મોટી રકમ લેણી હતી. વર્ષ સારું ગયેલું, પણ વેપારીને કરજ ભરવા આડે તેણે રાજ્યને મહેસૂલ પેટે કંઈ ભર્યું નહિ. આથી, થાણેદારે જમીનખોરડાં જપ્ત કર્યાં. ખેડૂતે થાણેદાર, વહીવટદાર, વસૂલાતી અધિકારી વગેરેને અરજ કરી પણ દાદ ન મળી. છેવટે એ ખેડૂત પ્રભાશંકરને મળવા ભાવનગર આવ્યો. બહારગામથી આવનાર અરજદારને પ્રભાશંકર તે જ દિવસે મળતા. તે આવ્યો તે દિવસે પ્રભાશંકર ભરપૂર તાવમાં પડ્યા હતા, છતાં ખેડૂતને પોતા પાસે બોલાવ્યો, અરજી લઈ, વાત સાંભળી, પ્રશ્નો પૂછી, પૂરી વિગત સમજી, પછી કહ્યું : ‘આ અરજી ખાતા ઉપર મોકલી હું તપાસ કરાવી, જપતી વહેલાસર ઊઠે તેમ કરીશ.’

ખેડૂત રોઈ પડ્યો. તેણે કહ્યું : ‘મારાં જમીન, ખોરડાં અને ઢોર જપતીમાં છે. વાત સાચી કે દરબારનું મારી પાસે ભારે લેણું છે. દરબાર તો માબાપ છે, પણ વાણિયો ગળે પડ્યો, ઘેર આવી લાંઘવા બેઠો. એની મુદ્દલ કરતાં વ્યાજની

રકમ છાશવારે વધી જાય છે, એટલે કંટાળીને એને રૂપિયા ભર્યા. આથી, થાણેદાર સાહેબ નારાજ થયા. હું શું કરું ? મારી પાસે રાતી પાઈ રહી ન હતી. થાણેદાર સાહેબ પોલીસ લઈને આવ્યા. અમને વાળુ કરતાં હતાં ત્યાંથી બેઠાં કર્યાં અને ઘરબહાર હાંકી જપતી બેસાડી. ખેતી ગઈ. આજ કેટલા દીથી આભ નીચે બાઈડી છોકરાંને રહેવાનું ઠેકાણું નથી ! રોટલો નથી ! મારા જેવાનું જો તમ જેવાથી કંઈ ન થઈ શકે તો તો, આ ચૂડિયું પહેરો' કહી ગજવામાંથી બંગડી કાઢી પ્રભાશંકર સામે ધરી.

પ્રભાશંકરની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે હાથ લંબાવી બંગડી લઈ લીધી અને કહ્યું : 'ખરી વાત છે ભાઈ, હું આને લાયક છું.'

આમ કહી વાહન કઢાવી એ ખેડૂતને લઈ સીધા મોતીબાગ ઑફિસે ગયા. વાઈસ પ્રેસિડન્ટ બર્કસાહેબ નામે અંગ્રેજ અમલદાર પાસે વસૂલાતી ખાતું હતું. તેમને મળીને બધી વાત કરી, પણ આ રીતે બંગડી દઈ અપમાન કરનારને તરત દાદ દેવામાં બર્ક સાહેબને નાનમ લાગી ત્યારે પ્રભાશંકરે કહ્યું : 'આમાં હવે ઢીલ કરવી એ આપણું નાક આપણે જાતે કાપી દુનિયાને બતાવ્યા બરાબર છે. માટે, તેમનો તુમાર કઢાવો. આપણે અત્યારે જ નિકાલ લાવીએ.' એ જ વખતે આખા પ્રકરણનો નિકાલ કરી મહેસૂલના હપતાનું નામ ખેડૂત પાસે જ પડાવી, તેને જવાઆવવાની ભાડાની રકમ પોતા તરફથી આપી રવાના કર્યો. બંગલે પાછા આવી ટેબલ પર પડેલા તારીખિયાના કાગળમાં બે લીટી લખી :

**'લીધા'તા દોકડા કરજે, દીધા સોનેરૂપે પાછા,**
**હવે જો જીવવા દે તો વણિકનું એટલુંયે ક્યાં ?'**

અને તે દિવસથી જ તેમણે રાજ્યના ખેડૂતોના કરજનિવારણની યોજના ઘડવા માંડી. રાજ્યનું જૂનું મહેસૂલ માફ કરી, ખેડૂત પાસે લેણી નીકળતી રકમોમાં વેપારી પાસે સ્વેચ્છાએ છૂટ મુકાવી, ખેડૂતો વતી એ રકમ વેપારીને રાજ્ય તરફથી ચૂકવી રાજ્યના તમામ ખેડૂતોનું કરજ તેમણે ફિટાવી દીધું. જૂનાગઢ વગેરે દેશી રાજ્યો ઉપરાંત, સરકારી ઈલાકાઓએ પણ ભાવનગરનો દાખલો લઈ તે દિશામાં પ્રયત્ન કરેલા. ઈ.સ. ૧૯૦૨માં પ્રભાશંકર દીવાન થયા ત્યારે રાજ્ય પર ભારે કરજ હતું, પણ એમણે આવીને પ્રજા ઉપરાંત, રાજ્યને પણ એટલું તરતું કર્યું કે ઈ.સ. ૧૯૪૮માં ભાવનગર રાજ્ય સૌરાષ્ટ્રના એકમમાં ભળ્યું ત્યારે રાજ્યની તિજોરીમાંથી નગદ અઢાર કરોડ રૂપિયા સૌરાષ્ટ્ર રાજ્યને મળેલા !

❑

॥ હરિઃૐ ॥

# ૧૨. પ્રભાશંકરના પાંચેક પ્રસંગો

## ગોપનીયમ્ ગોપનીયમ્

જૂનાગઢના આખ્યાનકાર – હરિકથાકાર શ્રી જયકૃષ્ણ નથુરામ કવિ (જ.ન.ક. વિદેહી) એક વખત ટ્રેનમાં ક્યાંક જતા હતા. એક જંકશને તેમણે પ્રભાશંકર પટ્ટણીનું સલૂન જોયું એટલે તેમને મળવા ગયા. પ્રભાશંકર જે ગામે જતા હતા ત્યાં જ કવિને જવું હતું. સલૂનમાં બીજું કોઈ ન હતું. પ્રભાશંકરે તેમને સાથે બેસાડ્યા, વાતો કરી. ઊતરવાનું સ્ટેશન નજીક આવ્યું એટલે પ્રભાશંકરે ફેંટો હાથમાં લીધો. એ વીંખાઈ ગયો હતો એટલે ફરી બાંધવો પડે તેમ હતું. ફેંટાના વળ ઉખેળી એ ગડી કરી બાંધતા હતા, ત્યાં બે એક જગ્યાએ ફાટેલા લીરા નીકળ્યા. તેને ગડીમાં દાબતાં-ગોઠવતાં હસીને પ્રભાશંકરે કહ્યું : ‘ગોપનીયમ્ ગોપનીયમ્’ ! – મતલબ કે આ દેખાઈ ન જાય તેમ સંતાડવાનું છે.

પ્રભાશંકર કરકસરિયા હતા એમ તો ન કહેવાય, પણ એમનો પોતા માટેનો ખર્ચ નહિવત્ હતો. **એમને બંગલાનો, રાચરચીલાંનો કશાનોયે શોખ ન હતો. વૃદ્ધાવસ્થામાંયે શિયાળામાં એ ખેતરમાં તંબૂ તણાવી તેમાં એ રહેતા. મુસાફરીમાં જે મળે તેથી ચલાવી લેતા. ભાવનગરમાં રોજ રાતે ખીચડી, બાજરાનો રોટલો, તાંદળજાની ભાજી, એ એમનો પ્રિય ખોરાક હતો. એમને પતરાવળું એટલું વહાલું કે ઘણી વાર પોતાની થાળીમાં પતરાવળું મુકાવી જમતા.**

## તો હું પ્રભાશંકર ન હોત

એક વખત કોલસાની ખાણોના માલિકો ભાવનગર રાજ્યની રેલવેને કોલસો પૂરો પાડવાનો સોદો કરવા આવેલા. તેમાંના વૃદ્ધ વેપારી પ્રભાશંકરના મિત્ર હતા. તેઓ પ્રભાશંકરને ત્યાં મહેમાન હતા. જમવા વખતે પાટલા પર આવતાં એ વૃદ્ધ શેઠિયાએ પિત્તળની થાળીઓ જોઈ લેડી રમાબહેન પટ્ટણીને કહ્યું : 'આપને ત્યાં ભાવનગરનું રાજ્ય છે. પટ્ટણીજીને ત્યાં સોનારૂપાની થાળીઓ જોઈએ, તેને બદલે બધી જ આ !'

પ્રભાશંકરે કહ્યું : 'સોનારૂપાની થાળીઓ મારે ત્યાં હોત તો હું પ્રભાશંકર ન હોત. મારા દાદા જે તાંબડી લઈને લોટ માગવા જતા અને મને સાથે લઈ જતા, તે તાંબડી મારી નજર સામે અભરાઈ પર રાખી છે. મારે એ ને એ જ રહેવું છે અને બીજાને ખવડાવવું-પિવડાવવું છે. મારે સોનારૂપાની ખરીદવી નથી અને જોઈતીયે નથી. બીજાને ખવડાવીને ખાવાથી મને વધારે પચે છે. મારે ત્યાં તો પતરાવળાં. મારે ઘેર પતરાવળાંમાં હારે બેસી ખાવામાં જે રાજી હોય એવા મહેમાનની હું રાહ જોઉં છું.'

આ પ્રભાશંકર છૂટે હાથે દાન દેતા એ કોઈથી અજાણ્યું ન હતું. એમના સ્નેહીસંબંધીઓ એથી ચિંતિત રહેતા. એક વખત કોઈ બાળસ્નેહીએ પ્રભાશંકરને પૂછ્યું : 'આપ એક તરફથી ગાંધીજી પ્રત્યે અતિશય ભક્તિ રાખો છો, તેમના ઘણા સિદ્ધાંતોને જીવનમાં ઉતારવા મથો છો, પણ ગાંધીજી તો માગવા આવનારને કંઈ જ આપતા નથી. માગવા આવનારને તેઓ માગવાનું છોડી કામ કરવાનો આદેશ આપે છે જ્યારે આપ તો કોઈનેય કામ કરવાનું કહેતા જ નથી, ઊલટું આપો જ

છો. આમ, આપીઆપીને આપ લોકોને ભિખારીવેડા નથી શીખવતા શું ?'

પ્રભાશંકરે કહ્યું : 'હું એ વાત નથી ભૂલતો કે મહાત્માજીએ તો પોતાની સર્વ સંપત્તિ દરિદ્રનારાયણ દેશને ચરણે ધરી દીધી છે. એ અનન્ય દાતા છે. એવડા મોટા દાતા છે કે દઈ દીધા પછી તેમની પાસે પોતાનું કહેવાય તેવું કંઈ જ નથી. એ કમાતા નથી. ઉપરાંતમાં પોતાનો દેહ અને જિંદગીની પળેપળ સેવામાં સમર્પી દીધાં છે. મારી પાસે તો છે. વળી, ચાલુ કમાણી છે. તેમાંથી હું થોડું થોડું દઉં છું. જેની પાસે હોય તેણે દેવું જ જોઈએ, તનમનધનથી જે દઈ શકાય તે દેવું જોઈએ. માગવા આવનારની જગ્યાએ હું હોઉં તો મને શું થતું હોય, એ જ વિચાર મને પહેલો આવે છે. હુંયે લોકોને કામ કરવાની જરૂરિયાત સમજાવ્યા કરું છું, પણ એ માગવા આવે ત્યારે નહિ. માગે તેને જો હું કામ ન દઈ શકું તો "કામ કરો" એમ મારાથી તેને ત્યારે કહેવાય નહિ, સૂચવાય પણ નહિ. માગવા આવે ત્યારે હું ના નથી કહી શકતો.

અને વાત એ છે કે ન દેવાથી ભિખારીઓ મટી જવાના નથી. કામ હોય, માણસ કામ કરી સુખે જીવી શકતો હોય તો ભીખવું કોઈનેય ન ગમે. માણસ સ્વભાવથી કામનો ચોર નથી. માણસજાત પશુ જેવા જીવનમાંથી આટલી આગળ વધી છે તેનું કારણ પોતાની સ્થિતિ ટકાવી રાખી નવું નવું કંઈક કરવાની માણસમાં સ્વયં સ્ફુરણા રહી છે તે છે. માગનારમાં સ્વમાનની ભાવના ન રહે, હરામનું ખાવાનું મન થાય એવી સ્થિતિ તો આજીવિકાના સદંતર અભાવમાંથી પેદા થાય છે. માણસને

માટે પ્રામાણિક જીવનનાં સરળ સાધનો બને તેટલાં ઊભાં કરવાં એ દૃષ્ટિ જીવતી રાખીને હું આપું છું. હું બીજાને નથી દેતો, મને જ દઉં છું.' આમ, આત્મીયભાવે પ્રભાશંકર આપતા. અને

**'જનમન અંદર પેસી શકીને દુઃખમાં ભાગિયો થાઉં,**
**બની શકે તો શાંતિ કરું, નૈ તો અશ્રુએ એને ન્હાઉં,**
**બતાવો ઉપાય કો એવો, દુઃખે બનું ભાગિયો એવો.'**

– એવું ગાનાર પ્રભાશંકર પોતાની સહાયથી બીજાનાં દુઃખ દૂર કરી શકતા ત્યારે તેમને જીવનમાં રાહત લાગતી, પણ એમને આનંદ ત્યારે આવતો કે જ્યારે પોતે તનમનધનથી સહાય કરવા ગયા હોય ત્યારે સામું માણસ આભારની લાગણી સાથે એ સહાય ન સ્વીકારે, અહંથી નહિ પણ સ્વમાનથી, અને તેથીયે વિશેષ જીવનની અમુક દૃષ્ટિથી. એમના જીવનમાં આવા પ્રસંગો થોડાક આવ્યા છે કે જેની અસર તેમના મન પર ઘણી ઊંડી પડેલી.

પ્રભાશંકરનાં રતનફોઈએ અત્યંત ગરીબીમાં ખડ વાઢી, દળણાં દળી કુટુંબનિર્વાહ કર્યો. એટલું જ નહિ પણ વહેવારના પ્રસંગો ઘણી સારી રીતે ઉકેલી સમોવડિયાં પેઠે સહુ સાથે મીઠો સંબંધ રાખ્યો. એ ફોઈ વૃદ્ધ થયાં અને પ્રભાશંકરની સ્થિતિ સુધરતાં રૂપિયા મનીઑર્ડરથી ફોઈને મોકલ્યા ત્યારે ફોઈએ એનો સ્વીકાર ન કર્યો. વૃદ્ધાવસ્થામાં પણ ઘંટીનો પથરો તાણવામાં એમને આનંદ હતો. એ દૃષ્ટિની ખુમારી પ્રભાશંકરને જીવ્યા ત્યાં સુધી વારેવારે સાંભરતી.

## પ્રભુનાં દર્શન આજ થયાં

એવો એમનો એક પ્રસંગ છે. પોતે ઈ.સ. ૧૯૦૨માં દીવાન થયા ત્યાં સુધી ક્યારેક ડાયરી જાતે લખતા તેમાં એ વિશેની નોંધ છે. મેં મૂળ ડાયરી નથી જોઈ પણ તેમાંથી ઉતારા વાંચ્યા છે. એક વખત મહારાજા ભાવસિંહજી ધરમપુર ગયેલા, ત્યાં પોલો રમતાં ઘોડા પરથી પડી જતાં બેભાન થઈ ગયેલા.[૧] તે સંબંધે તાર ભાવનગર આવતાં પ્રભાશંકર તરત ધરમપુર ગયા, સાથે હજાર રોકડા રૂપિયા ભરેલી ત્રણ થેલી લીધી. સંકલ્પ કરેલો કે ગામમાં પ્રવેશી દરબારગઢ સુધી પહોંચતાં બે થેલીમાંથી રૂપિયા, જે મળે તેને આપતા જઈ ખેરાત કરવી અને બીજી મહારાજા પર ઓળઘોળ કરી વેરી દેવી. મોસૂઝણું થતાં ધરમપુર પહોંચી તેના દરવાજામાં દાખલ થતાં જ પ્રભાશંકરે એક ફકીરને બેઠેલો જોયો. તેની પાસે જઈ જોતાં લાગ્યું કે એ આંધળો હતો. પ્રભાશંકરે તેને કહ્યું : ‘સાંઈ,

---

૧. ભાવસિંહજીને પોલો રમવાનો શોખ ન હતો. ઘોડા પર ચડતાં એ ડરતા. તે એટલે સુધી કે પછીનાં વર્ષોમાં ભાવનગરમાં એક વખત તેમને સવારીમાં ગામમાં નીકળવું પડે તેમ હતું. તે વખતે જે હાથી પર તેઓ સામાન્ય રીતે નીકળતા તેના પર કોઈ કારણસર નીકળી શકાય તેમ ન હતું. એ વખતે તેઓ એકવાર ઘોડા પર નીકળેલા, પણ તે વખતે પોતાની ચારેતરફ રસાલાના ચાર ચાર સવાર પોતાના ઘોડા પર સંયમ માટે રાખેલા. આટલો ડર એમને હોવો જોઈતો ન હતો, કારણ કે રાજકોટની રાજકુમાર કૉલેજમાં એ ત્રણેક વર્ષ અભ્યાસ માટે રહેલા ત્યારે ઘોડેસવારી શીખવી એ ફરજિયાત વિષય હતો, પણ પહેલેથી ઘોડા પર બેસવું ફાવતું નહિ અને ધરમપુરમાં ઘોડા પરથી પડી ગયા પછી એ ડર વધ્યો હશે.

ખોબો ધરો અથવા ચાળ ધરો.' સાંઈએ જમણો હાથ ધર્યો. પ્રભાશંકરે એ રૂપિયાથી ભરી દીધો. અને તેમાંથી બેચાર નીચે પડતાં અવાજ થયો. 'યા અલ્લા ! પરવરદિગાર !' કહેતાં તે વૃદ્ધ ફકીરની બંધ આંખમાં પાણી આવ્યાં. તેણે પૂછ્યું : 'ભાઈ, તમે કોણ છો ?'

પ્રભાશંકરે નામ તથા આવવાનું કારણ જણાવી કહ્યું કે સાંઈ, આપ દુઆ દો કે મારા મહારાજા સાહેબ તરત બેઠા થાય અને હું જાઉં અને એ વાતો કરે.

ફકીરે કહ્યું કે તું એની પાસે જઈશ એટલે અડધા કલાકમાં એ વાત કરશે, પણ મારી વાત સાંભળ, બેસ.

પ્રભાશંકરે કહ્યું કે અત્યારે તો મારા મહારાજાનાં દર્શન કર્યા વગર હું બેસી ન શકું, પણ તેમને સારું થતાં હું તરત અહીં આવીશ, એમ કહીને સાંઈની રજા લઈ એ ગયા. પ્રભાશંકર મહારાજા પાસે પહોંચ્યા ત્યારે એ હજી ભાનમાં આવ્યા ન હતા, પણ દશથી પંદર મિનિટમાં જ એમણે આંખો ઉઘાડી અને પ્રભાશંકરને જોતાં ગદ્‌ગદ થઈ ગયા.

પ્રભાશંકર ફરી મહારાજા પાસેથી પરવારી એ ફકીર પાસે ગયા અને તેમની સામે બેસી ગયા. એ વખતે ફકીરે કહ્યું કે હું અંધ છું. ભિખારી છું, પણ જનમથી હું અમીર કુટુંબનો છું, દુનિયા જોવા જેવી ન લાગી એટલે ખુદાએ રહમ દાખવી નૂર લઈ લીધું. વળગાડ ન ગોઠ્યો એટલે ફેંકી દીધો. તેં આ દીધા તેને મારે શું કરવા ? લઈ જા. જેને જરૂર હોય તેને દઈ દેજે. એમ કહી પોતાની પાસે હતા તે રૂપિયા પ્રભાશંકરને દેવા લાગ્યા. પ્રભાશંકરે કહ્યું કે આપ મન ફાવે તેને આપો, આપને આપેલું હવે કેમ પાછું લઉં ?

'વાહ ! તું દેનાર છો ? તું દાતાર છો ?' ફકીરે પૂછ્યું, 'દેનારો અને લેનારો કોક જુદો જ છે, મારે જોઈતા નથી. આંધળા પાસેથી કોઈ ચોરી જાય એ કરતાં તું જ આપી દેજે.'

પ્રભાશંકરે કહ્યું કે આપ એ રાખો. હું બાજુમાં બેઠો છું. આપ જ આપો એ ઊગે. પ્રભાશંકર તેની બાજુમાં બેસી ગયા. જે નીકળે તેને ઊભા રખાવી સાંઈ જે આપે તે લેવાને કહેતા રહ્યા. અને એમ સાંઈને હાથે એના રૂપિયા અપાવવા ઉપરાંત, પોતે લાવેલ તે રૂપિયા અપાવ્યા. વચમાં વચમાં ફકીર અને પ્રભાશંકર અંગત સાધનાની વાતો કરી લેતા. છેવટે ફકીર પાસે એક રૂપિયો રહ્યો. પછી પ્રભાશંકરને રજા આપતાં માથે હાથ મૂકીને ફકીરે કહ્યું : **'ફકીર કો ફકીર મિલા, વોહી દિન હૈ આજ.'**

પ્રભાશંકરે તે દિવસે એક કડી લખી. આખી કડી મને હવે યાદ નથી. તેની પહેલી લીટી છે : **'પ્રભુનાં દર્શન આજ થયાં.'**

ધરમપુરથી પાછા ફરતાં પહેલાં મહારાજાને પણ એ ફકીર પાસે લઈ ગયેલા અને તેમણે મહારાજાને કહેલું કે આવા ઓલિયાની દુઆથી સંત અને અમીર હૃદયવાળા રંકના આશીર્વાદથી આ સંસાર નભે છે.

મુ. કવિ શ્રી દુલા ભાયા કાગે આવી બે બાબત નોંધી છે. (૧) એક વૃદ્ધ ચારણ પ્રભાશંકર પાસે ગયા અને પ્રભાશંકરને પહેલાં વચનથી બાંધી લઈ, ખુરશીમાં બેસાડી પ્રદક્ષિણા ફર્યા. તે પછી પ્રભાશંકર પણ તેમની પ્રદક્ષિણા ફર્યા અને એ વૃદ્ધ ચારણને સો રૂપિયા દેવા લાગ્યા તોય તેમણે ન

લેતાં વિદાય લીધી. (૨) ભાવનગર રાજ્યની ડિસ્ટ્રિક્ટમાં કોઈ ગામે કોઈ એક પ્રસંગ પછી પ્રભાશંકર કવિ શ્રી દુલા ભાયા કાગને કશોક પુરસ્કાર આપવા ગયા અને તેમણે ન લીધો. તેથી, પ્રભાશંકરે એ ખમીર માટે પ્રસન્નતા વ્યક્ત કરી. આ હકીકત કવિ શ્રી કાગે 'કાગવાણી ભાગ-૨'માં વિગતે નોંધી છે એમ મને ખ્યાલ છે.

આવી બીજી એક વાત શ્રી જયંતીભાઈ મોરારજી મહેતાએ કહી છે. શ્રી જયંતીભાઈ પ્રથમ 'દેશીરાજ્ય'ના અને પછીથી 'ભાવનગર સમાચાર'ના તંત્રી હતા અને પ્રભાશંકરના જીવનનાં છેલ્લાં દશ વર્ષ અંગત મંત્રી તરીકે સાથે ફરેલા. પ્રભાશંકર વિશે વાત કરતાં એ 'બાપુજી' શબ્દ વાપરે છે, ભાગ્યે જ 'પટ્ટણી સાહેબ' શબ્દ યોજે છે. શ્રી જયંતીભાઈએ કહ્યું હતું.

## દઈ છૂટવાની આદત

અમે રાજકોટથી ભાવનગર પાછા આવવા નીકળ્યા. રાજકોટ સિટી સ્ટેશને ટ્રેનમાં બેસવા આવ્યા. સાયંકાળ થઈ ગયો હતો. બાપુજીને માથે ફેંટો ન હતો. માણસો ઓછાં હતાં. ટ્રેન આવવાને વાર એટલે બાપુજી પ્લૅટ્ફૉર્મ પર લાંબે સુધી આંટા મારતા હતા. સાંધાવાળાની ઝૂંપડી બતાવી મને કહ્યું કે ત્યાં જઈ બાઈને પૂછો કે ઘરમાં છાશ છે ? હું પૂછી આવ્યો. છાશ હતી અને પાવાની હા કહી. એટલે બાપુજી ઝૂંપડીએ આવ્યા. બહાર વાણની ખાટલી પર બેઠા. બાઈએ છાશ પાઈ. પછી બાપુજીના કહેવાથી મેં બાઈને દશ રૂપિયા દેવા માંડ્યા ત્યારે બાઈએ કહ્યું કે સાધુબાવા પાસેથી કંઈ લેવાય નહિ. એ બાપુજીને ઓળખતી ન હતી. મેં કહ્યું કે ભાવનગરના

પટ્ટણી સાહેબ છે. પટ્ટણી સાહેબ કોણ, એ બાઈને ખબર ન હતી. બાઈએ કશું જ લેવા આનાકાની કરી. બાપુજી બહુ રાજી થયા. એને કંઈક કહ્યું અને છેવટે એ બાઈને આપી, રાજી કરીને પાછા આવ્યા. છતાં એ બાઈને એમ જ લાગ્યા કર્યું કે પોતે કોઈ સાધુબાવા પાસેથી પૈસા લીધા તે ઠીક નથી કર્યું. કંઈક નિમિત્ત કાઢી મહેનતુ ગરીબ માણસોને કંઈક દઈ છૂટવું એ પ્રભાશંકરની આદત હતી.

આ ઉપરાંત, પ્રભાશંકરની પાસેથી સાંભળેલો એક પ્રસંગ છે :

## નિયંતા સંભાળે છે

પ્રભાશંકર દિલ્લીમાં વાઈસરૉયની કાઉન્સિલના સભ્ય હતા. એક સાંજે લેડી પટ્ટણીને લઈ ચાલતા ફરવા નીકળેલાં. દૂર ખાલી જગ્યામાં ઝાડ તળે કોઈ વૃદ્ધ સ્ત્રીપુરુષને જોઈ તેમની પાસે ગયાં. જાણવા મળ્યું કે બિહારી બ્રાહ્મણ પતિપત્ની હતાં, નિર્ધન હતાં, પગપાળા બદરીકેદારની યાત્રાએ નીકળ્યાં હતાં અને પુરુષની તબિયત તાવ તથા શ્વાસથી લથડી હતી. સામાનમાં કોથળાના નાના વીંટામાં બેચાર કપડાં, ગોદડું અને લોટો હતાં. પ્રભાશંકરે આપ્યા તે અઢીસો રૂપિયા લેડી પટ્ટણીએ વૃદ્ધ સ્ત્રીને દેવા માંડ્યા, પણ સ્ત્રીએ સામો હાથ ન ધર્યો, સામે જોયું પણ નહિ. પ્રભાશંકરે કહ્યું : 'લાંબી યાત્રા છે. દવામાં તથા બીજી રીતે કામમાં આવશે અને અમારા પર કૃપા થશે.' વૃદ્ધે હસીને કહ્યું : **'નિયંતા સંભાળે છે, વગર પૈસે સંભાળે છે અને ત્યારે સંભાળ સમજાય છે.'**

પ્રભાશકરે કહ્યું : 'મારે ત્યાં પધારો તો વૈદ્યદાક્તરના ઉપચાર

કરાવીએ.' વૃદ્ધે આંખ ઊંચકી આકાશ ભણી જોયું. કંઈ બોલ્યા નહિ. લેડી પટ્ટણીએ કહ્યું : 'મારે ત્યાં ભિક્ષા માટે પધારો અથવા અહીં લાવું.' વૃદ્ધ સ્ત્રીએ કહ્યું : 'માઈ, કશું નહિ. સવારના મળે છે તે લઈએ છીએ, ન મળે તો ત્રણ ઘેર ભિક્ષા માગવા જઈએ છીએ. એમ મળે તો ઠીક, ન મળે તોય ઠીક. પછી નહિ.' પ્રભાશંકરે કહ્યું : 'તો આપને કઈ રીતે સહાયભૂત થઈ શકીએ ?' 'ભલી લાગણી છે તે મોટી સહાય છે, શ્રીમાન !' એમ કહી વૃદ્ધે હાથ જોડ્યા, એ વિદાયનું સૂચન સમજી બન્ને પગે લાગી પાછાં ફર્યાં. પ્રભાશંકરે કહેલું કે એ દંપતીની ટેક સાથે ટેક માટે કોઈ અભિમાન ન હતું અને આંખમાં, વાણીમાં આદરભાવ હતો તેની પોતા પર ઘણી અસર થઈ છે.

પ્રભાશંકર સહાય કરવા ગયા હોય, છતાં જેણે ન લીધી હોય તેની વાત પ્રભાશંકર પ્રસંગ નીકળતાં કહેતા, પણ જેણે લીધી હોય તેની વાત પોતે ન કરતા, અને કોઈ એ વાત કરતું હોય અને પોતાને ખબર પડે તો તેમને એવો ઉલ્લેખ ન કરવાનું વિનયથી કહેતા. આવા પ્રસંગો રોજના હોવાથી અસંખ્ય હોવા છતાં, વિગતથી પ્રકાશમાં આવે એવું ભાગ્યે જ બને. રૂબરૂ જોનારામાંથી બે જણાએ નોંધેલા પ્રસંગો છે. બે પ્રસંગો તો પ્રભાશંકર ઈ.સ. ૧૯૩૭માં રાજ્યના વસૂલાતી અધિકારી થયા ત્યારે તેમના આસિસ્ટંટ વસૂલાતી અધિકારી હતા તે શ્રી હરિલાલ ભાણશંકર પંડ્યાએ કહેલા છે.

### ન્યાય કરવાની અનેરી રીત (૧)

ઈ.સ. ૧૯૩૮ના જાન્યુઆરીમાં વસૂલાતી અધિકારી તરીકે પ્રભાશંકરનો તળાજા મહાલના ઝાંઝમેર ગામે મુકામ થયો.

ત્યાં એક અરજદારે આવી જાહેર કર્યું કે એક લેણદાર વેપારીએ એક જ રકમ આપી, એ જ રકમનાં બે ખાતાં પડાવી લઈ, ઘરેણાં ઉપર રૂપિયા આપી એક ખાતું તે અંગેનું અને બીજું ખાતું અંગઉધારનું પાડ્યું છે. રૂપિયા દેતી વખતે બે કાગળિયાં લખી બેઉમાં મારા અંગૂઠાની નિશાની લીધેલી. હવે રોકડા રૂપિયા મેળવવા દાવો માંડી લેણદાર વેપારીઓ અંગઉધારના ખાતાના આધારે કોર્ટમાંથી હુકમનામું મેળવ્યું છે. તેની સામે પાંચ રૂપિયાયે લેણદારને આપી શકાય એવી હાલત નથી. આ હકીકત સાંભળી પ્રભાશંકરને ત્રાસ થયો અને આસિસ્ટંટ વસૂલાતી અધિકારી શ્રી હરિલાલ પંડ્યા જે મુસાફરીમાં સાથે હતા તેમને લેણદારના ચોપડા રાતોરાત તપાસી સાચી હકીકત શી છે તે જાહેર કરવા ફરમાન કર્યું, સાથે પેલા લેણદારને રૂબરૂ બોલાવી કહ્યું કે જો તમારી હકીકત સાચી હશે તો તો ઠીક છે, પણ આ અરજદાર જણાવે છે તેમ જો તમારી હકીકત જૂઠી ઠરશે તો આવા વર્તન બદલ તમારા પર કામ ચલાવી જેલ ભેગા કરવા પડશે. પ્રભાશંકરે એમ પણ જણાવ્યું કે આસિસ્ટંટ જોઈ લેશે પછી પોતે પણ ચોપડા અને અંગૂઠા છાપવાળી પહોંચો જોશે.

આસિસ્ટંટ વસૂલાતીએ રાત્રે જ ચોપડા તપાસ્યા. અરજદારની વાત ખરી નીકળી. એક જ તારીખે બે ખાતાં પાડેલાં અને બન્ને ખાતાંમાં રકમનો આંકડો એક જ હતો. અંગૂઠા છાપવાળી દેણદારની પહોંચોમાં દેવાદારના કોઈ ઓળખીતાની સાક્ષી તરીકે સહી ન હતી. તપાસથી એ વેપારી ગભરાયો અને તેણે કબૂલ કર્યું કે બેવડી રકમ આપી નથી,

માત્ર ઘરેણાં ઉપર જ રૂપિયાનું ધિરાણ કર્યું છે. એ બહુ ગભરાયો અને બચવા માટે હરિલાલભાઈને ઉપાય પૂછ્યો. એટલે તેમણે જણાવ્યું કે સવારમાં વહેલા પટ્ટણી સાહેબ પાસે હાજર થઈ ગુનો કબૂલ કરી માફી માગવી, બીજો ઉપાય નથી.

વળતે દી સવારમાં વેપારી પ્રભાશંકર પાસે ગયા ત્યારે એ હજુ દાતણ કરતા હતા. વેપારીએ પોતાની ભૂલ કબૂલ કરી માફી માગી. હુકમનામું બજાવવું બાકી હતું એટલે પ્રભાશંકરે કહ્યું : 'તમારે રૂપિયાનું કામ છે અને તરત જોઈએ છે તો જે ખોટાં બે ખાતાં પાડ્યાં છે તે બે ખાતાંનું એક ખાતું કરી નાખો તો તમને રોકડા રૂપિયા તરત ગણાવી દઉં.'

વેપારી રાજી થયો. હા કહી દુકાનેથી ચોપડા લાવી પ્રભાશંકરની રૂબરૂમાં બે ખાતાંમાંથી એક ખાતું બંધ કરી દીધું. એટલે એ જ વખતે પ્રભાશંકરે પોતાના સેક્રેટરી જયંતીભાઈ મો. મહેતાને લેણા રૂપિયા આપી દેવા કહ્યું. તરત રૂપિયા ચૂકવી દેવાયા અને વેપારીએ ચૂકતેની પહોંચ કરી આપી. પછી એ વેપારી પાસેથી પ્રભાશંકરે દેણદારની સ્ત્રીનાં ઘરેણાં મંગાવી લીધાં. એ આવ્યાં એટલે દેણદારને તથા તેમનાં પત્નીને રૂબરૂ બોલાવી એમને ઘરેણાં તથા ચૂકતે કરેલા રૂપિયાની પહોંચ આપી. એ સ્ત્રીને ત્યાંથી જ ઘરેણાં પહેરી ઘેર જવા કહ્યું. સ્ત્રીએ એ પહેર્યાં અને પછી બન્ને ગયાં.

## ન્યાય કરવાની અનેરી રીત (૨)

ઝાંઝમેરથી ઊંચડી થઈ બગદાણા જતાં રસ્તામાં ઓથા ગામે બે કલાકનો પ્રભાશંકરનો મુકામ હતો. એ વખતે એક બાઈ તેનાં ત્રણેક બાળકો સાથે અરજ કરવા આવી. હકીકત એ હતી

કે બાઈને તેના ધણીએ દશેક વર્ષ અગાઉથી રજા આપેલી. તે છોકરાંને લઈ બાપને ત્યાં આવી. બાપની વૃદ્ધાવસ્થાને અંગે દાડી-દપાડી કરી ગુજરાન ચલાવતી. હવે બાપ અપુત્ર ગુજરી ગયા. કાયદાની રૂએ વસૂલાતી ખાતા મારફત તેમનું મકાન દરબાર દાખલ થયું હતું અને હાલ તે મકાન હરાજ કરવા મુકાયું હતું. ગામમાં મકાનોની અછત હોવાથી તથા ખેડૂતોની સ્થિતિ સારી હોવાથી એ મકાનની કિંમત વધારે ઊપજે તેમ હતું. સસ્તામાં મળે તોય તે મકાન પોતે ખરીદી શકે તેવી બાઈની સ્થિતિ ન હતી અને મકાન હરાજ થયા પછી બીજે રહેવાને કોઈ ઠેકાણું ન હતું, બીજો કોઈ આધાર ન હતો. વાત સાંભળી પ્રભાશંકરને આઘાત થયો. એમણે તે જ વખતે ખેડૂતોને તથા ગામના આગેવાનોને બોલાવ્યા, પંચક્યાસની રકમ પોતા પાસેથી આપી થાણેદારને ચોપડે તે રકમ જમા કરાવી, બાઈના નામ પર મકાન કરાવી તે બાઈને કહ્યું : 'જાઓ, બહેન, હવે તમને એ મકાનમાંથી કોઈ કદી કાઢી નહિ શકે !'

વસૂલાતી અધિકારી તરીકેની મુસાફરીમાં ટપ્પાના થાણેદારની ઑફિસની દફતરી તપાસ ઉપરાંત ગ્રામપંચાયત, આરોગ્ય, હરિજન કેળવણી વગેરે સામાજિક સ્થિતિ વિશે જુદા જુદા સ્થાનિક માણસો પાસેથી હકીકતો મેળવતા તથા તે તે ગામ વિશે અગાઉ પોતા પાસે આવેલી બાબતનો નિકાલ કરતા.

## રીઢા ગુનેગારોને સજ્જન બનાવ્યા

આ રીતે તા. ૧૨-૧-૧૯૩૮ના રોજ ભંડારિયા થાણા ઑફિસની તપાસણી વખતે ત્યાંના બે માથાભારે ગરાસિયા ભાઈઓ પસાયતા મોતીસંગ દેવીસંગ અને બનેસંગ સંબંધેની

જે વાત પોતાને કાને આવેલી તે વાતની પૂરી ખાતરી કરી. એ બન્ને ભાઈઓનો ઘણો ત્રાસ હતો. એમની રંજાડ ચોતરફી હતી. એમને જોઈતો હોય તે માલ ગમે તેની પાસેથી ગમે ત્યારે લઈ જાય અને કદી તેનાં નાણાં ન આપે. ઉપરાંત, ગામમાં વહુદીકરીઓની આબરૂની કોઈ સલામતી ન હતી. આ બાબતમાં ફરિયાદ કરનારને ગામ મૂકી ભાગી જવું પડે તેટલી હદે બે જણા ત્રાસ આપતા. થાણેદાર અને પોલીસ સુધ્ધાં એમનાથી એટલી હદે ડરતા કે બને ત્યાં સુધી ફરિયાદ જ ન નોંધતા અને તે બાબત ખાતામાં ઉપર ન લખતા. આ બાબત પ્રભાશંકરના જાણવામાં આવતાં ઉપરી કૃષ્ણચંદ્રને રૂબરૂ બોલાવી એવા પ્રકારે તજવીજ કરાવી કે પોલીસો તેમને પકડી ગયા અને તેમની વિરુદ્ધ કોર્ટમાં કેસ દાખલ કર્યો. એ બન્ને ભાઈઓનો ત્રાસ એટલો હતો કે એમનાં સગાંવહાલાંમાંથી કોઈ એમના જામીન નહિ થયેલાં. આથી, તેઓ બન્ને એ વખતે જેલમાં હતા. પ્રભાશંકરે લોકોને નિર્ભયતાની ખાતરી આપવાથી લોકોએ ફરિયાદ કહી સંભળાવી. આ બન્ને ભાઈઓનાં વિધવા માતા પણ પ્રભાશંકર આવ્યા છે જાણીને રોતી કકળતી આવી. તેમણે પણ પોતાના દીકરાની ચાલચલગત બાબત ફરિયાદ કરી, પણ મુખ્ય ફરિયાદ એ હતી કે ઘરમાં કોઈ કમાણી નથી, મૂડી નથી અને દીકરાઓ આવા પાક્યા હોવાથી એમને ગામમાંથી કોઈ ઉધાર ઉછીનું આપતું નથી. તેથી, હાલ ઘરમાં રોટલાનાં સાંસાં છે, છોકરાં ભૂખે ટળવળે છે. વાત સાંભળી પ્રભાશંકરે તત્કાલ અનાજની જોગવાઈ કરી દીધી અને પોતે બની શકશે તે કરશે એવું આશ્વાસન દીધું.

ત્યાંથી તળાજે મુકામ કરી તા.૧૫-૧-૧૯૩૮ના રોજ બપોરે નીકળી પાંચ વાગ્યે ભાવનગર આવી સાડા પાંચે શરૂ થનારી પંડિત સ્વરૂપરાણી નહેરુની શોકસભામાં હાજરી આપી. આ સભા પ્રજાપરિષદ તરફથી યોજાઈ હતી અને સામાન્ય રીતે પ્રજાપરિષદે યોજેલી જાહેર સભામાં પ્રભાશંકર હાજરી આપતા. પંડિત મોતીલાલ નહેરુ સાથે પ્રભાશંકરને ગાઢ સંબંધ હતો.

સભાનું કામ પૂરું થયે ત્યાંથી સીધા પ્રભાશંકર પોલીસ ઉપરી કૃષ્ણચંદ્રને સાથે લઈ ભાવનગરની જેલમાં ગયા અને પોતાની રૂબરૂ ભંડારિયાના બન્ને કેદી ભાઈઓને બોલાવ્યા. પ્રભાશંકરે એ બન્ને તરફ લોકોની શી ફરિયાદ હોવાથી કેદમાં આવવું પડ્યું તે વિચારી જોવા કહ્યું અને પછી એ બન્નેનાં માએ કરગરીને જે ઘરની હાલત વર્ણવેલી તે કહી સંભળાવી ઉમેર્યું કે જેની માને પોતાના દીકરાનાં છોકરાં ભૂખે મરતાં હોવાથી બીજા પાસે રોટલા માટે કરગરવું પડે એ દીકરા કેવા ! એ બન્ને ભાઈઓએ પગમાં પડી કહ્યું : ‘અમે આપને ખાતરી આપીએ છીએ કે અમારા તરફથી કોઈ ફરિયાદ હવે નહિ આવે. અમે આપની માફી માગીએ છીએ, પણ અમારા કોઈ જામીન થતું નથી.’

પ્રભાશંકરે કહ્યું : ‘એ જ તકલીફ છે. તમારામાં એવો વિશ્વાસ હોય કે તમે જે બોલો તે પ્રમાણે સારું જ આચરણ કરશો તો કોક જામીન થાય. હુંય થાઉં. પણ એવો વિશ્વાસ પેદા થાય તેવું તમારે થવું જોઈએ અને કરી બતાવવું જોઈએ.’ એ બન્નેએ ફરી પગે પડી ખાતરી આપી કે અમારું કોઈ જામીન

થાય અને અમે છૂટીએ તો અમારી કોઈ ફરિયાદ કદી આવશે નહિ. અમને ભૂલ સમજાઈ છે.

પ્રભાશંકરે એ જ વખતે મૅજિસ્ટ્રેટને બોલાવ્યા. પોતે એ બન્ને ભાઈઓના હજાર હજાર રૂપિયાના એક વર્ષ માટે જામીન થયા અને જામીનખત ઉપર એમણે પોલીસ ઉપરીની હાજરીમાં સહી કરી બન્ને ભાઈઓને છૂટા કરાવ્યા. પોલીસ ઉપરી સહિત સહુને નવાઈ લાગી. બધાંને એમ લાગતું કે આ રીઢા ગુનેગારો ભંડારિયા પહોંચતાંવેંત કંઈક એવું કરશે કે જેથી એમને છૂટા કર્યા બાબતનો અફસોસ થશે, પણ એવું કશું જ બન્યું નહિ, નવો કોઈ ગુનો થયો નહિ, ઊલટું, બન્નેનાં સ્વભાવ તથા વર્તન એવાં પલટાઈ ગયાં કે આ બે જે હતા તે જ છે એમ કોઈને લાગતું નહિ, એટલું લોકોને આશ્ચર્ય થતું.

સોળમી જાન્યુઆરીએ આ બે ભાઈઓ કેદમાંથી છૂટ્યા, તેને માંડ મહિનો થયો, ત્યાં સોળમી ફેબ્રુઆરીએ પ્રભાશંકરનું અવસાન થયું. જામીનદારનું અવસાન થતાં પોલીસખાતાએ ફરી એ બન્ને ભાઈઓની ધરપકડ કરી ભાવનગરની જેલ ભેળા કરી દીધા. ફરી કોઈ જામીન થતું ન હતું. બન્ને ભાઈઓએ જેલરને વિનંતી કરી કે પ્રભાશંકરના પુત્ર અનંતરાય પટ્ટણી જે હાલ દીવાન છે. તેમને રૂબરૂ અરજ કરવાની ગોઠવણ કરી આપો. એ વિનંતી માન્ય રહી. બન્ને ભાઈઓ અનંતરાય પટ્ટણીને મળ્યા, પોતાના જૂના ગુનાઓ કબૂલ કરી પોતાની નિંદા કરી પોતે બે આવા હતા એ જાણવા છતાં બાપુજી - પ્રભાશંકરે જાતે જામીન થઈને કેદમાંથી છોડાવેલા, એમ કહી પ્રભાશંકરને સંભારી રોયા તથા વળી પાછું કોઈ

જામીન થતું ન હોવાથી તેમના કંઈક ઉપાય કરી દેવા કહ્યું. અનંતરાય લશ્કરી મગજના હોવાની સામાન્ય છાપ હતી. છતાં અનંતરાય ગદ્‌ગદ થઈ ગયા. તે જ વખતે એ બન્નેના અનંતરાય જામીન થયા અને કહ્યું : 'બાપુજી જે વિશ્વાસ તમારામાં રાખીને જામીન થયા હતા તે વિશ્વાસ હું પણ રાખું છું. મારા વિશ્વાસને દગો ન દેશો એટલું કહું છું.'

અનંતરાય પટ્ટણીના જામીન પર એ બન્ને ભાઈઓ જેલમાંથી છૂટ્યા. ભંડારિયાના દરબારી દવાખાનાના રાજવૈદ્ય પ્રતાપરાય અંબાશંકરે આ બન્ને ભાઈઓની પહેલાંની અને પછીની, બન્ને જિંદગી નજરે જોયેલી. એ કહેતા કે આવા વાઘ જેવા ક્રૂર માણસો, પ્રભાશંકરની રૂબરૂ જેલમાં મુલાકાત થયા પછી એવા તો ગરીબ ગાય જેવા થઈ રહ્યા કે એ બેયનું અવસાન થયું ત્યારે સારા માણસ તરીકેની છાપ ઊભી કરીને ગયા.

❑

॥ હરિઃૐ ॥

# ૧૩. પ્રભાશંકરની શિક્ષકવૃત્તિ

પ્રભાશંકર પટ્ટણીના દાદા હરિરામ ભટ્ટ કહેતા કે અમારું કામ રોગ મટાડવાનું છે. વૈદું કરીને શરીરના અને કથાવાર્તા તથા સમજાવટથી મનના. પ્રભાશંકરને મેડિકલ કૉલેજમાંથી અભ્યાસ અધૂરો મૂકવો પડેલો. દાદાના વખતમાં હતી તે વૈદું અને કથા કરવાની સહિયારી પ્રવૃત્તિ ઓસરી રહી હતી. તબીબી વિજ્ઞાન અને વૈદું તે થોડું જાણતા, પણ આ મનના રોગ મટાડવાની બાબત તરફ પ્રભાશંકર હંમેશાં જાગ્રત અને તત્પર રહેતા. હું એમની પાસેથી એટલું સમજેલો કે વાઈ, પક્ષાઘાત, જળોદર વગેરે શરીરના રોગો જેમ વ્યક્તિગત છે, તેમ ઉન્માદ જેવા મનના રોગ પણ વ્યક્તિગત છે. મરકી, કોગળિયું, શીતળા વગેરે શારીરિક ચેપી રોગો છે. તેમ મનના ઘણા ચેપી રોગો હોય છે. શારીરિક ચેપી રોગો મટાડતાં બહુ વખત નથી લાગતો, પણ મનના ચેપી રોગ કાઢતાં પેઢીઓ વહી જાય. માટે, શરીરને નીરોગી અને દીર્ઘજીવી બનાવવાથી જરાકે ઓછી ન ગણાય, તેવી જરૂર મનને પૂરતું તથા યોગ્ય પોષણ મળે તેમ જ મનના રોગ પેદા ન થાય અને થાય તો પૂરા ઈલાજથી મટી જાય તે માટે ઘરમાં તથા શાળામાં યોગ્ય વાતાવરણ તથા કેળવણીની તેમ જ સમાજમાં યોગ્ય વહેવાર વિનિમયની ગોઠવણ હોવી જોઈએ. એ કોઈ એક વ્યક્તિનું કામ નથી, સમગ્ર પ્રજાનું સ્વૈચ્છિક કર્તવ્ય છે. આવું સમજાવનાર પ્રભાશંકરની શિક્ષકવૃત્તિના દર્શક આ થોડા પ્રસંગો છે.

મહારાજા ભાવસિંહજી ભાવનગરની ગાદીએ આવ્યા તે વખતે રાજ્ય ભારે કરજમાં હતું. તેમાં અનાવૃષ્ટિને લીધે ઈ.સ. ૧૯૦૦નો ભયંકર દુકાળ પડ્યો. એ સાલ વિક્રમ સંવત ૧૯૫૬ની હતી એટલે 'છપ્પનિયા કાળ'થી એ ઓળખાયો. દુષ્કાળને કારણે અંગ્રેજ સરકારે રાજ્યોને રાહતકામો ખોલી લોકોને રોજી આપવા લખાણ કરેલું. રાજ્ય પાસે રોકડ નાણાં ન હતાં, બીજેથી ઉછીનાં કે વ્યાજે લેવાં પડે તેમ હતું. આની સામી બાજુ રાજ્યના ખેડૂતો પાસેથી પાછલી સાલોની ખેંચાતી મહેસૂલની સોળ લાખ રૂપિયાની રકમ લેણી હતી. એ વસૂલ થાય તો વસૂલાતની રકમ ઘટે અને રાજ્યને નાણાંની સગવડ રહે એવા ઈરાદાથી દીવાન ઑફિસે એ મહેસૂલની રકમ તાકીદ કરીને તેમ જ છેવટે જપતી બેસાડીને પણ ઉઘરાવવા નિર્ણય લીધો અને મહારાજાને મંજૂરી હુકમ માટે મોકલ્યો.

એ વખતે પ્રભાશંકર હજૂર સેક્રેટરી હતા. તેમણે મહારાજાને તુમારની વિગત સમજાવી આ જાતનું કહ્યું : 'આપ ધ્યાન પર લો તો આપ આ તુમારને મંજૂરી આપો તે પહેલાં મારે એક અરજ કરવી છે.' મહારાજાએ હા કહી. એટલે પ્રભાશંકરે કહ્યું : 'પાછલાં વર્ષો સારાં ગયાં હોવા છતાં ખેડૂત મહેસૂલ દઈ શકતા નથી અથવા તો વસૂલ લેવામાં ખાતાએ ધ્યાન નથી દીધું. અને ખાતાની કામગીરી તો સારી જ છે એમ આપને જણાવવામાં આવ્યું છે. એટલે જો ખેડૂતોની હાલત ભરી શકે તેમ નથી એ કારણ ખરું હોય તો સારાં વર્ષોમાં જે નથી ભરી શક્યા તે આ દુકાળમાં કેમ કરી ભરશે ? રાજ પાસે તો બધી સત્તા છે. જપતી બેસાડી ભૂખે મારી વસૂલાત

થઈ શકશે, પણ રાજ માથે આટલું તો કરજ છે જ તેમાં વળી રાહતકામો ખોલવાં માટે બીજેથી રૂપિયા લેવા પડશે તેની સરખામણીમાં આ વસૂલાતની રકમ કેટલી ? આપનો હેતુ નાણાં એકઠાં કરવાનો છે, દુકાળમાં લોકોને રાહત આપવાનો છે, ખેડૂતોને મારવાનો નથી, જો આટલી રકમ માટે ખેડૂતોની સતામણી થશે તો નિસાસા લાગશે, પાપના ભાગીદાર થઈશું અને વધારામાં બીજાં રજવાડાંમાં તેમ જ સરકારમાં આપણી આબરૂ શી રહેશે ? ખેડૂત અનાજ પકાવે છે એટલે જગતનો તાત કહેવાય છે. એ ઉપરાંત, દર વર્ષે ખેડૂતોના મહેસૂલથી જ રાજની તિજોરી ભરાય છે. આમ, બેય રીતે રાજનું ભરણપોષણ એથી થાય છે. હું તો ખેડૂતોમાં ઊછર્યો છું. મારા દાદાનાં મોરબીમાં ખેતરો છે. મારા બાપ પોતાને મોસાળ માણાવદરમાં રહી લીંબુડા, પોરબંદર, બાટવા, માણાવદર, વગેરેમાં ખેતરનો વહીવટ કરે છે. મારા દાદાના મોટા ભાઈ ખેડૂતોનાં ખેતરોનું રખોપું કરતાં કરતાં સીમમાં જીવ્યા અને સીમમાં જ મર્યા છે. એ ખેડૂતોને હું ઓળખું છું. માટે, મારી અરજ એટલી છે કે આ ટાણું ખેડૂતની સ્થિતિ જાતે સમજી લેવાની છે. આપ નક્કી કરો. ફરમાવો તો હું સાથે આવું. આપણે ગામડાં ફરીએ. પછી આપ જે હુકમ આપો એ આપ નામદારનો હુકમ કહેવાય. રાજા તો બાપ છે. એમણે જાતે જોઈ વિચારીને આજ્ઞા આપી હોય તેમાં પ્રજાનું કલ્યાણ જ થાય.'

મહારાજાએ વાત સ્વીકારી અને ખેડૂતો વિશેનો પ્રભાશંકરનો અનુભવ જાણવા ઈચ્છા દર્શાવી, એટલે પ્રભાશંકરે કહ્યું : 'ખેડૂતો પારાવાર મહેનત કરી જાણે છે, પણ એટલા

ભોળા છે કે કોઈ એને છેતરે છે એમ એ કલ્પી પણ શકતા નથી.' મોટા ભાગના અમલદારો અને વેપારીઓ એના આ ભોળપણનો પૂરો ગેરલાભ ઉઠાવે છે. મેં તો જોયું છે કે ઘણાખરા ખેડૂતો પાસે ઉનાળો આવે ત્યારે અનાજ એટલું ઓછું થઈ ગયું હોય કે એક ટંક ખાય, એમાં અમલદાર, મહેમાન કે બ્રાહ્મણ આવી ચડે ત્યારે તેમની પાસે રોદણાં ન રડે, પણ કરજ કરી મહેમાનગતિ કરે. ઘેર પ્રસંગ આવે ત્યારે વેપારી પાસેથી વ્યાજે રકમ લે. સરકાર રાજ્યને લોન આપે છે ત્યારે ત્રણ ટકા વ્યાજ લે, પણ વેપારી ખેડૂત પાસેથી વીસ કે પચીસ ટકા વ્યાજ પડાવતાં અચકાતો નથી. અને એ હિસાબ વેપારી જ જાણે, અભણ ખેડૂત કંઈ ન જાણે. ચોમાસાને ટાણે ઘરમાં કોઈ બીમાર પડે તો સારવાર વગરનું પડ્યું રહે. ક્યારેક માંદું મરી જાય તો મડદું ઘરમાં પડ્યું રહે અને ખેડૂત વાવણી પૂરી કરે, તે પછી ઘરમાંથી મડદાને બહાર કાઢે. એનાં ખેતીનાં કામ અને કાળજી એવાં હોય છે. ઉનાળાનો રાંક ખેડૂત ભાદરવે ધણીધોરી લાગે ત્યારે ખેતરે જે આવે તેને મગની શિંગો, ડૂંડાં, શાક, જે માગે તે તેમ જ વણમાગ્યે આપે અને ગામમાં આવે ત્યારે એવું બધું અમુક માણસોને ત્યાં જાતે જઈને આપી આવે ! શિયાળે શેરડી પીલે ત્યારે એમ જ થાય. રસ પાય, ભીલાં આપે. એ વખતે ઓલા અમલદારો અને વેપારીઓ પહેલા હોય. એમને એ પરાણે લાચારીથી નથી આપતા હોતા, દિલથી દેતા હોય છે. આવા કપરા ઉનાળા કાઢતા હોય અને કરજમાં હોય તોય મોલ પાકે ત્યારે એવા જ ઉદાર ! ખેડૂતોનાં આવાં મોટાં દિલ જોઈ જો તેમના ભોળપણનો ગેરલાભ ન લેવાય

અને વેપારીઓ તથા અમલદારોનાં દિલમાં ખેડૂતોની ઉદારતા વસે તો પૃથ્વી સ્વર્ગ થઈ જાય, પણ એને બદલે ગેરલાભ લેવાનું જ વધતું જાય છે. ગામનો મુખી પટેલ ખેડૂતોની હાલત રોજ જોતો હોય એટલે એ ઓછું પડાવે, પણ અવલ કારકુન વધારે લે. એથી વધારે થાણેદાર માગે. એમ જેમ મોટો અધિકારી તેમ એનું પેટ મોટું, એ ધરાય જ નહિ. ખેડૂતોની હારે એ રહેતા ન હોય, સ્થિતિ જાણતા ન હોય, એટલે પોતે શું કરી રહ્યા છે તેનું એમને ભાન નથી હોતું. બધા આવા જ હોય છે એવું નથી. સારાયે હોય છે, પણ એકંદરે હું તો જોઉં છું કે ખેડૂતોની હાલત બગડતી જાય છે. જે દી ખેડૂતોમાં અક્કલ આવવા માંડશે, એમના પર શી વીતે છે તે સમજશે અને તેઓ વેપારી જેવા કે અમલદાર જેવા વિચારના થઈ વર્તશે તે દી આ દેશ જીવવા જેવો નહિ રહે. મને તો લાગે છે કે દરેક અમલદારનો અને ખાસ કરીને રાજધણીનો પોતાનો એ ધર્મ છે કે ખેડૂતોની સ્થિતિ જાતે સમજવી અને એમને કોઈ છેતરે નહિ તે જોવું અને તે માટે પાકો બંદોબસ્ત કરવો.'

મહારાજાએ આ વાત જેટલી કાળજીથી સાંભળી તેટલી જ કાળજીથી તેમણે ખેડૂતોની સ્થિતિ તપાસી. ઘેરઘેર ફર્યા, અનાજ, બિયારણ જોયાં, ખેતરો, કૂવા, ગંજીઓ, ઢોર તથા વેપારીઓના ચોપડે ખેડૂતોનાં ખાતાં જોયાં. તે ઉપરાંત, રાજ્યના અધિકારીઓને ખેડૂતો પાસેથી ગેરકાયદે શું શું મળતું તે જોયું. તેથી, તેમને ઘણો ઉદ્વેગ થયો. મુસાફરીએથી પાછા આવી, જપતી ન બજાવવાનો તથા આજ સુધી ચડેલી સોળ લાખ રૂપિયાની મહેસૂલની રકમ માફ કરવાનો તેમ જ ખેડૂતોને કૂવા

ખોદાવવા, બિયારણ, ઓજારો, બળદ વગેરે ખરીદવા માટે ખાતા મારફત ધિરાણ કરવા હુકમ લખી મોકલ્યો. મહારાજાના એ કામને ખેડૂત સહિત પ્રજાએ એટલું વખાણ્યું કે તે ઘણા લોકાદરને પ્રાપ્ત થયા અને સરકારમાં એની સારી નોંધ લેવાઈ.

**રાજા પ્રજાનો બાપ પણ છે - મહારાજને શીખ**

આ પછી થોડા દિવસોમાં મહારાજા ભાવસિંહજીએ એક વરિષ્ઠ અમલદારને રૂબરૂ બોલાવી તેમને રાજીનામું લખી આપવા કહ્યું. અમલદારે તત્કાળ રાજીનામું લખી આપવા ના કહી, એટલે મહારાજાએ કહ્યું : 'તમારે રાજીનામું લખી દેવું ન હોય તો મારે બરતરફીનો હુકમ આપવો પડશે એ વધારે આકરું લાગશે. તમારે રાજીનામું દઈ ચોવીસ કલાકમાં ભાવનગર ખાલી કરવાનું છે.'

આમ, એ અમલદાર પાસે રાજીનામું લખાવી લઈ મહારાજાએ પ્રભાશંકરને બોલાવી, માગી લીધેલા રાજીનામા ઉપર મંજૂરીનો હુકમ લખવા આજ્ઞા આપી. તે વખતે પ્રભાશંકરે છૂટા કરાતા અમલદારને કેટલું પેન્શન આપવાનું થશે વગેરે મંજૂરી હુકમમાં લખવાની વિગત પૂછી ત્યારે મહારાજાએ કશું જ પેન્શન ન આપવા તથા મંજૂરી હુકમથી ચોવીસ કલાકમાં અમલદારને ભાવનગર ખાલી કરી જવાની આજ્ઞા ઉમેરવા કહ્યું. પ્રભાશંકરે એવો આકરો હુકમ ન કરવા વિનંતી કરી ત્યારે મહારાજાએ કહ્યું : 'રાજઆજ્ઞા વખતે વાદવિવાદ ન હોય.' 'આજ્ઞા.' કહી પ્રભાશંકર ઊઠ્યા અને થોડી વારે આવી, પેલા તુમાર પર કશું જ લખાણ કર્યા વગરનો લાવી તે સાથે પોતાનું રાજીનામું લખેલો કાગળ મહારાજા સામે રજૂ કર્યો. વાંચીને આશ્ચર્યથી મહારાજાએ પૂછ્યું : 'આ શું ?'

પ્રભાશંકરે કહ્યું : 'રાજઆજ્ઞા વખતે વાદવિવાદ ન હોય એ મને માન્ય છે, પણ રાજાએ આજ્ઞા દેતાં પહેલાં શું શું વિચારી લેવું જોઈએ અને કઈ નજરે જોવું જોઈએ એનો મને થોડો ખ્યાલ છે. તે સાથે રાજા પોતે કઈ રીતે વિચારે છે તે જાણવાની સેવકની ફરજ છે. આપ રાજકુમાર કૉલેજમાં હતા ત્યારથી આપે મને સાંભળ્યો છે એટલે આજે સાંભળી લેશો એવી અરજ છે. એ મારો બચાવ નથી, પણ રાજીનામામાં છૂટા થવાનું કારણ મેં દર્શાવ્યું નથી તેના ખુલાસારૂપે કહેવું છે. તે એ કે રાજા કેવળ સત્તાધીશ દંડદાતા નથી, પ્રજાનો બાપ પણ છે. અને નોકર થવાથી કોઈ માણસ આપનો પ્રજાજન મટી જતો નથી. સામાન્ય નોકર ભૂલ કરે તો તેમને સુધારવાની ફરજ ઉપરી અમલદારની અને એથીયે વધુ અમલદારોના પણ અમલદાર એવા રાજાની છે. આવું ધ્યાન રાખવાને બદલે જો રાજા ઘડીમાં કોપે અને જે કુટુંબે પેઢી દર પેઢી રાજની સેવા કરી જીવન આપ્યાં હોય એવા કુટુંબના એક માણસે નોકરીમાં કંઈ ભૂલ કરી હોય તો તે બદલ રાજા તત્કાલ આકરી સજા કરે તો એવા મનસ્વી રાજાની નોકરી કરવા કયો માણસ ઇચ્છા રાખે ? માટે, મેં રાજીનામું આપ્યું છે.'

મહારાજાએ કસૂરોની યાદી સાથે રાજઆજ્ઞાની અવજ્ઞાના દાખલા ટાંકી વિગતથી ચર્ચા કરી, પ્રભાશંકરે કહ્યું : 'એ બધું સ્વીકારીને હું આ કહું છું. નોકરો સાથેના, પ્રજા સાથેના તેમ જ બીજાં રાજ્યો સાથેના સંબંધમાં રાજા માટે સામ, દામ, ભેદ અને દંડ એ ચાર ઉપાય છે. એમાં દંડને સર્વોત્તમ ગણીને પહેલો નથી મૂક્યો, સહુથી નીચી કોટિનો ગણીને છેલ્લો મૂક્યો

છે. એ પણ ઉપાય છે, એનીયે જરૂર છે, પણ ઉત્તમ ઉપાય સામ જ છે. એ સમજણ રોજબરોજ બોલી બતાવીને દેવાની વસ્તુ નથી. સાચી સમજણ તો રાજાના આચરણમાંથી લોકોમાં પ્રકટે છે, એનાથીયે ન સમજે તો પછી તેના હિતની વાત સમજાવવા બીજા ઉપાય યોજવા જોઈએ.'

આવી વાતો છતાં મહારાજાએ તે અમલદારને ચાલુ રાખવા અનિચ્છા બતાવી ત્યારે ફરી પ્રભાશંકરે કહ્યું : 'મનમાંથી કાંટો નીકળી શકે તેમ ન હોય અને આપે તેમને છૂટા કરવા હોય તો કરવા, છતાં નિર્ણય તો એવો લેવાવો જોઈએ કે એ કુટુંબનો રાજ્ય સાથેનો સુમેળ જળવાઈ રહે. આપ કહો છો કે પ્રભાશંકર છે, એ ભૂલ સુધારી દેશે, પણ પ્રભાશંકર આજ છે, કાલ નથી. કાળબળે સહુ ચાલ્યા જાય છે. એટલે પ્રસંગમાંથી દ્વેષ ઊભો ન થાય તે જોવાવું જોઈએ. જો વંશમાં દ્વેષ જળવાઈ રહે તો એ કુટુંબથી રાજ્યને નુકસાન થાય અને પરિણામે કુટુંબ પણ પાયમાલ થાય. કરવું તો એવું જોઈએ કે આ પ્રસંગનો ધડો લઈ એનાં સંતાનો એટલાં સારાં થાય કે એથી લોકકલ્યાણ જ થાય. રાજા તો પ્રજા ઉપર છાયા છે, એનો આશ્રય છે. સારાનરસા સહુનું રાજાથી કલ્યાણ જ થાય.' આ વાત મહારાજાને સમજાઈ અને એ અમલદારનું રાજીનામું મંજૂર કરવા છતાં તેમનો અને તેમના કુટુંબનો માનમોભો અને આમદની જળવાઈ રહે એવો ઠરાવ કર્યો.

## એ જ સાચો ઉપાય છે

આ વાત સંભવતઃ ઈ.સ. ૧૯૧૭ની છે. પ્રભાશંકર એ વખતે દિલ્લીમાં વાઈસરૉયની ઍક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્ય

હતા અને કોઈ કારણસર ભાવનગર આવેલા. એક દિવસ એ પોતાના મોટા પુત્ર અનંતરાય સાથે બેસી અમુક મહત્ત્વનું કામ કરતા હતા, તે વખતે તેમના કોઈ જ્ઞાતિભાઈ અચાનક મળવા આવ્યા. પ્રભાશંકરે તત્કાલ તેમને મુલાકાત માટે આવવા દીધા. આવનાર ભાઈએ પ્રભાશંકરને, તેઓ જ્ઞાતિજનોનું કંઈ જ હિત કરતા નથી એવી વાત ઘણા આકરા શબ્દોમાં ગુસ્સા સાથે કહી. પ્રભાશંકરે શાંતિથી વાત સાંભળી. આવેલા ભાઈએ એ જ વાત ફરીથી કહી ત્યારે પ્રભાશંકરે કહ્યું : 'તમે કયા મુખ્ય ઉદ્દેશથી આવ્યા તે કહો. હું શું કરું એમ તમે ઇચ્છો છો ?' પેલા ભાઈએ આર્થિક મદદ માગી તે એ જ વખતે પ્રભાશંકરે આપી. આવેલા ભાઈ ગયા એટલે અનંતરાયે પિતાને પૂછ્યું : 'ન કહેવાં જેવાં વાક્યો એ કહેતા હતા છતાં તમે કેમ તેને કંઈ ન કહ્યું ? એવું બોલતાં વારવા જોઈએ : આવા આકરા આક્ષેપો, ખરાબ અપમાનજનક શબ્દો અને ક્રોધ શા માટે સહન કરવાં જોઈએ ?'

નારાજ પુત્રને પ્રભાશંકરે કહ્યું : 'પહેલાં આ કામ પતાવી લઈએ.' બન્નેએ બીજો અર્ધો કલાક સાથે બેસી કામ પૂરું કર્યું. દરમિયાન અનંતરાયના મનમાં પેલા પ્રસંગનો પરિતાપ ઓછો થયો હતો. ઊઠીને બહાર ઓસરીમાં આવતાં પ્રભાશંકરે કહ્યું : 'ભાઈ, આપણી વાડીના ઓલા માળીને બોલાવી દે.' 'કેમ બાપુજી, તેનું શું કામ છે ? તેને કંઈ કહેવું છે ?'

પ્રભાશંકરે કહ્યું : 'મારે એને ઠપકો દેવો છે.'

'એણે એવી શી ભૂલ કરી છે ?' અનંતરાયે નવાઈથી પૂછ્યું.

પ્રભાશંકરે કહ્યું : 'મારી સામે ઠીક, પણ મહારાજા ભાવસિંહજી

અહીં પધારે છે ત્યારે તેમની સામે પણ તે લંગડો લંગડો ચાલતો આવે છે. એણે સરખું અદબથી ચાલવું જોઈએને ?'

અનંતરાયે કહ્યું : એ કેમ થાય ? એ અપંગ થઈ ગયો છે, એને પગે ખોડ છે. કેમ કરી સરખી રીતે ચાલે ? એને ઠપકો દેવાનો શો અર્થ ?

પ્રભાશંકરે કહ્યું : 'તો મારે તને એ જ કહેવું છે કે જો એ માળી પગે લંગડો છે તો પેલા ભાઈ મનથી લંગડા છે. એ એક પ્રકારનો રોગ જ છે. રોગની ચિકિત્સા હોય, તેના પર ગુસ્સો કરવાની જરૂર નથી. એ રોગનો ચેપ આપણને ન લાગે તેવી સાવચેતી રાખી વૈદ્ય ડૉક્ટરની પેઠે તેવા માણસોની મુશ્કેલી દૂર કરી ઉપચાર કરવા એ જ સાચો ઊપાય છે.'

## યુદ્ધ સમયની પ્રાર્થના

ઈંગ્લૅંડની ભારતમંત્રીની કાઉન્સિલમાં પ્રભાશંકર સભ્યપદે નિમાયા ત્યારે પ્રથમ વિશ્વયુદ્ધ ચાલતું હતું. જર્મનો સામેનું આ યુદ્ધ ઈંગ્લૅંડને ભારે પડી જતું હતું. એક રવિવારે ઈંગ્લૅંડના રાજા પંચમ જ્યૉર્જ સહિત રાષ્ટ્રની સામુદાયિક પ્રાર્થના દેવળમાં હતી. ભારતમંત્રી સાથે પ્રભાશંકર પણ હાજર હતા. પ્રાર્થના મુખ્યત્વે આ હતી : 'હે પ્રભો ! અમારા દુશ્મનોનો સર્વાંશે નાશ કરો અને અમને વિજયી બનાવો.'

ઘણા અધિકારીઓ પ્રભાશંકરને ઓળખતા અને માનથી જોતા, એ કહે તે કાળજીથી સાંભળી વિચારતા. કોઈક અધિકારીએ તેમને પૂછ્યું : 'આ પ્રાર્થના તમને કેવી લાગી ?' પ્રભાશંકરે સામો પ્રશ્ન કર્યો : 'આજે અત્યારે જર્મનો પણ આવી જ પ્રાર્થના કરતા હશેને ? પ્રાર્થના જેની કરીએ છીએ તે તો આપણા,

જર્મનોના અને સહુના પિતા છે.' ભારતમંત્રી મોન્ટેગ્યુએ પૂછ્યું: 'તો પ્રભાશંકર, તમારી શી પ્રાર્થના હોય ?'

પ્રભાશંકરે કહ્યું : 'એ ભારતની પ્રણાલી મુજબ પ્રાર્થના હોય : **હે નાથ, અમને સદ્‌બુદ્ધિ આપો કે જેથી અમે સંપમાં અને પરસ્પર સહાય કરતા સુખમાં સહુ જીવીએ.'** એક પાદરીએ કહ્યું : 'ખરેખર સારી પ્રાર્થના છે, પણ યુદ્ધ વખતે તે ટકાવી રાખી શકાય નહિ.'

પ્રભાશંકરે કહ્યું : 'માફ કરો. **યુદ્ધ વખતે તો એ ભાવના મન સામે જ રહેવી જોઈએ. તો જ ખરી પ્રાર્થના કહેવાય.'**

આ ઉત્તરથી પાદરી પ્રસન્ન થયા. છૂટા પડતી વખતે હાથ મિલાવીને ગયા. જીવ્યા ત્યાં સુધી પ્રભાશંકરના એ મિત્ર રહ્યા.

## ન્યાય કરવાની અનેરી રીત (૩)

ભાવનગર રાજ્યના કુંભણ ટપ્પામાં રાજ્યની થોડી સરહદ પાલિતાણા તથા એજન્સીની સરહદો પર આવેલી છે. એકની સરહદમાં ગુનો કરી બીજા રાજ્યની સરહદમાં નાસી છૂટવાની અનુકૂળતા હોવાથી ત્યાં ગુના થતા. ઈ.સ. ૧૯૦૦ થી ૧૯૦૨ની સાલમાં ત્યાં લુટારા રંજાડ કરતા. એ સરહદ પર એક છાપરી હતી. ઘણી વખત એ છાપરી પાસેના રસ્તા પર થઈને જતા એકલદોકલ વટેમાર્ગુને પકડી, તેમની માલમત્તા લૂંટી તેમને લુટારાઓ છાપરીમાં પૂરી મૂકતા, આમ, ઘણા મુસાફરો તેમાં ગોંધાયેલા. કોઈ ખેડૂતે એ દૂરથી જોયું અને સ્થાનિક થાણેદારને જાણ કરી ત્યારે બપોર વીતી ગઈ હતી. થાણેદાર માણેકલાલ સુંદરજીએ (ઈ.સ. ૧૮૭૧ થી ૧૯૫૦)

વાત સાંભળી, ફોજદારને તે માહિતી આપી અને પોતાને બંદૂક ઝાલતાંયે ન આવડતી છતાં ઘોડે ચડી પોલીસપાર્ટીને મોખરે થયા. પછી તો સામસામા ગોળીબાર થયા. તેમાં થાણેદારના કાનની લગોલગ થઈ ગોળી નીકળી ગઈ ત્યારે પાછા હઠવાને બદલે ઉત્સાહ ચડાવતા તે આગળ વધ્યા. બીજી તરફ, સોનગઢ તથા પાલિતાણે તાર આપેલા હોવાથી ત્યાંની પોલીસપાર્ટીઓ આવી પહોંચી. સાંજ થઈ ગઈ હતી. ઘેરાઈ જવા જેવી સ્થિતિ થતાં લુટારાઓએ છાપરા ઉઘાડી માણસોને છોડી મૂક્યા. આથી, પોલીસ તરફથી ગોળીબાર બંધ થયા અને છોડેલા માણસોની ઓથે સાયંકાળના અંધારાનો લાભ લઈ લુટારાઓ નાસી છૂટ્યા. તેમને પકડવા માણેકલાલે પાછળ ઘોડું દોડાવ્યું, પણ તેને પોલીસ ફોજદારે રોક્યા. પોતાની ફરજ ન હોવા છતાં આવા કામમાં નિઃશસ્ત્ર થાણેદારે સમયસૂચકતા વાપરી જે હિંમત તથા કુનેહથી આગેવાની લઈ કામ કરેલું તેની તારીફના પત્રો એજન્સી તથા પાલિતાણા રાજ્ય તરફથી ભાવનગરના મહારાજાને મળ્યા અને તેની નોંધ રાજ્યના દફતરે રહી.

આવી નોંધો તે તે નોકરની સારીમાઠી કામગીરી પરથી નિર્ણય લેવા વખતે ઉપયોગમાં લેવા માટે હોય છે. રાજ્યના ઈ.સ. ૧૯૧૯થી ૧૯૩૧ના સગીર વહીવટ દરમિયાન આવેલા વાઈસ પ્રેસિડન્ટ બર્ક સાહેબ આવી નોંધો ન જોતા, સ્વમતે નોંધ કરતા. વસૂલાતી ખાતું એમના હસ્તક હતું. એક વખત તે ડિસ્ટ્રિક્ટમાં નીકળેલા અને આ માણેકલાલ જે ટપ્પામાં હતા ત્યાં ગયા. તપાસની શરૂઆતમાં બર્ક સાહેબે કામની પ્રશંસા કરી પણ બપોર પછી તપી જઈ ખુલાસા માગવા લાગ્યા.

વિદાય વેળા માણેકલાલે કામ વિશે કંઈ સૂચના હોય તો કહેવા વિનંતી કરી ત્યારે બર્ક સાહેબે કામ માટે સંતોષ જાહેર કર્યો, પણ પછી ભાવનગર જઈ તુમારી પુછાણ મોકલ્યું કે મારી તેમ જ સાથે આવેલાની તમે થાણેદાર હોવા છતાં સરખી સરભરા કરી નથી તે સબબ શા માટે દંડ ન કરવો તેના ખુલાસા સાથે ભવિષ્યમાં આવું ન થાય તેની બાંયધરી આપશો.

થાણેદારે ઉત્તરમાં લખી નાખ્યું : ‘ઉપરી અધિકારીઓના મુકામનો ખર્ચ લોકો પર નાખી દેવાનું મારાથી બન્યું નથી અને બનશે નહિ. એ ખર્ચ કાં તો દરબારે ભોગવવો જોઈએ યા અધિકારીએ કરવો જોઈએ. મળતા પગારે ગુજરાન ચલાવવું ભારે પડે છે. તેમાં છાશવારે કામે, વિના કામે, આવતા અમલદારોની આથી વધુ કેટલીક સરભરા થઈ શકે ? છતાં આવું પુછાણું કરવામાં આવે છે તે જ દુઃખદ નવાઈ છે. આથી, સારી સરભરા માટે થાણેદારે લોકો પાસેથી પૈસા અને માલ પડાવવાં જોઈએ. એવી જો આપની સલાહ હોય તો અમારાથી તે થાય તેમ નથી. તેમ છતાં જો અમે દંડપાત્ર ગણાતા હોઈએ તો કોઈ પ્રામાણિક માણસ આ રાજની નોકરી નહિ કરે, એવી નોકરી થઈ જ ન શકે.’

આ લખાણથી બર્ક સાહેબ છંછેડાઈ ગયા. તેમણે માણેકલાલને બરતરફ કરવાની મંજૂરી માટે તુમાર લખી થાણેદારના અસલ જવાબ સાથે પ્રેસિડન્ટ પ્રભાશંકરને મોકલી આપ્યો. પ્રભાશંકરને મજકૂર થાણેદારની નોકરીનાં વર્ષોની કામગીરીની ટૂંક નોંધ તથા ખાતાના તે તે વખતના તે પરના અભિપ્રાય સહિત તુમાર ફરી રજૂ કરવા માટે પરત કર્યો.

નોંધ કે અભિપ્રાય કશું જ લીધા વગર રૂબરૂ આવેલા બર્ક સાહેબને જોઈ પ્રભાશંકરે કહ્યું : 'માણસો આવેશમાં કેવી ભૂલો કરી બેસે છે તેનું આ ઉદાહરણ છે. આપનું દૃષ્ટિબિંદુ હું સમજી શક્યો છું. આપને અપમાન લાગે તે રીતે થાણેદારથી લખાય નહિ. રજૂઆતમાં નમ્રતા નથી.'

બર્ક સાહેબે દલીલ કરી કે આપને પણ એમ જ જણાતું હોય તો તે મુદ્દા પર મંજૂરી આપી દેવી. એટલે પ્રભાશંકરે કહ્યું : 'ખાતાંઓની સ્વતંત્રતા આડે આવવું એ મારા સ્વભાવમાં નથી, એટલે આમાં સહી કરી દેવામાં વાંધો નથી, પણ રાજ્યમાં હાલ સગીર વહીવટ છે, એટલે આપણી જવાબદારી વધી જાય છે. જેને કમી કરવાનો હોય તેણે સળંગ નોકરી કેવી કરી છે તેને જોઈને, જો તેનું કામ રાજ્યને નુકસાન થાય તેવું થયું હોય તો તેવો હુકમ કઢાય. આ થાણેદારને મરહૂમ મહારાજા સાહેબે પોતાનો ગણી નોકરીમાં લીધેલો તે હું જાણું છું. વળી, સોનગઢના રેસિડન્ટ સાહેબે તેને માટે તારીફનો કાગળ મહારાજા સાહેબ પર લખેલો. તેમ જ એ સાહેબે એને રૂબરૂ મળી અભિનંદન આપેલાં. મોરબી, રાધનપુર વગેરે રાજ્યોએ વસૂલાતીખાતાના ઉપરીના હોદ્દાએ તેને બોલાવેલા, પણ પોતે મહારાજાના માણસ હોવાથી ગયા નથી. એટલે આપણે પૂરી તપાસ કરી, બીજા જે કંઈ સબળ પુરાવા મળે તે રજૂ કરીને પછી રજા દઈએ તો એ આપણે માટે યોગ્ય ગણાય, નહિ તો આપણી હાંસી થાય. આ કારણે તેમની કારકિર્દી તપાસવા મેં તુમાર પરત કરેલો. હું સમજું છું કે થાણેદારનું લખાણ વિવેકવાળું નથી તો સામી બાજુએ આપણે એ જોવાનું રહ્યું કે

જો આપણે રાજ્યના કામને જ પહેલું સ્થાન દઈએ તો સંભવ છે કે આપણે તેમના કામની તારીફ કરી, તેની આવી ભૂલ સુધરે તે માટે ધ્યાન દોરી, તેને બઢતી આપીએ. આપણી શોભા એમાં છે.' બર્ક સાહેબ સમજ્યા. તેમણે પૂછ્યું : 'તો મારે હવે શું લખીને તુમાર આપને મોકલવો ?'

પ્રભાશંકરે કહ્યું : 'આપે બેઠો શેરો કરવો કે પ્રેસિડન્ટ સાથે રૂબરૂ વાતચીત થયા પ્રમાણે થાણેદાર મજકૂરને લખાણમાં વિવેકભરી ભાષા વાપરવાની સૂચના આપીને તુમાર દફતરે દાખલ કરવો.'

એ પ્રકરણ ત્યાં પતી ગયું. માણેકલાલે બર્ક સાહેબને જવાબ લખી નાખ્યા પછી તેને વધારે અમંગળનો ભય હતો, ત્યાં કોઈએ આવીને જણાવ્યું કે બરતરફ કરવા માટે બર્ક સાહેબે પ્રેસિડન્ટ પર તુમાર મોકલ્યો છે. થાણેદારને સલાહ પણ મળી કે પ્રેસિડન્ટને મળી વિનંતી કરી જોવી, પણ માણેકલાલે કહ્યું : 'આજે એકવાર વિનંતી કરું, પણ આ તો રોજની લપ છે. રોજ આમ જિવાય નહિ અને રોજ પ્રભાશંકર હોય નહિ.' થોડા દિવસ રહી ખાતા દ્વારા સૂચના આપવામાં આવી કે ઉપરી અધિકારીને લખાણ કરતાં ભાષામાં વિવેક જાળવીને લખવું. એ વાંચી માણેકલાલે છુટકારાનો દમ ખેંચ્યો.

પણ પ્રભાશંકરે ત્યાં વાત પડતી ન મૂકી. માણેકલાલને મળવાનું થયું ત્યારે આ પ્રકરણની વાત કાઢી કહ્યું : **'આપણે પોતે સારાં અને પ્રામાણિક હોઈએ તે બસ નથી. આપણાં વાણી અને વર્તન પણ વિવેકભર્યાં હોવાં જોઈએ. આપણે સાચાં હોઈએ માટે ગમે તેને કડવું કહેવાય એમ ન હોવું જોઈએ.**

**સત્યપરાયણતા એ કડવાં વેણનો બચાવ નથી. કોઈ વાર ઉપરીને અને કોક વાર નીચેના માણસને કડવું કહી દઈએ અને એ ઠીક કર્યું છે એમ લાગે, તોપણ તેનું વર્તન બગડતું જાય, સંબંધ બગડતા જાય અને છેવટે કામ બગડતું જાય. આપણી જાતને પહેલું સ્થાન ન દેવું, મૂળ કામને જ ધ્યાનમાં લેવું અને માણસ સાથે વિવેક જાળવવો. એટલું થાય તો બધાં કામ સરળતાથી ઊકલે.** માણેકલાલે કહ્યું : 'માથે કરજ કરીને સરભરા કરવા છતાં આવું લખ્યું એટલે દુઃખ થઈ ગયું. એવું લખવું ગમતું ન હતું. આવી નોકરી કરતાં છૂટા થવું ઠીક લાગ્યું.'

પ્રભાશંકરે કહ્યું : 'આ કોઈ છૂટા થવા જેવો પ્રસંગ જ નથી. **આપણે જે સારું કરીએ તે બીજાઓ સારા રૂપે જ જુએ એવો આગ્રહ ન હોય. આપણી ફરજ શી, એ ધ્યાનમાં રાખી વર્તતાં હોઈએ તો મનદુઃખને કોઈ કારણ નથી.** તમારો જવાબ વાંચી મને થયું કે તમે દુઃખના આવેશમાં તરત લખી નાખ્યું છે. આવેશ ઓછો થયે જો લખ્યું હોત તો કદાચ એમ લખત કે કરજ કરીને કરવા છતાં સરખી સરભરા થઈ શકતી નથી, તેનું અમને દુઃખ છે. અને આપને પણ એમ લાગે છે, તે બતાવે છે કે આવી સરભરા માટે ચોક્કસ પ્રકારની કાયમી ગોઠવણ હોવી જોઈએ. કાયદાથી ગામલોક પર એનો બોજો નાખવો એ રાજ્યને શોભારૂપ થાય તેમ જણાતું નથી, તેમ જ સ્થાનિક અમલદાર પર નાખવો તે અપ્રામાણિકતા વધારવા જેવું નહિ થાયને ? તે વિચારવાનું છે. આ બાબતમાં અમને ઉપાય સૂઝતો નથી, પણ જ્યારે આ પ્રકરણ ઉપસ્થિત થયું જ

છે ત્યારે આખા સંસ્થાન માટે કાયમી ઉપાય શોધી ફરમાવવા દરબારશ્રીને વિનંતી છે કે જેથી રાજ્યના કામે ડિસ્ટ્રિક્ટ વેઠનારા અધિકારીઓ યોગ્ય સરભરાના અભાવે દુઃખી ન થાય.

સારી સરભરા માટે થાણેદારે લોકો પાસેથી પૈસા પડાવવા એવું સૂચન એ કરવા માગે છે, એવું આપણે શા માટે માની લેવું ? એવો આક્ષેપ દ્વેષ ઊભો કરે છે. એ આડું આવે. એમનો હેતુ સરભરાનો હતો, એટલે આપણે એટલો જ અર્થ કરીને તોડ કાઢવા વિચાર કરવો જોઈએ.'

માણેકલાલે આભાર સહિત વાટ પકડી લીધી.

પ્રભાશંકરની માન્યતા હતી કે રાજકુંવરોના શિક્ષણ માટે દેશમાં કે ઇંગ્લૅંડમાં સરકારે કરેલી વ્યવસ્થામાં અપૂર્ણતા છે. પ્રજાવાત્સલ્ય, ઉદાત્ત ચારિત્ર્યસંપન્નતા, સમભાવ વગેરે રાજામાં મુખ્ય હોવાં જોઈએ. તેવા ગુણસંસ્કારની જોગવાઈ એમાં ન હોવાથી ભારતની બદલતી સ્થિતિમાં એ પરત્વે વધુ ધ્યાન દેવાવું જોઈએ. ઈ.સ. ૧૯૩૧માં ઓગણીસ વર્ષની વયના અને નિષ્ણાત યુરોપિયન શિક્ષાગુરુ નીચે ભણી તૈયાર થયેલા જયપુર નરેશના રાજ્યાભિષેક વખતે પ્રભાશંકરે કહેલું : 'એક વાત સર્વને સારુ સમજવા જેવી છે કે **વિષયજ્ઞાન તથા ઉછેર બન્ને જુદી વસ્તુઓ છે, વિષયજ્ઞાન ગમે તે ભાડૂતી શિક્ષાગુરુ આપી શકે, ઉછેરમાં હૃદયમાં ખરા સ્નેહની જરૂર છે.** ગયાં ત્રીસ વર્ષમાં કયાં કયાં રાજ્યોના કુમારો વિદેશ ગયા હતા અને કયા કયા આ દેશમાં રહીને જ ઉછેરાયા હતા તેનાં પરિણામો તપાસીએ તો અનુભવથી જોનારને એમ કહ્યા વગર ચાલશે

નહિ કે પ્રજામાં રહીને યોગ્ય શિક્ષાગુરુઓને હાથે અપાયેલું શિક્ષણ, નવા વાતાવરણના અભ્યાસક્રમ કરતાં એકંદરે વધારે શુદ્ધ ફળદાયી થયું છે.'

## તો પહેલું માથું મારું હશે

ઈ.સ. ૧૯૧૯માં મહારાજા ભાવસિંહજીનું અવસાન થયું ત્યારે તેમના પાટવી કુંવર કૃષ્ણકુમારસિંહજીની વય સાત વર્ષની હતી. એ કુંવર પ્રભાશંકરના હાથ નીચે ઊછરે એવી ઇચ્છા ભાવસિંહજીને હતી. પ્રભાશંકર ત્યારે ઇંગ્લૅંડમાં ભારતમંત્રીની કાઉન્સિલમાં સભ્ય હતા અને હિંદમાં કોઈ પ્રાંતના ગવર્નર તરીકે નિમાવાના હતા. એ ઊંચા હોદ્દે ન જતાં ભાવનગરના ઍડ્‌મિનિસ્ટ્રેટર તરીકે આવવા પ્રભાશંકરે પસંદ કર્યું તેનું કારણ એક તો તેમની ભાવસિંહજી પ્રત્યેની ભક્તિ અને બીજું એમના કુંવરને રાજાને યોગ્ય એવી કેળવણી જાતે આપવાની તમન્ના. એ ભાવનગરના વાલીપદે આવી બાળમહારાજાના ઉછેરની કાળજી માટે તેમની બાજુમાં લીલે બંગલે રહેતા, પોતાને બંગલે કુટુંબની સાથે ન રહેતા. સરકારની આજ્ઞાને માન આપી રાજકોટની રાજકુમાર કૉલેજમાં બાળમહારાજાને મૂકેલા ત્યારે પોતે વારંવાર ભાવનગરથી રાજકોટ બેચાર દિવસ તેમની પાસે જઈ આવતા. બાળમહારાજાને વિલાયત ભણવા મોકલવાના સરકારના દબાણ વખતે તેમને સરકાર સાથે ઘણી રકઝક કરવી પડી હતી. કાગળ પર વાત ન પતતાં જાતે જઈ તેમણે સરકારને કહેલું : 'ભાવનગરની પ્રજાની મરજી વિરુદ્ધ બાળમહારાજાને પરાણે વિલાયત લઈ જશો તો તેમની ટ્રેનના પાટા ઉપર છેક વઢવાણ સુધી આખું ભાવનગર આડું સૂતું હશે અને તે દી

ઍંજિનનાં પૈડાં પાસે પહેલું માથું મારું હશે. અને હું આમ કરું એવો માણસ છું.'

છેવટે ઇંગ્લૅંડની હૅરો નામની જાહેર સ્કૂલમાં જવા જેવડા થાય ત્યારે અને તે ફક્ત ત્રણ વર્ષ માટે જ બાળમહારાજાને મોકલવા એવો નિર્ણય લેવડાવ્યે તે રહ્યા. પરદેશી શિક્ષણની ઉપયોગિતા તે સ્વીકારતા, એટલે તો જે કોઈ વિદ્યાર્થી અભ્યાસ માટે પરદેશ જવા તૈયાર થાય તેમને બિનશરતી સ્કૉલરશિપની સગવડ કરી આપતા, પણ રાજામાં વિશેષ સદ્‌ગુણોના વિકાસની જરૂરિયાત તેમને મહત્ત્વની લાગતી.

## બોધ આપવાની અનેરી રીત

બાળમહારાજાના શિક્ષણ માટે તેમણે જુદાજુદા શિક્ષકોની ગોઠવણ કરેલી. કયા શિક્ષક શું ભણાવી ગયા, કેવી રીતે વાત થઈ વગેરે રોજ સાંજે તે બાળમહારાજાને પૂછતા. એક વખત બાળમહારાજાએ પ્રભાશંકરને જણાવ્યું કે તેમના અંગ્રેજ શિક્ષક શિખામણ આપે છે કે હિંદુ ધર્મમાં મૂર્તિપૂજા છે, તે ખોટું છે, ખરાબ છે, મૂર્તિમાં દેવ કેમ હોય ?

પ્રભાશંકરે કહ્યું : 'હું આવતી કાલે એ ભણાવતા હશે ત્યારે આવીશ.'

બીજે દિવસે ચાલતા વર્ગે પ્રભાશંકર ગયા ત્યારે મૂર્તિપૂજાની વાત ચાલતી હતી. એ આવ્યા એટલે અંગ્રેજ શિક્ષકે પોતાના મત પર ભાર દઈ વાત કરી. પ્રભાશંકરે તેને પૂછ્યું : 'હું મારી રીતે સમજાવું ?' શિક્ષકે હા કહી એટલે પ્રભાશંકરે પોતાનું નામ પાટીમાં લખવાનું બાળમહારાજાને કહ્યું. તેમણે લખ્યું એટલે પ્રભાશંકરે કહ્યું : 'હવે તેની ઉપર થૂંકો.'

બાળમહારાજાએ કહ્યું : 'તમારા નામ પર કેમ થૂંકાય ?' પ્રભાશંકરે મહારાજા ભાવસિંહજીનો ફોટો બતાવી કહ્યું : 'આ ફોટાને નીચે ઉતારી તેને જોડો મારો.' બાળમહારાજા જોઈ રહ્યા, 'કેમ કરતા નથી ?' એમ પૂછ્યું એટલે તેમણે કહ્યું : 'એ બાપુજી છે, એને એમ કેમ કરાય ?'

પ્રભાશંકરે કહ્યું : 'હું તો સામે ઊભો છું. પાટીમાં તો મારું નામ લખેલું છે. મરહૂમ મહારાજા સાહેબ હાજર નથી. આ તો એમનો ફોટો કાગળ પર છે. પાટી પરનું નામ કે ફોટો અમે નથી, એ અમારી મૂર્તિ છે તો જે કારણે આપણે માણસની મૂર્તિનું અપમાન કરતાં અચકાઈએ છીએ અને ફોટો કે બાવલાને પૂજીએ છીએ તે જ કારણે આપણે ઈશ્વરની મૂર્તિને પૂજીએ છીએ. મરહૂમશ્રીનો ફોટો શા માટે ટાંગ્યો છે ? એ એમની મૂર્તિ છે. એમની ગેરહાજરીમાં એમને યાદ કરવા, એમની હાજરી અનુભવવા માટે છે. હિંદુ લોકો જ નહિ પણ ખ્રિસ્તી લોકો સુધ્ધાં, ક્રાઈસ્ટની મેરી વગેરેની છબી રાખે છે. જેમ ૐકાર એ મૂર્તિ છે તેમ ક્રૉસ પણ મૂર્તિ જ છે. ગીતા, કુરાન, બાઈબલ એ પણ મૂર્તિ જ છે. મૂર્તિપૂજાની નિંદા કરનારા પોતે જ એક યા બીજી રીતે મૂર્તિની પૂજા કરે છે.'

બાળમહારાજાને આ વાત ગળે ઊતરી ગઈ, તેમ જ એ વિષયે વધુ ચર્ચામાં એ અંગ્રેજ શિક્ષક ઊતર્યા નહિ, તેમ ફરી તેમણે એ વાત બાળમહારાજાને કરી નહિ.

## આપેલી બક્ષિસનો ઉપયોગ ન થાય

વીસેક વર્ષની વયે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગાદી પર આવ્યા પછી પ્રભાશંકર તેમને રાજ્યનાં ગામડાંનો તથા

ગામલોકનો પરિચય પાડવા લઈ ગયેલા, ફરતાં ફરતાં તેઓ તુરખા ગામે આવ્યા. આ ગામ રાજ્યના ભૂતપૂર્વ સુપ્રસિદ્ધ દીવાન ગગા ઓઝાને તેમની લાંબી અને ગૌરવભરી સેવાની કદરમાં રાજ્ય તરફથી ઇનામમાં મળેલું. ગામ તથા સીમથી આકર્ષાઈ યુવાન મહારાજાએ કહ્યું : 'વાહ, ગામ કેવું સરસ છે !'

'ગગા ઓઝાની જેવી સેવા શોભતી તેવું એમનું ગામ શોભે છે.' પ્રભાશંકરે એટલું જ કહ્યું. પછી બીજી થોડી વાતો ચાલતી હતી અને મોટર આગળ વધતી હતી ત્યારે પ્રભાશંકરે કહ્યું : 'મહારાજ, એક જૂની વાત છે. કચ્છની છે. બહુ જૂની નથી.' હાલના મહારાવ ખેંગારજીના પિતાશ્રી પ્રાગમલજીની વાત છે. તેમણે હાઈસ્કૂલ, કન્યાશાળા, હૉસ્પિટલ, તળાવ વગેરે ઘણાં લોકોપયોગી કામો કર્યાં છે. એ ગાદીએ બેઠા તે વર્ષ દુકાળનું હતું ત્યારે તેમણે અગાઉ લેવાતા કરો માફ કરેલા અને જાહેર બાંધકામો ખોલેલાં. એક સારા રાજાને છાજે એવી એ કીર્તિ મેળવી ગયા. એ ગાદીએ આવ્યા ત્યારે જુવાન હતા. એમના વજીર રૂપસંગજી વૃદ્ધ હતા. એ બન્ને એકવાર ગાડીમાં બેસી ગામડાંઓમાં ગયેલા. વળતાં રસ્તામાં સુંદર બાંધકામ તથા ફરતી વનરાઈવાળું રળિયામણું ગામ જોઈ મહારાવે કહ્યું : 'આ ગામ ઘણું સારું છે ! કોનું છે ? આપણું કે બીજાનું ?' વજીરે કહ્યું : 'બાપુ, આ ગામ આપના વડવાઓએ ચારણોને આપેલું તે છે.' થોડે છેટે ગયા પછી વજીરે ગાડી ઊભી રખાવી અને નીચે ઊતરી ગાડીનાં પૈડાં તથા ઘોડાના ડાબલા સહિત પગ પોતાના ખેસથી લૂછી એ ખેસ ખંખેરી નાખ્યો અને પાછા

ગાડીમાં બેઠા. ગાડી ચાલી એટલે મહારાવે પૂછ્યું : 'વજીરજી, તમે આ શું કર્યું !'

વજીરે કહ્યું : 'મહારાવ બાપુ, વાત એમ છે કે આ ગામ દેવીભક્ત ચારણોને આપના વડવાઓએ બક્ષિશ આપેલું છે. રાજાનો ધર્મ છે કે બક્ષિશ આપેલી વસ્તુનો અજાણતાંયે ઉપયોગ ન થાય તેવી સાવચેતી રાખવી. આ ચારણોના ગામની ધૂળ ઘોડાને તથા ગાડીને ચોંટી હતી તે જો આપણી જમીનમાં ભળે અને તેની આવક આપણી તિજોરીમાં આવે તો એ સર્પ સમાન છે, કાળરૂપ છે. આ વાત હું જાણું છું એટલે દેવીભગતની ધૂળ એમની સીમમાં જ ખંખેરી નાખી !'

## સોનાની ચેઈન સાધુના ચરણોમાં મૂકી

ઈ.સ. ૧૯૩૭ના ફેબ્રુઆરીમાં લેડી પટ્ટણી રમાબાની વરસી વખતે પ્રભાશંકર ઘણા બીમાર રહેતા. પોષણ લઈ શકાતું નહિ. કલાકે કલાકે ફક્ત એકાદ ઔંસ દૂધ લેતા. છાતીનો દુખાવો અને નબળાઈ બહુ હતાં. છતાં વસૂલાતી અધિકારી તરીકે છેલ્લા દોઢેક માસથી ગામડાંઓની ચાલુ મુસાફરીમાં જ રહેતા. રમાબાની વરસી ઉપર ભાગવતસપ્તાહ બેસાડેલી, તે પ્રસંગે એ આઠનવ દિવસ ભાવનગર રહ્યા. રોજ પ્રારંભથી અંત લગી કથા સાંભળતા. સામે ખાટલો નાખી, તકિયે અઢેલી, પોતાની પાસે શ્રીમદ્ ભાગવતની પોથી રાખી સાથે વાંચતા જતા અને સાંભળતા. એ વખતે કોઈ સદ્ગૃહસ્થના આમંત્રણથી ગામમાં એક સંન્યાસી પધારેલા તે પણ એ સદ્ગૃહસ્થની સાથે કથાશ્રવણ માટે આવતા. પ્રભાશંકર તેમને પોતાની બાજુમાં જ બેસાડતા. બન્નેની વચમાં પ્રભાશંકર પોતાનું સોનાનું ખિસ્સા

ઘડિયાળ ગાદલા પર છૂટું મૂકી રાખતા. એને જોયા ન કરતા. થોડાક દિવસ ગયા પછી એ ઘડિયાળ સંન્યાસીએ ઉપાડ્યું અને કેડે ભરાવી દીધું. પ્રભાશંકરે તે જોયું અને નજર ફેરવી લીધી.

સાંજે સંન્યાસી ઊઠતા ત્યારે પ્રભાશંકર તેમને વળાવતા. તે દિવસે વળાવતી વખતે તેમણે કંઈ ન કહ્યું, વળતે દિવસે સંન્યાસી છેલ્લી વખત કથાશ્રવણ માટે આવેલા, કારણ કે પછીના પૂર્ણાહુતિના દિવસે સાંજે તે હરદ્વાર જવાના હતા. યજમાન સદ્‌ગૃહસ્થની ઈચ્છા મુજબ પ્રભાશંકરે ભાવનગરથી હરદ્વાર સુધીની બીજા વર્ગની ટિકિટના પૈસા તથા વાટખર્ચીના સોએક રૂપિયા સંન્યાસીને આગલે દિવસે આપી દીધા હતા. વળતે દી સંન્યાસી આવવાના ન હતા. તેથી, તેમને વળાવવા પ્રભાશંકર ગયા ત્યારે તેમને કહ્યું : **'હજુ આ દેશમાં સાધુ, સંતો અને કથાકારો તરફ લોકોનો આદર ઘણો છે. અત્યારે દેશની જે હાલત થઈ ગઈ છે તે જોતાં કોઈ પણ માણસને ખેદ થયા વગર ન રહે. એવે કાળે માણસને સુધારવાની, સન્માર્ગે દોરવાની આશા સાધુસંતોમાં રહી છે. તેઓ ફક્ત પ્રવચનથી અને ઉપદેશથી નહિ પણ ઉમદા ચારિત્ર્યથી લોકો પર છાપ પાડી ધર્મપરાયણ અને સદાચારી બનાવી શકે તેમ છે. જો સંતો પણ આજની હવામાં ફસાઈ કામ, ક્રોધ, લોભ વગેરેને વશ થઈ જશે તો શ્રીકૃષ્ણ પરમાત્માની આ ભૂમિમાં લોકોનું શું થશે એની મને ખબર નથી.** મને વૃદ્ધ આંખે હવે અંધારું દેખાય છે. સંતો જીવી બતાવે અને આપ તેમાં અગ્રે હો એમ ઈચ્છું છું.'

પૂર્ણાહુતિ પછી સાંજની ટ્રેનમાં જતા સંન્યાસીને મળવા પ્રભાશંકર ભાવનગર પરાસ્ટેશને ટર્મિનસથી ટ્રેન આવી તેમાં તપાસ કરી તો બીજા વર્ગમાં એ ન હતા, ત્રીજામાં હતા ! ત્યાં જઈ તેમને પગે લાગી કબજાના ખિસ્સામાંથી સોનાની ચેઇન કાઢી કહ્યું : 'આપે ઘડિયાળ લીધી ત્યારે મારી પાસે ચેઇન ન હતી. એ ઘડિયાળની ચેઇન તમને સોંપી દેવા અને દર્શન કરવાં આવ્યો છું. સ્વીકારીને આભારી કરો અને આશીર્વાદ આપો કે આવો સંસાર હવે જોવો ન પડે !'

સંન્યાસી ન હાથ લાંબો કરી શક્યા કે ન કંઈ બોલી શક્યા, ઢીલા થઈ ગયા. પ્રભાશંકરે તેમના પગમાં પ્રણામ સાથે ચેઇન મૂકી વિદાય લીધી અને ટ્રેન ઊપડી.

❑

॥ હરિઃૐ ॥

# ૧૪. મદદગાર પ્રભાશંકર

ભાવનગરની શામળદાસ કૉલેજના ગુજરાતીના પ્રોફેસર રવિશંકર મ. જોશીના અનેક વિદ્યાર્થીઓ આજે ઘણી કૉલેજોના આચાર્યપદે છે. થોડો વખત તે ભાવનગર રાજ્યના ઍડ્મિનિસ્ટ્રેટર પ્રભાશંકર પટ્ટણીના પૌત્ર મહેશભાઈના શિક્ષક હતા. તેમને પ્રભાશંકરના પરિચયમાં આવવાનું થતું. એ રવિશંકર જોશીએ 'પટ્ટણીનું લોકોત્તર વ્યક્તિત્વ' નામે લેખમાં પટ્ટણીની ઉદારતા વિશે લખ્યું છે :

'ગરીબો માટે, વિદ્યાર્થીઓ માટે, યુરોપ, જર્મની, ઇંગ્લૅંડ કે અમેરિકામાં મુશ્કેલીમાં અટવાયેલાં લોકો માટે, નાદારી લેવી પડે તેવા વેપારીઓ માટે પટ્ટણી સાહેબ જેવી દાનધારા વિરલ સ્થળે જ નિહાળી શકાય. તારીખ પહેલીથી દસમી સુધીમાં તેમના પગારમાંથી દુઃખીજનોની સહાય માટે કેટલા ચેકો અને મનીઑર્ડરો જતા એ તો તેમના મંત્રીઓ જ જાણે છે. **ઘરનો કોઈ નોકર સોનાની સાંકળી ચોરે તો સામા જઈ, તેને મુશ્કેલી હશે તેથી ચોર્યું હશે એમ વિચારી તેને પચાસ રૂપિયાની મદદ આપે !** આવાં તો અનેક દૃષ્ટાંતો તેમની જિંદગીમાં પગલે પગલે વેરાયેલાં પડ્યાં છે. આવા પ્રસંગોનો સંગ્રહ બહાર પડે તો માનવજાતિને લોકોત્તર માનવતાનો અવનવો પાઠ જાણવા મળે.'

આવો અવનવો પાઠ જાણવા માટે આવા પ્રસંગોનો સંગ્રહ થઈ શકે તે અસંભવ છે. એ ખરું છે કે એમનું આખું જીવન 'દેનાર' તરીકે હતું, પણ કોઈને સહાય કરવામાં પ્રભાશંકરનાં

દૃષ્ટિ અને રીત આગવાં હતાં. કુટુંબમાં ક્યારેક તે સમજાવતા કે **માણસને માણસ રહેવા દેવો હોય અને તેને સ્વમાની રહેવા દઈ સુખી થતો જોવો હોય તો તેને આપેલી સહાયની વાત છાની રહેવી જોઈએ. લેનાર માણસના મનમાં દીનતાનો ભાવ ન જાગે તે રીતે સહાય દેવાવી જોઈએ, અને તમે આપીને તેના પર ઉપકાર કર્યો છે તેવું આંખને અણસારેયે તે ન સમજે તેવું તેની સાથે કાયમ વર્તન રહેવું જોઈએ. એટલું જો ન બને તો આર્થિક સહાય આપીને દેનાર માણસ લેનાર માણસનો સદ્‌ભાવ ગુમાવે છે અને પોતે સહાય કર્યાના ગર્વમાં અધમ બને છે, છેવટે સમભાવની લાગણીની, હમદર્દીની ઊંડી મજા, દેવા છતાં, દેનાર અનુભવી શકતો નથી. એનું દીધું ઊગતું નથી, નકામું જાય છે, ક્યારેક સામાજિક જીવનમાં બગાડો ઊભો કરે છે.** પ્રભાશંકરની **'ઉઘાડી રાખજો બારી'** નામે જાણીતી કવિતા છે.

**'દુઃખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને,**
**વિસામો આપવા ઘરની, ઉઘાડી રાખજો બારી.'**

આ કડીમાં 'બારી' શબ્દનો અર્થ સમજવા જૂની જીવનઘાટી જાણવી જરૂરી છે. જૂના જમાનામાં ગામ ફરતા ગઢને તથા સંપત્તિવાળા માણસોની હવેલીઓને દરવાજો, ડેલા ઉપરાંત એથી દૂર અને કોઈને ખબર ન પડે તેવી રીતે, આવજા કરવા માટે નાની ડેલી મુકાતી. તે બારી કહેવાતી. તે ઉઘાડી જ ન રહેતી. ત્યાં દરવાન ન બેસતો. બીજાઓ ન જાણે તે રીતે કોઈને અંદર લાવવા કે બહાર મોકલવા હોય ત્યારે જ તેનો ઉપયોગ થતો. અહીં 'બારી' શબ્દ મૂકી પ્રભાશંકર એમ

કહેવા ધારે છે કે **દીન, દુઃખી અને ખોટે રસ્તે ચડી ગયેલાને વિસામો આપી તેને સહાયરૂપ થવા માટે બીજાઓ ન જાણે તે રીતે ગોઠવણ કરવી જોઈએ. પ્રદર્શનથી સહાય થતી નથી, લેતીદેતીની ક્રિયા થાય છે. જે માણસ સામા માણસના હૃદયમાં પેસીને તેનાં દુઃખને પોતાનાં કરી અનુભવી શકે છે, એનાં દુઃખમાં ભાગીદાર થાય છે, દુઃખ મટાડવા માગે છે, તે ઉઘાડે છોગ સહાય કરી શકતો નથી.**

આ કારણે પ્રભાશંકરના સર્વોન્નત પ્રસંગો એમણે પોતે જ ઢાંકી દીધા છે. તે પ્રકાશમાં આવવા સંભવ નથી. તેવા થોડા પ્રસંગ હું જાણતો હોવા છતાં પ્રકટ કરું તો પ્રભાશંકરના મૂળ હેતુને હું છેહ દઈ રહ્યો હોઉં તેવું મારાથી બને. એ કરવું નથી. બેશક, કોઈ કોઈએ સુજનતાથી પોતાનો અનુભવ જાતે કહ્યો હોય તે જુદી વાત છે, પણ તેવા પ્રસંગો જૂજ છે. અહીં તો ફક્ત જાણીતા પ્રસંગો, જે હજી કાગળ પર મુકાયા નથી તેમાંથી થોડા નમૂનારૂપે રજૂ કરવા છે.

પ્રભાશંકરના દાદા હરિરામની સ્થિતિ નબળી ખરી, પણ ખરાબ ન હતી. સારી આવકવાળા કૂવાને જેમ ઉલેચ વધુ હોવાથી તેનું પાણી ઓછું જણાય તેવું એમને હતું. એ જે કંઈ મળે તે આપી દેતા. પોતાને માટે કંઈ રહે તેવા યત્ન ન કરતા, અપેક્ષાયે ન રાખતા. પરિણામે અકિંચન હતા, દરિદ્ર ન હતા. એ સારા વૈદ્ય હતા, પ્રતિષ્ઠિત પૌરાણિક કથાકાર હતા, પણ સાથે એવા જ પરગજુ હતા. તેમાં વૃદ્ધાવસ્થામાં ચાર ધામની યાત્રા કરી આવીને પોતાની સર્વ સંપત્તિ દાનમાં આપી દીધી. સ્ત્રીધન સિવાય ઘરનાં ઢોર, વાસણ, અનાજ

વગેરે ઉપરાંત, પોતે નકલ કરેલા ભાગવત, ગીતા વગેરે સહિત આયુર્વેદના ગ્રંથો પણ કૃષ્ણાર્પણ કરી દીધા ! પ્રભાશંકરની ઉંમર ત્યારે ચારપાંચ વર્ષની. એ પછી પ્રભાશંકરના બન્ને કાકાનાં લગ્ન થયાં એટલે સ્થિતિ બગડી ગઈ, પણ એ ગરીબીનું દુઃખ કુટુંબમાં કોઈને ન હતું. દાદીમા ઝવેર પોતા માટે વધેલું ખાવાનું માગવા આવેલાને ખવડાવી દઈ ભૂખ્યાં સૂઈ રહેતાં અને પોતે દઈ શક્યાં તેથી રાજી થતાં, એ પ્રભાશંકરે ઘણી વાર જોયેલું. એ સ્થિતિમા દાદા બીજા પાંચ છ વર્ષ જીવેલા.

## દરિદ્રતાની સાચી વ્યાખ્યા

કુટુંબમાં દાદા એવું સમજાવતા કે **જેના મનમાં ધનની, માનની, કોઈ પણ વસ્તુ મળે તેવી લાલચ હોય, તે જ દરિદ્ર છે. ધન ન હોવું એ દારિદ્રય નથી. પાસે કંઈ ન હોય અને તે બાબતનો વલોપાત ન હોય એવું અકિંચનપણું એ દારિદ્રય નથી, પણ નિરુપાધિક સ્વસ્થતા છે.** દાદાનો આ વારસો પ્રભાશંકરને મળેલો.

ઈ.સ. ૧૮૯૫માં ભાવનગરના મહારાજા ભાવસિંહજીએ ગાદીએ આવતાંની સાથે પ્રભાશંકરને મોરબીથી તેડાવી સીધા પોતાના રાજ્યના દીવાનપદે આવવા કહ્યું તેનાં કારણોમાંનું એક એ પણ ખરું કે એ મહારાજા રાજકોટ રાજકુમાર કૉલેજમાં ભણતા અને પ્રભાશંકર તેમના અંગત શિક્ષક હતા ત્યારે પોતાના ટૂંકા પગારમાંથી પણ તે બાળમહારાજાને જરૂર પડ્યે રકમ આપી દેતા. એ અરસામાં સામાન્ય માન્યતા એવી હતી કે ભાવનગરમાં રાજ્ય રાજાનું હતું પણ સામ્રાજ્ય નાગરોનું હતું. જો બાળમહારાજાને નાગરો પ્રત્યે નફરત થવાનાં કારણો

મળ્યાં ન હોત તેમ જ નાગર કુટુંબોમાં દીવાનગીરી માટે પરસ્પર સ્પર્ધા, વૈમનસ્ય, દ્વેષ અને હિંસક ઝઘડા જાહેરરૂપ લઈ ચાલ્યા કરતા ન હોત તો પ્રભાશંકરનું ભાવનગરમાં આવવાનું કે ટકવાનું બન્યું ન હોત. નાગર જ્ઞાતિ પ્રત્યે તેમની રાજ્યવહીવટની કુશળતા તથા મુત્સદ્દીગીરીને અંગે માનની નજરે જોનાર પ્રભાશંકરને ભાવનગરમાં અધિકારપદે આવવા ઇચ્છા ન હતી, પણ તેમણે જોયું કે જે મહારાજા પ્રત્યે પોતાને ભક્તિ તથા વાત્સલ્ય છે, તેમના સ્વભાવ પર અંકુશ નહિ રહે તો રાજ્યકારભાર વણસી જશે તથા જે જ્ઞાતિ પ્રત્યે પોતાને માન હતું તે અંદરઅંદર કલહમાંથી ઊંચી નહિ આવવાના કારણે વિનાશ વહોરી લેશે. આથી, તે ભાવનગર આવ્યા, મહારાજાને સમજાવી દીવાનપદ નાગરો હસ્તક રહેવા દીધું, પોતે હજૂર-સેક્રેટરીના પદે રહ્યા, નાગરોને નોકરીમાંથી અને રાજ્યમાંથી દૂર કરવાની મહારાજાની હઠ છોડાવી, તેમણે રાજાને યોગ્ય ઔદાર્ય, ક્ષમા, પ્રજામાં સર્વ પ્રત્યે સમદૃષ્ટિ અને લોકહિતની ભાવનાનાં બોધ તથા તાલીમ આપ્યાં. સાથોસાથ નાગરોના અંદરોઅંદરના ઝઘડા મિટાવી સંપ કરાવવા તેમ જ રાજ્ય તરફથી તેમને અન્યાય ન થાય, તેમની આર્થિક-સામાજિક સ્થિતિ અને પ્રતિષ્ઠા જળવાઈ રહે તે માટે અથાગ યત્ન કર્યા. આ કામમાં મહારાજાની મંજૂરીથી રાજ્યની તિજોરીનો ઉપયોગ કરવા ઉપરાંત, જાત પદરથી પણ તેમણે સહાય કરેલી.

એમની ભાવનગરમાં નિમણૂક થઈ ત્યારે કહેવાતું કે પ્રભાશંકરની હત્યા થઈ જશે, એ મરવાનો થયો છે. પ્રભાશંકરે તે સાંભળેલું. મહારાજા વગેરેએ તેમને એકલા નહિ રહેવા તથા નાગરોને ત્યાં કદીયે નહિ જવા સલાહ આપેલી, પણ

પ્રભાશંકર રાત્રે નાગરોને ત્યાં જઈ બબ્બે ત્રણત્રણ કલાક લાગટ એકલા બેસી વાતો કરતા, તેમણે આપેલું પાણી પીતા અને એમની મુશ્કેલીઓના તોડ કાઢી વિશ્વાસમાં લેતા. આ ઈતિહાસ લાંબો છે, વિગતો ઘણી છે, પ્રભાશંકરના અંતઃકરણને તાદૃશ રજૂ કરે તેવી છે. તેમના આ કાર્યમાં તેમને સહાયક તરીકે સાંપડેલા નાગર સજ્જનોનાં ચરિત્રો પણ નોંધપાત્ર છે, પણ એ ઈતિહાસ કહેવો હોય તો તેમાં રજૂ કરવી પડે તેવી ઘણી બાબતો છે કે જેને સાવ ઢાંકી દેવા પ્રભાશંકરે નિત્ય કાળજી રાખેલી. એ ઢંકાયેલી બાબતોમાંથી જે કંઈ જાણવા મળી છે તેનુંયે પ્રકટીકરણ અસ્થાને છે, અયોગ્ય છે તેમ જ મારા સ્વભાવથી વિરુદ્ધ છે. એક વાત નોંધવા યોગ્ય ખરી કે પ્રભાશંકરના આ કાર્યની તારીફ અનેક નાગર સદ્‌ગૃહસ્થોએ વિગત આપ્યા વગર કરી છે, કોઈકોઈએ મને અંગત ગણી વિગત સહિત કહી છે. તેમાંથી બે સજ્જનોનું નામ આદરપૂર્વક નોંધવાનું મન થાય છે : એક ગગા ઓઝાના પ્રપૌત્ર તથા છેલ્લા નાગર દીવાન વજલભાઈના પૌત્ર શ્રી મોતીભાઈ હરિભાઈ ઓઝાનું અને બીજું સૌજન્યશીલ વેદાંતકવિ હીરાલાલ જાદવજી બૂચનું.

આંગણે માગવા આવનારને પ્રભાશંકર કદી ખાલી હાથે જવા ન દેતા.

**‘જગત આ ક્ષેત્ર સેવાનું મફત સેવા કરી લેવી,**
**પ્રભુએ જન્મ આપ્યાની કરજદારી ભરી દેવી.’**

એવું લખનાર પ્રભાશંકર આંગણે આવેલાને માનપૂર્વક દેતા, બને ત્યાં સુધી તેનાં દુઃખો જાણી આજીવિકા માટે ગોઠવણ કરતા, અગર ઉપાય બતાવતા. ઉચ્ચ શિક્ષણ માટે દેશમાં તથા

પરદેશ જવા માગતા વિદ્યાર્થીઓને શોધી શોધી સ્કૉલરશિપ આપતા. આવા વિદ્યાર્થી માત્ર ભાવનગર કે કાઠિયાવાડના નહિ, પણ ભારતભરના હતા. ત્રણચાર અંગ્રેજ વિદ્યાર્થીઓને પણ તેમણે સ્કૉલરશિપ કરી આપેલી. ગોખલેનું ભારત સેવક સમાજ, કવિવર ટાગોરનું શાંતિનિકેતન, પંડિત મદનમોહન માલવિયની બનારસ હિંદુ યુનિવર્સિટી, ભંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, હરિજન ઉદ્ધાર તથા ખાદીપ્રચાર માટેની સંસ્થાઓ તેમ જ ગાંધીજીથી માંડી દેશમાં નાના ઉદ્યોગ ઊભા કરવા ઇચ્છનારને એ આપ્યા જ કરતા.

## અણીના સમયે મદદ કરી

મુંબઈમાં સ્ટીમરના માલ ચડાવવા ઉતારવાનો ધંધો કરનાર એક પેઢીને મોટી ખોટ આવવાથી તેના માલિક આપઘાત કરવાની હદે હતાશ થઈ ગયેલા. તેમને કોઈકે પ્રભાશંકર પાસે જવા સલાહ આપી. એ ગયા. પ્રભાશંકરે એ જ વખતે તેમને પૂરતી સહાય કરીને તે સાથે ભાવનગરના વિકસતા બંદરે તેમની પાસે શાખા ખોલાવી. એ પછી ટૂંક સમયમાં તરી ગઈ. પછી તેમના માલિકે પ્રભાશંકરની આનાકાની છતાં મૂળ રકમ પાછી આપી.

પ્રભાશંકર કોને શું આપતા તે વાત ઘરમાંયે કોઈને ન કરતા. હિસાબમાં ચોપડે ન લખાવતા. બહારથી કોઈ કોઈ વાત જાણવામાં આવતી.

## કળા પ્રત્યે દીર્ઘ દૃષ્ટિ

ઈ.સ. ૧૯૪૪માં બૉમ્બે ટૉકિઝની મુલાકાત વખતે અનંતરાય પટ્ટણી સાથે હું પણ હતો. એ વખતે દેવિકારાણીએ

જણાવેલું કે તેમના પતિને ફિલ્મ સ્ટુડિયો કરવો હતો, પણ હિંદમાં એ નવા ઉદ્યોગમાં પૈસા રોકવામાં લોકોને હિંમત ન હતી. તે વખતે એમની માગણી સાંભળી સૌથી પહેલી અને ઘણી મોટી રકમ પ્રભાશંકરે સહાયરૂપે આપેલી.

ભારતને સ્વરાજ્ય મળ્યા પછી ઈંગ્લૅંડના નામી ચિત્રકાર હૅમિલ્ટન ભારતમાં વડા પ્રધાન જવાહરલાલ નહેરુનું તૈલચિત્ર તૈયાર કરવા આવેલા ત્યારે અનંતરાય પટ્ટણીએ તેમને પોતાના પિતાના ફોટા મોકલી તેમાંથી પસંદ પડે તે પરથી ચિત્ર કરી આપવા વિનંતી કરીને સાથે જે માગે તે મહેનતાણું આપવા તૈયારી જણાવી. એ ચિત્રકારે ચિત્ર કરી આપ્યું, પણ કશું જ મહેનતાણું ન લીધું, એમ કહીને કે કલાકારોને આગળ વધારવામાં પ્રભાશંકરે એવી સહાય કર્યા કરી છે કે તેનું મહેનતાણું ન લઈ શકું. તેમનું કામ કરી દેવાની તક મળી તેનો મને આનંદ છે.

કોઈ માગે તો પ્રભાશંકર તેને ના કહી શકતા નહિ. કહેનારા એમ પણ કહેતા કે તે નબળાઈ છે. તેમાંના બે પ્રસંગ આવા છે :

## પરિસ્થિતિની પરખ

(૧) મુંબઈમાં હૅંગિંગ ગાર્ડનમાં ફરતાં પ્રભાશંકરને એક જૂનો ઓળખીતો મળી ગયો. ખબરઅંતર પૂછવા સાથે તે પ્રભાશંકરને અપમાનજનક શબ્દો કહેવા લાગ્યો. મૂળ તો તેને આર્થિક મદદની જરૂર હતી એમ પ્રભાશંકરને જણાયું. પોતાના ખિસ્સામાં એ વખતે પૈસા ન હતા, એટલે સાથે ફરવા આવનાર મિત્ર પાસેથી ઉછીના લઈ તે માણસને તત્કાલ બસો રૂપિયા

આપી દીધા. પેલા મિત્રે આશ્ચર્યથી પૂછ્યું કે આવું જાહેરમાં અપમાન કરનારને મદદ કેમ કરી ? પ્રભાશંકરે કહ્યું : **'ખરાબ સ્થિતિ અને આપત્તિમાં માણસ અકળાઈને ભાન ભૂલે છે. અણસમજણ છે.** સારી સ્થિતિ હોત અને જરૂરિયાત ન હોત તા એ આમ ન બોલત, પણ એ જે રીતે બોલ્યા તે પરથી તેની ઘણી દયાજનક સ્થિતિ છે એમ સમજી મારી ફરજ વિચારીને મેં આપ્યા છે.'

## ઉદારભાવ (૧)

(૨) પ્રભાશંકરના પૌત્ર મહેશભાઈનાં લગ્નપ્રસંગે એક ગૃહસ્થે કાગળ લખી પોતાની સ્થિતિ નબળી હોવાથી સો રૂપિયાની મદદ મોકલવા વિનંતી કરી. અને સાથે જણાવ્યું કે સંબંધને નાતે મહેશનાં લગ્નપ્રસંગે ચાંદલાના પાંચ રૂપિયા મોકલવા જોઈએ, પણ સ્થિતિ ન હોવાથી મોકલી શક્યા નથી, તો તે ચાંદલાના પાંચ રૂપિયા કાપી લઈ રૂ. ૯૫/-ની મદદ તુરત મોકલશો. પત્ર વાંચી પ્રભાશંકરે રૂ. ૧૦૫/-નો મનીઑર્ડર કર્યો અને જવાબમાં લખ્યું : 'તમારી ઇચ્છા મુજબ ચાંદલાના રૂપિયા પાંચ કાપી લીધા છે, પણ મારે ત્યાં પૌત્રનાં લગ્ન છે તે મોટી વાત હોવાથી હું ચાંદલાથી બમણું કરી પાછું આપું છું તો સ્વીકારશો.'

રાજ્યના નાનામોટા નોકરિયાતના સ્વભાવને તથા તેમની સ્થિતિને પારખી યોગ્ય માણસને અવસરે વગર માગ્યે આપવાની તક પ્રભાશંકર ઝડપી લેતા અને કામની કદરરૂપે અને સામા માણસનું સ્વમાન વધે, ઉત્સાહ વધે તે રીતે એ આપતા, ભાવનગર આલ્ફ્રેડ હાઈસ્કૂલના એક વખતના હેડ

માસ્તર અને પછીથી ભાવનગર જિલ્લાના નિરીક્ષકપદે આવી હાલ નિવૃત્ત શિવપ્રસાદ કે. બૂચ સાહેબે ઈ.સ. ૧૯૭૧માં મને કહેલી આ વાત તેમના શબ્દોમાં મૂકું છું :

**વહેવાર કુશળતા**

ઈ.સ. ૧૯૨૮ થી ૧૯૨૯માં હું શિક્ષક હતો અને બૉય સ્કાઉટની ટ્રેઈનિંગ આપતો. કપોળ બોર્ડિંગમાં ગૃહપતિ હતો. તે વખતે મારે ત્યાં લગ્નપ્રસંગ આવ્યો અને ખર્ચ માટે મારે રૂ. ૬૦૦/- ખૂટતા હતા. મેં કેળવણી ખાતાના ઉપરી મે. વિઠ્ઠલદાસભાઈ મહેતાને વાત કરી અને રાજ્ય તરફથી લોન મેળવવા સંબંધે પૂછ્યું. તેમણે જણાવ્યું કે મકાન ચણવું કે એવી બાબત હોય તો લોન મળે. છતાંયે અરજી કરી પટ્ટણી સાહેબને મળી જોવું. આમ કહી તેમણે પટ્ટણી સાહેબ ઉપર ભલામણચિઠ્ઠી લખી આપી. તે લઈ હું લીલે બંગલે ગયો અને પટ્ટણી સાહેબને અરજી આપી. તેમણે વાંચીને કોનાં લગ્ન છે વગેરે પૂછ્યું અને પછી અરજી પર કંઈક લખી તે કવરમાં મૂકી મને કહ્યું કે હજૂર ખાનગી ખાતાના ઉપરી ડમરી સાહેબને આ આપજો. હું ડમરી સાહેબ પાસે ગયો. તેમણે ચિઠ્ઠી વાંચી મને સામે બેસાડ્યો અને થોડી વારમાં જ રૂપિયા આપ્યા. તે એકવાર ગણ્યા, બીજી વાર ગણ્યા તોય રૂ. ૮૦૦/- થયા, એટલે મેં ડમરી સાહેબને પૂછ્યું : 'મને રકમ આપવામાં ભૂલ તો નથી થઈને ?' ડમરી સાહેબે પૂછ્યું : 'કેમ ?' મેં કહ્યું : 'આમાં આઠસો રૂપિયા છે. મારી માગણી છસોની છે.' ડમરી સાહેબે કહ્યું : 'તમે પટ્ટણી સાહેબે શું લખ્યું છે તે વાંચ્યું નથી ?' મેં ના કહી એટલે તેમણે મને વાંચવા દીધું. તેમાં લખ્યું હતું કે આ માણસ રાજના નોકર

છે. તેમના કામથી ખાતાના ઉપરીને સંતોષ છે. તેમને ત્યાં લગ્નપ્રસંગ હોવાથી તેમણે રૂ. ૬૦૦/-ની લોન માગી છે, તે તેમને આપવી. ઉપરાંત, રાજ્ય તરફથી લગ્નપ્રસંગે રૂપિયા બસો ભેટ દેવા ! મેં રૂ. ૬૦૦/-ની લોનની માગણી સિવાય કંઈ માગ્યું ન હતું, છતાં સામેથી મને પટ્ટણી સાહેબે રૂ. ૨૦૦/- ભેટ આપ્યા.

## ઉદારભાવ (૨)

કામથી અને લાંબી મુસાફરીઓથી થાકેલા વૃદ્ધ અને બીમાર પ્રભાશંકર બે દિવસ આરામ લેવા બોટાદ-જસદણ રેલવેમાર્ગ પરના ગલિયાણા સ્ટેશને સલૂન છોડાવી ત્યાં રહેલા. આજુબાજુ કોઈ ગામ ન હતું. ભાગ્યે જ કોઈ ઉતારુ આવે. પ્રભાશંકર સાથે સેક્રેટરી શાંતિલાલ પા. વૈદ્ય, રસોઈઓ અને ઠાકોર નામે માણસ હતા. પ્રભાશંકર ત્યાંથી ઘેલા સોમનાથ દર્શને જઈ આવ્યા એટલે પાછળ માણસો માગવા આવવા લાગ્યા. પ્રભાશંકરે સેક્રેટરીને બોલાવી કહ્યું : ‘આને રૂપિયા પાંચ આપો.’

સેક્રેટરી પોતાના કંપાર્ટમેંટમાં પૈસા લેવા ગયા. દર વખતે સાથે હજારેક રૂપિયા અને ચારસો પાંચસોનું પરચૂરણ રાખતા, પણ આ વખતે સો સોની નોટો સિવાય કંઈ જ ન હતું. તે સ્ટેશન માસ્તર પાસે નોટ વટાવવા ગયા. માસ્તેર કહ્યું : ‘સાહેબ, અહીં તો બેચાર દહાડે એકાદ ઉતારુ આવે. આ સ્ટેશન તો ભૂખડી છે.’ ત્યાં તો પ્રભાશંકરે ફરી સેક્રેટરીને બોલાવી કહ્યું : ‘વિલંબ કેમ થાય છે ?’ સેક્રેટરીએ કહ્યું : ‘આ વખતે સાથે પરચૂરણ લેવાનું રહી ગયું છે, ફક્ત સો સોની નોટો જ છે.’

'છેને ?' પ્રભાશંકરે કહ્યું', 'એના નસીબની હશે. એક નોટ એમને આપી દો.' અને એ માણસ સો રૂપિયા લઈને ગયો ! પ્રભાશંકરે સેક્રેટરીને એ વિશે કંઈ જ ન કહ્યું.

ધન આપી છૂટવામાં પ્રભાશંકરને સંતોષ ન હતો. બને તે રીતે સહાયરૂપ થવાના તેમના સ્વભાવમાં એક દૃષ્ટિ હતી. જીવને તાત્કાલિક દુઃખમાંથી ઉગારી લેવા એ જરૂરનું છે, પણ એટલું જ બસ નથી. લોકહિત માટે જાહેરપણે યત્ન કરનારને પ્રોત્સાહન, સહાય આપવા ઉપરાંત, મૂગાં કામ કરનારને શોધી તેમને આપવાનું તે ચૂકતા નહિ. એવા સેવકો પ્રત્યે તેમને વધુ આદર હતો. જેમ અમુક જમીનમાં અમુક પાક વધારે સારો અને વિશેષ પ્રમાણમાં થાય છે તેમ આવા સેવકોને આપેલું વધુ લોકનું હિત સાધી શકે છે, એવી એમની માન્યતા હતી. સમાજની વ્યાપક ઉન્નતિ એથી થઈ શકે એમ ગણી એને વધુ મહત્ત્વ આપતા, તેમ જ જે લોકો જનકલ્યાણ કરી શકે તેવી શક્તિવાળા, અધિકારના પદવાળા તથા સગવડવાળા હોય તેમને તે દિશામાં સમજપૂર્વક પ્રેરવા પોતાથી બનતું કરી છૂટતા. બેશક, એમના એ વહેવારમાં કદી સત્તાધીશનો આદેશ ન હતો. ઊંચા આસનેથી કરેલો વિદ્વત્તાભર્યો ઉપદેશ ન હતો, ક્યારેક સેવક સમાન નમ્ર સૂચન હતું તો ક્યારેક મિત્ર સમાન સન્માર્ગદર્શન હતું. એમ કરી છૂટવામાં એમણે ઘણા પ્રકારના ઘસારા સમજપૂર્વક સહી લીધેલા. થોડી વિગતથી એક દૃષ્ટાંત જોઈએ :

ઉત્તર ભારતના એક દેશી રાજ્યના રાજા; રાજા તરીકે અયોગ્ય છે, મનસ્વી છે, નોકરિયાતવર્ગ તથા પ્રજા પર દમન

કરે છે, એવી અંગ્રેજ સરકારની માન્યતા થતાં તે રાજાને વાઈસરૉયે દિલ્લી બોલાવી રૂબરૂમાં સારી પેઠે ઠપકો આપ્યો, ગાદી પરથી ઉઠાડી મૂકવાની ધમકી આપી અને રાજ્યમાં સરકાર સૂચવે તે માણસોની કમિટી નીમી તે દ્વારા રાજ્યવહીવટ ચલાવવાની ગોઠવણ કરી. ઉપરાંત, વહીવટમાં માથું મારવા પર અને હુકમ દેવાના અધિકાર પર પ્રતિબંધ મૂક્યો.

દેશી રાજ્યોના વહીવટ સુધારા માટે પંકાયેલા પ્રભાશંકર ઘણાં દેશી રાજ્યોના સલાહકાર પણ હતા. આ રાજ્યમાં વહીવટી કમિટી નિમાયા પછી દિલ્લી સરકારે પ્રભાશંકરને ત્યાં વહીવટ સુધારવા તથા સલાહ દેવા મોકલ્યા. પ્રભાશંકરે ત્યાં જઈ થોડા દિવસ રોકાઈ તંત્ર વ્યવસ્થિત કર્યું.

સરકારમાં અને પ્રજામાં અળખામણા થયેલા રાજા તરફ પ્રજાજનો તથા રાજ્યના નોકરો આદરમાનથી વર્તતા બંધ થઈ ગયેલા. સરકારે હાથમાંથી સત્તા લઈ લીધી તેના ખેદ સાથે પ્રજા તથા નોકરો તરફથી થતા અવમાનમાં રાજાને જીવવાનું હતું. તે વખતે પ્રભાશંકરે ત્યાં જવા સાથે રાજાને આદરપૂર્વક માન આપ્યું અને અધિકારી સેવક તરીકે વહેવાર કર્યો. પ્રભાશંકરે જે સલાહસૂચનો કર્યાં અને સુધારાઓ દાખલ કરાવ્યા તેથી વહીવટી કમિટીના સભ્યો તથા રાજા બન્ને પ્રસન્ન થયા. પ્રભાશંકરના વર્તાવથી થોડા દિવસમાં રાજાને તે આત્મીય વડીલ લાગ્યા.

એક વખત એકાંતમાં રાજાના પ્રજા ઉપરના અધિકાર પરત્વે વાત થતી હતી, તે પ્રસંગે પ્રભાશંકરે કહ્યું : 'શા માટે ન કરાય ? હુકમ કરી શકાય.' અને ઉમેર્યુ : 'જો દીવાન હુકમ કરી શકે તો એ દીવાનની નિમણૂક હુકમથી કરનાર

રાજા શા માટે હુકમ ન કરી શકે ?'

સાંભળતાં જ રાજાની આંખમાં આંસુ આવી ગયાં. તેમણે કહ્યું : 'તો શા માટે મારા પર હુકમ કરવા બાબત પ્રતિબંધ મૂક્યો છે ?'

પ્રભાશંકરે ઉત્તર આપતાં સમજાવ્યું : **'હાથમાં સત્તા આવે એટલે હુકમ દેવાની આદત પડી જાય છે. ઓછાં નાણાંવાળો માણસ કરકસર કરે અને જરૂર હોય ત્યાં જ ખરચ કરે, પણ ધન વધે એટલે માણસો બિનજરૂરી ખર્ચ કરતા થઈ જાય છે. ભોગવિલાસમાં તથા બીજા એવા ખર્ચ કરે છે કે જેથી તેમને પોતાને તેમ જ તેમનાં કુટુંબીને નુકસાન થાય.'**

## વચન પાળ્યું

ઈ.સ. ૧૯૩૧માં કૃષ્ણકુમારસિંહજી ગાદીએ આવતાં પ્રભાશંકર ભાવનગરના ઍડ્મિનિસ્ટ્રેટરના હોદ્દા પરથી નિવૃત્ત થયા. મહારાજાની ઇચ્છાથી તેમના સલાહકાર રહ્યા, પણ પગારદાર ન હતા. આથી, આવક ઘટી ગઈ. પેન્શન મળતું, પણ તે ઘણું ઓછું પડતું. રાજ્ય પાસેથી તથા બીજેથી ઉછીનાં નાણાં લેવાં પડતાં. પોતે દીનબંધુ ઍન્ડ્રુઝને શાંતિનિકેતન માટે રૂપિયા પાંચ હજાર આપવા વચન આપેલું તે રકમ તેમણે દર મહિને હજાર હજાર મોકલી પૂરી કરી. દાતા તરીકે તેમની નામના વધી હોવાથી માગવા આવનાર ઘણા વધી ગયા હતા. તેમાં થોડા ધનિકો તથા તકવાદીઓ પણ હતા. તેમને પણ દેતા. કોઈને ના કહી ન શકતા, પણ મર્યાદિત આવકમાં પોતાની પાસે ન આવી શકનાર ખરેખરી જરૂરિયાતવાળાને પોતે શોધીને આપી શકતા નથી તેનું તેમને ઘણું દુઃખ થતું.

**‘ગરીબ આ દેશની વસ્તી, કરોડો જ્યાં ભૂખે મરતા,**
**ધનિક ત્યાં માગવા આવે, મને તે દુઃખ થાયે છે.’**

એમ નોંધનાર પ્રભાશંકરની ગાંધીજી સાથેની મૈત્રી જાહેર હતી. એટલે કૉંગ્રેસનાં જુદાં જુદાં કાર્યો નીચેનાં ફંડો ઉઘરાવવા અનેક કાર્યકરો વિના સંકોચે પ્રભાશંકર પાસે અપેક્ષા રાખી આવીને લઈ જતા. એક વખત પ્રભાશંકરે ગાંધીજીને પત્ર લખ્યો :

પૂજ્ય મહાત્માશ્રી,

મારી થેલી માટે આપે લખ્યું છે, ભાવનગર થેલી લઈ જાય છે અને ફરી ફરીને માગે છે અને મેળવે છે. કાઠિયાવાડ થેલીમાં હાથ નાખે તે જુદો. હિંદનાં જુદાં જુદાં ફંડો માગે તે જુદું. એમ હવે થેલીને થાક લાગે છે. કેમ કે બીજાં રાજ્યોના મિનિસ્ટરોની પેઠે આત્મા વેચીને નાણાં ભેળાં કર્યાં નથી. છતાં આપની ઇચ્છા હોય ત્યાં ના કેમ પાડી શકું ?’

લિ. આજ્ઞાંકિત

પ્રભાશંકરના પ્રણામ.

અને આમ લખ્યા છતાં તેમણે બમણી રકમ મોકલી.

પોતે આપી શકે એટલી આવક રહી ન હતી અને માથે કરજ હતું. કરજની ફિકર તેમને ક્યારેક થતી, પણ કુટુંબના માણસો કે સંબંધીઓ દેવામાં અમુક હદ રાખવાનું સૂચવતા ત્યારે એમને થતું દુઃખ એ મૂગાં થઈ જતા તેમાં વ્યક્ત થતું.

## હવે હું કેટલા દી ?

પ્રભાશંકર દિલ્લી હતા. જે કામ સરકાર સાથે ચાલતું હતું તેમાં બે દિવસ નિષ્પ્રવૃત્ત પાળવા પડે તેમ હતા. એટલે એ દરમિયાન પંડિત મદનમોહન માલવિયજીને મળવા પ્રભાશંકર

વારાણસી ગયા. સાથેના સેક્રેટરી હરિપ્રસાદ ભ. ભટ્ટને થયું કે પટ્ટણીજી પોતાના મિત્ર માલવિયજીને આપ્યા વગર રહેશે નહિ. એ ન દઈ શકે તેમ કરવાના ઈરાદાથી દિલ્લીથી નીકળતી વખતે ચેકબૂક પોતાની અંગત બૅગને તળિયે મૂકી બૅગને તાળું માર્યું અને પ્રભાશંકરને વિનંતી કરી : 'આપ જો રજા આપો તો હું સ્ટેશનેથી જ કાશીવિશ્વનાથનાં દર્શને તથા સંતોને મળવા નીકળી જાઉં, જવા વખતે સીધો સ્ટેશને આવી જઈશ.'

પ્રભાશંકરે હા કહી એટલે જેવી ટ્રેન પ્લૅટ્ફૉર્મ પર આવીને ધીમી પડી કે હરિપ્રસાદ ચાલુ ટ્રેને ઊતરી ચાલતા થયા. સામે આવેલા માલવિયજીને નમસ્કાર કરવા જેટલુંયે ખોટી ન થયા અને ઝડપથી નીકળી ગયા અને સાંજે ટ્રેન ઊપડતી વખતે પાછા આવી, છેવાડાના ડબ્બામાં પોતે નજરે ન પડે તેમ ચડી ગયા. માલવિયજી પ્રભાશંકરને વળાવી ગયા. ટ્રેન ઊપડી. પોતે કંઈક ઠીક કરી લીધું છે, એમ હરિપ્રસાદે માન્યું.

બીજે સ્ટેશને એ પ્રભાશંકર પાસે સલૂનમાં ગયા. પછી બન્ને સાથે જમ્યા. વિગતથી ઘણી વાતો થઈ. દોઢેક કલાક પછી હરિપ્રસાદે રજા લીધી ત્યારે પ્રભાશંકરે કહ્યું : 'હરિપ્રસાદ, હવે હું વૃદ્ધ થયો એટલે ભૂલીયે જાઉં. માટે, અત્યારે જ કહી દઉં છું. ચેકબૂકમાં છેલ્લા ફાટેલા ચેકના કાઉન્ટરમાં આજની તારીખ બનારસ હિંદુ યુનિવર્સિટીને રૂપિયા પાંચ હજાર આપ્યા તેમ લખી નાખજો.'

હરિપ્રસાદે કહ્યું : 'જી. ચેકબૂક મેળવતાં તકલીફ થઈ હશે. હું દિલગીર છું. એ મેં મારી બૅગમાં મૂકેલી.' પોતાની

દાઢીએ હાથ ફેરવતાં હસીને પ્રભાશંકરે કહ્યું : 'મને કંઈ તકલીફ પડી નથી. તારું મન વાંચી લીધેલું, એટલે દિલ્લીમાં જ ચેકો કાઢતી વખતે કોરા ચેકનું પાનું લઈ લીધેલું.'

હરિપ્રસાદે કહ્યું : 'માફ કરો તો અરજ કરું. માલવિયજીને આખા હિંદમાંથી ફાળો મળે છે. ખેંચને વખતે પણ આપે આવડી રકમ કેમ આપી.'

પ્રભાશંકરે કહ્યું : 'જાણું છું કે કરકસર કરું તો સહુને ગમે પણ મને કોક દેતાં રોકે, ન દેવાની સલાહ દે ત્યારે મારાથી વધારે દેવાઈ જાય છે. અને હવે એમ થાય છે કે હું હવે કેટલા દી ? આપી દેવા દે. એમાં જ ટાઢક વળે છે ભાઈ !'

આ પ્રસંગોની વિગતમાંથી પ્રભાશંકરનાં જે ભાવ અને રીતિ દેખાય છે, તે તેમની એક પદ્યરચનામાં મસ્તીભરી રીતે તરવરી ઊઠે છે :

**'ખરચતાં આપતાં દેતાં, સુખોમાં રાખતાં રે'તાં;**
**કદી ધનમાલ ખર્ચાઈ ભલેને જાય તો જાઓ.**
**ગરીબનાં દુઃખમાં રોતાં અવરનાં પાપને ધોતાં,**
**અમૂલો દેહ પોતાનો પડી જો જાય તો જાઓ.**
**ગરીબની વહારમાં ધાતાં, જળે સચ્ચાઈને નાહતાં,**
**કદી ઘરબાર લુટાઈ અમારાં જાય તો જાઓ.**
**અમારી ટેકને ગાતાં, બતાવેલે પથે જાતાં,**
**પ્રભુયે ખાસ રિસાઈ ભલેને જાય તો જાઓ.**
**પ્રભુની જ્યાં નથી પરવા, બીજાની હોય શું કરવા ?**
**હવે ક્યાં દેહ છે ધરવા ? પડી આ જાય તો જાઓ.'**

❏

॥ હરિઃૐ ॥

# ૧૫. સાંભર્યું

## ભાઈ, તમને એ નહિ સમજાય

ઈ.સ. ૧૯૨૭ પછીની આ વાત છે. પ્રભાશંકર મુંબઈથી ભાવનગર આવતા હતા. રસ્તામાં વઢવાણ જંકશને તેમના સલૂનને શંટિંગમાં કાઢી ઘણે દૂર મૂકવામાં આવેલું, તે વખતે એક વૃદ્ધે સલૂનનું બારણું ખખડાવ્યું. અંદરથી સેક્રેટરી શાંતિલાલ પા. વૈદ્યે બારીમાંથી જોયું. વૃદ્ધે કહ્યું કે મારે પટ્ટણી સાહેબને સલામ કરવી છે. સેક્રેટરીએ કહ્યું કે એ નહિ બની શકે. પટ્ટણી સાહેબ આરામમાં છે. એ વૃદ્ધ પાછલી બાજુએ ગયો, ત્યાં બારી પાસે પટાવાળા જમાલભાઈ બેઠા હતા. વૃદ્ધે તેને કહ્યું કે મારે પટ્ટણી સાહેબને સલામ કરવી છે. મહેરબાની કરી કંઈક ગોઠવણ કરી દો. એમણે એ પણ કહ્યું કે પોતે કંઈ અરજ ગુજારવા આવેલ નથી. જૂની ઓળખાણ છે એટલે ફક્ત દર્શન કરવાં છે.

જમાલભાઈએ પ્રભાશંકર પાસે જઈ વાત કરીને કહ્યું કે એ માણસ ઘરડો છે, ચીંથરેહાલ છે, ગરાસિયા લાગે છે. ભેટે તલવાર છે, એને કોઈ અરજ કરવી નથી એમ કહે છે. એને શું જવાબ દઉં ?

પ્રભાશંકરે કહ્યું કે આવવા દો. જમાલભાઈ એને લઈ આવ્યા. આવનાર વૃદ્ધે પ્રભાશંકરને રામ રામ કરી નમતાં કહ્યું કે કાં પટ્ટણી સાહેબ, કેમ છો ! મને ઓળખ્યો ? પ્રભાશંકરે ધારીને જોયું અને કહ્યું કે જોયા હશે, મળ્યા હશું, પણ હવે

ઘડપણથી ભૂલી ગયો છું. તમે અહીં નિરાંતે બેસો અને કહો કે તમે કોણ ?

વૃદ્ધે કહ્યું કે કેમ ભૂલી ગયાને ! યાદ કરો, તમે મૅટ્રિકની પરીક્ષા દેવા અમદાવાદ ગયેલા તે. રાજકોટથી અહીં થઈને જવાનું થયું હતું ત્યારે તમારા સસરા વૈદ્યરાજ મણિશંકરભાઈનો રાજકોટથી મારા પર કાગળ હતો કે મારા જમાઈ પરીક્ષા દેવા અમદાવાદ જવાના છે. તે આ દિવસે સગરામમાં નીકળી ત્યાં પહોંચશે, તમે સામા લેવા જજો. નામ પ્રભાશંકર પટ્ટણી છે. વાન ઊજળો છે, આવો બાંધો છે, આવો પહેરવેશ છે. ત્યાંથી તમે એમને અમદાવાદ પહોંચતા કરજો. હવે યાદ આવે છે કે હું તમને સામે તેડવા આવેલો ? મારે ઘેર તેડી ગયેલો ?

વાત સાંભળતાં પ્રભાશંકર બેઠા થઈ ગયા, હાથ મિલાવી માફી માગી કહ્યું કે હા, હવે બધું સાંભરી આવ્યું, પણ આ પચાસ વર્ષ પહેલાંની વાત, એટલે તમને ન ઓળખ્યા, પણ એ વાત નથી ભૂલ્યો. એ દિલ, એ તમારી રખાવટ ક્યાં મળે ? તમને મળી બહુ રાજી થયો. સારું કર્યું તમે આવ્યા. હું તમારે ઘેર રાત રહેલો. વૃદ્ધે કહ્યું કે તમે આવ્યા પણ તમે બ્રાહ્મણ, અમારું રાંધ્યું તમને ખપે નહિ. તમને સીધું દીધું અને તમે લાડુ, અડદની દાળ કરી ખાધું અને હારે અમનેય ખવરાવ્યું. તે દી તમે જે રહ્યા અને બોલ્યા ઈ અમને સાંભર્યા કરે. પછી તો તમે ભાવનગરના દીવાન થયા ઈ ખબર સાંભળ્યા ત્યારે રાજી થયા. આજે સ્ટેશનમાં ફરતો હતો ત્યાં સલૂન જોયું, પૂછ્યું, કોનું છે ? કીધું કે પટ્ટણી સાહેબનું છે. એટલે થયું કે

હાલ જીવ, ઘણાં વર્ષ થયાં, પટ્ટણીનાં દર્શન કરું, હવે કેવાક લાગે છે ? ઘડપણથી ભાઈ, લેવાઈ ગયા છો.

આ વાતો દરમિયાન પ્રભાશંકરે ચિઠ્ઠી લખી, તાળી પાડી, જમાલભાઈ આવ્યા તેને એ ચિઠ્ઠી સેક્રેટરી શાંતિલાલને દેવા આપી. શાંતિલાલ કવર લઈ આવ્યા. તે કવર વૃદ્ધ ગરાસિયાના હાથમાં મૂકતાં પ્રભાશંકરે કહ્યું કે આવા જૂના સંબંધ કોણ જાળવે ? વૃદ્ધે કવર ઉઘાડી અંદર રૂ. ૧૦૧/- જોઈ કહ્યું કે પટ્ટણીજી, આ ન હોય. હું આ માટે નથી આવ્યો. પ્રભાશંકરે કહ્યું કે એ હું સમજું છું. આપણે એક જ વાર મળ્યા. ઈ વાતનેય આજે પચાસ વર્ષ થઈ ગયાં. તે દીનો પ્રેમ તમે આ ઉંમરે અહીં સુધી આવીને બતાવ્યો ! મારાથી તમારી પેઠે બન્યું નહિ. તમારા પ્રેમનો સ્વીકાર હું આ રીતે કરું છું. ભાઈ, આશા રાખું કે તમને અયોગ્ય ન લાગે.

એ વૃદ્ધ ગયા ત્યારે પ્રભાશંકર બારણા સુધી તેમને વળાવી આવ્યા. એ ગયા પછી સેક્રેટરી શાંતિલાલે કહ્યું કે બાપુજી, આવા તો કૈં આવે એવાનેય આટલું આપો છો ?

ખેદથી હસી દાઢી પર હાથ ફેરવતાં પ્રભાશંકરે કહ્યું : ‘ભાઈ, તમને એ નહિ સમજાય એ કેવો માણસ છે ! એની એંઠ હજી આ દાઢમાં ભરી છે.’

❑

॥ હરિઃૐ ॥

# ૧૬. નિમણૂક

સર પ્રભાશંકર પટ્ટણી ભાવનગર રાજ્યના ઍડ્‌મિનિસ્ટ્રેટર હતા (૧૯૧૯ થી ૧૯૩૧) ત્યારે ભારતના સર્વ દેશી રાજ્યના ઉત્તમ સલાહકાર તરીકે તેમની નામના હતી,

## જવાબ દેવાની કુનેહ

ઉત્તરહિંદના એક રાજ્યમાં રાજા ગેરવહીવટ કરે છે તે બહાને વાઈસરૉયે તેમની સત્તા ખૂંચવી લઈને રાજ્યવહીવટ માટે કારોબારી નીમેલી, એ મહારાજા પોતાની કોઈ બાબતમાં પ્રભાશંકર પાસે માર્ગદર્શન મેળવવા ભાવનગર આવેલા. પ્રભાશંકરને મળ્યા ત્યારે પોતાની સાથેના એક આદમીનો પરિચય આપતાં મહારાજાએ કહ્યું કે આ મારા પરમ મિત્ર છે. મારે તેને મારા રાજ્યમાં સારા હોદ્દા પર નોકરી દેવી હતી, પણ હાલમાં વાઈસરૉય સાહેબે મારી સત્તા ખૂંચવી લીધી છે. તેથી, હું તેમને મારી સાથે આપની પાસે લાવ્યો છું. આપ ભાવનગરમાં સર્વોપરી છો. આપ એમને ભાવનગરમાં કોઈ સારા હોદ્દા પર નીમી દો. એમને આવકની જરૂર છે.’

પ્રભાશંકરે કહ્યું કે ‘સારી વાત છે, પણ તેમને ન્યાય, વસૂલાત, શિક્ષણ યા કોઈ ખાતાનો અનુભવ કે જાણકારી છે ? ભણતર ક્યાં સુધીનું ?

મહારાજાએ કહ્યું : ‘અનુભવ તો કંઈ નથી. શૈક્ષણિક લાયકાત પણ કોઈ નથી, પણ મારા પરમ મિત્ર છે. સાથે જ રહે છે, શિકાર સારો ખેલે છે. તે રમીમાં નિષ્ણાત છે.’

પ્રભાશંકરે કહ્યું કે 'આપ જે હેતુથી ભાવનગર પધાર્યા છો તે વાત પૂરી કરીએ, પછી એમની વાત કરીશું.'

દોઢેક કલાકની ચર્ચા પછી મહારાજા ઊઠ્યા. પટ્ટણીજી તેમને વળાવવા ઊભા થયા ત્યારે પ્રભાશંકરના રહસ્યમંત્રી કોઈ આદેશ લેવા આવ્યા. તેમને નજીક બોલાવી તેમના ખભા પર હાથ થાબડતાં પ્રભાશંકરે કહ્યું : 'મહારાજા સાહેબ, આ અમારા રહસ્યમંત્રી છે. ગ્રેજ્યુએટ્ છે. સેક્રેટરીનું કામ શીખ્યા છે. મને એમના તરફ બહુ લાગણી છે. આપ એમને આપની મોટરકારના શૉફર બનાવી દો.'

'જરૂર' મહારાજાએ કહ્યું : 'પણ તેમને મોટર હાંકતા તો આવડે છેને ?'

'બિલકુલ નહિ.' પ્રભાશંકરે કહ્યું, 'પણ મને એ જુવાન બહુ ગમે છે.'

મહારાજાએ કહ્યું : 'મોટર હાંકતા ન આવડતું હોય તો તો જીવનું જોખમ.'

પ્રભાશંકરે કહ્યું : 'હું પણ આપ કહો છો તે રીતે જ રાજ્યના વહીવટ વિશે વિચારું છું. આપ કહો, આપના મિત્રને હું ક્યાં જગ્યા આપું ?'

❑

॥ હરિઃૐ ॥

# ૧૭. કોન્સ્ટેબલ જીવાભાઈ

ઈ.સ. ૧૯૩૫માં વાઈસરૉય લૉર્ડ વિલિંગ્ડન ભાવનગરની ખાસ મુલાકાતે આવેલા, તે વખતે તેમનું દબદબાભર્યું સ્વાગત કરવાનો રાજ્યે નિર્ણય લીધેલો. સ્વાગતના એક અંગરૂપે વાઈસરૉયની સ્પેશિયલ ટ્રેન ટર્મિનસ સ્ટેશને આવે ત્યારે હારતોરા કરી વાઈસરૉયને સરઘસમાં ગામમાં ફેરવવાના હતા. તે કાર્યક્રમમાં ભૂલ ન રહેવા પામે તે માટે તાલીમ આપી એકવાર તેનું રિહર્સલ કરવાનું નક્કી થયું. તેમાં વાઈસરૉય તરીકે પાઠ ભજવી શકે તેવા માણસની પસંદગી મહારાજા પોતે, પ્રભાશંકર પટ્ટણી તથા બીજા અમુક અમલદારોની કમિટીએ કરી. તેમાં પોલીસખાતાના એક કોન્સ્ટેબલ જીવાભાઈ પર પસંદગી ઊતરી. એમના પર વાઈસરૉયનો પાઠ ભજવવાનું આવ્યું. ઠરાવ્યા મુજબ ભાવનગર પરા સ્ટેશનથી ભાવનગર ટર્મિનસ સ્ટેશને ટ્રેન આવી ઊભી રહી. જીવાભાઈ તેમાં વાઈસરૉય તરીકે આવ્યા. સલૂનના બારણામાં દબદબાથી ઊભા, સલામ ઝીલી, ઊતર્યા, મહારાજા, પ્રભાશંકર તથા બીજા ઉચ્ચ અધિકારીઓથી હારતોરા અને સન્માન પામ્યા, હસ્તધૂનન થયાં, તોપો ફૂટી, પોલીસખાતાએ રીતસર સલામી આપી, જીવાભાઈએ અદાથી ઝીલી અને પછી વાજતે ગાજતે ધામધૂમથી ખાસ મોટરમાં વાઈસરૉયની છટાથી બેઠેલા જીવાભાઈ સાથેનું સરઘસ શહેરના મુખ્ય માર્ગોએ ફરી, મોતીબાગ થઈ નીલમબાગ પહોંચ્યું. રિહર્સલ પૂરેપૂરું સફળ થયું અને તે પછી લૉર્ડ વિલિંગ્ડન આવીને ગયા.

થોડા દિવસ પછી મહારાજાની સલાહકાર કાઉન્સિલના પ્રમુખ પ્રભાશંકર પાસે પોલીસખાતા મારફત એ જીવાભાઈનું રાજીનામું મંજૂર થવા આવ્યું. એ રાજીનામામાં નોકરી પરથી ઊતરી જવા માટે કોઈ કારણ આપ્યું ન હતું. તેમ જ, ખાતાના ઉપરીએ તે પરત્વે પોતાની નોંધ મૂકી ન હતી. આથી, પ્રભાશંકરને નવાઈ લાગી. રાજ્યની પ્રથા હતી કે રાજીનામું મૂકનાર દરેક નોકરને રાજ્યના વરિષ્ઠ અધિકારી એકાંતમાં રૂબરૂ બોલાવી કારણ જાણતા અને પછી યોગ્ય જણાય તો મંજૂર કરતા. પ્રભાશંકરે જીવાભાઈને રૂબરૂ મળવા બોલાવ્યા. એ આવ્યા. પ્રભાશંકરે કારણ પૂછ્યું. જીવાભાઈએ જવાબમાં એવું કહ્યું કે જે પોલીસ અધિકારીઓની નીચે પોતે આજ દી સુધી કામ કર્યું એ જ અધિકારીઓની વાઈસરૉયરૂપે સલામ ઝીલી એ અધિકારીઓને પોતે હવે જ્યારે મળે ત્યારે તે સાહેબોને સલામીનો પ્રસંગ યાદ આવ્યા કરે. તેથી, તેમને માનહાનિનું ભાન થાય, એ સ્થિતિ પોતાની નોકરી માટે ઠીક નહિ. અને ખાસ તો એ કે પોતાની સેવાથી પોતે જે ઉપરીઓને સંતોષ આપેલો છે તે ઉપરીનાં દિલ પોતાને કારણે કોચવાય નહિ, એ વિચારે રાજીનામું આપેલ છે. આ કારણ રાજીનામામાં લખવું એ બરાબર નહિ તેથી નથી લખ્યું.

પ્રભાશંકરે પૂછ્યું કે ગુજરાનનું કંઈ સાધન છે ? જમીન ખોરડાં છે ? આ નોકરીમાંથી છૂટા થઈને કરશો શું ?

જીવાભાઈએ કહ્યું કે જમીન ખોરડાં કાંઈ નથી. નોકરી ગયે શું કરીશ તે ખબર નથી. નોકરી નહિ કરું. હાડમારી તો પડશે પણ આ રીતે નથી રહેવું. કાંઈક કરીશ.

સ્વમાનની ભાવના અને નોકરીમાં પોતાના ઉપરીઓના મનમાં કેવા ભાવ જાગે અને તેમનું દિલ પોતાના કારણે ન દુભાય તે જોવાની જીવાભાઈની ખેવના જોઈને પ્રભાશંકરે તેમને નિયમ કરતાં સારું એવું વધારે પેન્શન કરી આપીને તેમનું રાજીનામું મંજૂર કરવા મહારાજાને ભલામણ કરી. તથા, મંજૂરીની સહી કરતાં પહેલાં જીવાભાઈને રૂબરૂ મળ્યા, વાતો કરી અને સારે પેન્શને રાજીનામું મંજૂર કરી જાતપદરથી અમુક ઇનામ આપ્યું. નિવૃત્ત જીવાભાઈએ પછી કોઈની નોકરી ન કરી, બીડીઓ વાળી ગુજરાન ચલાવ્યું.

❏

॥ હરિઃૐ ॥

## ૧૮. સર પ્રભાશંકર પટ્ટણી અને મિ. કીલી

કાઠિયાવાડ રાજકીય પરિષદનું ત્રીજું અધિવેશન જાન્યુઆરી, ૧૯૨૫માં ભાવનગરને આંગણે ભરાયું. અંગ્રેજો સામેની રાષ્ટ્રવાદી લડતના એક અંગ જેવી એ સંસ્થાનું અધિવેશન ભાવનગર રાજ્યે ભરવા દીધું એથી ઘણાં દેશી રાજ્યોને અને ખાસ કરીને સરકારી કોઠીને, આશ્ચર્ય સાથે ઇતરાજી થયેલી. પરિષદના મોવડી કાર્યકરો પ્રજાકીય હકો પરત્વેનાં ભાષણો પહેલેથી જ રાજ્યકર્તાઓ પ્રત્યેની ઉગ્ર, દ્વેષભરી અને ક્યારેક ગલીચ ભાષામાં કરતા, એવી છાપ સરકારી અને રજવાડી અમલદારોમાં હતી. ભાવનગર રાજ્યના એ વખતના ઍડ્મિનિસ્ટ્રેટર સર પ્રભાશંકર પટ્ટણી હતા. તેમને પણ આ વ્યાખ્યાનોમાં વપરાતી ભાષા યોગ્ય ન લાગતી. તેમને એ વાતનું દુઃખ હતું કે રજનું ગજ કરીને ગંદી દ્વેષભરી ભાષાના વપરાશથી ઊછરતી પ્રજાનું માનસ બગડે છે, રાજા પ્રજાના સંબંધ બગડે છે, એ ભાવિ પ્રજા માટે યોગ્ય નથી. વાણીમાં વિવેક અને ભાવિ પ્રજાના શુભ સંસ્કારને દૃષ્ટિ સામે રાખીને કરાયેલાં વ્યાખ્યાનો કામ સાધે છે. કાઠિયાવાડ રાજકીય પરિષદના નેતાઓને તેમણે આ પરત્વે સૂચન કરેલું, પણ તેનું કશું જ પરિણામ તેમને જણાયું નહિ. ભાષા યોગ્ય જ બોલાય છે. એવો પરિષદના મોવડીઓનો સીધો જવાબ હતો. એટલે જ્યારે પરિષદનું ત્રીજું અધિવેશન ભાવનગરમાં ભરવાનો નિર્ણય લેવાયો ત્યારે તે ભાવનગર રાજ્યની હદમાં ન ભરવા દેવાનો રાજ્યે હુકમ કાઢ્યો. પરિષદના કાર્યકરોએ ભાષણો તથા

છાપાંઓ દ્વારા એ હુકમ વિરુદ્ધ ઘણો પ્રચાર કર્યો, સત્યાગ્રહ કરવાની ધમકી આપી, પણ રાજ્યે નીતિ ન બદલી. છેવટે, વાણીમાં સંયમ રાખવા તેમ જ ભાવનગર રાજ્ય સિવાય બીજાં રાજ્યોની ટીકા ન કરવાની લેખિત બાંયધરી પરિષદના મોવડીઓએ આપી અને એ બાંયધરી મુજબ સંચાલન કરી શકે તેવા ગાંધીજીએ પ્રમુખપદ સ્વીકાર્યું ત્યારે ભાવનગરમાં અધિવેશન ભરાયું. આ અધિવેશન પૂરું થયા પછી ગાંધીજી બે દિવસ માટે પ્રભાશંકરના મહેમાન બની તેમની સાથે ત્રાપજ રહેલા. મહારાજા સગીર હોવાથી રાજ્યનો કારભાર સરકાર હસ્તક હતો અને પ્રભાશંકર એ સરકારે નિયુક્ત કરેલા ઍડ્મિનિસ્ટ્રેટર હતા. ભાવનગરમાં કાઠિયાવાડ રાજકીય પરિષદનું અધિવેશન ભરવાની મંજૂરી રાજ્યે આપી, પણ એ મંજૂરી દેતાં પહેલાં સરકારની રાજ્યે મંજૂરી મેળવી ન હતી, તેમ તેને રાજ્યે પરિષદને આપેલી મંજૂરીની જાણ કરી ન હતી. આ વાત કોઠી સરકારને રુચિ નહિ. પ્રભાશંકરના તેમણે ખુલાસા માગ્યા અને એ આપવા છતાં એ વખતના એ.જી.જી. (એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ) મિ.સી.સી. વૉટ્સને પ્રભાશંકરને લખી જણાવ્યું કે ખુલાસા બરાબર હોવા છતાં કાઠિયાવાડ રાજકીય પરિષદનું સંમેલન ભાવનગરમાં ભરાવા દીધું એ પગલું યોગ્ય ન હતું.

મિ. વૉટ્સન પછી કર્નલ મૉસ એ.જી.જી. થયા, જે આ હકીકતથી વાકેફ હતા. એ પોતે ત્યાંથી ટૂંક સમયમાં નિવૃત્ત થઈ ભાવનગરની ઍડ્મિનિસ્ટ્રેટીવ કાઉન્સિલના વાઈસ પ્રેસિડન્ટ તરીકે આવ્યા. અને મિ. ઈ.એચ. કીલી એ.જી.જી થયા. તે

કર્નલ મૉસના મિત્ર હતા. વાઈસ પ્રેસિડન્ટ તરીકે આવવાથી કર્નલ મૉસને ભાવનગર રાજ્યની નીતિ તથા વહીવટની પૂરી વિગતો મળવા ઉપરાંત, આખા હિંદમાં જે સ્વરાજ્ય માટેની લડત ચાલતી હતી તેમાં ભાવનગરની પ્રજા કેવો અને કેટલો ફાળો આપી રહી છે તેની વિગતો પણ મળવા લાગી. બીજી બાજુથી પ્રભાશંકર પટ્ટણીની વિરુદ્ધ રાજ્યમાં થોડી ખટપટ શરૂ થઈ હતી. સગીર મહારાજા પુખ્ત વયના થતાં ગાદીએ આવે ત્યારે પોતાને વધુ લાભ મળે તેવી આશાએ અમુક માણસોએ પ્રવૃત્તિ શરૂ કરેલી. વૃદ્ધ પ્રભાશંકર એક યા બીજી રીતે નિવૃત્ત થાય તો તેમની જગ્યાએ આવવા જુદી જુદી વ્યક્તિઓ પોતપોતાની રીતે યત્ન કરતી હતી. પોતે વાઈસ પ્રેસિડન્ટના હોદ્દા પર હોવાથી પોતે જ પટ્ટણીની જગ્યાએ આવી શકશે એવો સંભવ લાગતાં કર્નલ મૉસ પણ યત્ન કરતા હતા. એ યત્નમાં તેમને પ્રભાશંકરથી અસંતુષ્ટ એવા એક બે અમલદારોનો સાથ હતો. આ યત્નમાં તેમની ઉપર એ.જી.જી. મિ. કીલીનો સાથ હતો. એ પોતે ખટપટ કરતા હતા એવો કોઈ લેખિત પુરાવો નથી મળ્યો. જાહેરમાં પોતે પ્રભાશંકરના મિત્ર હોવાનું કહેતા. જે બે અમલદારોની ઊઠબેસ કર્નલ મૉસને ત્યાં સવિશેષ હતી, તેઓએ પોતાની સહીથી પટ્ટણી વિરુદ્ધ એ.જી.જી. મિ. કીલીને અંગત કાગળો લખેલા એવી વાત એ.જી.જી.ના સ્ટાફના માણસોમાંથી જાણવા મળેલી. સ્ટાફના જે માણસે પ્રભાશંકરને કહ્યું કે હું આપને એ કાગળ બતાવું ત્યારે પ્રભાશંકરે કહ્યું કે મને તેમાં રસ નથી અને મારે એવું કરવું નથી. ‘આપ જાણો છો તોય તેઓને કેમ કંઈ કરતા

નથી ?' એવા પ્રશ્નના જવાબમાં પ્રભાશંકરે કહ્યું કે મરહૂમ મહારાજા સાહેબે એમને પોતાના ગણીને રાખેલા. હાલ એ નામદારની હયાતી નથી ત્યારે તેમના પ્રત્યેની મારી ફરજ સમજી હું તેમને જાળવું છું. કોઈ એક પ્રસંગે રાજકોટમાં એ.જી.જી.મિ. કીલીને મળવા ગયેલા ત્યારે કર્નલ મૉસ સંબંધે વાત નીકળતાં પ્રભાશંકરે કહેલું કે કર્નલ મૉસ વાઈસ પ્રેસિડન્ટ તરીકે આવે એવી મારી ભલામણને સરકારે માન્ય રાખી તેમની નિમણૂક કરી તેથી હું ખુશી થયો છું. મને આશા છે કે ભાવનગરને એ પોતાનું ગણી તેનું હિત જાળવશે. એ જ કરવાનું છે. હું ન હોઉં તોય બાળમહારાજા અને ભાવનગર રાજ્યનું શું થશે એવી ચિંતાનો બોજો હળવો થયો છે. રાજ્યને સંભાળી લે એવા ઘણા માણસો ભાવનગરમાં છે.

એક હકીકત સ્મરણે રાખવા યોગ્ય છે. ગાંધીજીના 'નવજીવન' કરતાં જેની ખપત કાઠિયાવાડમાં અનેકગણી હતી એ 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક સ્વાતંત્ર્યની ભાવના પ્રજામાં રેડવા તેમ જ ઉશ્કેરવા માટે ઘણું કામ આપતું હતું. વળી, એ અરસામાં રશિયામાં રાજ્યકર્તા ઝાર સામે પ્રજાએ સશસ્ત્ર બળવો કરી, ઝારના કુટુંબને ઠાર મારી સામ્યવાદી તંત્રની સ્થાપના કરેલી તે બીના તાજી હતી. લોકતંત્ર જ હોવું જોઈએ એવા વાતાવરણમાં કેળવણી લેનાર ભારતની પ્રજા માટે રાજાશાહી તો જવી જ જોઈએ. એ વિચાર ઉગ્ર બનતો જતો હતો. 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમાં એની અસર સ્પષ્ટ દેખાતી. તેથી, દેશી રજવાડાંની વિરુદ્ધ મન ફાવે તેવા શબ્દોમાં રજનું ગજ કરીને તથા 'કહેવાય છે કે', 'સંભળાય છે કે', 'લોકો ફરિયાદ કરે છે', એવા

શબ્દોથી પ્રારંભ કરીને જે છપાતું તેમાંનું ઘણું ઉપજાવી કાઢેલું છે એમ હકીકતો જાણનારને લાગતું. આ કારણે દેશી રજવાડાં જે અંગ્રેજ સત્તાતળે દબાયેલાં રહેતાં તેને ગેરવહીવટના ઓઠા-તળે દબાવીને તેમની પાસેથી મન ધાર્યું કામ કરાવવાની અનુકૂળતા કોઠી સરકારને 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકે આડકતરી રીતે પૂરી પાડેલી. રજવાડાંની વિરુદ્ધ પ્રચાર મોટે ભાગે અભ્યાસ વગરનો હતો. બ્રિટિશ સામે સ્વાતંત્ર્યની લડતને તથા પ્રજાકીય હકોની માગને દેશી રાજ્યોનો માત્ર હાર્દિક નહિ પણ છાનો આર્થિક સાથ પણ હતો. ગોંડલ નરેશે દાદાભાઈ નવરોજીને તેમ જ પૂજ્ય ગાંધીજીને ઘણી મદદ સ્વેચ્છાએ કરેલી, પણ ગોંડલ રાજ્યે તેમ જ જામનગર જેવાં બીજાં રાજ્યોએ પોતાના રાજ્યની હદમાં 'સૌરાષ્ટ્ર' પર પ્રતિબંધ મૂકેલો. રાજ્યમાં ગેરવહીવટ હોય તો તે રાજ્યમાં માથું મારવાનો અધિકાર બ્રિટિશ સરકારને હોવાથી 'સૌરાષ્ટ્ર'માં છપાતા અહેવાલો બિનપાયાદાર છે, એમ જાણવા છતાં રાજકોટ કોઠીએ એવા અહેવાલ વિશે કડક ભાષામાં વારંવાર પુછાવી દેશી રાજ્યોના ખુલાસા લઈને તેમને તંગ કરી દીધા હતા.

એ વખતે દેશી રાજ્યોમાં ત્રાવણકોર-કોચીન, વડોદરા અને ભાવનગર, એ પ્રગતિશીલ રાજ્યો લેખાતાં. એ રાજ્યોમાં વર્તમાનપત્રો પર અંકુશ ન હતો, વાણી સ્વાતંત્ર્ય હતું, સભા સરઘસ પર પ્રતિબંધો ન હતા. ભાવનગરના ઍડ્મિનિસ્ટ્રેટર પ્રભાશંકરનો ગાંધીજી સાથેનો મૈત્રીસંબંધ એ બન્ને હાઈસ્કૂલમાં ભણતા તે વખતથી હતો. પ્રભાશંકર ગાંધીજીને વારંવાર મળવા જતા. પ્રભાશંકર સરકારી નોકર હોવાથી આ વાત રાજકોટ

કોઠીના ગોરા અમલદારોને ખૂંચતી અને શંકાની નજરથી તેની ઝીણી ઝીણી નોંધ લેવાતી. વળી, ગાંધીજીના સ્વદેશી પ્રવૃત્તિના, અસ્પૃશ્યતા નિવારણના વગેરે રચનાત્મક કાર્યક્રમોમાં પ્રભાશંકર જાહેર રીતે સક્રિય મદદ કરતા, સંભવ છે કે એ કારણે કૉંગ્રેસી કાર્યકરો કૉંગ્રેસના કાર્યને વેગ મળે એવા હેતુથી સરકાર સામેની લડતને દેશી રાજ્યોનો પ્રભાશંકરનો ટેકો છે, એમ જાહેર ભાષણોમાં કહેતા અને તે મતલબ છાપાંમાં આવતી.

આ પરિસ્થિતિમાં એ.જી.જી. તરીકેના પોતાના હોદ્દાની રૂએ મિ. કીલીએ જે પગલાં લીધાં તે ચાલ પાછળના હેતુથી પ્રભાશંકર વાકેફ હોય કે ન હોય, પણ એમને પોતાની ફિકર ન હતી. જે સ્વરાજ્ય આવવાનું જ છે તેને યોગ્ય પ્રજાનું ઘડતર થાય એ માટે તે મથતા હતા. શાસક અને શાસિતના સંબંધો બ્રિટિશ હિંદમાં તેમ દેશી રાજ્યોમાં વણસતા જતા હતા તેને તે સુધારવા માગતા હતા. બ્રિટિશ સામ્રાજ્યની શરૂ થયેલી પડતીનાં મૂળ કારણો બતાવી. એ કારણો દૂર કરી, સામ્રાજ્યનો પાયો મજબૂત કરવા બ્રિટિશ રાજ્યના મોવડીઓને ઉપાય સૂચવતા. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રાજ્યોરાજ્યો વચ્ચે તંગદિલી ઘટાડવાના ઉપાયો બતાવતા હતા. આવા સ્વભાવને કારણે તેમના સંબંધો બહોળા હતા. દાદાભાઈ નવરોજી અને ગોપાલકૃષ્ણ ગોખલેથી શરૂઆત કરી ગાંધીજી, ચિત્તરંજન દાસ, મોતીલાલ નહેરુ, પંડિત મદમોહન માલવિય વગેરે દેશની અગ્રણ્ય વ્યક્તિઓના નિકટના પરિચયમાં તે રહેતા તો તે જ રીતે છેક ૧૮૯૦થી રાજકોટની રાજકુમાર કૉલેજના નામાંકિત પ્રિન્સિપાલ ચેસ્ટર મૅકનોટન અને બાળમહારાજાઓના ટ્યૂટર

એસ.એમ. ફ્રેઝરથી માંડી ક્રમેક્રમે કામ સબબ પરિચય કેળવી જ્હૉન મોર્લી, મૉન્ટેગ્યુ, લૉઈડ જ્યૉર્જ, બાલ્ડવિન, વેજ્વૂડ બેન, સૅમ્યૂઅલ હોર, જર્મન તત્ત્વચિંતક કાઉન્ટ કૈસરલિંગ વગેરે અનેક નામાંકિત રાજનીતિજ્ઞો, રાજપુરુષો, અધિકારીઓ, વિચારકો તથા તત્ત્વચિંતકોમાં એ સર્વ લોકહિતૈષી સજ્જન તરીકે પ્રતિષ્ઠા પામી ચૂક્યા હતા. ઘણા અંગ્રેજો તેમને માત્ર સરકારના વફાદાર નોકર કે મિત્ર નહિ પણ પરિણામે ગૌરવ અપાવે એવા સન્માર્ગે મૂગે મોઢે દોરનાર મિત્ર ગણતા હતા. ઈ.સ. ૧૯૧૯માં એ ઈંગ્લૅંડમાં હિંદી વજીરની કાઉન્સિલમાં સભ્ય હતા ત્યારે બ્રિટિશ સરકાર એમને વધુ માનભર્યા હોદ્દે નીમવા વિચારતી હતી. તે જ વખતે ભાવનગરના મહારાજા ભાવસિંહજી દેવ થતાં, તેમના પાટવી કુંવર સગીર હોવાથી તેમની સ્નેહ સંભાળ લેવાના મુખ્ય હેતુથી, બહોળા કાર્યક્ષેત્રનો મોટો હોદ્દો જતો કરી એ એક ખોબા જેવડા નાના ભાવનગર રાજ્યના ઍડ્મિનિસ્ટ્રેટર તરીકે આવ્યા. મરહૂમ મહારાજા ભાવસિંહજી પ્રત્યેની લાગણીનું એ સીધું પરિણામ હતું. ભાવનગર આવવા છતાં આખા બ્રિટિશ સામ્રાજ્યના ઊભા થતા પ્રશ્નોથી સુમાહિતગાર રહી તેના ઉકેલ માટે તે ઈંગ્લૅંડ તથા હિંદના ઉચ્ચ અધિકારીઓ સાથે સંપર્કમાં રહેતા. તેથી, તેઓ સાથે સંબંધ જળવાઈ રહેલો, પણ સરકારી નોકરીના નાના સ્તરે આવતા અધિકારીઓમાંથી ઘણાંને પ્રભાશંકર વિશે પૂરી સમજ ન હતી. એમની કાર્યપદ્ધતિ પ્રચાર વગરની હતી, જાહેરાત વગરની હતી. મૂગી હતી, એટલું જ નહિ પણ જે વિકટ પ્રશ્નનો માનભર્યો ઉકેલ તેમણે લાવી દીધો હોય તે પરત્વે

કોઈ તેમની પ્રશંસા કરે તો તે તેમને ન ગમતું. આ કારણે જેઓ એમના નિકટના પરિચયમાં ન આવે તે તેમને ન ઓળખે એ સ્વાભાવિક હતું. તેમાં વળી ગાંધીજીના નેતૃત્વ હેઠળની સત્યાગ્રહની ઉગ્ર ચળવળને કારણે હિંદીઓ તરફ ગોરા અમલદારોની નફરત વધતી જતી હતી અને બધા હિંદી નોકરો તરફ શંકાની નજરે જોવાનું અને તક શોધી તેમનું અપમાન કરવાનું ગોરા અમલદારોનું વલણ વધતું જતું હતું.

આવા વખતમાં માર્ચ, ૧૯૩૦માં મીઠા અંગે કાયદાભંગની પોતાની રાષ્ટ્રવ્યાપી લડત શરૂ કરવાની ગાંધીજીએ વાઈસરૉયને નોટિસ આપી. વાઈસરૉય લૉર્ડ ઈર્વિન સુલેહ ઈચ્છતા હતા. એમને પ્રભાશંકર પ્રત્યે ઘણું માન હતું. ગાંધીજી સત્યાગ્રહની લડત શરૂ કરે તેનો ઉપાય શોધવા એ બન્નેએ એકાંતમાં ચર્ચા કરી. પ્રભાશંકરે અમુક દરખાસ્ત રજૂ કરી જે લૉર્ડ ઈર્વિને કબૂલ કરી અને વહેલી તકે પ્રભાશંકરે ગાંધીજીને મળવું એમ નક્કી થયું. કોઈ કારણસર પ્રભાશંકર પોતે ગાંધીજીને મળવા જાય ત્યારે સાથે સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસને લઈ જવાની વાઈસરૉયની મંજૂરી મેળવી. એ બન્ને અમદાવાદ જઈ ગાંધીજીને મળ્યા. પ્રભાશંકર ગાંધીજીને ઘણી વાર સાવ એકાંતમાં જ મળતા અને એ વાતો ગુપ્ત રહેતી. આ વાતો વખતે પ્રભાશંકર સાથે સર પુરુષોત્તમદાસ હતા. ગાંધીજી સાથે તેમના સેક્રેટરી મહાદેવભાઈ કે બીજું કોઈ ન હતું. વાતો એકાંતમાં થઈ એટલે મહાદેવભાઈની ડાયરીમાં એ વિશે કોઈ નોંધ નથી, પણ એ વાટાઘાટો પડી ભાંગી. વાટાઘાટોને અંતે પુરુષોત્તમદાસ ગયા, પણ પ્રભાશંકર સાબરમતી આશ્રમમાં

રહ્યા, રાતે ગાંધીજીએ દાંડીકૂચ માટે આશ્રમ છોડ્યો ત્યારે પ્રભાશંકર ગાંધીજીની પડખે ચાલ્યા. એ દૃશ્યના ફોટા લેવાયા. આથી, કેટલાક કૉંગ્રેસી કાર્યકરોએ આ લડતમાં પટ્ટણીજીનો પૂરો સાથ છે તેમ જાહેર ભાષણોમાં કહ્યું. 'નવજીવન'ના તા.૧૬-૩-૧૯૩૦ના અંકમાં મહાદેવ દેસાઈએ પોતાના 'મહાભિનિષ્ક્રમણ' નામે લેખમાં લખ્યું : 'આ કૂચમાં સામાન્ય પ્રેક્ષકો હતા અને સર પ્રભાશંકર પટ્ટણી જેવા અસામાન્ય પ્રેક્ષક પણ હતા. એ સૌને રાજદ્રોહી તરીકે વર્ણવાય ? મને લાગે છે કે એમનું અપમાન કરવાના કે એમને દુઃખ લગાડવાના જરાય ઈરાદા વિના કહું કે વર્ણવી શકાય. પટ્ટણીજીને મેં કહ્યું : 'કેમ, કૂચમાં જોડાવા આવ્યા છો ?' હસીને બોલ્યા : 'મારા જોડાવાથી શું ?' મેં કહ્યું : 'તમે જોડાઓ તો બાપુ ન પકડાય.' પટ્ટણી કહે : 'મને શંકા છે.' પણ વૃદ્ધ પટ્ટણીજી આખી રાત ગાંધીજીની પડખે સૂતા અને સવારે પ્રયાણ થયું ત્યારે સ્વજનોના સમૂહમાં ભેળા થઈ અમુક અંતર સુધી ચાલી મીઠી વિદાય લીધી. આ બધા રાજ્યને ટકાવવાને માટે ભેગા થયા હતા એમ તો કોઈ જ ન કહે. રાજ્યની હસ્તી મટાડવાના ગાંધીજીના શુભ કાર્યમાં અને અસાધારણ સાધનથી થતા પ્રયત્નમાં સહાનુભૂતિ દાખવવા, આશીર્વાદ આપવા ભેગા થયા હતા એ વિશે કોણ શંકા કરશે ?'

આ અહેવાલ રાજકોટની સરકારી કોઠીને તરત મળે જ, અને મળ્યો, પણ વાઈસરૉયના કહેવાથી ગાંધીજીને મળવા પ્રભાશંકર ગયેલા એ માહિતી કોઠીને મળી જ ન હતી, કારણ કે એ વાઈસરૉયનો અંગત પ્રયાસ હતો અને પ્રભાશંકર આવા પ્રયાસ વિશે મૂગા જ રહેતા. એટલે સ્વાભાવિક રીતે મિ.

કીલીને થયું કે પ્રભાશંકર સરકારી અમલદાર થઈને સરકાર વિરુદ્ધની ગાંધીજીની લડતને પ્રોત્સાહન આપવા આટલી હદે જાય, તે ચલાવી ન લેવાય. અને પછી તો બનાવોની હારમાળા શરૂ થઈ.

ભાવનગર રેલવે, ભાવનગરથી એક બાજુ વઢવાણ જંકશન (સુરેન્દ્રનગર) સુધી અને બીજી ધંધુકા સુધી જતી. બોટાદથી સુરેન્દ્રનગર જતાં પહેલું સ્ટેશન રાણપુર આવે. સરકારી તાબાનું એ રાણપુર 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકનું થાણું હતું. ગામ સરકારી, પણ ત્યાંના રેલવે સ્ટેશનની હદ ભાવનગર રેલવેને આધીન હતી. ભાવનગર રાજ્યમાં કે રેલવે હદમાં વાણી સ્વાતંત્ર્ય પર પ્રતિબંધ ન હતો. શરૂ થયેલી સત્યાગ્રહની લડતને પહેલેથી પૂરો ત્રાસ દઈ દાબી દેવી એવી નીતિવાળી સરકારના પોલીસોએ રાણપુર સ્ટેશનની હદમાં ઉતારુઓ પર લાઠીચાર્જ કર્યો. ભાવનગર રેલવેના જનરલ મૅનેજર પિ. બિબ્રાએ આ સામે નમ્રતાવાળી ભાષામાં છતાં સ્પષ્ટ વાંધો ઉઠાવતો કાગળ રાજકોટ કોઠી સરકારને લખ્યો. સરકારી પોલીસ અધિકારી મિ. ફૂલેચર આથી ઘણા નારાજ થયા, પણ કાયદાની દૃષ્ટિએ સરકારે નમતું આપવું પડ્યું. ભાવનગર રેલવે બોર્ડના પ્રેસિડન્ટ પ્રભાશંકર હોવાથી તેમની દોરવણી હેઠળ ભાવનગર રેલવે મૅનેજરે વાંધો ઉઠાવેલો હશે એમ માની આ પ્રસંગ પરથી રાજકોટ કોઠીએ એવું તારણ કાઢ્યું કે કાયદાભંગ માટે જતા સત્યાગ્રહી સૈનિકોને ભાવનગર રાજ્ય પૂરું રક્ષણ આપે છે, અને તેથી રાજ્યના ઍડ્મિનિસ્ટ્રેટર પ્રભાશંકર પોતે સરકારે નીમેલા અધિકારી હોવા છતાં, સરકાર વિરુદ્ધ

કાયદાભંગની લડતને ખુલ્લો ટેકો આપે છે.

એપ્રિલમાં મિ. કીલીએ પ્રભાશંકરને લખ્યું કે લખતર સ્ટેશને ગાડીઓનું ક્રૉસિંગ થયું ત્યારે તમે સામી ગાડીમાં કાયદાભંગ માટે જતા સત્યાગ્રહી સૈનિકોને મળવા તેમના ડબ્બામાં ગયા હતા અને તેમને આશીર્વાદ આપવા ઉપરાંત, કાયદાભંગથી પકાવેલું મીઠું તેમની પાસેથી તમે ખરીદ કર્યું હતું એવા અહેવાલ આવ્યા છે. તમે જવાબદાર અધિકારીએ ઊઠીને આવું કર્યું તે સ્પષ્ટ બતાવે છે કે સરકાર સામે કાયદાભંગ કરનારાઓ તરફ તમારી જાહેર સહાનુભૂતિ છે. આનો ખુલાસો કરશો.

સર પ્રભાશંકરના સેક્રેટરીને થયું કે વાઈસરૉય લૉર્ડ ઈર્વિન, પ્રાઈમ મિનિસ્ટર બાલ્ડવિન વગેરેના પત્રો કેવા માનભર્યા હોય છે અને આ એ.જી.જી. શું સમજીને આવો તોછડાઈભર્યો અપમાનકારક કાગળ લખે છે ? તેમણે પ્રભાશંકરને પૂછ્યું કે આ કાગળ કેવો છે ? પ્રભાશંકરે કહ્યું કે હું તેમની નીચે કામ કરું છું એ ખ્યાલ દેવા લખાયો છે. મને એમની દયા આવે છે. પ્રભાશંકરે મિ. કીલીને ઉત્તરમાં જણાવ્યું કે હું મુંબઈથી મોરબી જતો હતો ત્યારે લખતર સ્ટેશને સામેથી ટ્રેન આવી તેમાંથી મણિલાલ કોઠારી ઊતરીને મારા સલૂને આવેલા. એમને સલૂનમાં અંદર આવવા દીધા ન હતા. બહાર પાટિયા પર ઊભા રહી પોતે વીરમગામ જાય છે અને કાયદાનો ભંગ કરવાના છે એમ તેમણે કહ્યું ત્યારે મેં તેમને જણાવેલું કે તો તમને કેદ કરવામાં આવશે. કાયદાનો ભંગ કરવો અને સજા વગર જવું એ બન્ને થશે નહિ. મેં આશીર્વાદ આપ્યા

નથી. મીઠું આપવા કોઈ વૉલન્ટીઅર આવેલો, પણ મેં મીઠું ખરીદ્યું નહિ. એણે પૈસાની ખેંચની દલીલ કરી, એટલે એક રૂપિયો મદદનો આપેલો. આટલા ખુલાસા પછી મારી આપને વિનંતી છે કે આપની પાસે ગમે તે માણસ મારે માટે ગમે તેવા રિપોર્ટ લઈને આવે ત્યારે મને કંઈ લખતાં પહેલાં મારી આટલાં વર્ષોની કારકિર્દી આપે જોવી વિચારવી જોઈએ.

આવી સ્પષ્ટ વિનંતી છતાં માઉન્ટ આબુથી મિ. કીલીએ પ્રભાશંકરને લખ્યું કે તમે લખો છો તે જાણ્યું, પણ વઢવાણમાં ઉઘાડે છોગે એક ભાષણમાં રાઘવજી નામના કોઈ માણસે ખુલ્લું કહ્યું છે કે તેમણે પ્રભાશંકરને જાતે જોયા હતા અને તેમનો આ ચળવળને પૂરો ટેકો છે. તમે તેમનો ખુલાસો મેળવી મને જણાવશો. ઉપરાંત, ભાવનગરમાં મૅટ્રિકની પરીક્ષા વખતે કૉંગ્રેસ વૉલન્ટીઅરોએ પિકેટિંગ કર્યું ત્યારે તમે લાન્સર્સ બોલાવેલા અને તે વખતે તોફાન થયેલું તેની શી વિગત છે, તે જણાવશો.

કાગળ મળ્યો તે જ દિવસે પ્રભાશંકરે જવાબમાં જણાવ્યું કે રાઘવજી કોણ છે અને શું કરે છે તે હું જાણતો નથી. ગમે તે માણસ વિશે હું જાણવા માગતો નથી. જે માણસને કોઈ ઓળખતું નથી. જેની પ્રતિષ્ઠા નથી, તેના કહેવા ઉપરથી તેની વાત સાચી માનવી અને જેણે ત્રીસચાળીસ વર્ષ સરકારી સેવા કરીને માન, મોભો અને વિશ્વાસ મેળવ્યાં હોય તેની વાત સાચી માનવાને બદલે તેને ફરી પુછાવવું. તે જ વિચિત્ર છે. મૅટ્રિકની પરીક્ષા વખતે પિકેટિંગ થયું હતું, લાન્સર્સ બોલાવેલા અને તોફાન થયેલું વગેરે વાત તદ્દન પાયા વગરની છે. પિકેટિંગ

થયું હોય અને તોફાન થયાં હોય તોય લાન્સર્સ બોલાવું તેવો હું નથી. મને ખબર છે કે તેવાં પગલાંથી તોફાનો વધે છે. એવાં પગલાંથી પ્રજાને ઉશ્કેરું એવું મારાથી ન બને. પરીક્ષા વખતે કાંઈક થવાનું છે એમ મને જે કહેવા આવતા હતા તેમને મેં એટલું કહેલું કે તમે તમારી ફરજ સંભાળો. ભાવનગરમાં કશું અજુગતું બનવાનું નથી. પરીક્ષા દેવા જતા પોતાના જ વિદ્યાર્થીઓને તેમ કરતાં રોકીને તેમનાં વર્ષ અને પૈસા બગાડવાની દાનતવાળા માણસો ભાવનગરમાં હોય તેમ હું માનતો નથી. આમ, મેં એ લોકોને કહેલું. છતાં પરીક્ષાને દિવસે, પરીક્ષા શરૂ થતાં પહેલાં ત્રણચાર મિનિટે હું જાતે પોલીસ સહાય વગર એકલો કૉલેજને સ્થળે ગયેલો અને મારે જણાવવું જોઈએ કે રસ્તો રવિવારે ઇંગ્લૅંડમાં કોઈ ગામડામાં હોય તેવો શાંત હતો.

હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ વર્ગ છોડી બહાર ઊભા રહી સૂત્રો પોકારેલાં. એ વાતની જાણ થતાં હું ત્યાં તરત ગયેલો. જઈને હાઈસ્કૂલને તાળું મરાવી દીધું અને જાહેર કર્યું કે વિદ્યાર્થીઓને ભણવું હોય અને તેમનાં માવતરને જો પોતાનાં છોકરાંને ભણાવવા હોય તો તેઓ જ્યારે દરબારશ્રીને કહેશે ત્યારે હાઈસ્કૂલ ફરી ઊઘડશે. છોકરાંઓને પરાણે ભણાવવામાં દરબારશ્રીને રસ નથી. આથી, લોકો તથા વિદ્યાર્થીઓએ ભૂલ કબૂલ કરી અને હાઈસ્કૂલ ફરી શરૂ કરવા માગણી કરી એટલે ફરી શરૂ કરી છે.

મિ. કીલી હવાફેર માટે આબુ જ હતા. ત્યાંથી તેમણે તાર કરીને આ સત્યાગ્રહની સ્થાનિક ચળવળને લગતી બધી

ફાઈલો લઈને પોતાની રૂબરૂ આવી જવા પ્રભાશંકરને તેડાવ્યા. પ્રભાશંકર પહેલી જ ટ્રેનમાં ગયા અને બધી ફાઈલો બતાવી. પત્રવ્યવહારો, પોલીસ રિપોર્ટો, પ્રેસનાં કટિંગો, સ્થાનિક અધિકારીની નોંધો અને કામગીરીના અહેવાલો તથા અભિપ્રાયો બધું વિગતે જોઈ મિ. કીલીએ બરાબર છે એમ કહ્યું એટલે પ્રભાશંકરે વિનંતી કરી કે આ બાબતમાં ભાવનગરની વિરુદ્ધમાં આપની ફાઈલો પણ મને બતાવો ત્યારે મિ. કીલીએ કહ્યું કે ખાસ કશું જ નથી. આમ કહી કોઈ એ. પી. જૈન નામના માણસે તારીખ વગરની કરેલી અરજીની નકલ પ્રભાશંકરને આપી, એ અરજીમાં ભાવનગરના મુખ્ય અધિકારીએ, ઈન્ફન્ટ્રીના માણસો, ગરાસિયાઓ વગેરે સરકારની વિરુદ્ધ છે અને ચળવળમાં સક્રિય રસ લે છે તો તે માટે ઘટતાં પગલાં લેવાં વિનંતી હતી. તેમાં વધારામાં જણાવેલું કે સત્યાગ્રહની લડતમાં જે માણસો જોડાય છે તેમાંથી ઘણા માણસો ગોહિલવાડમાંથી જાય છે, તે ઉપરની વાતની સાબિતી છે. પ્રભાશંકરે મૂળ અરજી તથા જે કવરમાં આવેલ તે જોવા માગણી કરી, પણ મિ. કીલીએ તે ન બતાવ્યું, માત્ર એટલું જ જણાવ્યું કે કવર પર સોનગઢની છાપ છે. મિ. કીલીના કહેવાનો આશય એ હતો કે સોનગઢ ભાવનગરની નજીક છે એટલે અરજી લખનાર માણસ પાસે રૂબરૂ જોયા હોવાની ખાતરી છે.

આ બાબતનો જાણે પોતે પુરાવો રજૂ કરતા હોય તેમ મિ. કીલીએ થોડા દિવસ પછી પ્રભાશંકરને કાગળ લખી જણાવ્યું કે મણિશંકર શામજી ત્રિવેદી તથા ભાવનગરના ભીમજી

'સુશીલ' તા.૧૫મી મેની રાતે સાવરકુંડલે ગયેલા ત્યારે સ્ટેશન પર સ્થાનિક ફોજદારે તેમનું સ્વાગત કર્યું', રાત્રે પોતાને ત્યાં લઈ ગયા અને બીજે દિવસ સવારે તેમને ત્યાંથી સરઘસ કાઢી ગામમાં લઈ ગયા અને ત્યાં એ બન્ને જણાએ સરકાર વિરુદ્ધ ખરાબ ભાષણ કર્યાં. તે સભામાં પણ ફોજદાર હાજર હતા. આ બધી સરકાર વિરુદ્ધની પ્રવૃત્તિને પોલીસ ખાતાનો પણ સહારો છે. એ પ્રવૃત્તિને દાબવા તમે શાં પગલાં લીધાં તે જણાવશો.

એ પત્ર મળતાં પ્રભાશંકરે ફોજદારનો લેખિત ખુલાસો મંગાવ્યો અને આખી કાર્યવાહીના અંગ્રેજી ભાષાંતર સાથે જવાબ મોકલ્યો કે મણિશંકર શામજી ત્રિવેદી મજકૂર ફોજદારના બાળપણના મિત્ર હોવાથી, ફોજદારના નાતે નહિ પણ મિત્રના દાવે સ્ટેશન સામે ગયેલા અને એ દાવે પોતાને ત્યાં તેડી ગયેલા. લોકો મણિશંકરને તેડવા એકઠા મળ્યા હતા, ફોજદારે સરઘસ ભેગું કર્યું ન હતું. ગામમાં ભાષણો થયાં ત્યારે એ ફોજદારની ફરજ હતી કે સભાની વ્યવસ્થા જાળવવી તથા ભાષણોની વિગતો મેળવી ઉપલી ઑફિસે પહોંચાડવી, ફોજદારે તે બધું ફરજ મુજબ કર્યું છે અને તેની નકલ આ સાથે સામેલ છે. આમાં એવું કશું જ અઘટિત થયું નથી કે જે સામે દરબારશ્રીએ પગલાં લેવાં પડે.

એ પછી ઉપરાઉપરી કાગળો લખી એ. જી. જી. મિ. કીલીએ જણાવ્યું કે ભાવનગર વિરુદ્ધ ફરિયાદ ઘણી છે. તમે જો રાજ્યને તથા સરકારને વફાદાર રહી શકતા ન હોવ તો તમારે રાજીનામું આપી છૂટા થવું જોઈએ. અગર છેવટ તમે જે ભૂલો કરી છે તે બદલ માફી માગી, તેવી ભૂલો ફરી ન થાય

તે રીતે વફાદારીથી કામ કરવાની ખાતરી દેવી જોઈએ. આમ લખી તેમણે એવી ભૂલોનો નિર્દેશ કર્યો, જેના ખુલાસાઓ આગળ અપાઈ ગયા હતા.

આના જવાબમાં પ્રભાશંકરે લખી જણાવ્યું કે મારાં આટલાં વર્ષોના વફાદારીભર્યાં કામની કદરરૂપે મને સરકારે ઘણા માનમોભાવાળા મોટા હોદ્દા પર મૂકેલો. સરકારની મેં કરેલી લાંબી નોકરી એ મારી વફાદારીનો ઇતિહાસ છે. મારે એની સાબિતી આપવાની જરૂર નથી. આપે પરિસ્થિતિના જે જે ખુલાસા માગ્યા તે મેં લખી મોકલ્યા છે, તે છતાં અવિશ્વાસથી જે રીતે મારા તરફ જોવામાં આવે છે, તે અનુભવ મારે માટે સાવ નવો, વિચિત્ર અને ખેદકારક છે. ખુલાસાની ઉપયોગિતા અને અવકાશ વિશ્વાસ હોય ત્યાં સુધી જ છે. અવિશ્વાસની નજરે જ જ્યાં જોવાતું હોય ત્યાં એ સ્થિતિમાં, ગમે તેવા મોટા હોદ્દાની નોકરી હોય તોપણ ચાલુ રહેવાનું કોઈ સમજુ માણસ યોગ્ય ન ગણે. મેં કોઈ ભૂલ કરી જ નથી, ત્યાં માફી માગવાનો પ્રશ્ન જ નથી. જેની ત્રીસ પાંત્રીસ વર્ષની ઉજ્જ્વળ સેવાઓની આજ દિવસ સુધી સરકારે કદર કરી છે, તે પાસેથી વફાદારીની ખાતરી માગવી એ હું હિંદી છું માટે જ અપમાનભરી રીતે કહેવામાં આવે છે. આ કારણે આથી હું રાજીનામું આપું છું અને વિનંતી કરું છું કે મારું રાજીનામું મંજૂર થવા ઉપર સરકારમાં મોકલો ત્યારે આપણી વચ્ચે આ સંબંધે થયેલો બધો પત્રવ્યવહાર મોકલશો, કારણ કે જ્યાં મારી સેવાઓની કદર થઈ છે અને સોંપેલાં મહત્ત્વનાં કાર્યો સારી રીતે પાર પાડવાથી જ્યાં મારા પર પૂરો વિશ્વાસ મૂકવામાં

આવ્યો છે, તે સરકારમાં મારા વિશે ગેરસમજ ઊભી થાય તેવું હું નથી ઇચ્છતો.

મિ. કીલીએ પ્રભાશંકરને લખ્યું કે તમે રાજીનામાના પત્ર પર 'ખાનગી' લખ્યું છે, તે ન ચાલે. બીજું, તમે રાજીનામા પર ફરી પુખ્ત વિચાર કરી જુઓ. જો તમારા અંતરાત્માને લાગતું હોય કે સેવામાં વફાદાર રહી શકાતું નથી તો છૂટા થવું એ માર્ગ છે. હું મૈત્રીના દાવે લખું છું કે ફરી ભૂલ ન થાય તેવી જો ખાતરી તમારા તરફથી મળે તો પ્રેસિડન્ટ તરીકે ચાલુ રહી શકો છો. કાગળ મળે કે તરત પ્રભાશંકરે તાર કરી જણાવ્યું કે મારા રાજીનામાના પત્રને ખાનગી ન ગણવો, અને કાગળ લખી જણાવ્યું કે આ બધો પત્રવ્યવહાર પ્રથમથી જ આપ તરફથી 'ખાનગી' શીર્ષક તળે થયેલો એટલે મેં પણ ખાનગી રાખ્યો છે. કાઉન્સિલના સભ્યોને પણ આ પરત્વે કશી જાણકારી નથી. જોકે મારે તો કશું જ ખાનગી નથી, રાજીનામા પર મારે ફરી વિચાર કરવાની જરૂર નથી. મારે ચાલુ રહેવું હોય તો આપના કામમાં વફાદારીનો વિશ્વાસ છે તેવો વિશ્વાસ મારામાં હોય તો જ હું નોકરીમાં ચાલુ રહી શકું. બાકી, જે ભૂલો મેં કરી જ નથી તેની માફી માગવાનો પ્રશ્ન જ નથી. મારું પ્રત્યેક કાર્ય યોગ્ય હોવાનો મને પૂરો વિશ્વાસ છે.

મિ. કીલીએ પ્રભાશંકરના રાજીનામાનો કાગળ જાહેર હોવો જોઈએ તેમ જણાવ્યું એટલે ઍડ્મિનિસ્ટ્રેટીવ કાઉન્સિલના સભ્યોને પરિસ્થિતિથી વાકેફ કરવા તથા એ.જી.જી. નો આક્ષેપ કેવળ પ્રભાશંકર પર નહિ પણ રાજ્યકર્તા તરીકે ઍડ્મિનિસ્ટ્રેટીવ

કાઉન્સિલના સભ્યોને પણ સ્પર્શતો હોવાથી, તેની જાણ કરવા પ્રભાશંકરે એક નોંધ તૈયાર કરીને તેની સાથે મિ. કીલી સાથેના પત્રવ્યવહારની નકલ સામેલ રાખી કાઉન્સિલના સભ્યોમાં ફેરવી અને એક મિટિંગ બોલાવી. તેમાં સભ્યોને પરિસ્થિતિથી વાકેફ કરતાં પ્રભાશંકરે જણાવ્યું કે મને એમ લાગે છે કે ક્ષુદ્ર ચળવળિયાં મંડળોએ મને તથા ભાવનગર રાજ્યને રાજકોટ કોઠીની નજરમાં ઉતારી પાડવા યત્ન કર્યા છે. મને એવી શંકા થવાનાં કારણો છે કે આની શરૂઆત રાણપુર સ્ટેશને સરકારી પોલીસે લાઠીચાર્જ કર્યા તેની સામે આપણે વિરોધ કરી સરકારી પોલીસનું ન ચાલવા દીધું તે કારણે પોલીસ ઑફિસર મિ. ફ્લેચર અને તેના સાગરીતોએ ભાવનગર વિરુદ્ધ ખાનગી લડત ઊભી કરી છે અને નનામા કાગળો દ્વારા એ.જી.જી.ના કાન ભંભેરવામાં આવ્યા છે. આબુમાં મને બોલાવી ચળવળ પરત્વેની ભાવનગરની ફાઈલો એ.જી.જી.એ જોઈ એ સમયે મેં તે બાબતમાં સરકારી ફાઈલ (હું સરકારી અમલદાર હોવાથી) મને બતાવવા વિનંતી કરી ત્યારે મારી વિનંતી માન્ય કરવામાં ન આવી. પરસ્પર નિખાલસ વહેવાર ન હોય તો પરસ્પર વિશ્વાસ પાંગરી શકતો નથી. હું વાતની રજૂઆત કરું ત્યારે મિ. કીલી એમ કહે કે એ દૃષ્ટિબિંદુ તમારું છે, પણ પોતાનું દૃષ્ટિબિંદુ શું છે અને તેની પાછળનાં કારણો શું છે એ પોતે જણાવે જ નહિ. રાણપુર સ્ટેશનને લગતો રેલવે મૅનેજર મિ. બિબ્રાનો રિપોર્ટ મેં બતાવ્યો. તે જોઈ મિ. કીલીએ મને કહ્યું કે મિ. બિબ્રા તો તમારા માણસ છે. બિબ્રા મારો માણસ અને હું સરકારી અમલદાર હોવા છતાં મિ. કીલીનો નહિ, એનો અર્થ

એ કે ભાવનગર વિરુદ્ધ પહેલેથી અમુક માન્યતા બાંધીને પછી જ મિ. કીલી ચાલે છે. અહીં રજૂ કરેલ પત્રવ્યવહાર તથા ફાઈલો પરથી આપ જોઈ શકશો કે સરકારી કોઠી આપણા વહીવટને કઈ દૃષ્ટિથી જુએ છે. મારા માટે આ સાવ નવો અનુભવ છે. મેં વિશાળ જીવન વિતાવ્યું છે અને વિશ્વાસના વાતાવરણનો મને અનુભવ છે, પણ મિ. કીલીના એક પત્રે મને ખરી સ્થિતિનો ખ્યાલ આપ્યો, એટલે મને થયું કે મારે રાજીનામું દઈ આ બાબતનો અંત લાવવો. મેં રાજીનામું આપ્યું, પણ તે પછી આવેલા મિ. કીલીના પત્રે બળતામાં ઘી હોમ્યું. એ મારી ત્રણ ગંભીર કસૂર ગણાવે છે : (૧) ગાંધીજીએ દાંડીકૂચ શરૂ કરી તે પહેલાં હું તેમને મળેલો (૨) મુંબઈથી વળતાં લખતર સ્ટેશને સામેથી આવતી ગાડીમાંથી ઊતરી મિ. કોઠારી મને મળ્યા તે અને (૩) લાઠીચાર્જથી ઘવાયેલા સત્યાગ્રહી સૈનિકોની મુંબઈમાં કૉંગ્રેસ હૉસ્પિટલમાં હું ખબર કાઢવા ગયો તે.

ગાંધીજીને હું મળ્યો તે સંબંધમાં વાત એવી છે કે આ અગાઉ ગાંધીજીને હું મળ્યો છું, કોઈ વાર સરકારના સૂચનથી, કોઈ વાર દેશી રાજ્યોના કહેવાથી અને કોઈ વાર મને જરૂર જણાવાથી, એ દરેક વખતે મારો ઈરાદો ગાંધીજીને મારા મતને મળતા કરવાનો હતો અને મારા એ ઈરાદામાં હું કોઈ વાર સફળ થયો છું. મારા સાથી મિત્રોને જણાવું કે ગાંધીજી મને સરકારી માણસ ગણે છે તોય મારી સમજણ માટે ગાંધીજીને માન છે. ગાંધીજીને હું છેલ્લે મળ્યો ત્યારે શું વાત થઈ તે બે જણ જાણે છે, એક ગાંધીજી અને બીજા સર પુરુષોત્તમદાસ.

ગાંધીજી હાલ જેલમાં છે, પણ જો તેમને પૂછવામાં આવે તો તેઓ કહેશે કે તેઓ કાયદાભંગની લડત શરૂ ન કરે તે માટે હું સમજાવવા ગયેલો. સર પુરુષોત્તમદાસ પણ એ જ કહેશે. ગાંધીજી કે સર પુરુષોત્તમદાસ કદીયે ખોટું બોલી શકે તેવી વ્યક્તિઓ નથી. સરકાર પોતે એ વિશે તપાસ કરવા સરમુખત્યાર છે. જો મિ. કીલીને આ બાબતમાં જાણવું હોત તો એ જૂની વાત વિશે મને ત્યારે જ પૂછ્યું હોત. અત્યારે ચાર મહિના પછી એ વાત ઉખેળે છે ત્યારે હકીકત જાણવા નહિ પણ મારી ભૂલ બતાવવા હોય તેમ શંકાની નજરે આક્ષેપથી પૂછે છે. આથી, વધુ વાત એ છે કે જૂનની શરૂમાં મિ. કીલીએ મને આબુ બોલાવેલો ત્યારે મેં મિ. કીલીને પોતાને તથા મિ. રેનૉલ્ડ્સને આ વાત કરેલી. તે વખતે મેં આ ભૂલ કરી છે એમ મિ. કીલીએ મને જણાવ્યું ન હતું, આજે જણાવે છે. હું એક વધુ વાત કરું. એપ્રિલમાં હું મુંબઈ ગયો હતો. ત્યાંના ગર્વનર સાથે લંચ લેતી વખતે, ગાંધીજીને સમજાવવા હું તેમને મળેલો તેની વિગતે વાત મેં કરેલી. આજે તો એ વિશે આખો દેશ જાણે છે અને અમુક અંશે એની કદર પણ થાય છે. આજે પણ એવા નામાંકિત ઘણા માણસો છે જેઓ એમ ઈચ્છે છે કે આ લડતના સમાધાનમાં હું ઉપયોગી બનું. બીજાઓને મારી ઉપયોગિતા જણાય છે એટલો વિશ્વાસ છે ત્યારે રાજકોટ કોઠીને એ જ બાબત માટે મારામાં અવિશ્વાસ અને શંકા છે. ગાંધીજી સાથેની મારી આ મુલાકાતની વાત મેં અગાઉ આ કાઉન્સિલના વાઈસ પ્રેસિડન્ટ કર્નલ મૉસને તથા બીજા સભ્યોને કરી છે. અમુક રાજાઓ પણ જાણે છે. કોઈ

પણ માણસ, મિ. કીલી સાથેનો આ પત્રવ્યવહાર વાંચે તોપણ એને જણાયા વગર ન રહે કે બીજું કંઈ નહિ તોય કોઠી સરકારનું વલણ સીધું કે સમજાય તેવું નથી.

બીજો પ્રસંગ લખતર સ્ટેશને કોઠારી મળ્યા તે છે. એ સામાન્ય વાતનો મોટો હાઉ ઊભો કર્યો છે. એમાંથી કોઠી સરકારે તારવેલાં અનુમાન દેખીતી રીતે જ વાહિયાત છે.

ત્રીજું, મુંબઈમાં મેં હૉસ્પિટલની મુલાકાત લીધી એને મોટા ગુનારૂપે જોવામાં આવે છે. મિ. કીલી લખે છે કે આબુમાં દરેક જણ આ બાબતમાં ટીકાત્મક ચર્ચા કરે છે. આબુ હવા ખાવાનું મથક છે. ત્યાં 'દરેક જણ'થી એ કોણે ગણાવવા માગે છે ? ત્યાં નામદાર મિ. અને મિસિસ રેનૉલ્ડ્સ છે, નામદાર મિ.કીલી પોતે છે, મેજર અને મિસિસ ટાટે છે, મિ. સ્કવાયર અને કોર્નફીલ્ડ છે, અલ્વરના મહારાજા અને લીમડી ઠાકોર છે. જે દરેક મને એટલું જાણે છે કે હૉસ્પિટલોમાંની મારી મુલાકાતના હેતુ વિશે ગેરસમજ થાય નહિ. એ બધાં જાણે છે કે ગયા મહાયુદ્ધ વખતે ઘણા ઘવાયેલા જર્મન સૈનિકો આપણી હૉસ્પિટલોમાં સારવાર લેતા અને તેમની ખબર કાઢવા ઇંગ્લૅંડના નામાંકિત અધિકારીઓ તેમ જ સદ્‌ગૃહસ્થો જતા. વળી, તેઓને એ પણ ખબર છે કે ઇંગ્લૅંડમાં કોલસાની ખાણના કામદારોએ મોટી હડતાલ પાડેલી ત્યારે મુશ્કેલીમાં મુકાયેલા એ કામદારોનાં કુટુંબોને રાહત આપવાના ફંડમાં ઇંગ્લૅંડના યુવરાજે ફાળો ભરેલો. એ લોકો વર્તમાનપત્રો દ્વારા જાણે છે કે અંગ્રેજો, ગવર્નરની કાઉન્સિલના બે નિવૃત્ત સભ્યો, માહિતી પ્રસારણ ખાતાના વડા, હૈદરાબાદના સર નવાબ હૈદર જંગ, સર

મનુભાઈ મહેતા, સર લલ્લુભાઈ શામળદાસ વગેરે સદ્‌ગૃહસ્થો એ હૉસ્પિટલની મુલાકાતે ગયા હતા. હું સમજું છું કે કાયદાનો ભંગ કરનાર સામે કડક હાથે પગલાં લેવાં એ ક્યારેક જરૂરી છે, પણ જ્યારે ઘવાયેલા માણસોની ખબર કાઢવા એક અમલદાર જાય ત્યારે એનો અર્થ એ નથી કે કાયદાભંગ સાથે એ સહાનુભૂતિ ધરાવે છે. હું તો એમ માનું છું કે ગવર્નર તથા હોમમેમ્બરને જો આવી સલાહ આપવામાં આવે તો સારું, કે જો તેઓ આ રીતે હૉસ્પિટલની મુલાકાત લે તો આપણા પર (સરકાર પર) કડવાશ ઊભી કરવાનો જે આક્ષેપ છે, તે હળવો થાય. એ એવું સત્ય પ્રકટ કરશે કે નામદાર સરકારની પ્રજાને ઈજા પહોંચાડવામાં સરકારને રસ નથી, ઊલટો ખેદ છે, પણ એમને નાઈલાજે ન ગમતાં પગલાં ભરવાં પડે છે. જો કૉંગ્રેસને પોતાની હૉસ્પિટલો ન હોત તો અંગ્રેજ સ્વભાવને હું ઓળખતો હોવાથી મને ખાતરી છે કે ઘાયલ સત્યાગ્રહીઓને સરકારે પોતાની હૉસ્પિટલમાં રાખ્યા હોત. હું ફરી ત્યાં મુલાકાતે જાઉં કે નહિ, એ જો આ કાઉન્સિલના મારા સાથીઓ જાણવા માગતા હોય તો હું કહું કે ત્યાં ફરી જવામાં મને જરાયે શરમ ન આવે, આવી બાબતમાં શંકા કરવી એ હકીકતે તો અવિશ્વાસ છે અને જેના પર અવિશ્વાસ થયો હોય તેવો માણસ, હું ધરાવું છું, તેવો મહત્ત્વનો હોદ્દો પછી ધરાવી ન શકે. આત્મગૌરવના અંશવાળા માણસ સાથે જો આવું અવિશ્વાસનું વર્તન કરવામાં આવે તો એ રાજીનામું આપે. જો તેનામાં એવી સ્વમાનની ભાવના જ ન હોય તો સરકારે તેને બરતરફ કરવો જોઈએ, કારણ કે તેવો અધિકારી નોકરીમાં ઉપયોગી નથી.

મિ. કીલીના પહેલા કાગળમાં મારે રાજીનામું આપવું એવું સૂચન છે, એ સૂચન અનુસાર મેં રાજીનામું દઈ દીધું છે, જે આપે જોયું છે.

મિ. કીલીએ પોતાના આ પછીના કાગળમાં આ વાત પર કળશ ચડાવ્યો છે. એ કાગળમાં પરસ્પર વિરોધી બે લાગણી બતાવી છે. શરૂઆતમાં મૈત્રીના દાવે રાજીનામા પર ફેરવિચાર કરવા સૂચન છે અને છેવાડે, મારે રાજીનામું દેવું એવું ચોખ્ખું ફરી આવાહન છે. આપને એમના કાગળમાં એ જ અર્થ દેખાશે. મેં જે પગલાં ભર્યાં, કામ કર્યાં, તે જાણે કે મેં સમજ્યા વગર ભર્યાં હોય તેવો અર્થ ઘટાવી ભવિષ્યમાં કહ્યાગરા ડાહ્યા માણસ તરીકે વર્તવાની મારી પાસે ખાતરી માગવામાં આવી છે. મને બહુ લાગી આવે છે, પણ હું વિસ્તાર નહિ કરું. જે છે તેની હું નિખાલસ રજૂઆત કરું છું કે જેથી આપ પરિસ્થિતિને સ્પષ્ટ સ્વરૂપે સમજીને મેં મિ. કીલીને જે જવાબ વાળ્યો છે તે બાબતમાં મને સરખી સલાહ આપી શકે.

જો હું ભાવનગર રાજ્યનો ફક્ત ઍડ્મિનિસ્ટ્રેટર જ હોત તો મુશ્કેલી ન હતી, પણ મરહૂમ મહારાજા સાહેબનાં બાળકો મારાં પૌત્રસંતાન જેવાં છે અને ગમે તે ભોગે પણ તેમને મારે છોડવાં ન જોઈએ એમ હરકોઈને લાગે. હાલની સ્થિતિમાં ચાર રીતે વર્તી શકાય તેવું છે. સહુથી સારો માનભર્યો માર્ગ એ છે કે વગર ફરિયાદે રાજીનામું દઈ દેવું, જે મેં દઈ દીધું છે. બીજો માર્ગ છે ખુલાસા દેવાનો અને આજ દિવસ સુધી સરકારનો મેં જે વિશ્વાસ ભોગવ્યો છે, તે વિશ્વાસની ખાતરી મેળવવાનો અને જો તે વિશ્વાસ મારામાં ન હોય તો મને છૂટા

કરવા વિનંતી કરવાનો. એ પણ મેં બે કાગળ લખીને કર્યું છે. ત્રીજો માર્ગ છે, બરતરફ ન કરે ત્યાં સુધી વફાદારીથી વળગી રહેવાનો અને ચોથો માર્ગ છે, મેં જે કર્યું જ નથી તેને માટે માફી માગવાનો.

પહેલો માર્ગ મેં તરત લીધો છે. બીજો માર્ગ મારે લેવો પડ્યો તેવું મિ. કીલીએ કર્યું છે. બાકી, બે માર્ગ રહ્યા. ત્રીજા માર્ગનું પરિણામ શું આવે તે આપ સમજો છો. ચોથો માર્ગ તો જાણે ફક્ત હિંદી હોય તેને માટે છે. હું હિંદી એટલા માટે કહું છું કે મારા સાથી મૉસને આવો કાગળ લખવામાં આવ્યો ન હોત. આપ જાણો છો કે મારે ભાવનગર સાથેનો સંબંધ તોડવો એટલે શું ? મરહૂમ મહારાજાનાં બાળકોને છોડવાં એટલે શું ? અને જે પ્રજાની મેં પાંત્રીસ વર્ષ સેવા કરી છે તેને છોડવી એટલે શું ? પણ મારા દુઃખની વાત મારે ગાવી નથી. એ તો શંકા વગરની વાત છે કે જેવું મારું રાજીનામું મંજૂર થશે તેવી જ જે વાત આજ લગી મેં ખાનગી રાખી છે તે જાહેર થશે. આ બધું કેમ અને શું થયું, એ જાણવાની ઇચ્છા મહારાજાને થશે અને આપ મને કહો કે ત્યારે મારે મહારાજાને શો જવાબ દેવો ? પ્રજા પાસે શા ખુલાસા કરવા ? આપની પોતાની લાગણી કેવી હશે ? પણ મારાં સ્વમાન તથા નામનાના ભોગે ઉપરની એક પણ વાત હું વિચારમાં લઈ શકું નહિ. મિ. કીલીએ એક ઉપાય સૂચવ્યો છે કે ફરી ખોટું વર્તન ન થાય માટે મારે તેમને ખાતરી આપવી, કેમ જાણે મેં ખોટું વર્તન કર્યું જ છે ! હું ઍડ્મિનિસ્ટ્રેટર તરીકે ચાલુ રહું એમ જો મિ. કીલી ઇચ્છતા હોય તો એક ઉપાય મેં લખી જણાવ્યો છે અને એ કે

તેમણે મને મારામાં વિશ્વાસની ખાતરી આપવી અને આ જે પત્રવ્યવહાર કર્યો છે તેને અસંગત ગણવો. આ તકરારની ચર્ચા મેં ઊભી નથી કરી, એમણે કરી છે અને એ પોતે જ એને થાળે પાડે, હું ચાલુ રહું તે માટે મારી એક જ શરત છે જે મેં મિ. કીલીને કાગળમાં લખી છે કે તમારા કામમાં જેવો વિશ્વાસ તમને છે તેવો વિશ્વાસ તમને મારા કામમાં હોવો જોઈએ. મારી સેવાઓ ઘણાં વર્ષોની છે, મારી ચકાસણી થઈ ગયેલી છે, મારી વફાદારી પુરવાર થયેલી છે, સરકારમાં મેં ઘણા મોટા હોદ્દા ભોગવ્યા છે, જેની સરખામણીમાં ભાવનગરના પ્રેસિડન્ટની જગ્યા કોઈ હિસાબમાં નથી. મેં સરકારનો પૂરો વિશ્વાસ માણ્યો છે અને તેમના તરફથી એવાં સૌજન્ય તથા મહેરબાની મેં માણ્યાં છે કે જેવાં થોડા હિંદીઓએ માણ્યાં હોય. આને હવે આજ મને એવો અનુભવ કરાવવામાં આવે છે કે મારામાં વિશ્વાસ મૂકી શકાય તેમ નથી, કારણ કે હું એક હિંદી છું. જો એ.જી.જી.ના કામમાં વિશ્વાસ હોય તેવો વિશ્વાસ મારા કામમાં ન હોય તો મારે માટે સ્થિતિ અસહ્ય છે. જો નામદાર સરકારે બાળમહારાજાને તુરતમાં ગાદીનશીન કરવાનું ઠરાવ્યું હોત તો આ સ્થિતિ કઢંગી ન બનત, મહારાજાની મદદમાં આપ ચાલુ રહેત અને મારી ઉંમરને કારણે તેમ જ મારે આરામની જરૂર છે, તે કારણે હું જાત, પણ મહારાજાને ગાદીએ બેસાડવાની આપણી વિનંતી છતાં તે માટે સરકારને ભલામણ કરવાનું ડહાપણ મિ. કીલી દર્શાવી શકે કે કેમ તે હું જાણતો નથી. પાંત્રીસ વર્ષોની એકધારી સેવાના મારા સુખસંતોષભર્યા સંબંધો પછી મને કેવા અંત તરફ ધકેલવામાં આવે છે !'

કાઉન્સિલરોએ વિગતે ચર્ચા કરી સ્વીકાર્યું કે ઉત્તમ કામગીરી હોવા છતાં સરકારે જાણીબૂજીને ઊભું કરેલું આ તૂત છે. પ્રભાશંકર પટ્ટણી સ્વમાન જાળવવા રાજીનામું આપે એ યોગ્ય પગલું હોવા છતાં બાળમહારાજા કે રાજ્યને તેથી લાભ નથી, ગેરલાભ છે. અને તેથી, સ્વમાનભર્યો બીજો ઉકેલ ન હોવાની કાઉન્સિલે નોંધ લીધી. વાઈસ પ્રેસિડન્ટ કર્નલ મૉસે પ્રભાશંકરને કહ્યું કે હું મિ. કીલીને કાગળ લખું. પ્રભાશંકરે કહ્યું કે ના, મારે કોઈની ભલામણ જોઈતી નથી. કર્નલ મૉસે કહ્યું કે પ્રભાશંકર, હું અંગત કાગળ લખું તેમાં તમે કેમ ના કહી શકો ? પ્રભાશંકરે કહ્યું કે અંગત હોય તો મને પૂછવાની જ જરૂર નથી.

કર્નલ મૉસે, સંભવ છે કે પત્ર લખ્યો હશે. મિ. કીલીએ પ્રભાશંકરના રાજીનામાનો પત્ર મંજૂરી માટે ઉપર પૉલિટિકલ ડિપાર્ટમેન્ટને મોકલ્યો નહિ. એ મોકલે તો ઉપરથી જે પુછાણ થાય અને તપાસ થાય તેમાં મિ. કીલીની બદદાનત અથવા તો છેવટે જવાબદાર અધિકારી તરીકેની અનાવડત છતી થાય તેમ હતું, કારણ કે તે વખતના વાઈસરૉય લૉર્ડ ઈર્વિનને પ્રભાશંકર પર પૂરો વિશ્વાસ હતો અને માન ઘણું હતું. ઘણી બાબતોમાં એ પ્રભાશંકરની સલાહ લેતા અને માનતા. મિ કીલીએ પ્રભાશંકરને પત્ર લખી ઊભી થયેલી ગેરસમજ બદલ અફસોસ જાહેર કર્યો, માફી ન માગી. પ્રભાશંકરે માફીનો આગ્રહ ન રાખ્યો, પણ પોતાના કામમાં પૂરા વિશ્વાસની ખાતરી માગી જે મિ. કીલીએ આપી અને પ્રભાશંકર ઍડ્મિનિસ્ટ્રેટર તરીકે ચાલુ રહ્યા.

આ પ્રકરણ પત્યું છતાં પ્રભાશંકરના કામમાં સાથ ન

આપવાનું અને ઊલટી નવી મુશ્કેલીઓ ઊભી કરવાનું મિ. કીલીએ ચાલુ રાખ્યું. પ્રભાશંકરની ઇચ્છા હતી કે બાળમહારાજા કૃષ્ણકુમારસિંહજી ઉંમરલાયક થયા છે અને રાજ્યના વહીવટી કામની તાલીમ લઈ ચૂક્યા છે તો તેમને ગાદીનશીન કરી દેવા. એ મંજૂરી પૉલિટિકલ એજન્ટ મિ. કીલી આપતા ન હતા અને મહારાજામાં હજી આવડત નથી, તાલીમની વધુ જરૂર છે, એમ બહાનાં બતાવતાં હતાં. કૃષ્ણકુમારસિંહજી એક ઉત્તમ રાજા થાય તેવી તાલીમ આપવા પ્રભાશંકરે પૂરા પ્રયાસો કરેલા. કૃષ્ણકુમારના શિક્ષણ સંબંધમાં રાજકુમાર કૉલેજના પ્રિન્સિપાલ, તેમના હિંદ તથા ઇંગ્લૅંડના અભ્યાસ દરમિયાનના અંગ્રેજ ટ્યૂટરો, વર્ગશિક્ષક તથા પ્રિન્સિપાલનાં ઉત્તમ પ્રમાણપત્રો હતાં. પ્રભાશંકરે રાજ્યવહીવટની જે તાલીમ આપેલી તેનાં પ્રમાણપત્ર મેળવવામાં પ્રભાશંકરે એવી પદ્ધતિ પણ અખત્યાર કરેલી કે નામાંકિત ઑફિસરો, ગવર્નરના કાઉન્સિલરો, ગવર્નર તેમ જ વાઈસરૉય સાથે તેઓ કૃષ્ણકુમારસિંહજીની મુલાકાત ગોઠવતા. એ મુલાકાત વખતે પ્રભાશંકર હાજર ન રહેતા પણ બાળ મહારાજાની છાપ પોતા પર કેવી પડી છે, તે પ્રભાશંકર તેમને પુછાવતા અને પોતા પર ઉત્તમ છાપ પડી હોવાના કાગળો મુંબઈના ગવર્નર એ ગવર્નર કાઉન્સિલના નાણાંસભ્ય તથા વસૂલાતીસભ્ય તેમ જ વાઈસરૉય લૉર્ડ ઇર્વિનના હતા. કૃષ્ણકુમારસિંહજીને ગાદીનશીન કરવાની મંજૂરી આપવા પ્રભાશંકરે રાજકોટની કોઠીને ફરી વિનંતી કરી ત્યારે ફરીથી એ.જી.જી. મિ. કીલીએ કૃષ્ણકુમારસિંહને હજી વધુ તાલીમની જરૂર છે, હજી ઉંમર નાની છે, એમ લખી જણાવ્યું, આના

ઉત્તરમાં પ્રમાણપત્રો દેનારામાંથી અમુકનાં નામ ટાંકી પુછાવ્યું કે હિંદના એક રાજવીમાં આપ કેવી આવડતની અપેક્ષા રાખો છો, તે જણાવશો અને મારી આ અરજી આપનો જે અભિપ્રાય થતો હોય તે અભિપ્રાય સાથે દિલ્લી પૉલિટિકલ ડિપાર્ટમેન્ટને મોકલશો. પ્રભાશંકર એ અરજીની નકલ સાથે દિલ્લી જઈ વાઈસરૉયને મળ્યા અને વિગત સમજાવી. તત્કાલ લેખિત મંજૂરી આપવા લૉર્ડ ઈર્વિન તૈયાર થયા. પ્રભાશંકરે કહ્યું કે રાજકોટ કોઠી પાસેથી અરજી મંગાવી, એ અરજી ચકાસી પછી મંજૂરી આપવી. એ મુજબ દિલ્લીના પૉલિટિકલ ડિપાર્ટમેન્ટે રાજકોટ કોઠીને લખી અરજી મંગાવી અને ગાદીનશીન કરવાની મંજૂરીનો પહેલો તાર પ્રભાશંકરને કરવામાં આવ્યો. તાર મળતાં પ્રભાશંકરે મિ. કીલીને તાર કરી મંજૂરી મેળવી આપવા બદલ તેમનો આભાર માન્યો !

લૉર્ડ ઈર્વિને કૃષ્ણકુમારસિંહજીને ગાદીનશીન કરવાની મંજૂરી રૂબરૂમાં પ્રભાશંકરને આપી ત્યારે સત્તાસોંપણીનો વિધિ લૉર્ડ ઈર્વિનને હસ્તે થાય તેવી વિનંતી પ્રભાશંકરે કરેલી અને લૉર્ડ ઈર્વિને ખુશીથી તેની હા કહેલી, કિંતુ, ગાદીનશીનની તારીખ નક્કી થઈ અને એ તારીખ પહેલાં લૉર્ડ ઈર્વિનની જગ્યાએ લૉર્ડ વિલિંગ્ડનની વાઈસરૉય તરીકે નિમણૂક થઈ અને લૉડ ઈર્વિનને વિલાયત જવાનું થયું. આથી, પ્રભાશંકરે રાજ્યારોહણનો વિધિ કરવા મિ. કીલીને વિનંતી કરી. મિ. કીલીએ સ્વીકાર્યું અને રાજ્યારોહણ વખતે દરબારની વ્યવસ્થા માટે રાજ્યે એક કમિટી રા. બ. ભાસ્કરરાવભાઈ મહેતાના પ્રમુખપદે નીમી હતી. તેના એક સભ્ય જહાંગીર મ. રાણીના

હતા. એ.જી.જી.ના અંગ્રેજ અમલદારે એવું સૂચન કરીને આગ્રહ રાખ્યો કે રાજ્યની ચાવી નામદાર મહારાજાને સોંપી દીધા પછી પ્રભાશંકર પટ્ટણી હોદ્દા પરથી ઊતરી જતા હોઈ, તેમની બેઠક પહેલી હરોળમાં એ.જી.જી, તથા આમંત્રિત રાજામહારાજાઓની સાથે ન રાખતાં પાછલી હરોળમાં રાખવી. આ વાત રાજ્યની કમિટીને યોગ્ય જણાતી ન હતી, પણ અંગ્રેજ ઑફિસરની ઉપરવટ જવાય તેમ ન હતું. આથી, કમિટીએ એવું સૂચન મૂક્યું કે આ બાબતમાં મે. પટ્ટણી સાહેબને જ પુછાવવું. અંગ્રેજ ઑફિસરને એ સૂચન ગમ્યું. એનું કારણ મિ. રાણીનાને એ લાગ્યું કે જો પ્રભાશંકર પોતાની ખુરશી પહેલી હરોળમાં રાખવા આગ્રહ કરે તો પહેલી હરોળમાં ન રાખી તેમનું અપમાન કરી શકાશે અને જો જાતે જ પાછલી હરોળમાં પોતાની ખુરશી માગે તો આપમેળે પૉલિટિકલ એજન્ટનું ધાર્યું થાય છે. કમિટીએ પ્રભાશંકરને કાગળ લખી પુછાવ્યું. એ કાગળ રાતના મળ્યો ત્યારે પ્રભાશંકર શ્રીમદ્ ભાગવત વાંચતા હતા. કાગળ વાંચી એ જ ક્ષણે તેમણે જવાબ લખ્યો કે હું હજૂરશ્રીના ચરણમાં બેસીશ ! ધાર્યા કરતાં પ્રભાશંકરનો જવાબ તદ્દન જુદો હતો. બીજી તરફ, કમિટીના પ્રમુખ શ્રી ભાસ્કરરાવભાઈ કોઈ કામે મહારાજા સાહેબને મળવા ગયેલા ત્યારે તેમને અંગ્રેજ અમલદારની સૂચનાની વાત કરી. એ સાંભળી મહારાજાએ કહ્યું કે મને સત્તા મળ્યા પછી પટ્ટણી સાહેબની ખુરશી મારી બાજુમાં જ રહેવી જોઈએ.

મહારાજાને સત્તા સોંપાઈ તે ખાસ પ્રસંગે એ.જી.જી. મિ. કીલી હાજર રહ્યા. પ્રસંગ સારી રીતે ઊજવાયો.

એ.જી.જી.ને દમામથી માન આપવામાં આવ્યું, છતાં પણ જાણે પોતે પ્રભાશંકરને અપમાનિત ન કરી શક્યા તેનો રંજ રહ્યો હોય તેવું વર્તન તેમણે મોરબીના યુવરાજ કાલિકાપ્રસાદનાં લગ્નપ્રસંગે કર્યું. એ લગ્નપ્રસંગે વરઘોડો નીકળે તેમાં વરરાજાના ઘોડા પછી ક્રમમાં કયા કયા રાજાની મોટર રહેવી જોઈએ તે નક્કી કરવામાં મિ. કીલીએ એવી દલીલ રજૂ કરી કે પ્રભાશંકર રાજા નથી, નિવૃત્ત અધિકારી છે. તેમનું વાહન બધાં રજવાડાંનાં વાહન પછી રહેવું જોઈએ. મિ. કીલીના સ્વભાવને જાણનાર પ્રભાશંકર વરઘોડો નીકળ્યો ત્યાં સુધી હાજર ન થયા, એની ઘણાંને નવાઈ લાગી, પણ જેવો વરઘોડો વાજતે ગાજતે રાજમાર્ગ પર આવ્યો કે બાજુની શેરીમાંથી નીકળી પ્રભાશંકર વરરાજાના ઘોડા પાસે આવી, ઘોડાની લગામ ઝાલી સાથે ચાલનાર ઘોડાના રખેવાળને સહેજ દૂર ચાલવાનું કહી પોતે વરરાજાના ઘોડાને દોરતા સાથે ચાલવા લાગ્યા. થોડે દૂર ગયા ત્યાં પાછળથી મોરબી ઠાકોર લખધીરસિંહજીની સૂચના આવતાં પ્રભાશંકરે ઘોડાને થોભાવ્યો. ત્યાં પાછળથી ઠાકોર લખધીરસિંહજીએ ચાલતાં આવી પ્રભાશંકરનો હાથ ઝાલી સ્વાગત કરી પૂછ્યું : ‘આપ અહીં શા માટે છો ?’ પ્રભાશંકરે કહ્યું : ‘મોરબીબાવાની રૈયત છું. વળી, રાજ્યનો જૂનો નોકર છું. મારા બાપદાદાએ મોરબીબાવા સાથે જે સંબંધ રાખ્યો છે તે જોતાં મારું સ્થાન અહીં છે.’ મોરબી ઠાકોરે કહ્યું કે જો આપ એ રીતે જોતા હોવ તો મારી વિનંતીને માન આપી મારી સાથે પધારો. આમ કહી તે પ્રભાશંકરને વરરાજા પછીથી પોતાની પહેલી મોટરમાં સાથે લઈ ગયા.

## સદ્ભાવપૂર્ણ વહેવાર

એ પછી ટૂંક વખતમાં મિ. કીલી નોકરીમાંથી નિવૃત્ત થઈ ઇંગ્લૅંડ ગયા. તે પછી સર પ્રભાશંકર બીજી ગોળમેજી પરિષદના સભ્ય તરીકે ઇંગ્લૅંડ ગયેલા ત્યારે બજારમાં નીકળતાં તેમણે મોટર ધીમી પડાવી સેક્રેટરી શાંતિલાલ પા. વૈદ્યને પૂછ્યું કે પેલી દુકાનનાં પગથિયાં ચડી અંદર ગયા તે મિ. કીલી જ છે કે બીજા ? સેક્રેટરીએ 'કીલી જ છે' એમ કહ્યું. એટલે પ્રભાશંકરે તેમને સૂચના આપી કે મિ. કીલીને રાતનું ખાણું મારી સાથે લેવા આમંત્રણ મોકલાવો. ખાણાની તારીખ તેમને અનુકૂળ હોય તે રાખજો, સેક્રેટરી મિ. વૈદ્યે ઇંડિયા ઑફિસમાંથી મિ. કીલીના ઘરનું સરનામું મેળવી આમંત્રણ પાઠવ્યું. પહેલાં તો તેમણે આશ્ચર્ય દર્શાવી આનાકાની કરતાં કહ્યું કે હું તો નિવૃત્ત અધિકારી છું. મિ. વૈદ્યે કહ્યું કે સર પ્રભાશંકરનો સંબંધ કોઈ મર્યાદામાં બંધાયેલો નથી. તમે એમની ઇચ્છાને માન આપી આવશો તો તેમને પણ આનંદ થશે. મિ. કીલી ખાણા પર આવ્યા. પ્રભાશંકરે ઊઠીને સ્વાગત કર્યું', તેમના સ્વાસ્થ્યના ખબર પૂછ્યા, કારણ કે મિ. કીલીને હિંદની આબોહવા માફક ન આવતી, એ વારંવાર બીમાર થઈ રજા ઉપર ઊતરતા. પ્રભાશંકરે તેમની કૌટુંબિક સ્થિતિ પૂછી. તેના જવાબમાં મિ. કીલીએ જણાવ્યું કે પોતે નિવૃત્ત થયા પછી કુટુંબમાં વિદ્યાર્થીના અભ્યાસખર્ચને પહોંચી વળાતું ન હોવાથી અભ્યાસ છોડાવવો પડે તેવી સ્થિતિ છે. એ સાંભળી, પ્રભાશંકરે એ જ વખતે તેમાં ખૂટતી રકમની જોગવાઈ કરી આપતો ચેક આપ્યો. પછીયે વાતો થઈ, ઊઠતી વખતે મિ. કીલીની આંખમાં પાણી ભરાઈ

આવ્યાં, ગળું સાફ કરી તેમણે કહ્યું કે મને આવી કલ્પનાયે ન હતી. તમે મને એવી સારી રીતે જાળવેલો અને નિવૃત્ત થયો છું તોય જાળવો છો, પણ સર પ્રભાશંકર, મેં તમને બહુ જ હેરાનપરેશાન કર્યા છે. મને અફસોસ થાય છે. પ્રભાશંકરે કહ્યું કે અફસોસ ? ખોટું કામ કર્યું હોય અને જો અફસોસ થાય તો એ તો હૃદયને શુદ્ધ કરે છે. બાકી, ત્યારે પણ હું તો એમ જ માનતો હતો કે આપ આપની ફરજ સમજી કામ કરો છો અને હું ત્યારે મારી સમજ પ્રમાણે વર્તતો હતો. પ્રભાશંકરે મિ. કીલીને ઘેર જવા પોતાની મોટર આપી અને તેમને વળાવવા નીચે મોટર સુધી સાથે ગયા.

❑

॥ હરિઃૐ ॥

## ૧૯. સાદાં સત્યો

**૧.મિત્રો ગુણથી વશ રહે છે.**

**૨.સ્ત્રી પ્રીતિથી વશ રહે છે.**

**૩.શત્રુઓ આપણા જોરથી કે ભયથી નહિ પણ એમની નબળાઈ કે એમના અવગુણના આપણા જ્ઞાનથી વશ રહે છે.**

**૪.ઈશ્વર ભક્તિથી વશ રહે છે.**

**૫.રાજાઓ આપણી રાજ્યભક્તિથી નહિ, પણ પોતાના સ્વાર્થથી બીજાને વશ રહે છે,** અને એક નેતાથી પોતાનો સ્વાર્થ સધાઈ રહ્યો એટલે તૂટેલી હોડીને જેમ માણસ નકામી ગણી બીજી બાંધે છે, તેમ તેને છોડી બીજાને ગ્રહે છે. એમ પરંપરા ચલાવ્યા કરે છે.

**૬.પ્રજા ઉપકારથી વશ રહે છે.** એ ઉપકારનું સ્વરૂપ ગરીબને આપેલા દાનના ઉપકારના સ્વરૂપથી જુદી તરેહનું હોય છે, દાનમાં માગનારના હક કરતાં આપનારની ફરજ વધારે હોય છે. પ્રજા પર કરવાના ઉપકારમાં રાજાની ફરજ કરતાં માગનાર પ્રજાના હકનો અંશ વિશેષ હોય છે. પ્રજા માગવા જેવી સ્થિતિમાં આવે ત્યાં સુધી એને ન આપવું એ રાજાની સ્વાર્થબુદ્ધિ છે અને એ સ્વાર્થબુદ્ધિ પ્રજાને રાજાથી બેદિલ કરે છે. યોગ્યતા થયા પછી હકથી વિમુખ રહેવાનું પ્રજા તાબેદાર છતાં સહન કરી શકતી નથી. મોટો થયેલો પુત્ર ઘરસંસાર માંડ્યા પછી બાળકના કરતાં જેમ વિશેષ સ્વતંત્રતા ઈચ્છે છે અને પિતાએ આપવી જોઈએ એમ માને છે, તેમ પિતાએ એ આપવી જોઈએ, કેમ કે પુત્ર એને લાયક થયો છે. કામનો

તફાવત ન જોનાર તાબે રાખનાર, તાબે રાખવાની ઉત્કંઠામાં પોતાના સ્વાર્થને તાબે થાય છે અને જેને જો વાત્સલ્યથી પોષ્યા હોત તો સદાના અનૃણી થયા હોત તેને હંમેશને માટે વિમુખ રહે એવા કરે છે.

હકો મેળવવાની યોગ્યતા એ માગણી પહેલાંની જરૂરની સ્થિતિ છે, એમ વિચારશક્તિ દલીલ કરે છે, પણ કુદરત એવું ઠરાવી બેઠી છે કે માગવાની લાગણીનું સ્ફુરણ એ જ યોગ્યતાનું પહેલું પગથિયું છે, અને આપનારની ફરજનું સૂચન કરે છે. દેનાર અને લેનાર વચ્ચેનો વાદવિવાદ જ એકબીજા સાથેની કાંઈક અમુક નવી ફરજ ઊભી થઈ છે એમ સૂચવે છે. એ સૂચનાનું ડહાપણથી, ધૈર્યથી, એકબીજાની આપલેની લાગણીથી નિરાકરણ કરવામાં ન આવે તો દરેકના હૃદયમાં પહેલાંથી ચાલી આવતી એખલાસની નરમ લાગણીઓ ઉપર પહેલો સખત ઘસારો પડે છે કે જે બીજા પ્રસંગો આવતાં હૃદયના બીજા તંતુઓથી હંમેશાં અક્કડ રહી પાસેના તંતુઓને પોતા જેવા કઠણ કરતો જાય છે. અને છેવટે, જો બેમાંથી એકની સમજશક્તિ, એ અંતરથી ઉત્પન્ન થયેલા હઠને ભોગથી, સ્વાર્પણથી મટાડવા શક્તિવાન થતા નથી તો પછી જે હૃદયો પહેલાં સ્વાર્પણથી મટાડવા શક્તિવાન થતાં નથી તો પછી જે હૃદયો પહેલાં એક તરીકે જોડાયાં હતાં તેઓ લડાઈથી જુદાં પડી એકને ભોગે બીજાનું સ્વાતંત્ર્ય થાય છે. એમાં યોગ્યાયોગ્યતાનો વિચાર પછી રહેતો નથી. એમાં તો પછી ઉત્કંઠાની પ્રબળતાનો, મેળવવાના ઉત્સાહના જોરનો અને જોરથી ઝાલી રાખનારની નબળાઈ કે સાધનાનો જ ઝઘડો છે.

ઘણું કરીને માગનાર અંતે જીતે છે, કેમ કે ચોરી કરવી એ પાપ બખીલાઈ (કંજૂસાઈ) કરતાં વિશેષ છે. છતાં બખીલ (કંજૂસ)ના પૈસા ચોર ચોરી જઈ શકે છે તેમ ન આપનાર પાસેથી ઝૂંટવનાર કોક દિવસ પણ લઈ શકે છે. બન્ને પોતાનું પોતા પાસે રાખવા કે મેળવવા પ્રયત્ન કરતા છતાં એમ કેમ પરિણામ આવે છે ? કારણ એ છે કે જેની પાસે છે, તે મેળવવા ઈચ્છનાર કરતાં કાંઈક પણ વધારે સત્તાધીશ છે. ચીજની માલિકી એ જ સત્તાની નિશાની છે. સત્તા ગાફેલ રહે છે અથવા તો ગાફેલ ન રહે તોપણ સાવચેતી એ એવી પ્રવૃત્તિ છે કે સતત રાખવા ક્ષણભંગુર દેહ કોક દિવસ પણ થાક્યા વગર રહે નહિ. થાકની પળ માગનારને તક આપે છે. મેળવનારના પ્રયત્નમાં પણ સાવચેતી જોઈએ છીએ, પણ તે તો યોગ્ય ક્ષણે જ વાપરવાની હોય છે અને બચાવનારને તો દરેક ક્ષણે સરખું ચંચળ રહેવું પડે છે. ચોર તક જોઈ સાવચેતીથી કામ કરી લે છે. તેમને જિંદગી આખી પ્રયત્નશીલ રહેવું પડે છે જેને અંગે થાક, જે કુદરતનો સ્વાભાવિક શત્રુ અથવા મિત્ર છે તે સંભવે છે.

દુનિયામાં જેમ જેમ કાળ જાય છે, તેમ તેમ મળતા જતા હકોના દાખલા આપણે જોઈએ છીએ તેનું કારણ એ જ છે. કોઈ સર્વદા પોતાની ચીજ જાળવી શકતું નથી. હઠથી જાળવવાનો પ્રયત્ન એ તો જલદી ખોઈ બેસવાની બેવકૂફી કર્યા બરાબર છે. **ઈશ્વરે આપેલી મહત્તા કે સત્તા, બીજાના ભલાના ઉપયોગ માટે જ છે અને એ વસ્તુઓનો ઉદાર ઉપયોગ ન થાય તો પોતાના સ્વાર્થરૂપી કાટથી કટાઈ જાય છે. કેટલીક વસ્તુઓ આપવાથી જ વધે છે, તેમાંની એ છે અને જેઓ**

**હાથેથી આપતા નથી તેની ઝુંટાઈ જાય છે. ઉદાર આપે છે અને બખીલ (કંજૂસ) પણ આપે છે. ઉદાર જીવતાં પોતાને હાથે આપી, બક્ષિશ આપી કીર્તિ-લક્ષ્મી વરે છે, વધારે છે. બખીલ (કંજૂસ) પણ મરણ સમે વગર હાથ અડકાડે સમગ્ર ધન બીજાને, પાછળ રહેલાને કે કોઈ વખત જીવતાં ચોર કે અગ્નિને આપી દે છે. ઝુંટાઈ ગયેલું ધન કીર્તિ સંપાદન કરી આપતું નથી, ઊલટી હાંસી કરાવે છે.** 'કાં સાહેબ, નો'તું આપવુંને ?' એ શબ્દો સ્વેચ્છાએ આપનારને કોઈ દિવસ ન લાગુ થઈ શકે. 'શું ઉદારતા છેને ?' એ ઉદારની પાછળ બોલાતા શબ્દો છે.

આપનારે યોગ્યતાનો વિચાર કરવાનો નથી એમ કહેવું પહેલી નજરે તો તદ્દન અવિચારમાંથી ઉત્પન્ન થયેલા ઉદ્‌ગાર જેવું લાગશે, પણ કુદરતની વસ્તુસ્થિતિનો સહેજે ઊંડો અનુભવ થતાં જણાશે કે આપવાની સ્થિતિમાં મુકાયેલા માટે જેને જોઈએ છીએ તેની યોગ્યતા કરતાં અમુક કાળે પોતાની શી ફરજ છે તે જ માત્ર જોવાનું છે. એમાં જો ભૂલ થાય છે તો, જોકે માગનારની પહેલાં કંઈ અયોગ્યતા હોય તોપણ તે તેની કાળના કરતાં મોટી યોગ્યતા, મોટી માગણીઓની યોગ્યતાના ઉદ્‌ભવનું કારણ થઈ પડે છે. દરેક દેશનો ઈતિહાસ એ સત્ય સૂચવે છે. રાજાએ તો આટલું કરવું જોઈએ એવી સ્વપ્નાં જેવી ઇચ્છાઓ પણ જ્યારે પ્રજામાં ઉત્પન્ન થવા માંડે ત્યારે એ સ્વપ્નાંના નાના અંગને જે રાજા અર્પીને લોકેચ્છાને ફળીભૂતતાનું સ્વરૂપ આપે છે, તે થોડું આપીને પણ રાજ્યભક્તિનો મોટો કોટગઢ પોતાની આસપાસ બાંધે છે, પરંતુ એ ઇચ્છાને શરીર બંધાવા દઈને

પણ જે એ બંધાયેલા શરીરને વગર પલ્લવિત થયે નાશ કરી નાખવા ઈચ્છે છે તે તો પ્રજાભક્તિના પાયાને દારૂગોળાથી ઉડાડવા જેવું કરે છે. પ્રજાસમસ્તના અસંતોષના જેવું બીજું એકે નાશવંત શસ્ત્ર નથી કે જે રાજ્યે ન ધાર્યું હોય તે વખતે ઉડાડી શકે. બધાં છોકરાંઓથી વેર કરીને કયો ડોસો ઘરમાં નિરાંતે રોટલો ખાઈ શકે ? બુદ્ધિહીન છોકરાંઓ ખોટી રીતે ઉચ્છૃંખલ થઈને પોતાના હકો માટે નારાજ થયેલાં શું ન કરી શકે ? **વિભૂતિ ઈશ્વરે એકલા પોતાના ઉપયોગ માટે આપી નથી. જે વસ્તુ આપલે કરવાથી શોભે છે તેમાંની એક આ છે.**

યોગ્યતાના સવાલ પર આવતાં એક એ પણ વિચાર છે કે જેને આપનાર યોગ્ય ન માનતો હોય તે કુદરતની નજરે વખતે યોગ્ય હોય એવું પણ બને. જો તેમ ન હોય તો કોઈ વસ્તુને નિષ્ફળ કરવાનો વૃથા શ્રમ ન લેનારી કુદરત કદી માગનારને ઉત્પન્ન કરત નહિ. યોગ્યની યોગ્ય ક્ષણે ઉત્પત્તિ થાય છે એવું ડહાપણ જો આપણે ઈશ્વરમાં માનતાં હોઈએ તો માગણીનું સ્ફુરણ એ જ એ મહાન ઈશ્વરના આપણને એક સૂક્ષ્મ સૂચક ઘંટ તરીકે આપણે ગણવું. એમ નહિ થાય તો અંતે શંખનાદથી માગણીઓ મગાશે અને જે હસ્તે મોઢે આપવાથી લેનાર બેયને આનંદદાયક થતાં તે આપનારને વીલે મોઢે આપવું પડશે અને લેનાર ગર્વથી તે મેળવશે. પાંડવ કૌરવના વિગ્રહમાં એમ જ બન્યું. પાંચ ગામની માગણી નાકબૂલ કરનારે આખું સામ્રાજ્ય ખોયું.

કેટલીક વખત એવી દલીલ કરવામાં આવે છે કે હથિયારને બળે મેળવેલી સત્તામાં આપનારની ઈચ્છા વગર ભાગ માગવાની સત્તા જેઓ જિતાયેલા છે એને શાની હોઈ શકે ? સબૂર કરો.

રાજા પોતે પણ માણસ છે. મનુષ્યજાતિ એક બાપની પ્રજા છે અને એ રીતે એ પણ પ્રજાગણમાંનો એક છે. વિશેષ સત્તાવાન, વિશેષ ગુણવાન, બીજાનો નેતા થવાને યોગ્ય એવો એ છે એ અમારે માન્ય છે, પણ કાળના ફેરફારને જેમ આખું બ્રહ્માંડ આધીન છે, તેમ તે પણ છે. બીજાને જીત્યા તે વખતે પોતે યોગ્ય પ્રજાગણ હોવાથી સર્વોપરી થયો તેની સાથે ભાગ માગી શકે. ભાગ વહેંચી શકે કે એવો તે કાળે કોઈ ન હતો તેથી તો એ સર્વોપરી થયો, પણ બીજે કાળે જે ભાગ માગી શકે એવો ઉત્પન્ન થાય, તેનો પણ એ નેતા છે એવું એ માને તો કાળે જે ભૂલો બીજાને કરાવી છે એમ ઇતિહાસ કહે છે એ ભૂલ કરનારો એ થશે. **કાળના ફેરફાર અજાયબ છે. અને એને ધ્યાન ન આપનાર બહુ મોટી ભૂલ કરે છે. જે કાળના પ્રતાપે પોતે સર્વોપરી થયો છે, તે કાળ બીજાને ઉત્પન્ન કરે તેને માન આપવું એ પોતાને બનાવનાર સત્તાને માન્ય કરી તેના અનૃણી થવા જેવું છે. એ ભૂલનાર મોટો કૃતઘ્ની સમજવો.**

**હકો આપવા માટે અને લેવા માટે સરજાયેલી ચીજ છે. એક જ સ્થળે સદાકાળ સ્થાયી રહે એવો ગુણ એની વ્યાખ્યામાં જ નથી.** મનુષ્ય માત્ર સામાન્ય રીતે પોતપોતાની હદમાં સ્વતંત્ર છે, પણ ચોરની સ્વતંત્રતા એના પોતાના ઘરમાંથી પણ ખૂંચવી લેવામાં આવે છે એનું કારણ શું ? હકનો યોગ્ય ઉપયોગ ન થવાની શિક્ષાનું એ ફળ છે. મતલબ કે આપવા લેવાની હકની વ્યાખ્યાનો એ દાખલો છે. આપલે થવી જોઈએ એવી જ એ વસ્તુ એના સ્વભાવથી છે. ઈશ્વરે પોતે પણ જેની આપલે કરેલી છે એવી મિલકતનો જો કોઈ ઇજારો લેવા માગે છે તો તે

પોતાને હાથે કચરાઈ મરવાનો પ્રયત્ન કરે છે. એ એવી વસ્તુ છે કે જે સહેજે પણ આપવાથી એનાથી હજારગણું ફળ થાય છે અને સહેજ ન આપવાથી ઝેર સમાન ફળ થાય છે. કર ન આપનારને કોર્ટમાં ઘસડવામાં આવે છે એનું કારણ શું ? જેણે ન આપ્યું તે તેની પાસેથી પરાણે લેવાયું. જવાનું હતું તે તો ગયું જ, પણ ગૃહસ્થ કહેવાતા પણ બંધ થયા. ઈતિહાસ બતાવશે કે કંજૂસ અને જુલમી રાજાના વખતમાં લોકોએ જેટલા હકો મેળવ્યા છે તેટલા ભલા અને માયાળુના વખતમાં નથી મેળવ્યા, કારણ કે ન આપનારને જ સતાવવાની જનસ્વભાવની ટેવ છે. આપનારનો તો થોડેથી પણ ઉપકાર મનાય છે. હા અને નામાં દેખીતું જે અંતર જણાય છે તે કરતાં આ બાબતની હા નામાં મોટું ગાંભીર્ય સમાયેલું છે. **'આપશે તે સાચવશે' અને 'કંજૂસ બનશે તે સમૂળો ખોટો'** એવો આમાં ન્યાય છે. આપતાં ગયું તોપણ હૃદયમાં સંતોષ રહેશે. આપતાં અયોગ્ય લેનાર ગેરઉપયોગ કે ઉદ્ધતાઈ બતાવા સબળ થઈ બધું પડાવી લેશે તો તે કૃતઘ્નીનો ડાઘ મેળવશે. સદા શરમિંદા થશે અને બદલાના નિયમ પ્રમાણે જેણે એમ મેળવ્યું છે તે તરત તેવી જ રીતે ખોઈ બેસશે. માટે, આપવાને સમયે આપો. આપવાની ચોખ્ખી ઘસીને ના પાડવાથી ઘણાં કુમળાં હૃદયો કઠોર, દગાફટકાવાળાં અને રાજદ્રોહી બની જાય છે. અને એવાં હૃદયોની અયોગ્યતા દેખીતી છે. છતાં કારણ આપનારને એનું ફળ અંતે એટલા કારણથી મળે છે કે એવી અયોગ્ય ઉત્પત્તિ કુદરતમાં થવામાં એ કારણભૂત છે. કારણની મહત્તા કાર્ય કરતાં વિશેષ છે. બીજા બધા ભવિષ્યના વિકારો માટે જવાબદાર છે.

**જ્યારે એક બાબતનો બન્ને બાજુથી અત્યાગ્રહ થાય ત્યારે જે પહેલો આગ્રહ છોડે તે વધારે ડાહ્યો ગણાય. અંતે ફતેહ પણ દુરાગ્રહ છોડનારની છે.** દુરાગ્રહ સત્યવિચારનો નાશ કરે છે અને નેત્રો પર એવાં ચશ્માં પહેરાવે છે કે વસ્તુઓ હોય છે તેના કરતાં બીજા સ્વરૂપમાં દેખાય છે. આવી સ્થિતિમાં ભૂલ થવી સ્વાભાવિક છે અને ભૂલના ફળથી બાળક સિવાય કોણ અજાણ્યું છે ?

૭. **માતાપિતા આજ્ઞાપાલનથી વશ થાય છે.**

૮. **પુત્રો લાયક થયે તેમને સર્વ ગૃહસત્તા આપવાથી વશ રહે છે.**

૯. **પુત્રીઓ સ્વભાવે જ વશ રહેવું જોઈએ એમ જન્મેલી હોય છે.**

૧૦. **સગાંસંબંધીઓ સ્વાર્થ સરે તો વશ રહે છે.**

૧૧. **જ્ઞાતિ ઈર્ષા ઉત્પન્ન ન થાય-એવી સ્થિતિ હોય તો વશ રહે છે.**

૧૨. **જનસમૂહ એના સ્વભાવને મળતા હોઈએ ત્યાં સુધી વશ રહે છે.** સાંગોપાંગ એને વશ રાખવા માટે શરીર સુધીનો તો શું પણ હૃદયની માન્યતાઓનો પણ ભોગ આપવો પડે છે. એ ભોગે સમાજને વશ રાખવો જોઈએ કે કેમ એ બીજો સવાલ છે.

૧૩. **શરીર નિયમથી વશ રહે છે.**

૧૪. **ઈંદ્રિયો લગામ-સંયમથી વશ રહે છે.** ઘોડા માફક એને દોરવાની છે. ચાલ્યા કરે અને લઈને ન ભાગે એવી લગામ જોઈએ.

**૧૫. જિંદગી કોઈને વશ રહેતી નથી.**

**૧૬. કાળ સર્વને વશ કરનાર હોવાથી એને વશ કરવાનો તો સવાલ જ નથી.**

**૧૭. દેશ તેને અનુકૂળ થવાથી વશ થાય છે.**

**૧૮. પ્રકૃતિ વશ કરવાની વસ્તુ છે, વશ થનારી નહિ.**

**૧૯. ઉપરીઓ હુકમ ઉપાડવાથી વશ થાય છે.**

**૨૦. તાબેદારો દયાવાળા વર્તનથી વશ થાય છે.**

**૨૧. સરખા દરજ્જાવાળા કોઈના સ્વાર્થમાં આડા ન આવવાથી વશ થાય છે.**

**૨૨. મન સમાધિમાં, ગાઢ નિદ્રામાં કે મૂર્છામાં વશ રહે છે.**

**૨૩. કાળ સમજનારને બધું વશ રહે છે. તેથી જ સર્વના નિયંતા ઈશ્વરને બધું વશ છે.**

**૨૪. સ્થિતિ કર્મને વશ રહે છે.**

**૨૫. નેત્રો અંધારાને વશ રહે છે.**

**૨૬. કાન અવાજને વશ રહે છે.**

**૨૭. જીભ તો કાપ્યાથી જ વશ રહે છે.**

**૨૮. નાસિકા........**

**૨૯. નિદ્રા મહેનતને વશ છે.**

**૩૦. આનંદ સમદૃષ્ટિને વશ છે.**

**૩૧. પ્રભુને જે પકડવા માગે તેને તે વશ છે. સહેલામાં સહેલો વશ કરવો એને છે. જે પકડવા માગે છે તેથી તે પકડાય છે.** ઈચ્છામાત્રનું કામ. પ્રભુની રચના જ એવી છે. જે ઘણું ઉપયોગનું તે સહજ સાધ્ય. હવા વગર ક્ષણમાં મરી જવાય

તો તેને ઊંઘમાંયે લઈ શકાય એવી યોજના કરી છે. ગમે તે સ્થળે મળી શકે એમ સર્જેલ છે, સર્વને સુલભ છે. પાણી એથી સહેજ ઊતરતું અગત્યનું તો તે સહેજ ભરવા જવાની મહેનતે મળે એમ બનાવ્યું છે. અનાજ એનાથી ઊતરતું અગત્યનું કેમ કે એથી ઉપલાં કરતાં વિશેષ વખત શરીર ટકી રહે તો તેને મેળવવા માટે ઉપાધિ વિશેષ કરી છે. કપડાંલત્તાં એથી પણ અગત્યનાં તો તે એથી મોઘાં. એમ જેમ જિંદગી જાળવવામાં જેની અગત્યતા ઓછી, તેમ તેની કિંમત વધારે. એ ઈશ્વરી નિયમ છે. ઈશ્વર વગરનો ઘાટ જ ઘડાય નહિ, જિંદગીની શરૂઆત જ ન થાય તો એ તદ્દન સુલભ. બધે મારો વહાલો બેઠો છે, ઈચ્છામાત્રમાં તાબે થાય તેવો છે.

૩૨. **વિદ્યા ઉદ્યોગને વશ છે.**

૩૩. **પૈસો વાપરી જાણનારને વશ છે.**

૩૪. **સદ્‌ગુણો તો જેને સાથે જન્મ્યા હોય તેને જ વશ છે.** લઈને વશ નથી થઈ શકતા.

૩૫. **દુર્ગુણો સહજ આઘા હોવાથી ચાહે તે તેને વશ કરી શકે છે.** વશનો અહીં અર્થ ઉપયોગ જેવો છે. વશ - તાબે અર્થમાં તો શિક્ષાને જ વશ રહી શકે.

૩૬. આખી પૃથ્વીનું રાજ્ય જીતવામાં જે બહાદુરી છે તેના કરતાં જે માણસ પોતાની ઈચ્છાઓ સફળ થવાનો પ્રસંગ આવ્યા છતાં અને તેની સફળતામાં કોઈ અટકાવનાર નજીકના હોવા છતાં માત્ર તે ઈચ્છાની અયોગ્યતાને લીધે પોતાના હૃદયથી ‘નહિ’ શબ્દ બોલી શકે છે તેની બહાદુરી વધારે શૂરવીરતાની છે.

❑

# સર પ્રભાશંકર પટ્ટણીના જીવનની
# છેલ્લી મુસાફરી
## ખંડ - ૨

સર પ્રભાશંકર પટ્ટણીએ વસૂલાત ખાતાના
અધિકારી તરીકે કરેલી મુસાફરી અને
દેહવિલયનું નિરૂપણ

: લેખક :

**જયંતીલાલ મોરારજી મહેતા**

## :: મુસાફરીના પ્રસંગો ::

સર પ્રભાશંકર પટ્ટણી મારા દાદા થાય અને જ્યારે હું એમની વાત કરું છું ત્યારે ‘દાદા’ શબ્દ જ વાપરું છું. એટલે અહીં પણ દાદા જ કહીશ.

આ પુસ્તકમાં શ્રી જયંતીભાઈએ દાદાની છેલ્લી મુસાફરીની જે વિગતો આપી છે તેમાં ખાસ અગત્યનું એ છે કે જેમ શબ્દો બોલાતા જતા હતા તેમ લખનાર લખ્યે જતા હતા. એટલે શબ્દશઃ દાદાના વિચારો વાચક આગળ ધરવામાં આવ્યા છે. દાદાએ ભાવનગર રેવન્યૂ વહીવટ માટે સુવિચારો અને આયોજનો કર્યાં હતાં તે દાદાના જ શબ્દોમાં વાચકને આપવાનો આ પુસ્તકનો મૂળ હેતુ છે.

આ મુસાફરી દરમિયાન કેટલાક એવા પ્રસંગો બનેલા કે જે વિગતથી લખતાં વિસ્તાર થાય. જોકે તેથી દાદાના હૃદયની ખરી પિછાન વધારે થાય, પણ તેવા પ્રસંગો હાલ તુરત ન અપાતાં બીજી કોઈ વાત તેને પ્રસિદ્ધ કરવી તે વધારે ઉચિત છે.

મારો ઇરાદો પહેલાં તો એમ હતો કે દાદાનું ટૂંકું જીવન-ચરિત્ર અહીં લખવું પણ તે અશક્ય છે. તેઓ પોતે જ કહેતા કે ‘મારું જીવનચરિત્ર લખવાની કોઈ કોશિશ કરશો નહિ. ગમે તેવો સારો લેખક પણ તે નહિ કરી શકે, કેમ કે કલમ, શાહી અને કાગળ જે જડ છે, તેનાથી વ્યક્તિ એ ખરેખર શું છે, તે કોઈ શબ્દો દ્વારા સમજી કે સમજાવી ન શકે.’ તેમની આ વાત, તેમની બધી વાતોની માફક ખરી છે. જેમ કે, આ પુસ્તકમાં ભંડારિયાની એક ડોશીના બે માથાભારે દીકરાની વાત છે. તેમાં મૂળ ડોશીએ દાદા પાસે ધા નાખેલ કે તે એકલી

એ વૃદ્ધ હોઈ તેને કોઈ ખવરાવે કે ઘરકામ કરી આપે તેવું નથી. આ ઉપરથી તેના દીકરાના પોતે જામીન થયેલા. આ બધો વૃત્તાંત લખી શકાય, પણ ડોશીને શું લાગ્યું હશે, દાદાનું દિલ અને મન કેવાં હશે અને એના દીકરાઓનું જે પરિવર્તન થયું તેમાં કયા બળે કામ કર્યું હશે તેનું વર્ણન થઈ ન શકે. તે વાત તો બીજાનાં હૃદયોમાં ઊતરી બીજાની લાગણી અનુભવી શકે (સમજી શકે તેમ નહિ) તે જ જાણી શકે.

સમૃદ્ધ બ્રિટિશ સલ્તનતની પૂરી ચડતીના સમયમાં ગાંધીજી સાથેની પોતાની મૈત્રી જાહેર રીતે ટકાવી રાખી શકે, કૉંગ્રેસનો પક્ષ લઈ શકે, **રાજ્યો ઉપર થતી સરકારની કરડી નજરને હસતે મોઢે સહન કરી ભાવનગરની ઉન્નતિ માટે બ્રિટિશ સલ્તનત સામે મરણ સુધી લડી શકે અને છતાં બ્રિટિશ સલ્તનતને એમ લાગે કે હિંદના બધા રાજદ્વારી પુરુષોમાં તેઓ એક ખરેખર માનનીય મિત્ર છે. ગાંધીજી અને વલ્લભભાઈ પણ તેમ માને. હિંદના રાજકીય ક્ષેત્ર ઉપર આ પ્રકારનું સમભાવવાળું સ્થાન તેમણે લીધું હતું.**

રાજકીય આંદોલનો વખતે જ્યારે બીજાં રાજ્યોમાં અને બ્રિટિશ હિંદમાં તોફાનો થયાં અને વ્યવસ્થા તૂટવા માંડી ત્યારે ભાવનગરને વધારે સુવ્યવસ્થિત કરી એક નાના રાજ્યમાંથી સમૃદ્ધિની ટોચ પર પહોંચાડનાર, નાનામાં નાના માણસની સાથે વાતો કરી તેનું હૃદય સમજી શકનાર અને મોટામાં મોટા સત્તાધીશોની ધમકીઓથી નીડર રહી શકનાર વ્યક્તિ તરીકે એમની સરખામણીમાં ઊભા રહેવું કોઈને માટે શક્ય ન હતું.

તેમના હ્દયની શુદ્ધતા, સરળતા, ભાવનગર તરફની વફાદારી, પૂજ્ય ગાંધીજી તરફનો ભક્તિભાવ અને સાચા લાગે તે માર્ગ ઉપર અડગપણે ઊભા રહેવાની શક્તિનો એક દાખલો આપું.

રાજકીય આંદોલનના છાંટા એક વખત ભાવનગર ઉપર ઊડ્યા, તે વખતે ગાંધીજી સાથે તેમને કેટલીક ચર્ચા કરવી પડી હતી. તેમાં એક વખત ગાંધીજી બોલી ગયા, 'અત્યારે તો તમે કહો છો તે સાચું છે પણ કોઈ વખત એવો આવે કે હું ભાવનગર આવી કાનૂનભંગ કરું તો મને જેલમાં નાખો કે ?' ત્યારે દાદાએ કહેલ, 'પહેલાં તો હું જેલને દૂધથી ધોવરાવી પવિત્ર કરાવું. પછી એક કોટડીમાં આપને પૂરું અને સાથે બીજી કોટડીમાં હું પુરાઉં,' ગાંધીજી કહે, 'તમારી સામે તો સત્યાગ્રહ પણ નકામો છે.' એમનો સ્વભાવ પણ એવો હતો કે પ્રસંગ ઊભો થતાં પોતે કહેલ તે જ કરત.

અહીં વધારે વિસ્તાર કરવાની જરૂર નથી. જે લોકોએ એમને જોયા છે તે કોઈ દિવસ ભૂલવાના નથી. ઈતિહાસમાં શું લખાશે તે ખબર નથી. જ્યારે ભાવનગર નરેશ શ્રી કૃષ્ણકુમારસિંહજીની સગીર વયમાં ભાવનગરની પ્રજાની માગણી થઈ કે સર પ્રભાશંકરને સરકારે ઍડ્‌મિનિસ્ટ્રેટર તરીકે નીમવા ત્યારે દાદા લંડનમાં સેક્રેટરી ઑફ સ્ટેટની કાઉન્સિલમાં સભ્ય હતા અને તે જ વખતે તેમને એક પ્રાંતના ગવર્નર તરીકે નીમવાની તજવીજ થઈ હતી. ભાવનગરની માગણી આવી ત્યારે સરકારે તેમની ઈચ્છાઓ પૂરી અને સદ્‌ગત મહારાજા ભાવસિંહજી તરફથી પોતાની ભક્તિ ભાવનગરની

પ્રજાની માગણીને માન આપવાની વૃત્તિ અને જે નરેશે તેમનો પહેલેથી હાથ પકડ્યો હતો તેનાં બાળકો તરફથી પોતાની ફરજને એમણે જોઈ અને દાદાએ ભાવનગર આવવાનું સ્વીકાર્યું.

આવા પુરુષના ભાવનગરના ખેડૂતો અને ગામડાંઓ વિશેના વિચારો, ખેડૂતો સાથેનું તેમનું વર્તન, આ પુસ્તકમાં છે. અત્યારે જે મુશ્કેલ લાગે છે તે તેમણે વર્ષો અગાઉ સહેલાઈથી કર્યું હતું અને તેનું કારણ પરાયા દિલને પકડવાની તેમની શક્તિ. એક દાખલો છે.

## સગા ભાઈઓમાં સમાધાન કરાવ્યું

છેલ્લી મુસાફરીમાં રાજુલા ગામે બે ભાઈઓ વચ્ચે તકરાર હતી. તેઓ દાદાની સલાહ લેવા આવ્યા. દાદાએ તકરાર વિશે સાંભળ્યું અને પછી પૂછ્યું 'જાતે કેવા છો ?' 'ધોબી છું. બાપુ.' 'એલા મલકનાં ધોયાં અને ઘરનાં જ મેલાં ? પણ એમ જ થાય. વિશ્વને ઝેરમાંથી મુક્ત કર્યું ત્યારે શંકરને પણ પોતાના ગળામાં ઝેર ભરવું પડ્યું હતું. ત્યારે તમે તો બધાંના ધોઈને ઘરમાં જ મેલ ભરોને ? પણ મેલ પેટમાં ઉતારાય ? આ મારી વાત વિચારી જોજો હોં !' બે ભાઈઓએ એક બીજા સામે જોયું, કાંઈક ગણગણ્યા અને તુરત કહ્યું, 'બાપુ અમે સમજી ગયા, અમારું સમાધાન થઈ ગયું !' ભાઈઓના મોઢા ઉપર જે આનંદ થયો એ જ આનંદ દાદાના મોઢા ઉપર હતો. મુખ્ય તકરારની વાત ઉપર ચર્ચા તો બાજુ ઉપર રહી અને સમાધાન થઈ ગયું. આવા દાખલા છે, પણ અહીં વિસ્તારથી લખી શકાય નહિ આટલું લખ્યું છે તે માત્ર એક જ હેતુથી કે દાદાએ છેલ્લી

મુસાફરીમાં કહેલા શબ્દોની પાછળ કેટલાં લાગણી અને કેવાં ભાવના હતાં તે વાચક પણ અનુભવી શકે. તેમનામાં શત્રુભાવ હતો જ નહિ અને તેમનું હૃદય કેટલું શુદ્ધ અને ક્ષમાશીલ હતું તે સમજવા તેમની એક કવિતા ટાંકું :

**મારી આખી અવની પરની જિંદગાની વિશે મેં,**
**રાખી હોયે મુજ રિપુ પરે દૃષ્ટિ જે રીતની મેં,**
**તેવીયે જો મુજ ઉપર તું રાખશે શ્રીમુરારિ,**
**તોય તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી.**

પણ નબળા પડેલાં હૃદય ઉપર શારીરિક કષ્ટ ઉપરાંત, તેમને છેલ્લાં વર્ષમાં ઘણા માર્મિક આઘાતો પણ થયેલા. બા (રમાબા)ના સ્વર્ગવાસ પછી પોતે મને કહેતા કે 'તારી બા મારે માટે ઉપર રહેવાનું સ્થળ ગોતે છે, તે મળી જશે એટલે મને બોલાવી લેશે.' બાની વર્ષીમાં તેમણે ભાગવત પૂરું સાંભળી લીધા પછી આઠ દિવસે બાએ દાદાને બોલાવી લીધા.

તા. ૨૧-૬-૧૯૫૩ **મહેશ અં. પટ્ટણી**

❑

## ૧. વસૂલાત અધિકારી તરીકે નિમણૂક

૧૯૩૭ના ડિસેમ્બર મહિનામાં ભાવનગર સ્ટેટ કાઉન્સિલના પ્રેસિડન્ટ સર પ્રભાશંકર પટ્ટણી અને કાઉન્સિલના સભ્યો દીવાન બહાદુર, ત્રિભુવનદાસ કાલિદાસ ત્રિવેદી અને ખા.બ. શ્યાવક્ષ આદરજી ગોધાવાળા નિવૃત્ત થતાં, રાજ્ય વહીવટમાં કાઉન્સિલ પદ્ધતિને સ્થાને નામદાર મહારાજાશ્રીએ દીવાન પદ્ધતિ દાખલ કરી, પોતાના દીવાન તરીકે શ્રીયુત અનંતરાય પટ્ટણીની નિયુક્તિ કરી તથા નાયબ દીવાન તરીકે શ્રી નટવરલાલ માણેકલાલ સુરતી, જ્યુડીશ્યલ આસિસ્ટન્ટ તરીકે શ્રી ભાસ્કરરાવ વિ. મહેતા અને પર્સનલ આસિસ્ટન્ટ તરીકે શ્રી હરગોવિંદદાસ મણિશંકર ત્રિવેદીની નિમણૂક કરવામાં આવી. આ ફેરફારીમાં વસૂલાત ખાતાના અધિકારીની જવાબદારીવાળી જગ્યા ખાલી પડી. એ ખાતાનાં કામો જેવાં કે (૧) ખેડૂત કરજનિવારણ (૨) ગ્રામપંચાયત (૩) નવા કૂવા બંધાવવાનું અને જૂના કૂવા ગળાવવાનું કામ (૪) ઢોરઉછેર (૫) ગ્રામઉદ્યોગ વગેરે કામો વિશેષ સારા પાયા ઉપર મૂકી શકાય એવી ઇચ્છાથી એ ખાતાની જવાબદારી સર પ્રભાશંકરને સુપ્રત કરવાની નામદાર મહારાજાશ્રીને ઇચ્છા થઈ, જો એમની તબિયત સારી હોય તો. નામદાર મહારાજાશ્રીનો સર પ્રભાશંકરને આ સ્થાને મૂકવામાં એવો હેતુ હતો કે આ ખાતાનો અધિકારીવર્ગ–આસિસ્ટન્ટ વસૂલાતી અધિકારીઓ, થાણદારો અને વહીવટદારોને સર પ્રભાશંકરની સાથે કામ કરતાં જે અનુભવ અને જ્ઞાન મળે એ અનુભવ અને જ્ઞાન

ખાતામાં હંમેશાંને માટે ઉપયોગી થાય. **ગમે તેવા મોભાવાળા માણસે પણ સેવા કરવાનો પ્રસંગ આવે ત્યારે સેવા પહેલી અને માણસ પછી,** એ ખ્યાલ બધા નોકરોને આવી જાય. એટલું જ નહિ પણ **કોઈ પણ અધિકારી આવી બાબતમાં પોતાનો જાતનો મોભો કે પદવીનો વિચાર કરવા કરતાં તેણે રાજ્યસેવાનો પ્રથમ વિચાર કરવો જોઈએ.** એવા પ્રકારનો સિદ્ધાંત રાજ્ય સેવકોમાં એક વખત પ્રસ્થાપિત થઈ જાય એ ઇચ્છવા યોગ્ય છે. નામદાર મહારાજાશ્રીની ઇચ્છામાં, તેઓશ્રીનો પોતાની પ્રજા તરફનો ભક્તિભાવ જોઈ અને ભારે જહેમત ઉઠાવી ભાવનગર રાજ્યના ખેડૂતોને કરજમુક્ત કર્યા પછી તેઓ ફરીથી કરજમાં ન પડે માટે તેઓને યોગ્ય માર્ગ દર્શાવવાની લાગણીથી પ્રેરાઈને, સર પ્રભાશંકરે મહારાજાશ્રીની ઇચ્છાને શિરોમાન્ય કરી અને આ સંબંધી જે ઠરાવ પ્રસિદ્ધ થયો તેથી સર્વ લોકોને આશ્ચર્ય થયું. એટલું જ નહિ પણ કેટલાંકને તો એવું થઈ શકે, એ અશક્ય લાગ્યું. ખેડૂતવર્ગ બહુ રાજી થયો અને એમને લાગ્યું કે પોતાની મુશ્કેલીઓનું યોગ્ય રીતે નિવારણ થવાની તક હવે પ્રાપ્ત થઈ છે. સર પ્રભાશંકરે જ્યાં જ્યાં મહાલોમાં અને મહાલોનાં ગામડાંઓમાં મુસાફરી કરી ત્યાં ત્યાં દરેક સ્થળે ખેડૂતો જે ટોળાંબંધ એકત્ર થતા હતા અને કોઈ પણ પ્રકારના સંકોચ વગર પોતાને જે કહેવાનું હોય તે કહી, અરજ અહેવાલ કરતા હતા.

તા. ૧૭મી ડિસેમ્બરે નીચે પ્રમાણે ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવ્યો.

## ઠરાવ નં. ૭

વસૂલાતી ખાતામાં કેટલાંક કામો જેવાં કે (૧) ખેડૂત કરજનિવારણ (૨) ગ્રામપંચાયત (૩) નવા કૂવા બંધાવવાનું અને જૂના કૂવા ગળાવવાનું કામ (૪) ઢોરઉછેર અને (૫) ગ્રામઉદ્યોગની સુવ્યવસ્થા વગેરે માટે તથા એ ખાતાંના બધા ઑફિસરોમાં એકસરખી નિયમિત પદ્ધતિ બંધાઈ જાય એમ કરવાની જરૂર જણાતાં સર પ્રભાશંકર પટ્ટણીને બીજો હુકમ થતાં સુધીમાં વસૂલાતી અધિકારીનું કામ સોંપવામાં આવે છે. એમણે આ કામ કરવાની અમારી ઈચ્છાને માન આપ્યું છે. તેથી, અમને ખુશી થાય છે.

તા. ૧૭ ડિસેમ્બર, ૧૯૩૭ **કૃષ્ણકુમારસિંહજી**

મહારાજા, સંસ્થાન ભાવનગર

❑

## ૨. વહીવટીય કુશળતા અને આયોજન

'આપણા રાજ્યમાં જો ગૌચર ઓછાં હોય તો દરબારને વિનંતી કરવી કે ગૌચર માટે પ્રબંધ કરે. સારા સાંઢો માટે ઈનામ આપવાં જોઈએ. ત્યાર બાદ કૂવાઓ સંબંધી વિચાર દર્શાવતાં એમણે કહ્યું કે 'આપણે ઈરિગેશનનાં મોટાં સાધનો નથી, માટે દરેક ખેડૂતને એક વાડી તો હોવી જ જોઈએ અને એટલા માટે કૂવા કરાવવાનું કામ દરેક તપ્પા (પ્રાંત) કે ડિસ્ટ્રીક્ટવાર લેવું જોઈએ. પછી ભલે તે દસ વર્ષમાં પૂરું થાય, પણ હિંદ સરકારે જેમ એક કરોડ રૂપિયા વહેંચી દીધા છે તેમ ન થવું જોઈએ. સાથે સાથે કૂવાઓ બરાબર થાય છે કે નહિ તેની તપાસ રાખવી જોઈએ.'

છેવટમાં એમણે દરેક અધિકારીને ડાયરી રાખવાની ભલામણ કરી હતી અને 'ડાયરીમાં લખ્યા પ્રમાણે કામ થાય છે કે નહિ તે ઉપરી અધિકારીએ બરાબર જોવું. ડાયરીમાં લખ્યા પ્રમાણે થાણદારે કે વહીવટદારે મુસાફરી કરી છે કે નહિ તેની તપાસ રહેવી જોઈએ. આથી, સૌથી મોટા અધિકારીઓનું કામ વધે છે, પણ કામ બરાબર થશે. આપણને યાદ રહેશે એમ ધારી ઘણી બાબતો યાદ રહેતી નથી, પણ જો દરેક અધિકારી પાસે ડાયરી હોય અને તેમાં તેમને કરવાનાં અને કરેલાં કામની તે નોંધ રાખે તો કામ ઘણું સહેલું થઈ જાય.'

રા. રા. હિંમતભાઈને ઉપર પ્રમાણે સૂચના આપવાના પરિણામે આખા ખાતામાં એની તત્કાળ અસર થવા પામી

હતી. સર પ્રભાશંકરે પોતાની નરમ તબિયત છતાં રા. રા. હિંમતભાઈની સાથે ચર્ચા કરી. એક વખત ડિસ્ટ્રીક્ટમાં જઈ રાજ્યના દરેક મહાલ (તાલુકાનો પેટાભાગ, નાનો તાલુકો)ની અને બની શકે ત્યાં સુધી આસપાસનાં થાણાંઓની તપાસણી કરવાનો કાર્યક્રમ નક્કી કર્યો હતો અને તે પ્રમાણે પોતાની ઑફિસને પણ યોગ્ય સૂચના આપી હતી. આ કાર્યક્રમ નીચે પ્રમાણે હતો. (સર પ્રભાશંકર પટ્ટણી જાતે ગામડાંઓની રૂબરૂ મુલાકાતે ગયા.)

તા. ૬-૧-૧૯૩૮ ભાવનગરથી ધોળા, પરવાળા.

તા. ૧૨-૧-૧૯૩૮ ભાવનગરથી ભંડારીયા, ત્રાપજ. ત્રાપજ બંગલે મુકામ રાખ્યો હતો.

તા. ૧૩-૧-૧૯૩૮ ત્રાપજથી તળાજા. (૩ દિવસ)

તા. ૧૫-૧-૧૯૩૮ તળાજાથી ભાવનગર ટ્રેનમાં, રાત્રે ભાવનગરથી ઊંચડી.

તા. ૧૬-૧-૧૯૩૮ ઊંચડી, ઝાંઝમેર.

તા. ૧૮-૧-૧૯૩૮ ઊંચડીથી ઓથા, દેવગડા અને ત્યાંથી મહુવા.

તા. ૧૯-૧-૧૯૩૮ મહુવા.

તા. ૨૦-૧-૧૯૩૮ મહુવાથી કુંભણ, કોંજળી અને પાછા મહુવા.

તા. ૨૧-૧-૧૯૩૮ મહુવાથી ડુંગર અને વિક્ટર

તા. ૨૨-૧-૧૯૩૮ વિક્ટર

તા. ૨૩-૧-૧૯૩૮ વિક્ટરથી રાજુલા, ત્યાંથી સાવરકુંડલા.

તા. ૨૪-૧-૧૯૩૮ સાવરકુંડલા

તા. ૨૫-૧-૧૯૩૮ સાવરકુંડલાથી નેસડી અને પાછા સાવરકુંડલા
તા. ૨૬-૧-૧૯૩૮ કુંડલાથી ઢસા
તા. ૨૭-૧-૧૯૩૮ ઢસાથી બોટાદ
તા. ૨૮-૧-૧૯૩૮ બોટાદથી લાઠીદડ અને પાછા બોટાદ
તા. ૨૯-૧-૧૯૩૮ બોટાદથી નીંગાળા
તા. ૩૧-૧-૧૯૩૮ નીંગાળાથી ભાવનગર
તા. ૧૫-૨-૧૯૩૮ ભાવનગરથી શિહોર મેલમાં
તા. ૧૬-૨-૧૯૩૮ શિહોર ડાકબંગલામાં સવારના ૯:૦૩ મિનિટે અવસાન.

ધોળાની ખેતીની શાળામાં અત્યાર સુધી લગભગ ૧૨૫ વિદ્યાર્થી ભણ્યા છે અને તેમાં ૭૩ વિદ્યાર્થી ખેતીના ધંધામાં પડ્યા છે. આ વિદ્યાર્થીઓ જ્યાં હોય તે ગામનાં નામ આપવાં અમે કહ્યું હતું અને તેમણે જે શિક્ષણ મેળવ્યું છે તેનો તેઓ ઉપયોગ કરે છે કે કેમ તે સંબંધી તપાસ કરવાનું કહ્યું હતું. તેમ જ એ શાળાના ખર્ચના આંકડાઓ તપાસ્યા હતા. સર પ્રભાશંકરે કહ્યું હતું કે ‘ખેતીવાડી ખાતું ઘણાં વર્ષથી હોય તેથી તેની ઉપયોગિતા સિદ્ધ કરવા માટે જરૂરનું છે. જો એ ખાતું ઉપયોગી સાબિત થાય તો તેને સુધારવું જોઈએ.’

❑

## ૩. ખેડૂતોને માર્ગદર્શન

'દેશી કપાસના વાવેતર સંબંધી સૂચના કરતાં પોતે કહ્યું હતું કે અમુક વાવેતરનો જે પ્રયોગ જે ગામમાં સફળ થયો હોય તે પ્રમાણે આખા ગામે એનું વાવેતર કરવું જોઈએ. જો વાવેતરથી ઓછું ઉત્પન્ન થાય તો પ્રમાણમાં દરબારે વિઘોટી (વીઘાના ખેતરમાં પ્રમાણમાં વસૂલ કરવામાં આવતું મહેસૂલ-કર) ઓછી લેવી જોઈએ અને તે ગામ ચોમાસા પહેલાં પસંદ કરવું. આ સંબંધી આસિસ્ટન્ટ સાહેબોએ વહીવટદાર સાથે મળી બંદોબસ્ત કરવો જોઈએ.

'બયોગા ગામ અને ગીણીયા ગામ કુંડલા તપ્પામાં છે. તે ગામનાં લોકો ઘરનો કપાસ લાવી સંઘરે છે, વણે છે. આ પ્રમાણે દરેક ગામે સ્વાશ્રયી થઈ જવું જોઈએ. પોતાને જોઈતી ચીજો માટે ગામે બહાર જવું પડે એમ ન થવું જોઈએ. **ગામ સ્વાશ્રયી થયા વિના upliftની વાતો નકામી છે. દરેક ગામે પોતાની જરૂરિયાતની ચીજો ઉત્પન્ન કરવી જોઈએ.**

કૂવાઓ માટે ઈ.સ. ૧૯૦૫થી મહારાજા ભાવસિંહજીનો પ્રયત્ન હતો. ઘણા કૂવા ગળાવ્યા હતા, પરંતુ એ પ્રયત્ન નિષ્ફળ ગયો હતો. મને લાગે છે કે દરેક ફેરણી ઑફિસરનો ધર્મ છે કે આપણે જે કરીએ છીએ તે બરાબર થાય છે કે નહિ તે તપાસવું જોઈએ અને જો એમ થાય તો કામ કરનારને ખાતરી થાય કે આપણે જો નહિ કરીએ તો શિક્ષા થશે.'

'દરેક ખેડૂતને ઓછામાં ઓછો એક કૂવો હોવો જોઈએ. ન હોય તો કૂવો અને વાડી કરાવી દેવાં. દરેક થાણદારે પોતાનાં

ગામોમાં કયા કયા ખેડૂતને વાડી નથી તે જોવું અને દરેકને સમજાવીને એક કૂવો કરાવવો. જેથી, દુષ્કાળનું વર્ષ આવે તો તેમનું ગુજરાન ચાલી શકે. આપણે ખેડૂત પાસેથી દુષ્કાળના વર્ષમાં વિઘોટી ન લઈએ પણ તેમને ખાવાનું તો મળવું જ જોઈએ. કૂવાનો ખર્ચ સંકટનિવારણ ફંડમાંથી આપવો. દરબારને એથી ફાયદો છે.'

થાણાં સંબંધી કામ પૂરું થયા પછી ત્રાપજમાં સહકારી મંડળીનું સંમેલન ભરવામાં આવ્યું હતું. તેમાં સર પ્રભાશંકરે પ્રવચન કરતાં કહ્યું, 'હું કામ કરવા નીકળ્યો છું. ભાષણ કરવા નહિ. મારી ઇચ્છાથી નહિ પણ ઘડપણે મહારાજાની ઇચ્છાથી નીકળ્યો છું. તેઓ મહારાજા ભાવસિંહજીના પુત્ર છે અને તમે એમને ઓળખો છો. એમણે મને કહ્યું કે 'લોકોના ઉપરનું કરજ ઘટાડ્યું છે ખરું, પણ તેઓ પાછા કરજમાં પડ્યા છે કે નહિ તે બાબતની તપાસ કરી તમારા જેવી ખાતરી મને કોઈ નહિ આપી શકે.' એટલે મારે તમને સૌને પહેલું તો એ કહેવાનું છે કે ખેડૂતો કરજમુક્ત થયા પછી પાછા તેમાં પડ્યા છે કે નહિ. કરજમાં પડ્યા હોય તો તેનાં કારણો, ઉપાયો અને દરબારે એમાં શું કરવા જેવું છે એ વિચારથી મહારાજાએ મને મોકલ્યો છે. હું કહું છું તે તમે બધાં સાથે સાંભળો છો એમાંથી કોઈ કહેશો કે ફરી કરજ થયું છે કે નહિ ?'

તમારા ઉપર આખું હિંદુસ્તાન આંખ રાખીને જોઈ રહ્યું છે કે ભાવનગરે કર્યું છે તેમાં શું સત્ય છે ? જો તેમાં મને નિષ્ફળતા મળશે તો મારો સ્વભાવ છે કે દુનિયાને ઢોલ વગાડીને જાહેર કરી દઈશ કે કોઈ આવું કરશો નહિ. માટે, મારે દરેક ખેડૂતનું

મન જાણવું છે કે દરબારે કર્યું છે તે બરાબર છે કે નહિ ? અને કરજમુક્ત થયા પછી ખેડૂતોની સ્થિતિ સુધરી છે કે નહિ ? અને કરજના વ્યાજના ખેડૂતોને દર વર્ષે વીશ લાખ રૂપિયા ભરવા પડતા હતા, તે વ્યાજની રકમ બચવાથી ખેડૂતોને ખરેખર લાભ થયો છે કે નહિ તે પણ મારે જાણવું છે.

**પરમેશ્વર ઉપર ભરોસો રાખી મહેનત કરવી.** છતાં ખેડૂતો નહિ સુધરે તો તેમને માટે એક જ રસ્તો છે અને તે એ કે જે ખેડૂત રોજ કરજમાં પડ્યો રહે તો પછી તેને ખેડૂત મટાડી દેવો. આથી, ખેડૂતને પણ ફાયદો થાય અને દરબારને પણ ફાયદો થાય.

❑

## ૪. કરુણામૂર્તિ

ઝાંઝમેર પાસેના પરતાપપરા ગામનો ખેડૂત કીવા મૂંગા જાતનો કોળી, રૂ. ૧૬/- થી ઓછી રકમનું ફારમ ભરતો હતો અને તેથી તેને કરજ કમિટીમાં લીધેલો નહિ. તેણે સદરહુ વેપારી શેઠ તલકચંદ માણેકચંદ પાસેથી રૂ. ૨૦/- અંગ ઉધાર અને રૂ. ૨૦/- ઘરેણાં ઉપર લીધેલા. રૂપિયા અને તેનું વ્યાજ અમુક વર્ષે એ ખેડૂતે આપી દીધેલું, પણ અંગ ઉધારવાળા ખાતાના રૂપિયા લેણા હોઈ સદરહુ વેપારીએ એને ઘરેણાંવાળા ખાતાના રૂપિયા એણે આપ્યા છતાં ઘરેણાં પાછાં આપ્યાં નહિ અને અંગ ઉધારવાળા ખાતાનો એ વેપારીએ દાવો કર્યો, જેનું વ્યાજ અને ખરચ સહિત રૂ. ૩૫/-નું હુકમનામું થયું. વેપારીને બોલાવી એના ચોપડા ઉપરથી પતાવટ કરવાનું પટ્ટણીજીએ આસિસ્ટન્ટ વસૂલાતી સાહેબને અને વહીવટદારને કહ્યું. હિસાબ જોઈ અંગ ઉધાર ખાતાની રૂ. ૧૫/-માં પતાવટ કરી અને પોતાના તરફથી એ રૂ. ૧૫/- વેપારીને આપી દેવાને સેક્રેટરીને કહ્યું. એ પ્રમાણે રૂપિયા આપી દેવામાં આવ્યા, પરંતુ ઝાંઝમેર પછી ઊંચડી સ્ટેશને રાત્રે પોતાના સેક્રેટરીને બોલાવ્યા અને કહ્યું કે ‘પેલા ખેડૂતની ઉપર વેપારીનું જે કરજ હતું તેની પતાવટ થઈ, પરંતુ એની સ્ત્રીનાં કડલાં તો વેપારીને ત્યાં જ રહ્યાં હશે. એ ગરીબ બાઈ નિસાસા નાખતી હશે અને કહેતી હશે કે પટ્ટણી સાહેબે મારાં કડલાં ન અપાવ્યાં. માટે, જો આટલામાં વહીવટદાર હોય તો એને આપણા તરફથી બીજા વીસ રૂપિયા આપી તેમને કહો કે વેપારીને એના હુકમનામાની

પૂરી રકમ આપી બાઈનાં ઘરેણાં એને કાલ ને કાલ પાછાં આપી દે.' કહેવાની જરૂર નથી કે બીજે દિવસે બાઈને એના દાગીના પાછા મળી ગયા હતા. વેપારીને પણ ધડો મળ્યો.

● ● ●

## દીકરીને ન્યાય આપ્યો

અરજદારો પૈકી થોરડીની એક રાજગોર બાઈ જગાને એના બાપનાં ખોરડાં પંચક્યાસથી આપવા માટે દરબારશ્રીએ ઠરાવ કર્યો હતો, પણ બાઈની સ્થિતિ ગરીબ હોવાથી પંચક્યાસની રકમ આપી શકે એવી તેની સ્થિતિ ન હતી. સર પ્રભાશંકરે કહ્યું કે 'પોતાના બાપનું મકાન દીકરીને ન મળે એ બરાબર નથી.' વહીવટી અધિકારી વર્ગે તે માટે પાછળથી તજવીજ કરવાનું કહેતાં પોતે કહ્યું કે 'પછીથી નહિ પણ અહીં જ પંચક્યાસથી રકમ નક્કી કરો. જે રકમ નક્કી થાય તે હું આપું છું અને બાઈને મકાનનો કબજો સોંપો.' એ પ્રમાણે પંદર રૂપિયા સુખડીની રકમ નક્કી થતાં પોતાના તરફથી આ રકમ મહાલમાં આપી દેતાં બાઈ જગાને ખોરડાનો કબજો અપાવવાનું ઠર્યું.

❏

## ૫. અમલદારશાહીને બદલે ગ્રામપંચાયત

રાજ્ય બે રીતે ચાલી શકે છે. કાં તો લોકો પોતે ચલાવે અથવા દરબાર ચલાવે. એટલે જ્યાં ગ્રામપંચાયત ન હોય ત્યાં દરબારે રાજ્ય ચલાવવું જોઈએ. હવે હું તમને પૂછું છું કે તમારે ગ્રામપંચાયત જોઈએ છે કે થાણદાર જોઈએ છે ? હું તમને કહું છું કે જ્યાં મતભેદ હોય ત્યાં પણ ગ્રામપંચાયત ચાલી શકે છે. જ્યાં મોટો ભાગ ગ્રામપંચાયત લેવા ઇચ્છતો હોય અને નાનો ભાગ વિરુદ્ધમાં હોય ત્યાં નાના ભાગમાંથી એકબેને ગ્રામપંચાયતમાં લેવા એટલે તેમને ખાતરી થઈ જાય અને તે આપણા જેવા થઈ જાય તથા બહારનાને કહે કે આ તો સારું છે.

ત્યાર પછી ગ્રામપંચાયત સારી રીતે ચલાવવા સંબંધી ગામ લોકોને સૂચના કરતાં એમણે કહ્યું કે ‘રાજ્યમાં એક અધિકારી સારો હોય તેથી કાંઈ આખું રાજ્ય જેમ સારું ન ચાલે, તેમ ગામમાં એક પટેલ સારો હોય તેથી કાંઈ ગામ સારું ન ચાલે. ગામ સારું ચલાવવા માટે તો તમારો બધાંનો સહકાર જોઈએ. જે ગામે ગ્રામપંચાયત હોય તે ગામે અરજો પણ ઓછી થાય. એટલે તમારું સારું ચાલતું હોય તો તે જોઈને બીજાં ગામો પણ તે પ્રમાણે વરતે એવી મારી ઇચ્છા છે. જેમ રોગચાળો ચાલે છે તેમ આ સારોચાળો પણ ચાલશે અને તમે સુખી થશો.’

હું જન્મ્યો ત્યારથી કાંઈ અધિકારી ન હતો. તમારા જેવો જ હતો. તે સમયે માત્ર ગ્રામપંચાયત નામ ન હતું, પણ ગામડાંનાં લોકો પોતાનો બધો વહીવટ પોતે જ કરી લેતા.

દુઃખ પડે તો ગામ આખું દરબાર પાસે કે દીવાન પાસે જતું. પછી રાજ્ય આવ્યું એટલે ગામડાંઓનો ઘાણ નીકળી ગયો અને હિંદુસ્તાનની સ્થિતિનો ઘાણ કાઢી નાખ્યો. માટે, મારો અનુભવ તમને કહું છું કે તમે એક બે ગામમાં ગ્રામપંચાયત લઈ અનુભવ કરી જુઓ. ગ્રામપંચાયતથી તમને તમારી સત્તા મળે છે. અંદર અંદરની તકરાર તમે મટાડી શકો છો. પોલીસ ચોકીદાર તમે રાખી શકો છો. તેને તમે કાઢી પણ શકો છો અને જે રાખો તેમાં માત્ર ચોકિયાતનું કામ કરવાની શક્તિ હોવી જોઈએ અને પોલીસનું કામ તેને આવડવું જોઈએ, એટલું જ જોવાનું.

સર પટ્ટણીજીની તપાસણી પદ્ધતિ એવી હતી કે ખાસ મતભેદના ઘણા વખતથી ચાલતા તુમારો (ફાઈલ) કે જેમાં સિદ્ધાંતના સવાલો હોય એવા તુમારો જુદા કઢાવી અધિકારી વર્ગની રૂબરૂમાં તેની ચર્ચા કરતા અને જાણે બધાંને શિક્ષણ આપવાનો એમાં હેતુ હોય એમ જોનારને જણાઈ આવતું. **કામ કરનારાઓની બેદરકારી, ભૂલો વગેરેને મહત્ત્વ ન આપતાં પોતાનાં વર્તનથી અને શિખામણથી એઓને સુધારવાનો એમનો પ્રયત્ન હતો. જેમ જેમ એમને કડવા અનુભવો થતા ગયા તેમ તેમ અસાધારણ ધીરજથી અનિષ્ટના મૂળને શોધી કાઢવા એઓ પ્રશ્નમાં વિશેષ ઊંડા ઊતરવા લાગ્યા.** કુંભણના ખેડૂતોને ખાસ કરીને ગ્રામપંચાયત સંબંધી, ત્યાંની સ્થિતિ, સંયોગો પ્રમાણે કહ્યું. ગામમાં સુમેળ નથી એવું માલૂમ પડતાં, ‘અધિકારી કરતાં તમારા ગામના પંચો સારા.’ એ પ્રમાણે ભારપૂર્વક શિખામણ આપી.

જ્યાં જ્યાં હું ગયો છું ત્યાં ત્યાં મેં સાંભળ્યું છે કે ‘અમે ગ્રામપંચાયતથી સુખી છીએ, અમારો ક્લેશ ઓછો થાય છે અને અમારું ઘરમેળે સમાધાન કરી શકીએ છીએ.’ આ વાત સાચી છે કે મારો ભ્રમ છે કે હું બધું ખોટું સમજ્યો છું ? તમે તમારું કરી લ્યો તેમાં વધારે આનંદ છે કે હું અને મારા અધિકારીઓ તમને કરી દઈએ તેમાં વધારે આનંદ છે ? ઘરમાં બાયડી છોકરાં રહેતાં હોય અને કોઈવાર કજિયો થતો હોય તે પડોશી પતાવે તેમાં મજા કે પોતે પોતાનો કજિયો પતાવે તેમાં મજા છે તેનો વિચાર કરજો. અમે તમને ગમે તેટલા રાખીએ પણ તમારા ઘરના તો કહેવાઈએ જ નહિ. એટલે હું કહું છું કે ગ્રામપંચાયત હોય તો તમે વધારે સુખી રહો. તમારા આખા ગામનો વહીવટ જે રીતે તમારે ચલાવવો હોય તે રીતે તમને ચલાવવાની છૂટ છે. તમને જોઈતી હોય તે બધી સત્તા આપવા દરબાર ખુશી છે. કોઈ ગામમાંથી કોઈને કાઢી મૂકવો હોય તો તે ગામ તેને કાઢી શકે. આ કાઢી મૂકવાની સત્તા તો માત્ર મહારાજાને જ છે, તે તમને આપી છે. હવે રાજાની પોતાની સત્તા તમને આપી દીધી છતાં તમે સુખી ન થાઓ તો અમારા કરતાં તમારી કમનસીબી વધારે છે. તમને ચોકીદારો આપ્યા છે, તે જો તમારું રક્ષણ ન કરે તો તમે તેને કાઢી શકો છો, પણ જે નવા રાખો તેનામાં કામ કરવાની શક્તિ હોવી જોઈએ. માટે, નવા રાખવામાં તમારે પોલીસ ઉપરીને પૂછવું જોઈએ. હવે આટલી બધી સત્તા આપ્યા પછી ગામમાં કયું કામ કરવાનું રહે છે ?

‘અહીં ખેડૂતો કેળવાયેલા છે એમ કહો છો એટલે વધારે કજિયો અને ફરિયાદો છે. માટે, કાયદાબાજી છોડી દઈ,

ખેતરબાજી કરો એટલે સુખી થાશો.' તમારે તમારા ગામમાં દરેક વસ્તુ ઉત્પન્ન કરવી કે જેથી પડખેના ગામે તમારે લેવા જવી ન પડે. હવે તમારી કોઠિયોમાં તમે અનાજ નાખી શકો એવી તમારી સ્થિતિ થઈ છે. ઘઉં, જાર, બાજરો, કઠોળ, શાક વગેરે તમે ઉત્પન્ન કરી શકો છો. એટલે અનાજને માટે તો તમારે બહારગામ જવું જ ન પડે. દરબારની તો એવી ઈચ્છા છે કે દરેક ખેડૂત પાસે ઓછામાં ઓછી એક વાડી અને તેમાં એક કૂવો હોવો જોઈએ અને તેની તમે માગણી કરો તો દરબાર મદદ આપવા ખુશી છે. દરબારે ભાડકૂવાને બંધાવવાનો નિશ્ચય કર્યો છે. ગયે વર્ષે ઢસા, તળાજામાં ભાડકૂવા કરાવી દેવામાં આવ્યા છે. આ વર્ષે આખો ગઢડા મહાલ લેવાનો છે અને પછી ક્રમે ક્રમે આખા રાજ્યમાં ભાડકૂવા તૈયાર થઈ જશે. એટલે જો વાડીયું હોય તો ખાવાની વસ્તુઓ તમારે બહાર ગામથી લાવવી નહિ પડે. જે વસ્તુ ન થતી હોય તે બીજે ગામથી લાવવી પડે. અહીં કપાસ ન થતો હોય તો તે લાવીને પીંજી, કાંતી, વણી, ગામે કપડાં પેદા કરવાં. હમણાં તો તમને આ કામ કઠણ પડશે, પણ માટીમાંથી રૂપિયા પેદા કરવા હોય તો મહેનત કરવી જોઈએ. ગ્રામપંચાયત થાય તો આ બધું એની મેળે થશે.

તમે કહો છો તે પ્રમાણે ગ્રામપંચાયતમાં મતભેદ હોય તો તેનો ઉપાય એ છે કે વિરુદ્ધ મતવાળાને પંચાયતમાં લેવો. જેથી તે બીજાને સમજાવે. તેમ તેને પણ ખાતરી થાય કે આમાં તો સારું છે. દરેક ગામે ખાવાનું અને પહેરવાનું એ ગામમાં જ ઉત્પન્ન થાય તેમ કરવું જોઈએ અને તેમાં તમારે જે મદદ

જોઈએ તે મહારાજા આપવા ખુશી છે. તમારા ગામને એમ હોય કે અમે રોજ કાંતવા તૈયાર છીએ તો મહારાજા માગશો તે મદદ આપશે. તમે ચોખ્ખું માનજો કે તમારી પાસેથી હું પૈસા લેવા નહિ પણ દેવા આવ્યો છું. સત્તા લેવા નહિ પણ આપવા આવ્યો છું અને મદદ કરવા આવ્યો છું, કારણ કે મહારાજાની એવી ઈચ્છા છે. નહિ તો આટલાં વર્ષે-પોણોસો વર્ષે મરવા પડ્યો છું ત્યારે શા માટે બહાર નીકળું ? પણ હું અહીંથી જાઉં ત્યારે હું મરી ગયો એમ ન માનશો. હમણાં જે કહ્યાં તે ત્રણ ગામ, ગ્રામપંચાયત લેશે ત્યારે હું ફરી આવીશ અને બીજાને બતાવી આપીશ કે ગ્રામપંચાયત આ રીતે ચાલે છે.'

કોઈ પણ તપ્પાનું ગામ કે ગામડું એવું નહિ હોય કે જ્યાં સર પટ્ટણીજીએ ગ્રામપંચાયત, કરજ વગેરે સંબંધી સ્થાનિક સંયોગો અને સ્થિતિને ધ્યાનમાં લઈ માર્ગદર્શક વિવેચન નહિ કર્યું હોય ! પોતાની આખી મુસાફરી દરમિયાન ખેડૂતોની સ્થિતિ સુધારવાના માર્ગોની અને દરેક ગામને સ્વાશ્રયી બનાવી દેવાની સતત વિચારણા અને સતત ઉપદેશના એમણે કર્યા કરી છે અને આ બાબત એમના હૃદય સાથે કેટલી વણાઈ ગઈ હતી એ કુંભણમાં એકઠા થયેલા ખેડૂતો આગળના એમના વાણી-પ્રવાહથી સહજ પ્રતીત થાય છે.

ઝાંઝમેર ગામની પંચાયત સારી ચાલે છે. ગામમાં હિંદુ મુસલમાનના તહેવારો આખું ગામ સાથે ઊજવે છે અને કજિયાનું સમાધાન પણ ગામલોકો જ કરે એથી ગામનો એક પણ કેસ કોર્ટમાં ગયો નથી. તે સાંભળી પૂજ્ય પટ્ટણીજીએ

કહ્યું હતું કે ‘આ રીતે ઉત્સવમાં સૌ ભાઈઓ ભેગા મળે એ બહુ સારી વાત છે. બને ત્યાં સુધી આવા ઉત્સવના પ્રસંગે ગામના શિક્ષિત ભાઈઓએ જનતાને બને તેટલો ઉપદેશ આપવો જોઈએ. જેથી, આવા પ્રસંગે ઐક્ય વધવાની સાથે જ્ઞાન પણ વધે. ગામડાંનાં માણસોને આ ન્યાય, આ અન્યાય, આ નીતિ, આ અનીતિ, આ સારું, આ નબળું એટલું જ સમજાય તો તેઓને ઘણો લાભ થાય. હું ભવિષ્યમાં તમારા ગામને નમૂનેદાર બનાવવા હોંશ રાખું છું.’

❏

## ૬. વેપારીઓ અને ખેડૂતોનો સંબંધ

સર પ્રભાશંકરે વેપારીઓ અને ખેડૂતોના સંબંધની બાબતોને સ્પર્શ કરતાં જણાવ્યું કે :-

'વેપારીઓ વગર કોઈ રાજ્ય ચાલી શકે નહિ, કારણ કે સારાંમાઠાં વર્ષે ખેડૂતોને ટકાવી રાખનાર વેપારીઓ જ છે. કોઈ રાજ્ય ખેડૂતોને લાખ્ખો રૂપિયા આપી શકે નહિ, એ કામ વેપારીઓનું જ છે. એટલે જો વ્યાજના માફકસર દરે વેપારીઓ ખેડૂતોને નાણાં ધીરે તો એ જ વર્ષની આવકમાંથી ખેડૂતો વેપારીની લેણી રકમ ભરી શકે.'

'આજે જે વાત હું કહેવા આવ્યો છું, તે વેપારીઓ અને ખેડૂતો બન્ને સમજી લે. દરબારનાં તો બન્ને બાળકો છે, પણ એમનો સંબંધ બરાબર સરખો થવો જોઈએ, પણ વેપારી ૨૫ ટકા વ્યાજ લે અને તે પણ એ રીતે કે પહેલાં જ સવાયા લખે, જે ત્રણ વર્ષમાં બમણા થાય, એ તો ન જ બની શકે. હવે, જેને ખાવા રોટલા નથી, પહેરવાં લૂગડાં નથી તે શી રીતે એ રકમ આપી શકે ? મહારાજાનો તો વિચાર એવો છે કે વેપારી અને ખેડૂતનો એવો સંબંધ કરી નાખવો કે બન્નેને રૂપિયા મળે. એટલે વેપારીઓએ વ્યાજના દરમાં ઘટાડો કરવો પડશે અને ખેડૂતોએ બની શકે એટલા ઓછા રૂપિયા એમની પાસેથી લેવા જોઈશે. તો જ એ સંબંધ સુધરશે. હવે, હું તમને વેપારીઓને પૂછું છું કે તમે એમની પાસેથી કેટલું વ્યાજ લેવા ઇચ્છો છો ? દરબારે પહેલાં પોતાના રૂપિયા છોડી દઈને તમારા રૂપિયા પતાવ્યા છે. દરબાર જેમ દયા રાખે છે તેમ વેપારીએ

પણ સમજીને માણસ થવું જોઈએ. માટે, હું તમને ફરી પૂછું છું કે કેટલું વ્યાજ લેશો અને આપશો ? એટલા જ લખશો કે સવાયા લખશો તે કહો ? તમારા ચોપડામાં લખી રાખેલી મોટી રકમો જોઈએ છીએ કે જે બરાબર હોય તે જોઈએ છીએ ? વેપારી પણ દરબારની પ્રજા છે અને જરૂરની પ્રજા છે, કારણ કે કરજ માફ થયું છે એટલે ખેડૂતો વિઘોટીના રૂપિયા તો આપી શકે એવી સ્થિતિમાં છે, પણ દરબારના રૂપિયા આપ્યા પહેલાં ખેડૂત બીજે માલ વેચવા જાય તો એ ખેડૂત ચોર છે એમ હું સમજું છું. એટલે આટલી દયા છતાં જો ખેડૂત એમ કરે તો હું સમજું કે એના ઉપર પરમેશ્વરની કૃપા નથી. હવે, ખેડૂત ભરી શકે એવી સ્થિતિમાં છે. ખેડૂતોના વ્યાજના રૂપિયા વીસ લાખ માફ થયા છે. હું કોઈ વેપારીને નુકસાન કરવા નથી માગતો, પણ ખેડૂતે લીધેલા રૂપિયા તમને બરાબર આપી શકે એવો પ્રબંધ કરવા માગું છું અને તેમાં દરબાર, વેપારી અને કણબી ત્રણેને લાભ છે.'

દરબાર તગાવી (સરકાર તરફથી ધીરવામાં આવતાં નાણાં) તો આપે છે, પણ બીજા પ્રસંગે વાણિયા પાસેથી રૂપિયા લીધા વગર છૂટકો નથી.

'ગામડાંઓમાં તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે ખેડૂતો પર ૬૦ લાખનું દરબારનું કરજ છે, અને મને કહેવામાં આવ્યું હતું કે ખેડૂતો દરબારની તે રકમ નથી આપતા. મેં પૂછ્યું કે આપતા નથી કે આપી શકતા નથી ? જેની કોઠીમાં દાણા ન હોય, રસોઈનાં પૂરાં વાસણો ન હોય એવા માટીના ગોળા અને તૂટેલાં માટલાંવાળા ખેડૂતો રૂપિયા ક્યાંથી આપે ? 'વેપારી

પાસેથી વ્યાજે લઈ આપે ?' એમ મને કહેવામાં આવતાં મેં વેપારીઓને બોલાવવાનું કહ્યું. દરેક વેપારીને હું પૂછતો કે ખેડૂત પાસે તમારું કેટલું લેણું છે અને વ્યાજ કેટલું લ્યો છો ? તપાસમાં મને જણાયું કે ખેડૂત પાસેથી ૨૦-૨૫ ટકા વ્યાજ લેવામાં આવે છે. આવી સ્થિતિમાં ખેડૂત, દરબારને પૈસા ક્યાંથી આપે ? એટલે તેઓ આપવા માગતા નથી તે વાત તદ્દન જૂઠી છે, પણ તેઓ આપી શકતા નથી તે વાત સાચી છે.'

તમને રાજા એવા મળ્યા છે કે તે કશાની ના પાડી શકે એવા નથી. તમે જોયા તો હશે ! કેવા હસતા મુખવાળા છે ? એમણે મને કહ્યું છે કે દરેક ગામે, દરેક ખેડૂતને એક કોસનો કૂવો હોવો જોઈએ, કારણ કે દુષ્કાળ આવે ત્યારે વિઘોટી માફ થાય પણ ખવરાવવું શું ? કૂવાથી ઢોર અને ખેડૂત પણ બચે. દરબારની વિઘોટી જાય તો ભલે જાય પણ ખેડૂત તો બચેને ? ભાવનગરનો રાજા કોઈ દિવસ વાણિયો થાય, એવા એ નથી.

દરબારશ્રીને જુલમ નથી કરવો, પણ સારું રાજ્ય કરવું છે. નહિ તો ગામડે ગામડે ફરી તમારું કરજ શા માટે ફીટાડે ? જે કામ સરકાર નથી કરી શકી તે કામ આપણા રાજાએ કર્યું છે. એમને તમારાં મગજ નથી જોઈતાં પણ તમારું હૃદય જોઈએ છે. મગજ તો હજારો રૂપિયાના પગારો આપીને મેળવશે, પણ એમને તમારી ભક્તિભાવના જોઈએ છે. 'ભક્તોને આધીન તો ભગવાન પણ છે' એમ કહેવાય છે. મહારાજા પણ તમને આધીન થશે.

❑

## ૭. કવિ શ્રી દુલા ભાયા કાગ

સર પ્રભાશંકરના રાગી કવિ દુલા ભાયા કાગનું મજાદર ગામ વિક્ટરથી આશરે દોઢ માઈલ દૂર છે. એમનાં કાવ્યોનો અહીં ઠીક રસાસ્વાદ મળ્યો હતો. બીજે દિવસે કવિ કાગ સર પટ્ટણીને 'એક વિનંતી કરે,' તે પહેલાં જ એમણે કહ્યું કે 'હું તમારે ત્યાં જમવા આવીશ.' પોતાના મનની ઈચ્છા ફલિત થઈ એ જાણી કવિ કાગને ઘણો આનંદ થયો અને બીજે દિવસે રાત્રે મજાદર જવાનું થયું. મજાદરમાં કવિ કાગને ત્યાં ગામનાં આબાલવૃદ્ધ સર્વ માણસો એકઠાં થયાં હતાં અને એ બધાંને સર પટ્ટણીનાં દર્શનથી અતિશય આનંદ થયો હતો. ત્યાર પછી રોટલા, ખીચડી, કઢી, દહીં વગેરે રાત્રિભોજન લેવામાં આવ્યું હતું અને ગામના દરેક માણસને સર પટ્ટણી તરફથી એક એક રૂપિયો આ પ્રસંગની યાદગીરી નિમિત્તે કવિ કાગ દ્વારા આપવામાં આવેલ હતો.

❑

## ૮. કર્મનિષ્ઠા

ઉપરાઉપરી મુસાફરીની થતી તકલીફથી અને એકત્ર થતા લોકસમૂહની આગળ પોતાના વિચારો સમજાવવાના પરિશ્રમને કારણે કુંડલા પહોંચતાં સર પ્રભાશંકરને હૃદયનું દર્દ વધી પડ્યું હતું. આ બાબતની નામદાર હજૂરશ્રીને જાણ થતાં તેઓશ્રીએ તાર દ્વારા તબિયતના સમાચાર પુછાવ્યા (આ તારના પ્રત્યુત્તરમાં પટ્ટણીજીએ લખ્યું હતું કે, 'Grateful for kind enquiry. I am well Doctor will tell.' - 'આપ તરફથી પૂછપરછ માટે આભારી છું. હું સારો છું. ડૉક્ટર આપને જણાવશે.' ચીફ મેડિકલ ઑફિસર શ્રી હેમંતકુમાર વૈદ્યને નામદાર હજૂરશ્રીએ કુંડલા મોકલ્યા. મિસ્ટર વૈદ્યે કુંડલા આવી સર પ્રભાશંકરને ભાવનગર આવવા માટે આગ્રહ કર્યો. તેમ એમના પૌત્ર શ્રીયુત મહેશભાઈ અ. પટ્ટણી, જેઓ આ મુસાફરીમાં પોતાના દાદાની સારસંભાળ રાખવા સાથે હતા, એમણે પણ થોડા દિવસ આરામ લેવા ભાવનગર જવાનો પટ્ટણીજીને આગ્રહ કર્યો, પરંતુ નક્કી કરેલા ક્રમ પ્રમાણે જ્યાં સુધી કામ પૂરું ન થાય ત્યાં સુધી એમણે ભાવનગર આવવાની અનિચ્છા દર્શાવી.

❏

## ૯. મહારાજા અને ખેડૂતોનો સંબંધ

કુંડલાના કેટલાક નાના અધિકારીઓ તરફથી ખેડૂતોને કનડગત થતી હતી અને તે બાબતમાં કેટલાક ખેડૂતો અરજ કરવા આવ્યા હતા. તેમને ઉદ્દેશીને સર પટ્ટણીજીએ જણાવ્યું કે 'હું તમને એક વાત કહી દઉં. તમે જે કહેવા માગો છો તે હું સમજું છું, મારે તે બધું કાઢવું છે, જોકે ઘણું બાકી છે. થાણદારો અને તગાવી આપનારાઓનું તો તમે કહેશો તે હું માની લઈશ, પણ વહીવટદારો કે જે બસો અઢીસોના પગારદારો હોય છે તે તો કાંઈ ન જ લે એમ હું માનું છું. વહીવટદારો માટે પણ તમારે વાત કહેવાની છે, તે હું જાણું છું. તે બાબતનો હું બંદોબસ્ત કરું તો પછી તમારે પોતાની દાનત સાફ રાખવી એ વાત તમારે કબૂલ છે કે કેમ એ મને કહો. દાનત સાફ રાખશો તો તમને ઘણો ફાયદો થશે. કોણ કેવો છે તે હું જાણવા માગું છું. જોકે હું દયા કરી શકું છું, પરંતુ અત્યારે મારાથી દયા ન થાય. શું હું મારા ધણીથી છાનું રાખું ? કેમ કે ગુનેગારને જો સજા ન કરું તો હું મારા ધણીને છેતરું છું. એટલે આ વખતે આ વાત મારી દયાની બહારની છે, કારણ કે જો હું મહારાજાને જાહેર ન કરું તો એમણે મને નીમ્યો છે તે નકામું છે. બીજી એક વાત એ કે હું મારા ધણીને કહું કે આવા થાણદાર અને આવા હિસાબી ઉપર મને દયા છે તો પછી તમારો શું મત છે ? એ રીતે જાહેર કર્યા પછી જ હું દયા કરી શકું, કારણ કે એમાં હું એમને છેતરતો નથી. આવી બધી બીજી જગ્યાઓએ પણ છે, પરંતુ આપણે તો સુધારવા જેવું જ છે.'

'હવે બીજી વાત એ કે દરેક ખેડૂત પાસે એક કૂવો હોવો જોઈએ. જેથી, દુષ્કાળ પડ્યો હોય અને ખેતરમાં કાંઈ ઊભું જ ન હોય ત્યારે કામ લાગે. જોકે આવે વખતે દરબાર તો કાંઈ લે નહિ પણ તમે કહી શકો કે અમારી પાસે કૂવો છે, એટલે પીત કરીને અમે અમારું ગુજરાન ચલાવી લઈશું. આ ગામે ૨૫૦ કૂવા છે. તેમાં ભાડકૂવા ઘણા છે. મહારાજા સાહેબની ઇચ્છા છે કે ધીમે ધીમે આખા રાજ્યમાં ભાડકૂવા બંધાવી દેવા. ઢસા અને ગઢડામાં બંધાય છે, પણ કોઈને ખાસ જરૂર હશે તો તુરત પણ બંધાવી દેવામાં આવશે. આ માટે તમારે થાણદારને અરજી કરવી, પરંતુ ગ્રામપંચાયતે જોવાનું છે કે ગામમાં કેટલા ભાડકૂવા તાત્કાલિક બંધાવવાની જરૂર છે.'

'હવે હું છ મહિના કરતાં વધારે રહેવાનો નથી, પણ એ દરમિયાન મેં જે પાંચ છ બાબતો ધારી છે તે નક્કી કરી નાખવાનો છું. પછી મહારાજા જેને વસૂલાતી અધિકારી નીમવો હોય તેને નીમે, પણ પછી એને એવું કામ જ નહિ રહે. હવે હું ઘરડો થયો છું. તમને કહું છું કે મારી પાસેથી તમારાથી લઈ લેવાય એટલું લ્યો. આ મહારાજા તો તમે જોયા છે, એમની ઇચ્છા છે કે તમારી સર્વની સ્થિતિ સુધરી સારી થાય. તમને સુખી જોઈ તેમને આનંદ થશે તથા આખા હિંદુસ્તાનમાં તમારું નામ ગવાશે. તમારી જો ખરી ભક્તિ મહારાજા ઉપર થશે તો તે કદી તમને છોડી શકશે નહિ, એટલું તો ધ્યાનમાં રાખજો. આ મહારાજા એમ સમજે છે, કે પ્રજા એમનાં છોકરાં છે. અમે બધાં તો પગાર ખાનારી નર્સ જેવા છીએ. એમના દીકરા નથી. દીકરા તો તમે છો અને દરેક ઑફિસર જ્યાં

સુધી આ હકીકત લક્ષમાં રાખી પોતાનું વર્તન નહિ રાખે ત્યાં સુધી ફાયદો થવાનો નથી.'

ઝાંઝમેરનો દાખલો આપતાં પોતે કહ્યું કે 'ત્યાં મેં એક વેપારીને કહ્યું હતું કે જૂઠું બોલીશ તો ઝાંઝમેરના બજારમાં તારા ચોપડા બાળી નાખીશ અને ખેડૂતને કહ્યું હતું કે તને ખેડૂત મટાડી દઈશ. માટે, દરબાર પાસે તો કોઈએ જૂઠું બોલવું જ નહિ. જેવું હોય તેવું કહી દેવું. દાક્તર પાસે જઈએ છીએ અને જેમ રોગની હકીકત કહીએ છીએ તેમ. વેપારી અને ખેડૂતોને એક કરવા હું પ્રયત્ન કરું છું. જો તમે એક નહિ થાવ તો અંદર અંદર લડ્યા કરી તમે પાયમાલ થઈ જશો. દરબારની ઈચ્છા આખું ગામ ખટપટ કર્યા વગર સુખથી રહે એવી છે. મારા આ શબ્દો તમે જ્યાં જાઓ ત્યાં કહેશો.'

**'આમ, જેની ખોટી દાનત હશે તેને તમે અને અમે તો ભૂલી જઈશું, પણ ઉપરવાળો ભૂલતો નથી, એ ધ્યાનમાં રાખવા જેવું છે. દરબાર તો ગમે તેમ ચલાવી લેશે, પણ લોકો જો ખોટી દાનત રાખશે તો પ્રભુ માફ નહિ કરે.** દરબારને તો તમારી પાસેથી માત્ર એક જ વસ્તુ જોઈએ છીએ અને તે તમારું દિલ. તમે મહારાજાને તો જોયા છેને ? કેવું હસતું મોઢું છે ? કેવું પવિત્ર આચરણ છે ? કોઈ દિવસ તમે એમની રીસ જોઈ છે ? એમને મેં કહ્યું કે કરજ કાઢી નાખ્યું પણ પાછું થયું છે કે નહિ તેની તો મને ખાતરી કરી દે ? આખી દુનિયામાં તમારું નામ જાણીતું થયું છે. જ્યાં ત્યાં ભાવનગરનો દાખલો દેવાય છે, પરંતુ અત્યારે કરજ થાય છે એમ હું સાંભળું છું અને તેમ થતું હોય તો મારો દાખલો ખોટો છે એમ હું ટેકરા

ઉપર ચડીને કહીશ. કહીશ કે ભાઈ આ કામ હવે કોઈ કરશો નહિ. વળી, એમ પણ જાહેર કરીશ કે લોકો એવા અભણ અને બેવકૂફ છે કે તેઓ કરજમાંથી કદી પણ મુક્ત થાય એમ નથી. માટે, જો તમે સાચા દિલથી મદદ કરો તો તમારી પાછળ આ દેશના ૩૫ કરોડનો ઉદ્ધાર થાય અને તમે મહાયજ્ઞ કર્યો એમ કહેવાય.'

'હું તમને કહું છું કે જેટલો ગામમાંથી પૈસો ગયો એટલો તમારા ઘરમાંથી ગયો છે એમ સમજશો. ગામમાં રૂપિયો હશે તો તે ગામમાં જ રહેશે, પણ જો ગામમાંથી જશે તો તે જશે જ. આ પ્રમાણે જો ગામ બંદોબસ્ત કરે તો પછી એને કોઈની ગરજ ન રહે.'

'બીજી વાત ઢોરઉછેરની છે. કૃષ્ણ ભગવાન ગાયો પાળતા. તે કાંઈ બેવકૂફ ન હતા. તે જાણતા કે દેશનો ઉદ્ધાર ગાયો પાળવામાં જ છે. દરબારે સાંઢો આપવાનો નિયમ કર્યો છે. અત્યાર સુધીમાં ૯૦ સાંઢો આપ્યા છે. વધારે જરૂર હશે તો વેચાતા લઈને પણ આપશે. ભેંસ રાખવામાં બે દુઃખ છે. પાડાઓ તમને કામ ન લાગે અને પાડા જીવે નહિ તેનું તમને પાપ લાગે. પ્રજા જેવું પાપ કરે છે તેવું એ ફળ ભોગવે છે અને હું એ થવા દઉં છું એટલું પાપ મારા ઉપર પણ છે. માટે, ગાયો રાખવાની હું તમને સૌને ભલામણ કરું છું. તમને તે દસથી બાર શેર દૂધ આપશે. અહીં સર પ્રભાશંકરે નાસિકની પાંજરાપોળનો દાખલો આપતાં કહ્યું કે સામાન્ય માણસોએ આ કર્યું તો તમે ખેડૂતો તો જલદી કરી શકો. મહારાજાની આ ઈચ્છા છે. તમે તેઓને જોયા છે. તમને આવા સારા ધણી

મળ્યા છે. તેનો લાભ લઈ લ્યો. ફરી ફરી આવા ધણી થતા નથી, પણ લોકોનો સ્વભાવ જ એવો છે કે એણે કૃષ્ણાવતારનો પણ લાભ લીધો નહિ. માટે, આવા મહારાજાનો જોઈએ તેટલો લાભ લ્યો એવી મારી તમને વિનંતી છે. એમની ઇચ્છા છે કે દરેક ખેડૂતને એક કોસનો કૂવો હોવો જોઈએ, કારણ કે કમનસીબે કોઈ વખત મોળું વર્ષ આવ્યું તો કૂવો હોય તો તે પોતાનું ગુજરાન કરી શકે. દુષ્કાળ પડે ત્યારે દરબાર વિઘોટી તો માફ કરે પણ તમારી પાસે કૂવો હોય તો દરબારને તમારા પોષણની ચિંતા ન રહે.'

દરેક ગામડું પોતાને જોઈતી ચીજો એ ગામડામાં જ પેદા કરી વાપરે એવી દરબારશ્રીની ઇચ્છા છે. તમે સૌ કાંતો, વેજાં (કાપડ) વણાવો તો તમારાં કપડાં તમે પેદા કરી શકો. દરેક માણસને બે વસ્તુની જરૂર છે. ખાવાનું અનાજ અને પહેરવાનાં કપડાં. એ બન્ને ચીજો દરેક ગામડાએ પેદા કરી લેવી જોઈએ. જ્યાં સુધી દરેક ગામડું તે પ્રમાણે નહિ કરે ત્યાં સુધી મેં બતાવેલી બાબતો પૂરી સફળ નહિ થાય. દરેક ગામ નાનું રાજ્ય થઈ જાય એમ થવું જોઈએ.

હું તો જીવતો નહિ હોઉં પણ લખી જવાનો છું કે જો બે ત્રણ વર્ષમાં વેપારી અને ખેડૂતોનો સંબંધ ન જોડાઈ જાય તો પછી દરેક ગામે દરબારે એક બૅંક કરવી અને વ્યાજે ધીરવું. માટે, વેપારી પાસે મારી અરજ છે કે હું તમને ગામની સાથે એક કરવા માગું છું. એ પણ રાજ્યની રૈયત છે. માટે, પ્રજાની સાથે તેમણે પણ રૈયતની જેમ રહેવું જોઈએ. વેપારીઓને કહું છું કે અત્યાર સુધી ચામડાં ચૂંથવાનો ધંધો

કર્યો તે મૂકી દ્યો. ખેડૂતોને કહું છું કે તમે સાફ દાનત રાખશો તો તમને વેપારી ઓછા વ્યાજે નાણાં આપશે, પણ જ્યાં સુધી તમારા મનમાં એમ હશે કે ભલેને પચીસ ટકા લે આપણે ક્યાં આપવાના છે ? ત્યાં સુધી તમારો અને વેપારીઓનો સંબંધ સુધરવાનો નથી.

દરેક ગામ સ્વાવલંબી બને એવી નામદાર મહારાજાશ્રીની ઈચ્છાઓ જણાવી કહ્યું હતું કે 'મહારાજાની એક બીજી ઈચ્છા છે તે તમે પાર પાડી શકશો કે કેમ ? તે ઈચ્છા એ છે કે દરેક ગામ પોતાને જોઈતી વસ્તુઓ એ ગામમાંથી જ મેળવી લે. પણ જ્યાં સુધી આખું ગામ એક નહિ થાય ત્યાં સુધી આ પ્રમાણે નહિ બને. **જે ઘરમાં મતભેદ હોય તે ઘર આગળ ન ચાલે તેમ મતભેદવાળું ગામ અને રાજ્ય પણ આગળ ન ચાલે.**

જેઓ અરજ કરવા આવ્યા હતા તેઓને કહ્યું કે 'બધું કરજો પણ એક વાત ન કરજો. તે એ કે ખોટી ફરિયાદ ન કરવી અને જૂઠું ન બોલવું, કારણ કે એનું ઘણું દુઃખ થાય છે. **તમે જૂઠું બોલવાથી દૂર રહેજો. બધાંને છેતરશો પણ મહારાજાને અને પ્રભુને નહિ છેતરાય.'**

સાથે અધિકારીઓને કહ્યું કે 'માણસોને ધક્કા ખાવા પડે તે હું ધક્કા ખાઉં છું એમ મને લાગે છે. ખોટાં બહાનાં કાઢનારાઓને શિક્ષા થાય છે. માટે, ખુલાસો કરવો તે વિચારીને કરવો. ખોટો ખુલાસો નાલાયકી સાબિત કરે છે. આળસને માફ થઈ શકે છે પણ ખોટાને નહિ.'

❑

## ૧૦. મહારાજાની અદબ જાળવી

બોટાદમાં સર પ્રભાશંકરની તબિયત ઉપર સવિશેષ અસર થઈ હતી, પરંતુ આખી મુસાફરી બને ત્યાં સુધી પૂરી કરવાના પોતાના નિશ્ચયમાં અને કાર્યક્રમમાં ફેરફાર ન કરવો પડે તો સારું એવી એમની ઈચ્છા હતી. જોકે હૃદયના ચાલુ દુખાવાના અંગે બોટાદની આસપાસનાં જે ગામડાંઓમાં જવાનું ઠરાવવામાં આવ્યું હતું તે બધાં જ ગામડાંઓમાં જવાનું બની શક્યું ન હતું.

તા. ૨૮મી જાન્યુઆરીએ રાત્રિની ટ્રેનમાં નેકનામદાર મહારાજા સાહેબ દિલ્લી પધારતા હોવાથી નામદારશ્રીને મળવા માટે સર પ્રભાશંકર રાત્રિના લગભગ ૧૧ વાગ્યે બોટાદ સ્ટેશન ઉપર પધાર્યા હતા. એ દિવસે બરાબર સમય કરતાં ગાડી કાંઈક મોડી પણ હતી. એટલે સર પ્રભાશંકર અને આ લખનાર વેઈટિંગ રૂમની બહાર બેઠા. નામદાર મહારાજા સાહેબ સાથે હજૂર સેક્રેટરી શ્રી બટુકરાય પ્રભાશંકર પટ્ટણી પણ હતા. નામદાર મહારાજાશ્રી આરામમાં હશે, એમ ધારી તેઓ નામદારને પોતે તકલીફ આપવાની ના પાડી, પરંતુ આ બાબતની જ્યારે પાછળથી નામદાર હજૂરશ્રીને જાણ થઈ ત્યારે પોતાનાથી પટ્ટણી સાહેબને ન મળી શકાયું તે માટે તેઓશ્રીએ લાગતાવળગતાઓ સમક્ષ ખેદ દર્શાવ્યો હતો અને પટ્ટણી સાહેબ નાદુરસ્ત તબિયત છતાં તકલીફ લઈ, આવી ઠંડીમાં સ્ટેશને આવ્યા, એમને ખોટી થવું પડ્યું અને પોતાનાથી મળાયું નહિ તે માટે નામદાર મહારાજાશ્રીને અતિશય ગ્લાનિ થઈ હતી.

❏

# ૧૧. સમાજ સુધારણા

આ સંબંધી પોતે કહ્યું કે 'જે નાતમાં વધારે પડતા ખરચ હોય તે નાતે એક ધારો (કાયદો) કરવો અને તેમાં ઠરાવવું કે ઘરપ્રસંગ આવે ત્યારે અમુક જ ખર્ચ કરવું. આવો ધારો કરી દરબાર પાસે લાવવો અને કહેવું કે તે કબૂલ કરો. આમ થાય તો પછી તમારે ખર્ચ ઓછો થઈ જાય, પણ તે ધારો કરવો તમારા હાથમાં છે, કારણ કે ધારો એ કાંઈ લાકડી મારીને કરાવવાની વસ્તુ નથી. ધારો શિક્ષા કરે પણ ગુના અટકાવી ન શકે, કેમ કે માત્ર ધારાથી જો ગુના અટકતા હોય તો કેદખાનામાં કોઈ જ ન હોય. માટે, ધારો તમે કરો, શિક્ષા હું કરું, ધારો મંજૂર રાખું અને દરબારના ધારા તરીકે ગણું. ભલે એનો દરબારને અભિશાપ પડે. મોતી ઉપર ખીલા ભલે પડે.'

'કરજમાં ન પડવાના જેટલા ઉપાય તમે કહો તે કરવા દરબાર તૈયાર છે, પણ તમારે ખેડ સારી કરવી જોઈએ, તે ન કરો તો તમે કરજમુક્ત ન રહી શકો. માટે, દરબારની ઈચ્છા છે કે દરેક ખેડૂતને એક કૂવો હોવો જોઈએ અને કોઈ ખેડૂત વાડી વિનાનો ન હોવો જોઈએ. આથી, ખેડ સારી થાય પણ અત્યારે ક્યાં સારી ખેડ થાય છે ?'

હું નાનો હતો ત્યારે મેં જોયું છે કે ખેડ કેમ થતી. આજ હું ઑફિસર છું પણ પહેલાં ન હતો. હું પણ ગરીબ માબાપનો દીકરો હતો ત્યારે મેં જોયું છે કે સવારમાં ચાર વાગ્યે ખેડૂતો ખેતરે કામ કરવા જતા. અત્યારે મહેનત ઓછી થઈ છે એટલે ઓછી મહેનતવાળા ખેતરમાં બરાબર પાક થાય નહિ. હું તમારી

પાસેથી માગી લઉં છું કે દરબાર આટલું બધું કરે છે તો પછી તમારે મહેનત તો બરાબર કરવી જોઈએ.

‘તમારે ત્યાં ઢોરઉછેર સારો ન થાય ત્યાં સુધી તમે સુખી ન થાઓ. એ ઉછેરમાં એવાં ઢોરનો હોય કે જેમાંથી છાસ, દૂધ, માખણ અને બળદિયા પણ મળે. જે લોકો ગાય પાળે એને જ આ બધું મળી શકે. મહારાજા સાહેબ દરેક ગામને ખૂંટ (સાંઢ) આપે છે, પણ જે ગામ તેને સારી રીતે રાખી શકે તેને જ આપે છે. એનાથી જે વાછડા વાછડી થાય તે પહેલી પેઢીએ જ સારાં થાય છે. મહારાજા સાહેબને ગાયોનો શોખ છે. માટે, મને કહ્યું છે કે બધાંને જો તું ગાયો રાખતાં કરી દે તો હું ઘણો ખુશી થાઉં. ભેંસોના પાડા થાય તે તમને કામ ન લાગે એટલે એની શું દશા થાય છે તે હું જાણું છું ! આપણે એમ માનીએ છીએ કે પાડાઓ તો જીવે જ નહિ. શા માટે ? તમે એને ખાવા આપતા નથી. આ એક મહાપાપ પ્રજા કરે છે. માટે, મહેરબાની કરી ગાય ઉપર પ્રેમ રાખો અને ભેંસો ઉપર જરા ઓછી પ્રીતિ રાખો એટલે પાપ થતું અટકે. **કૃષ્ણ ભગવાન ગાયો રાખી ગોપાલ કહેવાયા. એ કાંઈ મૂરખ ન હતા. તે સમજતા હતા કે દેશનું આમાં હિત છે.’**

‘તમને એક નવી વાત કહું. તમને લાગશે કે આ તે ઘરડા થયા છે તે ગાંડા થઈ ગયા છે કે શું ? પણ તમે સાંભળશો એટલે લાગશે કે એ જરૂરની બાબત છે. માણસને બે વસ્તુની જીવનમાં જરૂર છે. ખાવાનું અને કપડાં. આ બે વસ્તુઓ તમે તમારા ગામમાં જ પેદા કરી શકો તો કેવું સારું ? ગીણીયા બગોયામાં દરેક ઘર પોતાને જોઈતી ચીજો પેદા કરી લે છે,

પણ આળસુ માટે હું આ વાત નથી કરતો. ખેડૂતવર્ગ આળસુ નથી. તમારે તેલ જોઈએ તે માટે તમે તલ પેદા કરી શકો છો અને અનાજ તો ઉત્પન્ન કરો છો. આમ, તમે દરેક વસ્તુ તમારા ગામમાં પેદા કરી શકો છો. એમ કરશો એટલે ઘાંચી પણ તમારે ત્યાં આવીને રહેશે અને તે પ્રમાણે હજામ, કુંભાર, સુતાર વગેરે આવીને રહેશે. તમારું ગામ શહેર ભલે ન થાય પણ શહેરમાં મળતી દરેક ચીજ તમને તમારા ગામમાં મળે એવું જો તમે ધારો તો કરી શકો એમ છો. જેટલું તમે બહારથી લાવો છો એટલા રૂપિયા તમારા બહાર ચાલ્યા જાય છે, પણ જો એટલું તમે તમારા ગામમાંથી લ્યો તો એટલા રૂપિયા તમારા ગામમાં રહે છે. જ્યાં જે ચીજ વધારે પડતી હોય તે ખુશીથી બીજે વેચવા જવું પણ ગામના ઉપયોગ પૂરતી રાખીને.'

❏

## ૧૨. છેલ્લી મુસાફરી

તા. ૧૫મીએ લીલે બંગલેથી તેઓ પરભારા ભાવનગર પરા સ્ટેશન ઉપર ગયા. એમની પાસે ગૃહસ્થો, વિદ્યાર્થીઓ, નિરાશ્રિતો વગેરે મદદ માટે સતત આવ્યા કરતા અને પોતાના દરમાયા(માસિક વેતન)માંથી તેઓ મદદ આપતા. એટલે નીકળતી વખતે 'આવી કોઈ રકમ આપવાની બાકી રહી છે ?' એટલી પૃચ્છા કરી હતી. સદ્‌ભાગ્યે જેને તેને મોકલવાની રકમ મોકલાઈ ગઈ હોઈ એમને સંતોષ થયો હતો.

શિહોર લગભગ બારેક વાગ્યે પહોંચ્યા. દરબારી ગેસ્ટ હાઉસમાં મુકામ રાખેલો હોઈ આસપાસનાં ગામોના ખેડૂતો ત્યાં એકત્ર થયા હતા. ગેસ્ટ હાઉસમાં ઠરી ઠામ થતાં થોડો વિલંબ થયો. દરમિયાન ખેડૂતો સાથે થોડી વાતચીત કરી સાંજના ૫ વાગ્યે ફરી મળવાનું ઠરાવી સૌ વીખરાયા. સાંજે ગેસ્ટ હાઉસના વચલા ઓરડામાં બધા ખેડૂતો એકત્ર થતાં સર પ્રભાશંકરે લગભગ કલાક કરતાં વધારે સમય સુધી પ્રવચન કર્યું અને ખેડૂતોને જે કહેવાનું હતું તે સાંભળી તેના ખુલાસા કર્યા અને તેમની ફરિયાદો સાંભળી. આ તેમનું છેલ્લું પ્રવચન હતું. વાતચીત કરતાં એમને વારંવાર હૃદયમાં દુખાવો થઈ આવતો હતો. છતાં આગ્રહપૂર્વક એમણે પોતાનું કહેવાનું તો ચાલુ જ રાખ્યું. રાત્રે એમણે દૂધની સાથે કાંઈક ભોજન લેવાની ઇચ્છા બતાવી, પરંતુ એમનાથી કાંઈ લઈ શકાયું નહિ. બીજે દિવસે તા. ૧૬મીએ વડોદરાના દીવાન સાહેબ સર વી.ટી.કૃષ્ણમાચારી ટ્રેન રસ્તે ધોળા ઉપર થઈ અમરેલી

ડિસ્ટ્રીક્ટમાં જવાના હતા અને પત્રવ્યવહાર દ્વારા અગાઉથી થયેલી ગોઠવણ પ્રમાણે સદ્‌ગતે સર કૃષ્ણમાચારીને ધોળા સ્ટેશને મળવું એમ નક્કી થયું હતું, પણ રાત્રિના આઠેક વાગ્યે પોતે કહ્યું હતું કે ‘આવતી કાલ મારાથી જઈ શકાશે નહિ. માટે, સર કૃષ્ણમાચારીને આપણે ખબર આપી દેવી જોઈએ.’ તે પ્રમાણે ગોઠવણ કરવામાં આવી. ત્યાર બાદ એમના પૌત્ર શ્રી મહેશભાઈ પટ્ટણી, જેઓ આ મુસાફરીમાં પ્રથમથી સાથે હતા તેમણે વર્તમાનપત્રો વાંચી સંભળાવ્યાં. પછી તેઓ આરામ કરી ગયા. આ દિવસોમાં અસાધારણ ઠંડી હતી એટલે તેઓ આરામ કરી ગયા. પોતાને કાંઈ ચીજ વસ્તુ જોઈએ તો તકલીફ ન પડે એટલા માટે આ લખનાર એમના સૂવાના ઓરડાની પાસેના ઓરડામાં મોડી રાત સુધી જાગૃત રહેલો અને ત્યાર બાદ પટાવાળાને એની પથારીમાંથી ઉઠાડી જાગૃત રહેવાની સૂચના આપેલી. બીજે દિવસે સવારના લગભગ સાતેક વાગ્યે સર પ્રભાશંકર જાગ્યા અને ગઈ રાતની ઠંડીની ફરિયાદ કરી અને ખરેખર ઠંડી હતી પણ એવી જ અસાધારણ. દવા લેતાં લેતાં હરિપુરા કૉંગ્રેસની વાતો ચાલી. સર પ્રભાશંકરે ભાગવતનો શ્લોક કહી કૉંગ્રેસમાં ‘કર્ણધાર મોહન’* છે એટલે બધું સાંગોપાંગ પાર ઊતરશે વગેરે વિચારો દર્શાવ્યા અને થોડું ફ્રૂટ વગેરે લીધું. એટલામાં શિહોરના દરબારી દવાખાનાના દાક્તર શ્રી રમેશચંદ્ર હરિલાલ વૈદ્ય તબિયત જોવા આવ્યા અને પલ્સ તથા ટેમ્પરેચર જોયું. પોતે કહ્યું કે આજ ઠંડી ઘણી હતી. દાક્તર થોડીવાર બેસીને ગયા. આ વખતે લગભગ સવારના

* મોહનલાલ કરમચંદ ગાંધી - ગાંધીજીનું મૂળ નામ

પોણા નવ થયા હશે. વાર્તાલાપ ચાલતો હતો. લખનાર બારણા પાસે ઊભો હતો અને થાણદાર સાહેબ શ્રી ભાર્ગવ, જેઓ પોતાની ગાય ત્યાં લાવ્યા હતા - કે જેથી તાજું દૂધ દોવરાવી ઉપયોગમાં લઈ શકાય. તેમને દૂધ લાવવાનું કહ્યું એટલામાં શ્રી પોપટભાઈએ લખનારને બોલાવી કહ્યું, 'જુઓ બાપુજીને કાંઈક થાય છે.' જઈને જોયું તો સર પ્રભાશંકરની આંખો નમી ગઈ હતી. 'આવું કોઈ વખત થાય છે ?' એમ શ્રી પોપટભાઈએ પૂછ્યું. દાક્તર હજી દરવાજાથી થોડે દૂર ભાગ્યે જ પહોંચ્યા હશે. તેમને બોલાવવા માણસ મોકલ્યો. તેઓ આવ્યા અને શરીર તપાસ્યું, નિશ્ચેષ્ટ શરીર જોઈ તેઓએ હૃદય બંધ પડી ગયાનો અભિપ્રાય જણાવ્યો અને કૃત્રિમ રીતે ફેફસાંને ગતિ આપવાનું કહ્યું. આ વખતે ૯-૩ મિનિટ ઘડિયાળમાં હતી. એમના પૌત્ર શ્રી મહેશભાઈ પટ્ટણી દોડ્યા આવ્યા. વહીવટદાર શ્રી હુસેનમિયાં કાજી, આસિસ્ટન્ટ વસૂલાતી શ્રી હિંમતરાય પરમાનંદદાસ વગેરે અધિકારીઓ બહાર બેઠા હતા. સૌની ધીરજ ખૂટી ગઈ અને કોઈનાં હૃદય હાથ ન રહ્યાં. શ્રી મહેશભાઈ પટ્ટણી મોટર લઈ ભાવનગર ખબર આપવા ગયા. શિહોરથી ભાવનગર જતી ટ્રેનમાં પેસેન્જરોને પણ ખબર પહોંચી ગઈ. ભાવનગરથી સદ્‌ગતનાં પુત્રવધૂઓ અ. સૌ. યશોમતિબહેન પટ્ટણી, અ. સૌ. સવિતાબહેન પટ્ટણી, ચીફ મેડિકલ ઑફિસર મિ. હેમંતકુમાર વૈદ્ય સાધનો સહિત આવ્યા, ઍમ્બુલન્સ કાર પણ તેઓ લેતા આવ્યા. તેમણે આવી શરીર તપાસ્યું. અ. સૌ. યશોમતિબહેન પટ્ટણીએ શક્ય તેટલા ઉપાય કરવા દાક્તરને જણાવ્યું, પરંતુ દાક્તરે કહ્યું કે વૃદ્ધાવસ્થા અને

જીર્ણ શરીરના પરિણામે હૃદય બંધ પડી ગયું છે અને કોઈ પણ કૃત્રિમ ઉપાયો નિરર્થક છે. સદ્‌ગતના જ્યેષ્ઠ પુત્ર શ્રી અનંતરાય પટ્ટણી ભદ્રાવળ સંમેલન પ્રસંગે ગયા હતા. તેમને તેડવા શ્રી દામોદર ભાઈશંકર ભટ્ટ મોટર લઈને શિહોરથી પરભાર્યા ગયા હતા અને નાના પુત્ર બટુકરાય પટ્ટણી નામદાર મહારાજા સાહેબની સાથે દિલ્લી ગયા હતા. અ. સૌ. યશોમતિબહેન પટ્ટણી, અ. સૌ. સવિતાબહેન પટ્ટણી, દાક્તર સાહેબ, અન્ય સંબંધીઓ વગેરે સદ્‌ગતને ઍમ્બુલન્સ કારમાં લઈ ભાવનગર આવ્યાં. ભાવનગરમાં ૧૧ વાગ્યે આવતી ટ્રેનનાં પેસેન્જરો દ્વારા આ ખેદપ્રદ સમાચાર પ્રસરી ગયા હતા અને દરેકને પોતાના કુટુંબીજનના વિયોગ જેવો આઘાત થયો. છેલ્લાં પચાસ વર્ષ સુધી ભાવનગરનાં પ્રજાજનોના પરિચયમાં રહી સદ્‌ગતને આબાલવૃદ્ધ સર્વની સાથે હૃદયથી જે સંબંધ બાંધ્યો હતો તેની પ્રતીતિ તાદૃશ્ય થઈ, અનંતવાડીના બંગલે ગામમાંથી સેંકડો માણસો સદ્‌ગતનાં અંતિમ દર્શન કરવાં અને પોતાના તરફથી શોકાંજલિ અર્પવા આવવા લાગ્યાં. અનંતવાડીના બંગલાના નીચેના મધ્યમ હૉલમાં સદ્‌ગતના દેહને રાખવામાં આવ્યો. લગભગ બેએક વાગ્યે શ્રી અનંતરાય પટ્ટણી પણ ભદ્રાવળથી આવી પહોંચ્યા. તેઓની સાથે ભાવનગરથી જે અન્ય અધિકારીઓ ગયેલા તેઓ પણ પાછા ફર્યા.

સદ્‌ગતશ્રીને અગ્નિસંસ્કાર કરવાનું નજીકમાં અનંતવાડીમાં જ નક્કી કરવામાં આવ્યું અને તે પ્રમાણે સર્વ વ્યવસ્થા કરવામાં આવી. અનંતવાડીમાં સર્વત્ર માણસો

ઊભરાયાં હતાં. બંગલાથી થોડે દૂર આંબાવાડિયામાં હનુમાનજીની દેરી પાસે અંતિમ વિધિ થઈ.

આ રીતે લગભગ પચાસ વર્ષ સુધી સતત ભાવનગર રાજ્યની, દેશી રાજ્યોની, બ્રિટિશ સરકારની, પ્રજાની સેવા કરનાર, હજ્જારોને દાન આપનાર, પોતાના હૃદયમાં સતત પરહિતને જ વિચારનાર, ગરીબોના આશ્રયદાતા, સર્વના મિત્ર, સર્વની સાથે મૈત્રીભાવથી વર્તનાર, ઉચ્ચ અધિકારી છતાં અધિકાર અને સત્તાના તથા શાસ્ત્ર અને નીતિના યથાર્થ સ્વરૂપને જાણનાર, ધર્મના રહસ્યને સમજાવનાર મહાપુરુષ સર પ્રભાશંકર પટ્ટણીનો સ્થૂળ દેહ તા. ૧૬ ફેબ્રુઆરી, ૧૯૩૮ના રોજ પંચમહાભૂતમાં સમન્વિત થયો.

એમનું જીવન સૂત્ર હતું.

**''न हि कल्याणकृत् किश्चित् दुर्गतिम् तात गच्छति.''**

**'હે તાત ! બીજાનું કલ્યાણ કરનારની કદી દુર્ગતિ થતી નથી.'**

❑

## ૧૩. અંજલિ
## મહાત્મા પ્રધાન સર પ્રભાશંકર પટ્ટણીજીને
## સ્નેહાશ્રુની અંજલિ

(હરિગીત)

સુગણતા અને સંભળાવતા કરતા સુકવિતા જ્ઞાનની,
મહારાજાની સર પટ્ટણી પર દૃષ્ટિ હતી સન્માનની.

આવક વધારી કરોડની દેતા હજારો દાનમાં,
ઘણી કાજ સર્વ સુધારવાનું હતું જેના ધ્યાનમાં.

પરદુ:ખ નીરખી રડી પડતા મદદ સહુને આપતા,
કઈ દીન સાધુ સંત કોવિદ* કષ્ટ સહુનાં કાપતાં.

આત્મા અને કીર્તિ અચળ છે દેહ મિથ્યા જાણતા,
તકરાર જ્યાં અભિમાનની ત્યાં તંત કદી ન તાણતા.

નાના અને મોટા બધા અધિકારીને અપનાવતા,
દૃષ્ટાંત દઈ શાસ્ત્રોતણાં સૂત્રો સરસ સમજાવતા.

દૂભવે કદી કોઈ સહન કરતા શત્રુને પણ ચાહતા,
સાગર હતા એ દયાના દિલ કોઈનું નવ દાહતા.

મરવા સુધી નિજ દેહની પરવા કદી કરતા નહિ,
ઘણી કાજ દેશ વિદેશ જાતા દર્દથી ડરતા નહિ.

કોમળ હૃદય પર ઘા થયા ઊંડા રુઝાયા એ નહિ,
મૃત્યુ સમીપ છે જાણતા મનથી મુઝાયા એ નહિ.

---

* જ્ઞાની, પંડિત

સ્નેહથી સંબંધી સર્વને ભેળા કર્યા સદ્‌ભાવથી,
શ્રીભાગવતના શ્લોક સહુ શ્રવણે ધર્યા સદ્‌ભાવથી.

ગૌતમીપટ પરથી અચાનક સ્વર્ગના વાસી થયા,
થયા નથી એવા હવે કોઈ દેવપુરુષ થઈ ગયા.

બેકદર છે દુનિયા છતાં એની કદર સહુએ કરી,
એ આત્માની શાંતિ કાજ છેવટ પ્રાર્થના પ્રભુને ધરી.

યુગ યુગ જશે યાદી રહેશે પટ્ટણીના ઉપકારની,
શીખવી ગયા છે પ્રભાશંકર અનિત્યતા સંસારની.

બે સરખી આંખો રાખનારા પરદુઃખોના ભાગિયા,
સૂતા નથી એ શાંતિથી છે પરહિતાર્થે જાગિયા.

છેલ્લી સમાધિ પાસ બેસી સ્નેહી અશ્રુ સારજો,
વહાલા જનો એ વૃદ્ધને કદીયે તમે ન વિસારજો.

મંદિર સુંદર કરી શિવની મૂર્તિ પધરાવજો,
દિલથી બને જે જે ભલા તે લાગણી દર્શાવજો.

એ દર્શને ટોળાં મળીને લોક ભોળાં આવજો,
કરી ધૂપદીપ સુગંધી કુસુમો સ્નેહી હ્રદય ચડાવજો.

બે દિવસની બાજી બધી છે ચાંદની ઘડીચારની,
રમી લીયો છેલ્લી રમત છે એક વીજના ઝબકારની.

સુકાન સોંપી સાગરે જે હોડકી હંકારશે,
તેને બધાં તોફાનમાંથી તારનારો તારશે.

કરી લેજો કરથી બને સુકૃત ફરી નહિ અવસર મળે,
કરી લેજો એવું પુણ્ય જેથી જન્મ ને મૃત્યુ ટળે.

અધિકાર છે ઉપકાર માટે રાજમાં સરકારમાં,
ઊંચે અમર પદ બેઠકો છે દેવના દરબારમાં.

આરસ શિલા કોતરેલા કુમકુમ લેખ વિધિ વંચાવજો,
એનું જગત જુદું હતું એમ સર્વને સમજાવજો.

વર્ષો જતાં ઇતિહાસકારો નોંધ લેવા આવશે,
કોઈ મહાપુરુષો માનમાં મૂર્તિ સુવર્ણ મઢાવશે.

સેવા, દયા ને દાન પથ્થરે પથ્થર સાક્ષી પૂરશે,
યાદી કરી એ સમયની જાણી ગયેલા ઝૂરશે.

ત્યાં પણ ઉઘાડી બારીઓમાં સંત સાધુ બેસશે,
કોને ખબર છે એ પછી કાલાંતરે હા ! શું થશે.

છે કાળનું ચક્કર અજબ ઘટમાળ પૂરતી જાય છે,
પરિવર્તનો પ્રારબ્ધના થાવાતણાં તે થાય છે.

જન્મેલ માટે મરણનું નિશ્ચય જગત નિર્માણ છે,
એ યોગીકેરા આત્મનું તો સ્વર્ગપદ નિર્વાણ છે.

ઊગેલ સૂરજ પ્રકાશીને સાંઝ વખતે આથમે,
એવી જ રીતે અસ્ત થાએ ચંદ્ર પણ એને સમે.

વિકસી કુસુમ સુવાસ આપી આખરે કુમળાય છે,
રીતિ અનાદિ એહવી દુનિયાતણી દેખાય છે.

પુણ્યની બાંધી પાજ* એણે પૂર્યું છે જળ પ્રેમનું,
સૌંદર્ય નૈસર્ગિક કીધું કામ છે એ એમનું.

એની કળા કિરતાર જેવી કોઈને ના કહી ગયો,
એ માનસરનો હંસલો સાગર કિનારે રહી ગયો.

પ્રગતિ બધીને સીમાડે છે અખંડ શાંતિ આત્માને,
કૈવલ્ય પદથી પ્રાપ્ત થાશે દિવ્ય કાંતિ આત્મને.

રહેશે સદા એ સ્વર્ગમાંહે સુખતણા સામ્રાજ્યમાં,
પ્રભુના પ્રધાન હતા રહેશે રામકેરા રાજ્યમાં.

॥ હરિઃૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

**રચયિતા - રાજ્યકવિ હરદાનભાઈ પીંગળશીભાઈ, ભાવનગર**
**સૌજન્ય : શ્રી રવિરાજભાઈ હરદાનભાઈ**

❑

---

* રસ્તો, કેડી

# ૧૪. ઉઘાડી રાખજો બારી

મોટા ભાઈ ઓરડામાં ફરતાં ફરતાં ગાતા હતા, 'ઉઘાડી રાખજો બારી.'

નાનો શશી બહારથી આવ્યો અને ઓરડાની જે બારી બંધ હતી, તેને ઉઘાડી નાખી.

'લો, બારી ઉઘાડી નાખી છે.'

મોટા ભાઈ હસી પડ્યા. 'શશી, તું પણ જબરો છે, તેં તો ખરેખરી બારી ઉઘાડી નાખી.'

શશી : ત્યારે શું કરું ? તમે બારી ઉઘાડી રાખવાનું ગાઓ છો, એટલે તેને બંધ કેમ રખાય ? પણ તમે વારે વારે એ શું ગાઓ છો ?

મોટા ભાઈ : એ એક કવિતા છે. તેમાં કહ્યું છે કે જે દુઃખી હોય, જે બીમાર હોય અને જે રસ્તો ભૂલી ગયું હોય, તેમને આશ્રય આપવાને માટે તમારા મકાનનાં બારણાં હંમેશાં ખુલ્લાં રાખજો. મકાનની બારીઓ ઉપરાંત, કવિએ કાનની અને આંખની બારીઓ ઉઘાડી રાખવાનું પણ કહ્યું છે.

શશી : કાનની અને આંખની બારીઓ વળી કેવી રીતે ઉઘાડી રખાતી હશે ?

મોટા ભાઈ : કોઈ દુઃખી માણસ આપણને પોતાનું દુઃખ કહેવા આવે તો તેનું દુઃખ સાંભળવું, તેનું નામ કાનની બારી ઉઘાડી રાખી કહેવાય.

તેમ જ કોઈ માણસ પોતાના પર થયેલા જુલમની ફરિયાદ કરે તો તે બાબત પૂરતી તપાસ કરવી, તેનું નામ આંખની બારી ઉઘાડી રાખી કહેવાય.

શશી : હવે બીજી કોઈ બારી ઉઘાડી રાખવાનું બાકી રહે છે ?

મોટા ભાઈ : હા, હ્દયની બારી ઉઘાડી રાખવાનું પણ તેમાં કહ્યું છે.

શશી : તે બારી કેવી રીતે ઉઘાડી રખાય ?

મોટા ભાઈ : હ્દયને પવિત્ર રાખવું, સૌના પર માયા રાખવી અને બીજાને દુઃખી જોઈ દુઃખી થવું, એનું નામ હ્દયની બારી ઉઘાડી રાખી કહેવાય.

શશી : વાહ ! બારી ઉઘાડી રાખવાની કવિતા તો સરસ લાગે છે. મને તે આખી સંભળાવો.

મોટા ભાઈ : સાંભળ....

**દુઃખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને,**
**વિસામો આપવા ઘરની, ઉઘાડી રાખજો બારી.**

**ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુઃખને દળવા,**
**તમારાં કર્ણ-નેત્રોની, ઉઘાડી રાખજો બારી.**

**પ્રણયના વાયરા વાવા, કુછંદી દુષ્ટ વા જાવા,**
**તમારાં શુદ્ધ હ્દયોની ઉઘાડી રાખજો બારી.**

**થયેલાં દુષ્ટ કર્મોના છૂટા જંજીરથી થાવા,**
**જરા સત્કર્મની નાની, ઉઘાડી રાખજો બારી.**

**અતિ ઉજાસ કરનારા, તિમિરનો નાશ કરનારા,**
**કિરણને આવવા સારુ, ઉઘાડી રાખજો બારી.**

(જૂના ભાવનગર રાજ્યની પ્રાથમિક શાળાના અભ્યાસક્રમના ગુજરાતી વિષયના પાઠ્ય પુસ્તકમાંથી, સાભાર.) આ સંવાદના સંદર્ભમાં સર પ્રભાશંકર તથા તેમના પૌત્ર શ્રી શશિકાંતભાઈની છબી આ પુસ્તકમાં પ્રકટ કરી છે.

❑

# સર પ્રભાશંકર પટ્ટણી વિરચિત
# પદ્યકૃતિઓ

## ખંડ - ૩

સર પ્રભાશંકર પટ્ટણીની પોતાની જીવનભાવના વિશેની કૃતિઓ સ્વાનુભૂતિમાંથી અને એમના ઉદાત્ત આશયની ઝાંખી કરાવી જાય છે. જેમને એ મહાશયની સાદી, સર્વ પ્રતિ સમભાવભરી, ઉદાર અને ઊર્જસ્વી જીવનકલાનો પરિચય હશે તેમને એમની આ રચનાઓમાં એમના હૃદયના ઉદ્‌ગાર સંભળાશે. એમાંના થોડાક ઉદ્‌ગારો એમની વાણીમાં જ આપણે સાંભળીએ :

'ખરચતાં આપતાં દેતાં, સુખોમાં રાખતાં રે'તાં;
કદી ધનમાલ ખર્ચાઈ ભલેને જાય તો જાઓ.
અમારી ટેક ગાતાં, બતાવેલે પથે જાતાં,
પ્રભુએ ખાસ રિસાઈ, ભલેને જાય તો જાઓ.'

●

'જનના દોષોને માફ કરે, પરના મેલોને સાફ કરે,
બળતાં હૃદયોની બાફ હરે, તે મારે મને પરમેશ્વર છે.'

●

'દુનિયા જ્યારે નિંદા કરશે, મિત્રો પણ જ્યારે પરિહરશે,
ત્યારે જે સાથે સંચરશે, તે મારે મન પરમેશ્વર છે.'

●

'સત્તા ભૂમિ સેવાની છે, જિંદગી આ પર સેવાની છે,
લોકખ્યાતિ તોફાની છે સહુની ગઈ છે, જાવાની છે.'

●

'હું આ સૃષ્ટિનો પાલક છું, તું મુજ શક્તિનો બાળક છું,
તો મુજ સમ બન ઉદ્ધારક તું, પ્રભુજીનો કાગળ આવ્યો છે.'

●

'જનમન અંદર પેસી શકીને દુ:ખમાં ભાગીઓ થાઉં,
બની શકે તો શાંતિ કરું નૈ તો અશ્રુએ એને ન્હાઉં :
બતાવો ઉપાય કો એવો
બનું દુ:ખે ભાગીઓ તેવો રે.'

●

'પ્રાણ પવનમાંથી ખેંચું છું, જીવન જગજીવનથી,
શુદ્ધ સ્વચ્છતા આકાશેથી, રસાન્ન પૃથ્વીતળથી,
રૂપ તેજ સૂર્ય ને ચંદ્રથી, અમૃતરસ જળમાંથી,
સમગ્ર જિંદગીનો સરવાળો મહાપુરુષ પ્રભુમાંથી.'

પટ્ટણી સાહેબ દૃઢ જિજીવિષા માત્ર પરોપકારાર્થે સેવતા હતા, એ જ આશયથી કે પોતાનું જીવન લોકસંગ્રહાર્થે, જનકલ્યાણાર્થે ઉપયોગી થાય.

'પોતા સમ પરને ચાહવું છે,
તપતાં હૃદય પર છવાવું છે,
પરરક્ષણ કાજ ઘવાવું છે,
ફરથી યુવાન થઈ જાવું છે.'

●

'હજી સો વર્ષનું આયુષ્ય આ મારું થવાનું છે,
સકળ સંસારનું દારિદ્રય આ કરથી જવાનું છે.
ઉખેડી મૂળ કજિયાનાં પ્રણયનાં વાવવાનાં છે,
બધે સુખ સંપના સુપવિત્ર મંત્ર જપાવવાના છે.'

અને એમને પોતાની આ જીવનભાવનાને કર્તવ્યમાં સાક્ષાત્ કરવાની અનુકૂળતા પણ, લક્ષ્મીની કૃપારૂપે તથા ઉચ્ચ પદવીરૂપે પ્રાપ્ત થઈ હતી.

લક્ષ્મી અને સત્તા ઈર્ષ્યા જન્માવે, અરિઓ ઉપજાવે. પટ્ટણી સાહેબને કદી એ સંભવ ભયજનક જણાયો ન હતો, એવા એ ઉદાર હૃદય હતા અને ક્ષમાશીલ હતા. એમની એ હૃદયસંપત્તિ આ પંક્તિઓમાં અંકિત થઈ છે :

‘મારી આખી અવનિ પરની જિંદગાની વિશે મેં,
રાખી હોયે મુજ અરિ પરે દૃષ્ટિ જે રીતની મેં,
એવી એ જો મુજ ઉપર તું રાખશે શ્રીમુરારિ,
તોય તારો અનૃણી થઈને પાડ માનીશ ભારી.’

આવાં અનેક ઉદાર આશયથી ભરપૂર સુભાષિતો અહીં શોભે છે.

એક વખત પ્રભાશંકરના મોરબીના બાળમિત્ર હરિલાલ ઝીણાનો તેમના પર પત્ર આવ્યો. એ મિત્ર પરસ્પર પત્રવ્યવહાર પદ્યમાં કરતા. પત્રમાં શ્રી હરિલાલે પૂછેલું :

‘રાજાઓની નિકટ વસવું, સર્વ સમ્માન ખોવું,
રંગે ભોગે રમણ કરતાં અંતરે ગુપ્ત રોવું,
‘હા જી હા’નાં કપટવચને લોક થોકે નમે છે,
શું એવી હે સુહૃદ ! તુજને જિંદગાની ગમે છે ?’

આના ઉત્તરમાં પ્રભાશંકરે લખ્યું :

‘જોવી જેને નજર ન પડે વક્ર તાલેવરોની,
ખાયે જેઓ ઉદર ભરીને પંક્તિ દુર્વાંકરોની,
ઠંડાં વારિ નદીસરતણાં પી નિરાંતે ભમે છે,
સાદી તેવી હરિણશિશુની જિંદગાની ગમે છે.’

આ પછી થોડા વખતમાં મિ. ફ્રેઝરના વાલીપણા નીચે યુવરાજ ભાવસિંહજી રેલવે દ્વારા હિંદની મુસાફરીએ નીકળ્યા.

સલૂનમાં એક વખત ઠામવાસણની સંખ્યા ગણતાં એક છાલિયું ઘટ્યું અને હજૂર ખાનગી ખાતાના તત્કાલ ઉપરીએ પોતાના સાગરીતો સાથે તેનો દોષ પ્રભાશંકર પર નાખી ઉમેર્યું : ‘યુવરાજને બગાડનાર તથા ગેરવ્યવસ્થા ઊભી કરનાર આ પ્રભાશંકર જ છે.’ કાઢવાની ખટપટ હતી જ, તેમાં આવું થવાથી પ્રભાશંકરે રાજીનામું લખી ભાવસિંહજીને બતાવી કહ્યું : ‘હું આ દઈને જાઉં છું.’

ભાવસિંહજીને ખેદ થયો. તેમણે પ્રભાશંકરને બહુ સમજાવ્યા પણ માન્યા નહિ ત્યારે ભાવસિંહજીએ મિ. ફ્રેઝરને કહ્યું : ‘પ્રભાશંકરને સમજાવીને રોકો.’

ફ્રેઝરે પ્રભાશંકરને કહ્યું : ‘હું દીવાન વિઠ્ઠલદાસને લખું. તમને જરાયે મુશ્કેલી નહિ રહે.’

પ્રભાશંકરે કહ્યું : ‘મારે એવું કરાવવું નથી. વાંક ન હોય તોય દોષિત ઠરાવનાર નીચે મારે નોકરી કરવી નથી.’ કહી પ્રભાશંકરે વિગત સમજાવી.

ફ્રેઝરે કહ્યું : ‘જો એમ છે, તો તમે ભલે છૂટા થાઓ. તમે સારી જગ્યાએ જાઓ ને આગળ આવો તેવી મારી ઉમેદ છે. એટલે હું, ચાલો, તમને મુંબઈના ગવર્નર જે મારા મિત્ર છે તેના પર ભલામણપત્ર આપું, નહિ તો તમે કહો તેના પર ભલામણપત્ર આપું.’

પ્રભાશંકરે કહ્યું, ‘આભાર’. ‘કેમ, પ્રભાશંકર તો તમે કરશો શું ?’ ફ્રેઝરે પૂછ્યું. ‘ભાવનગરની નોકરીમાં ન હોત તો જે કરત તે.’ જવાબ સાંભળી હર્ષના આવેશમાં પ્રભાશંકરના

બે હાથ પકડી, હલાવી ફ્રેઝરે કહ્યું, ‘વહાલા મિત્ર, હું તમને સુખેથી જવાની રજા આપું છું.’

અને તે રાત્રે મિ. ફ્રેઝરે ઇંગ્લૅંડમાં રહેતા પોતાના એક મિત્ર પરના એક પત્રમાં લખ્યું : ‘આજે મેં એક સ્વમાની, પોતાની શક્તિનો જાણકાર, ડાહ્યો દેશી માણસ જોયો. તેણે મને જીતી લીધો છે. એવા માણસો જિંદગીમાં ક્યારેક જ જોવા મળે છે. એ છે ભાવનગરના મિ. પ્રભાશંકર, જે, મને ખાતરી છે કે ખૂબ આગળ આવશે.’

અને એ પછી આઠ વર્ષે વાઇસરૉય લૉર્ડ કર્ઝને પોતાના સેક્રેટરીને પૂછેલું : ‘કોણ છે આ પ્રભાશંકર કે જે બ્રિટન અને હિંદના ઇતિહાસ તથા રાજકારણને ઊંડું સમજે છે અને દેશી રાજ્યોની સલામતી સાથે હિંદની પ્રજાની આબાદીની વાત આટલી હિંમતથી સરકારને સ્પષ્ટ કહે છે ?’

તેના આઇરિશ સેક્રેટરી મિ. ગોબેએ કહ્યું : ‘એ છે ભાવનગરના મિ. પટ્ટણી કે જેને વિશે મિ. ફ્રેઝરે મારા મિત્રને આઠ વર્ષ પર લખેલું.’

એ રાજીનામું આપી પ્રભાશંકર છૂટા થયા ને કવિતા લખી :

‘ઉચ્છિષ્ટાન્ન ન ખાઈએ નવ રહીએ બંધને કોઈને,
છોડી માનસનીરને ન વસીએ સ્વર્ગે ભલે હોયને.

સ્નેહી સાથે સુનમ્ર ધૂર્ત બકને જેનું ન માથું નમે,
ગંગાનુંય મલિન પાણી તજીએ તે રાજહંસો અમે.

ધોળા બેય સમાન ધૂર્ત બગલા ને રાજહંસો ભલે,
ચાલે બેઉ સમાન ધીમી ગતિથી, નીતિજ્ઞ પેઠે ભલે.

મત્સ્યોથી ઉદરો ભરાય બકનાં, ખાબોચિયાંમાં રમે,
ગંગાનુંય મલિન પાણી તજીએ તે રાજહંસો અમે.'

●

એ વાત પછીનો લગભગ દશબાર વર્ષનો આ બીજો પ્રસંગ છે.

**ઘરના નોકર ઉપર અતૂટ વિશ્વાસ**

પ્રભાશંકર પાસે વડીલોપાર્જિત કંઈ ધન હતું નહિ. તેમનાં લગ્ન મોરબીના રાજવૈદ વિશ્વનાથનાં પુત્રી રમાબહેન વેરે થયેલાં. હજૂર સેક્રેટરીના હોદ્દા પરથી પ્રભાશંકર દીવાનપદે આવ્યા પછી થોડા વખતમાં એકવાર ડિસ્ટ્રીક્ટમાં ગયેલા ત્યારે પાછળથી તેમના બંગલામાં ચોરી થઈ અને રમાબહેનની ઘરેણાંની પેટી ચોરાઈ ગઈ. રમાબહેન ઘણાં ઉદ્વિગ્ન થઈ ગયાં. પોલીસ તપાસ શરૂ થઈ. પ્રભાશંકરભાઈના બંગલામાં કામ કરનાર એક નોકર પર શંકા જવાથી પોલીસ તેને લઈ ગઈ. તે નોકરની સ્ત્રી પણ રમાબહેન પાસે કામ કરતી.

વળતે દિવસે સવારે પ્રભાશંકરભાઈ ડિસ્ટ્રીક્ટમાંથી પાછા આવ્યા ને ઘોડાગાડીમાંથી ઊતરે તે પહેલાં જ પેલી બાઈએ આવી પગ પકડી રોવું શરૂ કર્યું. પ્રભાશંકરભાઈએ કારણ પૂછતાં જણાવ્યું કે બંગલામાં ચોરી થવાથી, શંકા પરથી પોલીસ તેના ધણીને લઈ ગયા છે ને માર મારે છે. આમ કહી તેને છોડાવવા અરજી કરી.

ત્યાં તો રમાબહેન પણ આવી ગયાં. તેમણે જણાવ્યું કે 'પોલીસને જો કામ કરવા ન દઈએ તો કદાચ ઘરેણાં પાછાં ન આવે.'

પ્રભાશંકરભાઈએ કહ્યું : 'જેમ તમને મારી, તેમ આ બાઈને તેના પતિની ચિંતા રહે જ ને ? આપણા કારણે તેને દુઃખ ન પડે તે આપણે જોવું જોઈએ.' આમ કહી પ્રભાશંકરભાઈએ એ જ વખતે પકડેલા માણસને છૂટો કરી તુરંત અનંતવાડી (પોતાને બંગલે) પહોંચતો કરવા પોલીસ ઉપરી ઉપર ચિઠ્ઠી લખી અને પોતે આવેલા તે ગાડીના ગાડીવાનને જ તે ચિઠ્ઠી આપી ગાડીમાં રવાના કર્યો, ને પોતે માણસની રાહ જોતા પહેર્યે કપડે ત્યાં પોર્ચમાં જ બેઠા.

પોલીસ ઉપરી પેલા માણસને લઈ આવ્યા. પ્રભાશંકરભાઈએ તેમને કહ્યું : 'બંગલામાં ચોરી થઈ છે ને પોતાનાં ઘરેણાં ગયાં તેથી શ્રીમતી પટ્ટણીને દુઃખ થાય છે. તમે ચોરી શોધી કાઢવા મહેનત કરો છો, પણ મારે જણાવવું છે કે અમને કોઈના પર વહેમ નથી. બીજું, મારા ઘરમાં રહેનાર કોઈ માણસ ચોર હોય જ નહિ. આ ઘરમાં કામ કરનાર માણસ કોઈ નોકર નથી પણ મારા હાથપગ છે. હાથપગ કોઈ દિવસ ચોર ન હોય. એટલે તમે આને અત્યારે છૂટો કરી દ્યો. ઘરેણાં ન જડે તો કંઈ નહિ. મને મારો માણસ પાછો મળી જવો જોઈએ.'

'હા જી.' કહી પોલીસ અધિકારીએ આજ્ઞા માથે ચડાવી.

પ્રભાશંકરભાઈએ પેલા માણસને કહ્યું : 'તમે ઘરમાં છતાં ચોરી થઈ તેથી પોલીસને વહેમ આવ્યો, પણ મને વહેમ નથી. તમે બન્ને જણાં મારા ઘરનાં જ માણસો છો, તો જેમ કામ કરતાં હતાં તેમ જ કરજો. મારે ઊલટું તમને વધારે જવાબદારી

સોંપવી છે.' કહી પોતાનાં કપડાં ઉતારી પાકીટ સહિત એ જ વખતે સાચવવાં આપ્યાં.

આઠ દિવસ પછી એક દિવસ સવારે પ્રભાશંકરભાઈ તથા રમાબહેન બહાર બાગમાં બેઠાં હતાં ત્યાં પેલો માણસ પેલી ઘરેણાંની પેટી લાવી તેમના પગમાં મૂકી રોઈ પડ્યો ને કહ્યું : 'તમે તો દયાળુ છો, પણ મારાથી આ ખમાતું નથી. મને પાછો પોલીસને સોંપી દ્યો ને સજા કરો.'

પ્રભાશંકરભાઈએ કહ્યું : **'ભગવાન દયાળુ છે. એ કોઈને સજા નથી કરતા, પણ દરેકને સારા થવાની તક એ આપ્યા કરે છે. તમે એ તકનો લાભ લઈ લો.'** પ્રભાશંકરભાઈએ તે માણસને એ વખતે રૂપિયા એકસો તથા તેની સ્ત્રીને ત્રણ કપડાં ઈનામમાં આપ્યાં. આ પછી વર્ષો સુધી એ બન્ને માણસો અનંતવાડીમાં કામ કરતાં રહ્યાં.

આ પ્રસંગે પોતે ચિઠ્ઠી લખી ગાડીવાનને રવાના કર્યા પછી પોર્ચમાં સાવ એકલા બેસી પેલા માણસની રાહ જોતા હતા ત્યારે પ્રભાશંકરભાઈએ કાગળની કાપલી પર નીચેની લીટી લખી નાખી :

(મંદાક્રાંતા)

'જે ચીજો કે વસુવિભવથી લોકને મોહ થાય,
ને જે મોહ હૃદય જનનાં પાપ માટે તણાય,
તે પૈસો કે વિભવ અમને સ્વપ્નમાંયે હશો મા,
એવાં હોયે સુકૃત કદી તો સુકૃતોય થશો મા.'

– મુકુંદરાય વિ. પારાશર્ય

## ૧. ઉઘાડી રાખજો બારી

દુ:ખી કે દર્દી કે કોઈ ભૂલેલા માર્ગવાળાને,
વિસામો આપવા ઘરની, ઉઘાડી રાખજો બારી.

ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુ:ખને દળવા,
તમારાં કર્ણ-નેત્રોની, ઉઘાડી રાખજો બારી.

પ્રણયના વાયરા વાવા, કુછંદી દુષ્ટ વા જાવા,
તમારાં શુદ્ધ હૃદયોની, ઉઘાડી રાખજો બારી.

થયેલાં દુષ્ટ કર્મોના, છૂટા જંજીરથી થાવા,
જરા સત્કર્મની નાની, ઉઘાડી રાખજો બારી.

અતિ ઉજાસ કરનારા, તિમિરનો નાશ કરનારા,
કિરણને આવવા સારુ, ઉઘાડી રાખજો બારી.

## ૨. પૃથ્વીનું અધિપતિપણું

(મંદાક્રાંતા)

પૃથ્વીકેરું અધિપતિપણું બાદશાહો કરે છે,
લૂંટી લોકો કર લઈ ભલેને તિજોરી ભરે છે,
શિક્ષા દે છે મરણ સુધીની એ બધું છે અધૂરું,
જો ના થાયે ગરીબ જનના પેટનું એક પૂરું.

## ૩. સત્ય હિંમત

(ગઝલ)

અમે મસ્તાન વેરાગી, નહિ સંસારના રાગી,
જગતના બાદશાહોની, અમારે શી પડી પરવા ?

કરેલાં પાપની માફી, પ્રભુથી ચાહતા હોયે,
કરે તે વિશ્વબંધુની, ભલેને રાત દી પરવા.

અમે તો સત્યની ધારે, પરાણે મોક્ષ લેવાના,
પછી શી કાર્ય કારણના, નિયંતાની પડી પરવા ?

પિયાવો* પ્રેમનો મોટો, ભર્યો સંસાર આ આખો,
પછી શું એકદેશીય, પ્રિયાના પ્રેમની પરવા ?

વિશાલી દષ્ટિએ જોતાં, બધું બ્રહ્માંડ હુંમય આ,
પછી ત્યાં કોણની કોણે, ઘટે છે રાખવી પરવા ?

કરું તો સર્વની કરવી, કરું ના તો ન કોઈની,
વિચારી વાત એ સાધ્યો, અમે તો મંત્ર ‘બેપરવા’.

---

* પરબ

## ૪. કદી જો જાય તો જાઓ

(ગઝલ)

અરિ ઉપકારને માટે, પ્રભુના નામને સાટે,
અમારી જિંદગાની આ, કદી જો જાય તો જાઓ.

ખરચતાં આપતાં દેતાં, સુખોમાં રાખતાં રે'તાં,
કદી ધનમાલ ખર્ચાઈ, ભલેને જાય તો જાઓ.

ગરીબનાં દુઃખમાં રોતાં, અવરનાં પાપને ધોતાં,
અમૂલો દેહ પોતાનો, પડી જો જાય તો જાઓ.

ગરીબની વહારમાં ધાતાં, જળે સચ્ચાઈને નાહતાં,
કદી ઘરબાર લુટાઈ, અમારાં જાય તો જાઓ.

અમારી ટેકને ગાતાં, બતાવેલે પથે જાતાં,
પ્રભુયે ખાસ રિસાઈ, ભલેને જાય તો જાઓ.

પ્રભુની જ્યાં નથી પરવા, બીજાની હોય શું કરવા ?
હવે ક્યાં દેહ છે ધરવા, પડી આ જાય તો જાઓ.

અમારી એક દૃષ્ટિ છે, ઘડી તે એક સૃષ્ટિ છે,
સ્વભાવે ચાલતાં રસ્તો, તજાઈ જાય તો જાઓ.

## ૫. શત્રુઓનું પણ હૃદયથી, જે ભલું ઈચ્છનારા

(શિખરિણી)

પ્રિયાની પ્રીતિનો, અનુભવ કર્યો પૂર્ણ રસથી,
પિતા ને માતાના, અનહદ જ વાત્સલ્ય રસથી,
ગુરુની માયાથી, મન મુજતણું ખૂબ હરખ્યું,
ન મિત્રોના જેવું, અવનિ પર સૌહાર્દ નીરખ્યું.

(મંદાક્રાંતા)

શત્રુઓનું પણ હૃદયથી, જે ભલું ઈચ્છનારા,
દુ:ખી દેખી અવર જનને, દુ:ખી જેઓ થનારા;
જે પોતામાં પરજન વિશે, ભેદ ના લેખનારા,
એવા વાંસે હરિહર ફરે, થૈ સદા ચોકીવાળા.

(ઉપજાતિ)

પાકે ઘડે ક્યાંય ચડે ન કાંઠો,
રસે ન દે હોય સડેલ સાંઠો,
નાને ઘડે પાણી સમાય થોડું,
ને જંગલી દે ચડવા ન ઘોડું.

## ૬. વીંચાય* આંખ પછી

(વસંતતિલકા)

ખોટે મિષે** પણ જરાક ઉદાસ થાય,
લોકો હજારતણી હિંમત તો હરાય,
આજ્ઞા બધી અમલમાં ક્ષણમાં અણાય,
વીંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

હોયે હજાર હથિયાર ધરેલ પાળા,
ચોકી કરે ચતુર ચાકર જ્યાં રૂપાળા,
તે સ્થાન શૂન્ય સઘળાં હમણાં જણાય,
વીંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

બાહુબળેથી નહિ પૃથ્વી વિશે સમાતા,
લાખો મનુષ્યતણી ફોજથી ના દબાતા,
તે ચાર હાથ ધરતી પડમાં સમાય,
વીંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

ભાવે ભણે ભભકદાર અનેક ભાષા,
ચાંદો ઈનામ પણ મેળવી ખૂબ ખાસા,
વિદ્વાનમાં પ્રથમ નંબરમાં ગણાય,
વીંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

ઈંગ્લૅંડ જાય બની ડૉક્ટર આંહીં આવે,
બારિસ્ટરો સરસ પંડિતમાં કહાવે,

* મીંચાય
** બહાને

ઊંધુંચત્તું સઘળું કોર્ટ વિશે કરાય,
વીંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

ખાતાં બગાસું ચપટી વગડે હજાર,
બોલે ખમા ખલક છીંક થતાં લગાર,
ખોટો ખરો પણ ન હુકમ ફેરવાય,
વીંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

માતાપિતા પરમ પ્રેમથી પાળી રાખે,
સંસારના સુખત લહાવ અનેક ચાખે,
પ્યારી સહિત શુભ સ્થાનકમાં ફરાય,
વીંચાય આંખ પછી કાંઈ ન હાય હાય.

## ૭. પરિવર્તન યોગ

(ગઝલ)

પડીને પિંજરે પોતે, ગયો નિજ રૂપને ભૂલી,
મથે છે સ્વાર્થને માટે, ગયો ત્યાં મોક્ષને ડૂલી.

જગતને પાળવાવાળો, ફક્ત નિજ પિંડને પોષે,
બધાંને ચાહવાવાળો, પડ્યો નિજ સ્વાર્થને કોષે.

કૃપાળુ તે થયો ક્રૂર, દયાળુની દયા દૂર,
બન્યો ભીરુ હતો શૂર, હણાણું સ્વાત્મનું નૂર.

તજાયું સ્વર્ગનું સુખડું, વિષયના સુખને લેતાં,
પિયાવો પ્રેમનો સૂક્યો, પ્રિયાના પ્રેમમાં રે'તાં.

## ૮. મૃત્યુનું સ્વરૂપ

(સોરઠા)

મરી જવામાં માત્ર, અંગરખું બદલાય છે;
કહે પુકારી શાસ્ત્ર, જીવ તજે છે દેહને.

સર્પ કાંચળી જેમ, બદલે છે નિજ વર્ષમાં,
જિંદગાનીમાં તેમ, જીવ તજે છે દેહને.
તજે પીંછને મોર, થતાં ભાર નિજ દેહમાં,
તેમ કર્મનો ચોર, જીવ તજે છે દેહને.

આ સંસારે જેમ, સુખદુઃખ ભોગવતા હશો,
મરણ પછી પણ તેમ, ભોગવવું પડશે સદા.

વિચાર કરતાં આમ, હાનિ છે નહિ મરણમાં,
જો રહેશો નિષ્કામ, પ્રભુ ચરણને પામશો.

## ૯. એ મારે મન પરમેશ્વર છે

નાનાંમોટાંનું ભાન નથી, મન માન નથી અપમાન નથી,
મારાતારાંમાં તાન નથી,તે મારે મન પરમેશ્વર છે.

જનના દોષોને માફ કરે,પરના મેલોને સાફ કરે,
બળતાં હૃદયોની બાફ હરે,તે મારે મન પરમેશ્વર છે.

સેવા નવ લે પણ સેવા દે,આગ્રહ નવ રાખે સંવાદે,
દોડે જે દુખિયાને સાદે,તે મારે મન પરમેશ્વર છે.

વેરીને પણ વહાલો લેખે,વાંકાંને પણ સીધા દેખે,
સઘળાંને એક નજર પેખે,તે મારે મન પરમેશ્વર છે.

ઉપકાર કરીને મૂક રહે,સામો ઉપકાર ન લેશ ચહે,
જે નીડરપણે હિત સ્પષ્ટ કહે,તે મારે મન પરમેશ્વર છે.

દુનિયા જ્યારે નિંદા કરશે,મિત્રો પણ જ્યારે પરહરશે,
ત્યારે જે સાથે સંચરશે,તે મારે મન પરમેશ્વર છે.

દોષે રંગે રંગાવા દે,દુઃખ કોઈ કરે તો થાવા દે,
વિષ પાયે શિવ સમ પાવા દે,તે મારે મન પરમેશ્વર છે.

## ૧૦. જગત આ સહજ સ્વર્ગ થઈ જાય

જગત આ સહજ સ્વર્ગ થઈ જાય,
અવર એથી નથી કોઈ ઉપાય.
વિશ્વંભર કહે છે, 'હું રહું છું એ રીતે રહેવાય,'
જનની કહે, 'હું બાળ સહું છું ત્યમ જનતા સહેવાય,'
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

દગા અને ફટકા કંકાસો ચોગરદમ ઊભરાય
તે, મટાડવા પ્રાણ આપવા જો તૈયાર થવાય,
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

રામરાજ્ય સમ રાજ્ય બને, સમરાટ રામ સમ થાય,
સેવ્ય સેવકોતણા પરસ્પર, ધર્મ બધા સચવાય,
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

પિતા પુત્ર સમ પ્રજા પ્રજાપતિનો, વહેવાર ઘડાય,
એકબીજાનાં સુખદુઃખમાં, જો સાથ હસાય રડાય,
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

રાજ અને લોકો બન્નેનો, એકજીવ થઈ જાય,
એકબીજાને માટે જીવે, સરખો સ્વાર્થ સધાય,
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

સંપ અને શીતલતાકેરા, સુખદ વાયરા વાય,
સ્નેહ અને સંબંધ પરસ્પર જો સાચો સમજાય,
જગત આ સહજ સ્વર્ગ થઈ જાય.

## ૧૧. પ્રભુજીનો કાગળ

પ્રભુજીનો કાગળ આવ્યો છે, કોઈ વૃદ્ધ ફિરસ્તો લાવ્યો છે,
અદ્‌ભુત સંદેશ પાઠવ્યો છે, પ્રભુજીનો કાગળ આવ્યો છે.

કહે છે, ‘જગ છે તારે માટે, પુષ્પો વેર્યાં મેં તુજ વાટે,
એ સઘળું તુજ સેવા માટે.’ પ્રભુજીનો કાગળ આવ્યો છે.

‘અંધાની આંખ થઈ રહેજે, પંગુને સ્કંધ પરે લેજે,
દીનો માગે તે તે દેજે.’ પ્રભુજીનો કાગળ આવ્યો છે.

‘હું આ સૃષ્ટિનો પાલક છું, તું મુજ શક્તિનો બાળક છું,
તો મુજ સમ બન ઉદ્ધારક તું’ પ્રભુજીનો કાગળ આવ્યો છે.

‘જન સમૂહતણાં દુઃખો હરજે, પરકાજ પડે મરવું, મરજે,
અપમાન મળે તે સંઘરજે.’ પ્રભુજીનો કાગળ આવ્યો છે.

‘મૈત્રી કે દ્વેષ તને ન ઘટે, તું જ્યાં જા ત્યાં જન ક્લેશ મટે,
તો મુજ સમ જગ તુજ નામ રટે.’ પ્રભુજીનો કાગળ આવ્યો છે.

## ૧૨. અશ્રુનું બિંદુ

(ગઝલ)

હજારો જન્મનાં પાપો, કરોડો દોષ આ ભવના,
પલાળી ધોઈ નાખે છે, ફક્ત અફસોસનું બિંદુ.

વિમાસણ થાય સાચી તો, અધૂરી સર્વ ફરજોને–
ગુણોમાં ફેરવી નાખે, ફક્ત એક નેત્રનું બિંદુ.

થયું તેને વિસારી દે, થવાનાંને વિચારી લે,
વિમાસણને વલોવીને, નક્કી કર લક્ષ્યનું બિંદુ.

વિમાસણ ઉત્તમાશાળા, અનુભવ માત્રની પોથી,
વિમાસણના પરાગોમાં, ભર્યું છે જન્મ મધુબિંદુ.

અમારા દોષ ધોવાને, પ્રભુના ચિત્તને ચીરી,
દયા ગંગા વહેવાવે, અમારાં અશ્રુનું બિંદુ.

બધાએ દોષ હરનારું, પતિતને પાત્ર કરનારું,
અમે અગણિત ગુણવાળું, દીઠું અફસોસનું બિંદુ.

કુરુકુળ નાશ કરનારું, સુયોધન ગર્વ હરનારું,
હજારો અસ્ત્રાથી તીખું, સતીનાં નેત્રનું બિંદુ.

અમે ભગવાનને વહાલા, અમે શ્રીકૃષ્ણના લાલા,
પ્રભુના ચિત્તને ચીરે, અમારાં અશ્રુનું બિંદુ.

## ૧૩. એ દવાઈ છે

(ગઝલ)

વિષમ વ્યાધિ વધી જાતાં, મરણ પાસે ધસી જાતાં,
‘પ્રભુ સાંનિધ્યની આસ્થા’ અફર દૈવી દવાઈ છે.

તમારા સ્થૂલને માટે, સડેલા સૂક્ષ્મને સારુ,
‘અખંડાનંદની ભૂકી’ ખરી દૈવી દવાઈ છે.

સનેપાતે ફસેલાની, ત્રિદોષે તન પડ્યું જેનું,
દુઃખી એ દર્દીને માટે, ‘પ્રભા’ સાચી દવાઈ છે.

થયો જે મસ્ત માયામાં, ગુણે ગાંડો થઈ તેની,
‘અનુભવ કીચમાં ડૂબકી ફક્ત કડવી દવાઈ છે.’

સમજ કે બેસમજથી જે, દૂષણથી ડાઘ લાગ્યા તે,
સ્મરણમાંથી ભુસાવાની, ‘પરાર્થી થા’ દવાઈ તે !

વસાવ્યાં દિલમાં વહાલાં, જગાવે આગ અંતરીયે,
વિના સ્નેહે બુઝાવાની, ન દીઠી કો દવાઈ મેં.

હ્દય પર કારમાં પડતાં, અજબ કો ગેબી ખંજરના,
જખ્મ અણદીઠને માટે, ‘સહન’ અક્ષર દવાઈ છે.

અનુભવ પુસ્તકે જોતાં, ચિકિત્સા અશ્રુ વિણ રહેવા,
‘રડી રડી અશ્રુસર સૂકવો’ જડી અમને દવાઈ છે.

તમારી ભેદદષ્ટિને, સહજમાં નિર્મલી કરવા,
‘નયનમાં સ્નેહનું અંજન’ અભેદી એ દવાઈ છે.

બધા વળગાડનો દોરો, સહુ આવેશની માત્રા,
સ્વરૂપના ભાનની કૂંચી, ‘પ્રભુ ભક્તિ’ દવાઈ છે.

અહંતાને વીસરવાને, અને મમતા તજી દેવા,
સ્મૃતિ શ્રીરામ પાંડવનાં, ચરિત્રોની દવાઈ છે.

મટી અજ્ઞાનની અંધી, પ્રકાશે સ્થિર રહેવાની,
પ્રભુ શ્રીકૃષ્ણની ગીતા, મહાવાણી દવાઈ છે.

ગુરુ ને જ્ઞાનના દાતા, હૃદયમાંહે વસાવાની,
‘સુદામા કૃષ્ણના સંબંધની ગાથા’ દવાઈ છે.

બતાવું વાત આ છાની, તમારાં સર્વ દર્દોની,
રસીલી રાધિકા પાસે, અજબ દૈવી દવાઈ છે.

## ૧૪. બકા તે ભૂપને* વા'લા

(ગઝલ)

ઉપરથી શ્વેત દેખાતા, પ્રમાણિક સ્વચ્છ લેખાતા,
છૂપીથી માછલાં ખાતા, બકા તે ભૂપને વા'લા.

રગે રગ શુદ્ધ સાત્ત્વિક જે, પ્રભુને સ્વામી ભાવિક જે,
કરે ના હા જી હા ઠીક છે, નહિ તે ભૂપને વા'લા.

ખુશામદ સ્વાર્થની કૂંચી, લગાવી માલ લે ખૂંચી,
પડ્યા પણ તંગડી ઊંચી, જનો તે ભૂપને વા'લા.

ખરું હિત સાફ કહેનારા, ધણીનો ભાર વહેનારા,
પડે તે સર્વ સહેનારા, નહિ તે ભૂપને વા'લા.

* રાજા, ભૂપતિ.

## ૧૫. સંબંધ નથી સચવાવાનો

સંબંધ નથી સચવાવાનો,
આ સમય નથી કચવાવાનો,
કલિયુગનો વા તો વાવાનો,
સંબંધ નથી સચવાવાનો.

ભવસાગર બહુ તોફાની છે,
કિસ્તી જનની તો ફાની છે,
ત્યાં એક ભરોસો મા'વાનો,
સંબંધ નથી સચવાવાનો.

## ૧૬. આત્મભોગ વહેવાર

(દોહરા)

રાજ્ય પડે રાજા પડે પણ રૈયત રહેનાર,
જુઓ હજી ઊભા રહી ગયા ઈશ અવતાર.

એ વસ્તુ સ્થિતિ ધ્યાનમાં લઈને જે ફરનાર,
તે જ ખરો નીતિ પુરુષ છે રાજ્ય પુરુષ સરદાર.

નિજબળ પર જે જામ દઈ ટકવા હઠ કરનાર,
હઠે અંતમાં હારીને પરસુખનો હરનાર.

સુખ આપે તે સુખ લહે ન્યાય પ્રભુ ઘડનાર,
જગને ચડવે તે ચડે અન્ય બધા પડનાર.

વ્યક્તિ મદમાતી થતાં જગમદ ઉતરાવનાર,
તારનાર જગનો બને તે એક જ તરનાર.

પરસેવનમાં જીવનને કુરબાની કરનાર,
મર્યા છતાં જીવ્યા કરે પરદુઃખ ભંજનહાર.

કુદરત પર જોશો જરા તો નજરે પડનાર,
રચ્યો પ્રભુએ પ્રેમથી આત્મભોગ વહેવાર.

## ૧૭. ‘કર, ભોગવ’

‘કરવું તે ભોગવવું’ એ વાત,
સત્ય હોય જો સંસારે,
પરમેશ્વરને પણ તો પ્રણિપાત,
શીદ કહો કરવો મારે ?

‘કર, ભોગવ’ એ પ્રભુનો મંત્ર,
જગ જિંદગીનો સાચો તંત્ર,
સમજાયે તો સહુ સ્વતંત્ર,
ખોટ નથી એ વેપારે.

માગે તેને દેનારાઓ,
પરના ભારો વહેનારાઓ,
મોક્ષ પરાણે લેનારાઓ,
ઈશ્વરને પણ પડકારે.

ભક્ત રક્ષણે પ્રભુજી ધાય,
ગજ ઉગારવા માટે જાય,
દ્રૌપદીને જઈ કરે સહાય,
એ જ મંત્રને અણસારે.

જે પરનાં હૃદયો માપે છે,
રડતાનાં દુઃખો કાપે છે,
અરિને પણ નહિ જે શ્રાપે છે,
એ શીદ હરિને ગણકારે.

## ૧૮. ત્રિગુણ યોગ

શરીર હઠયોગથી માત્ર આધીન બને,
મન શરણતા ભજે રાજયોગે,
ભક્તિથી સ્થાન આત્માતણું પ્રાપ્ત છે,
વ્યાપ્ત માયા શરણ ત્રિગુણ યોગે.

## ૧૯. શરીર સંરક્ષણ

(ઉપજાતિ)

ખાધાંપીધાં કાંઈ ન કામ આવે,
વળે ન કાંઈ વળી ગાન ગાવે,
સંબંધીનો સ્નેહ ન જળવાય,
શરીર સંરક્ષણ જો ન થાય.

કુટુંબના સ્તંભ ગણાય જેઓ,
વડીલમાં મુખ્ય ગણાય જેઓ,
તેને ભલું કોઈ ન કાંઈ થાય,
શરીર-સંરક્ષણ જો ન થાય.

લાખો રૂપૈયાની કરે કમાઈ,
કહે 'ખમાં' ચાકર ધાઈ ધાઈ,
તેઓતણો ભાવ નહિ પુછાય,
શરીર સંરક્ષણ જો ન થાય.

ઘોડા અને ગાડી અને મિયાના,
વગાડવા સુંદરી ને પિયાના,

આવે નહિ તે પણ કામ કાંય,
શરીર સંરક્ષણ જો ન થાય.

ભણ્યાગણ્યા તે પણ સાવ વ્યર્થ,
શું કામનો તેમ મળેલ અર્થ,
પ્રખ્યાત ક્યાંથી જગમાં થવાય ?
શરીર સંરક્ષણ જો ન થાય.

શું કામનાં માતપિતા કલત્ર*,
કુટુંબીઓ સર્વ સગાં સુમિત્ર,
સ્નેહી બધાં સ્વાર્થતણાં જણાય,
શરીર સંરક્ષણ જો ન થાય.

રાજાતણી નોકરી કામની શું ?
સુલક્ષણી કામિની કામની શું ?
સંતોષ ક્યાંથી સહુને કરાય ?
શરીર સંરક્ષણ જો ન થાય.

---

* પત્ની

## ૨૦. ગરીબની સેવા

(હરિગીત)

જે ગરીબની સેવા કરી,
જનસમૂહ માટે જીવશે,
એનાં રહેશે રાજ્ય,
બીજાનાં બધાં ચાલ્યાં જશે.

રાજા અને રૈયત મળીને,
રાજ્ય સંજ્ઞા થાય છે,
જુદાં નથી એ બે,
પરસ્પર ઓતપ્રોત ગણાય છે.

એ દૃષ્ટિએ જોનાર નૃપ,
ઈશ્વરતણો અવતાર છે,
જીવે જિવાડે જગતને,
એનો જ જયજયકાર છે.

## ૨૧. મને એ દુઃખ થાયે છે*

(ગઝલ)

ગરીબ આ દેશની વસ્તી,
　　કરોડો જ્યાં ભૂખે મરતા,
ધનિક ત્યાં માગવા આવે,
　　મને એ દુઃખ થાયે છે.
ન ચાલે ધર્મને પંથે,
　　કરી સધર્મની વાતો,
કુમાર્ગે અજ્ઞાને દોરે,
　　મને એ દુઃખ થાયે છે.
કહેવું કંઈ મુખેથી ને,
　　હૃદયમાં ઇચ્છવું કાંઈ,
ક્રિયા એ બેયથી ઊંધી,
　　મને એ દુઃખ થાયે છે.

---

* એક ભાઈ કોઈ ફંડ ઉઘરાવવા આવેલા ત્યારે પોતે આપ્યું તો ખરું પણ આ લીટીઓ તેમને સ્ફુરેલી.

## ૨૨. અભિલાષા

(ગઝલ)

હજી સો વર્ષનું આયુષ્ય આ મારું થવાનું છે,
સકળ સંસારનું દારિદ્રય આ કરથી જવાનું છે.

હૃદય મારું મનુષ્યોનાં હૃદયથી માપવાનું છે,
જીવન જનસમૂહના ઉપયોગ માટે આપવાનું છે.

ઉખેડી મૂળ કજિયાનાં પ્રણયનાં વાવવાનાં છે,
બધે સુખસંપના સુપવિત્ર મંત્ર જપાવવાના છે.

## ૨૩. ફરું છું શોધમાં એની

(ગઝલ)

સુકાઈ આ પ્રણયસૃષ્ટિ,
ગયો ક્યાં સ્નેહ મે' ઊડી ?
બપયાની મુવાફક હું,
ફરું છું શોધમાં એની.
જગતના નાથને મળવું,
બતાવો કોઈ શી રીતે,
ગઈ એ ચિત્તથી પ્રતિમા,
દીવાનો શોધમાં એની.
જુલમ સંસારમાં સઘળે,
પ્રજા તોબા પુકારે છે,

નૃપો ક્યાં રામના જેવા,
ફરું છું શોધમાં એની.
ગ્રહે, છો ના ફરી આવે,
નિરાંતે જિંદગી ગાળે,
મને એવા ગરીબ વહાલા,
ભટકતો શોધમાં એની.
પ્રભુની સર્વ બક્ષિસો,
બધાં સાથે મળી ખાવી,
બતાવો કોઈ જમનારા,
ફરું છું શોધમાં એની.
બતાવે ભૂલ, શિક્ષા દે,
ખપે તો પ્રાણ પણ આપે,
તલબ એવા સુમિત્રોની,
રખડતો શોધમાં એની.

## ૨૪. યુવાન થઈ જાવું છે

ફરીથી યુવાન થઈ જાવું છે,
ઉપયોગી જગતને થાવું છે.
જનસ્નેહ પનઘટે નાહવું છે,
ફરીથી યુવાન થઈ જાવું છે.

જગને ખવરાવી ખાવું છે,
સુખશાંતિતણું જળ પાવું છે,
આનંદ ગીતડું ગાવું છે,
ફરીથી યુવાન થઈ જાવું છે.

પોતા સમ પરને ચાહવું છે,
તપતાં હૃદય પર છવાવું છે,
પર રક્ષણ કાજ ઘવાવું છે,
ફરીથી યુવાન થઈ જાવું છે.

પ્રભુ બાલક સમ પધરાવું છે,
ગરીબોની વહારે ધાવું છે,
દુખિયાનું કાંડું સહાવું છે,
ફરીથી યુવાન થઈ જાવું છે.

## ૨૫. અતૂટ તુંબડી

તરશો નહિ કોઈ તરશો નહિ,
પોતાની તુંબડીએ તરશો નહિ.

હું સમાન તરનાર કોઈ છે નહિ,
એમ ખોટું અભિમાન કરશો નહિ - પોતાની૦

તરવા ગયો દ્રૌપદીનો જુલમગાર,
તેની દશાને વીસરશો નહિ - પોતાની૦

શંકરના ભક્ત લંકરાયતણી હાલતને -
જોઈ એ પંથે વિચરશો નહિ - પોતાની૦

ભક્તિના બાગનાં સુપુષ્પો તજીને,
દુર્ગંધી ઓખરમાં ચરશો નહિ - પોતાની૦

ઈશ્વરનું નામ એક અતૂટ તુંબડી,
રાખો વિશ્વાસ તો તરશો સહી - પોતાની૦

## ૨૬. ખરી મરદાની છે

આવી પડેલ સ્થિતિ ભોગવવી,
એ જ ખરી મરદાની છે;
હિંમત રાખે થાય ન તાબે,
એ જ ખરો નર માની છે.

મરેલા, જીવતા જગમાં,
મહાપુરુષો ઘવાયે છે;
મને આ જનસમૂહ આખો,
મરેલો આજ ભાસે છે.

(અનુષ્ટુપ)

કરે તે ભોગવે, એવો, ન્યાય ઈશે કરેલ છે,
ઘણાંય મરનારાંઓ, મર્યા પહેલાં મરેલ છે.

આ ભવસાગર પાર તરી લે,
મરણ પહેલાં મિત્ર મરી લે.
સ્નેહજળે મન કુંભ ભરી લે,
આ જગને શુભ સ્વર્ગ કરી દે.

છે આ શરીર ક્ષણભંગુર એમ માની,
પાછી ભરો ન રણરંગ વિશેથી પાની,
આપત્તિ શત્રુ પર સર્વ કરો ધસારો,
જીવ્યું ગણાય જગમાં જશ જો વધારો.

જો પ્રભુને સ્થાને બેસે છે,
તો પથ્થર પણ પૂજાયે છે.
તો ઈશ્વરથી જન્મેલ થઈ,
શીદ નાહક તું મુઝાયે છે.

## ૨૭. પ્રભુકૃપા*

(પ્રભાતિયું)

પ્રભુકૃપા અમૃત ઝરે છે,
સ્નાન તેમાં થાય છે,
રોગ સઘળા આ શરીરના,
નાશ પામી જાય છે.

તંદુરસ્તીમાં, સુખોમાં,
નિર્ગમે છે જિંદગી,
રોજ તાજાં સ્મરણ હરિનાં,
રોજ તાજી બંદગી.

* પૌત્ર મહેશભાઈને લંડનમાં ડબલ ન્યુમોનિયા થયેલો અને ડૉક્ટરે કહ્યું કે 'He is in the jaws of death' ત્યારે આ શબ્દો પ્રભાશંકરે મહેશભાઈને લખી આપ્યા હતા અને રોજ સવારે મનન કરવા કહેલું.

## ૨૮. અનુભવની ગોળી

અનુભવની ગોળી કડવી,
મુશ્કીલ બહુ લાગે ગળવી - અનુભવ૦

પરિણામે અમૃતથી મીઠી,
અન્ય દવા નથી જડવી,
જન જનની જુદા જુદા રંગની
પદ્ધતિસર સંઘરવી - અનુભવ૦

એક વખત ખાધે વ્યાધિ મટે,
ફરી ખાવી નથી પડવી;
વખત જતાં ગુણ વધતો જાયે,
નથી સડવી ન બગડવી - અનુભવ૦

પર ઔષધશાળામાં ન બને,
નિજ શાળામાં ઘડવી,
અભિમાનના કચરામાંથી,
ધ્યાન રાખીને છડવી - અનુભવ૦

થાય ફાયદો ત્યમ ત્યમ મોટી,
માત્રા નિત નિત ગળવી,
ગમે તેટલી ગળો ગોળીઓ,
નથી તબિયતને નડવી - અનુભવ૦

રોગ ઘણા ને ઔષધ એક જ
એવી દવા નથી મળવી,
ખરીદો, જો ફત્તેહે ભવની
હોય લડાઈ લડવી - અનુભવ૦

## ૨૯. સહનતા

માતા ઉદરમાં બાળ પોષે,
એ અનોખી સહનતા.
પાળી ઉછેરી પોષતી,
એ સમ ન બીજી સહનતા.

કેમ સહન કરવું તે શીખો, એ જ પાઠ છે જિંદગીનો,
'સહન કરો' એ પ્રભુ આજ્ઞા છે, એ જ મંત્ર છે બંદગીનો.

શીખી લીઓ, શીખી લીઓ,
શું 'સહન કરવું' ચીજ છે.
આ જિંદગાનીની સફળતાનું,
સહનતા બીજ છે.

## ૩૦. પરવાર શું ?

વીંચાતાં આંખ, આખા જગતથી પરવાર શું ?
પ્રતિષ્ઠા આ ક્ષણિકની તો પછી પરવાર શું ?
ગણે સંસારીઓ કિંમત અમારી છો ટકો,
પ્રભુ દરબારમાં ઊંચી અમારી બેઠકો.

## ૩૧. ખાયે, ન આપે અવરને

ખાયે પીયે આપ્યા કરે તે માત્ર માણસ જાણવા,
ખાયે, ન આપે અવરને તે પશુ સમાન પ્રમાણવા.

## ૩૨. ગરીબને માટે મરે

(હરિગીત)

તાબે રહે તે અન્યને તાબે કદી કરતા નથી,
સ્વાતંત્ર્યને ખોનાર, પરસ્વાતંત્ર્યને હરતા નથી.

અનુભવતણી એ વાત છે, અનુભવ કરીને જોઈ લ્યો,
છે કામધેનુ ગાય અનુભવ, જે ગમે તે દોઈ લ્યો.

માર ખાનારો ન મારે, અન્યને તે એ સત્ય છે,
દુઃખીજનો નવ અવરને કદી દુઃખ દે તે તથ્ય છે.

જે દુઃખની ઘંટી વિશે પોતે દળાઈ નીકળે,
તે ઘંટીના પડમાં કદી બીજા જનોને નવ દળે.

જોયો ન હોય જુલમ જેણે, જુલમ તે પર પર કરે,
પણ જુલમથી દુઃખી થયેલો ગરીબને માટે મરે.

## ૩૩. થોરની વાડ

થોરની વાડને પાણી પાયા કર્યું,
તોય ત્યાં આમ્રનાં ફળ ન આવ્યાં.
બાવળોને અમે ખૂબ ખાતર ભર્યું,
તોય ત્યાં કંટકો માત્ર પામ્યા.

દુષ્ટને સ્નેહની સતત ચૂમીઓ ભરી,
નેત્રમાં તોય અમૃત ન જોયું.
જગતમાં જન્મીને નાથ શું આ બધું,
મફત આ સાવ આયુષ્ય ખોયું ?

ભૂત સેવાતણી લાલસામાં પ્રભુ,
આપનું છોડી સાંનિધ્ય દીધું !
સ્વર્ગના સુખ થકી જગત સેવા ભલી,
માનીને એમ સંન્યસ્ત લીધું.

## ૩૪. વૃક્ષનો પોકાર*

વૃક્ષ પોકાર મને કરતું’તું,
ને મારું મનડું ઠરતું’તું.

‘મારી છાયામાં બેસી જા,
મારી શાંતિમાં પેસી જા,
પ્રિય આ દેશતણો તું દેશી થા.’ વૃક્ષ૦

‘કલ્પતરુ માગે તે આપે,
છોને મૂર્ખો તરુવર કાપે,
તોપણ તે કોને નવ શાપે.’ વૃક્ષ૦

‘મારી માફક ઊંચે ચડવાનું,
મન હોય ગગન સુધી અડવાનું,
પણ લે તો જનને નવ નડવાનું.’ વૃક્ષ૦

‘હું આપું છું ફળ તારે કાજે,
બીજાને ખવરાવી ખાજે,
સ્નેહે નવરાવી તું નાજે.’ વૃક્ષ૦

‘પથ્થર મારે પણ ફળ દેજે,
હુંથી એ શિક્ષા તું લેજે,
જે થાયે તે સર્વ સહેજે.’ વૃક્ષ૦

‘હું દીનવચન ક્યાંયે ન કહું છું,
જળધર આધારે જ રહું છું,
તું પણ રેજે એમ ચહું છું.’ વૃક્ષ૦


‘એ શબ્દ મધુર વૃક્ષો બોલે છે,
ઊંડું મુજ અંતર ખોલે છે,
તેથી આનંદે શિર ડોલે છે.’ વૃક્ષ૦

વૃક્ષ પોકાર મને કરતું’તું,
ને મારું મનડું ઠરતું’તું.

* આ કાવ્ય ૧૯૩૬ના ઉનાળામાં વીરમગામ અને અમદાવાદ વચ્ચે મુંબઈ જતાં લખાયું.

## પ્રસંગ સૂચિ


| પૃષ્ઠ નં. | પ્રસંગ |
|---|---|
| 28 | મિત્રની લાચારીનો પુરાવો નથી રાખવો. |
| 29 | કુશળ અર્થશાસ્ત્રી |
| 31 | ગાંધીજીનું તૈલચિત્ર |
| ૧૭ | દાદા-પૌત્રનો પ્રેમ |
| ૨૦ | શ્રી પ્રભાશંકરની ઉદારતા |
| ૨૮ | ઉત્તમ નિબંધ |
| ૨૯ | ક્રિકેટપ્રેમી શ્રી પ્રભાશંકર |
| ૨૯ | પોતાનું ભાથું છોકરાંઓને દીધું |
| ૩૦ | સ્કૉલરશીપ ગરીબ વિદ્યાર્થીઓને આપી |
| ૩૧ | સ્વમાની શ્રી પ્રભાશકંર |
| ૫૩ | પત્નીનાં ઘરેણાં વેચી મદદ કરી |
| ૬૧ | રાજીનામું ખીસામાં જ રાખતા |
| ૬૭ | યુવરાજના શરીરની સેવા કરી |
| ૧૦૩ | મહારાજાને તેમની ભૂલ સમજાવી |
| ૧૦૭ | ભાવનગરની વફાદારી |
| ૧૦૯ | હિમાલય જેવડી ભૂલ થતી અટકાવી |
| ૧૦૯ | તો હું જેલને દૂધથી ધોવડાવું |
| ૧૧૩ | સ્ત્રીઓ પ્રત્યે આદરભાવની સૂક્ષ્મ દૃષ્ટિ |
| ૧૨૭ | વિરોધી પ્રત્યેનું વલણ (૧) |
| ૧૨૮ | વિરોધી પ્રત્યેનું વલણ (૨) |
| ૧૩૨ | અપમાન કરનારનું કામ તરત કર્યું |
| ૧૩૫ | ગોપનીયમ્ ગોપનીયમ્ |
| ૧૩૬ | તો હું પ્રભાશંકર ન હોત |
| ૧૩૯ | પ્રભુનાં દર્શન આજ થયાં |
| ૧૪૨ | દઈ છૂટવાની આદત |



## • ''ખરો તે રાજ્યકર્તા છે.'' •

(ગઝલ)

ગરીબનું દુઃખ ભાંગે જે, અદલ ઈન્સાફ તોળે જે, ગરીબની ભાળ જે લે છે, ખરો તે રાજ્યકર્તા છે.
તવંગર કે ભિખારીને જુએ છે એક સરખું જે, બધાં પર પ્રેમ સરખો છે, ખરો તે રાજ્યકર્તા છે.
બધી રૈયતતણી માતા સમી સંભાળ રાખે જે, પ્રજાહિત જે હૃદય ધારે, ખરો તે રાજ્યકર્તા છે.
જમાડીને જમે છે જે, સુવાડીને સૂવે છે જે, રમાડીને રમે છે જે, ખરો તે રાજ્યકર્તા છે.
જીવનનો ધર્મ પાળીને, પળાવે ધર્મ સહુને જે, કરે જે ધર્મની રક્ષા, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજા કાજે જીવે છે જે, પ્રજા કાજે મરે છે જે, ''પ્રજાજીવન'' મુકુટ જેનો, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજાદિલને ચઢી તખ્તે, પ્રજાનો પ્રેમ ઝંખે જે, પ્રજાને પ્રાણથી પ્યારો, ખરો તે રાજ્યકર્તા છે.
પ્રજા કાજે સદા જેના બધા દરબાર ખુલ્લા છે, પ્રજાને જે જીવન માને, ખરો તે રાજ્યકર્તા છે.
જીવનના સર્વ પાસામાં ઊંચે લાવે પ્રજાને જે, કરે છે ન્યાલ રૈયતને, ખરો તે રાજ્યકર્તા છે.
જીવન નિજનું સમાવીને પૂરેપૂરું પ્રજા જીવને, ભળે છે એકરસથી જે, ખરો તે રાજ્યકર્તા છે.
ગળી જઈને પૂરેપૂરો પ્રજામાં એકભાવે જે, રસાયેલો પ્રજાદિલમાં, ખરો તે રાજ્યકર્તા છે.

— શ્રીમોટા

Price: ₹ 50/-

ISBN 978-81-972237-2-3

9 788197 223723

૧૪૩ નિયંતા સંભાળે છે
૧૪૪ ન્યાય કરવાની અનેરી રીત (૧)
૧૪૬ ન્યાય કરવાની અનેરી રીત (૨)
૧૪૭ રીઢા ગુનેગારોને સજ્જન બનાવ્યા
૧૫૭ રાજા પ્રજાનો બાપ પણ છે - મહારાજાને શીખ
૧૫૯ એ જ સાચો ઉપાય છે
૧૬૧ યુદ્ધ સમયની પ્રાર્થના
૧૬૨ ન્યાય કરવાની અનેરી રીત (૩)
૧૬૯ તો પહેલું માથું મારું હશે
૧૭૦ બોધ આપવાની અનેરી રીત
૧૭૧ આપેલી બક્ષિસનો ઉપયોગ ન થાય
૧૭૩ સોનાની ચેઈન સાધુના ચરણોમાં મૂકી
૧૭૯ દરિદ્રતાની સાચી વ્યાખ્યા
૧૮૨ અણીના સમયે મદદ કરી
૧૮૨ કળા પ્રત્યે દીર્ઘ દૃષ્ટિ
૧૮૩ પરિસ્થિતિની પરખ
૧૮૪ ઉદારભાવ (૧)
૧૮૫ વહેવાર કુશળતા
૧૮૬ ઉદારભાવ (૨)
૧૮૯ વચન પાળ્યું
૧૯૦ હવે હું કેટલા દી ?
૧૯૩ ભાઈ, તમને એ નહિ સમજાય
૧૯૬ જવાબ દેવાની કુનેહ
૨૩૧ સદ્ભાવપૂર્ણ વહેવાર
૨૪૮ સગા ભાઈઓમાં સમાધાન કરાવ્યું
૨૫૯ કરુણામૂર્તિ
૨૬૦ દીકરીને ન્યાય આપ્યો
૨૯૯ ઘરના નોકર ઉપર અતૂટ વિશ્વાસ